॥ ॐ ॥

॥ विनोदमाला ॥

લેખક

પુજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રીમન્નથુરામશર્મા.

બીલખા. કાઠીઆવાડ.

પોતાના સ્વ० પિતા શ્રીયુત [illegible]રામ અનુપરામ ત્રવાડીના

સ્મરણાર્થે પ્રકટ કરનાર

[illegible]રામ [illegible]રામ ત્રવાડી.

[illegible] શેરી, સુરત. ગુજરાત.

[illegible] मालां [illegible] नरो [illegible] ।

[illegible] प्रेयसे [illegible] श्रेयसे परिकल्पते ॥

નિર્ણય પ્રિંટિંગ પ્રેસમાં [illegible]ભાઈ ઈશ્વરભાઈએ છાપી.

પીરમશા રોડ—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ. પ્રત ૫૦૦.

શાકે ૧૮૩૭. સંવત્ ૧૯૭૧. ખ્રીસ્તાબ્દ ૧૯૧૫.

મૂલ્ય રૂ. ૦-૫-૦

॥ ॐ ॥

॥ विनोदमाला ॥

લેખક

પૂજ્યપાદ બ્રહ્મનિષ્ઠ મહાત્મા શ્રીમન્નથુરામશર્મા.

બીલખા. કાઠીઆવાડ.

પોતાના સ્વ૦ પિતા શ્રીયુત નરભેરામ અ[illegible]રામ ત્રવાડીના

સ્મરણાર્થે પ્રકટ કરનાર

જમિયતરામ નરભેરામ ત્રવાડી.

પગથિયાશેરી, સુરત. ગુજરાત.

मोक्षबोधप्रदां मालामिमां धृत्वा नरो हृदि ।

दुःखं हीत्वा प्रेयसे च श्रेयसे परिकल्पते ॥

નિર્મળ પ્રિંટિંગ પ્રેસમાં લલ્લુભાઈ ઈશ્વરભાઈએ છાપી.

પીરમસા રોડ—અમદાવાદ.

પ્રથમાવૃત્તિ. પ્રતિ ૫૦૦.

શાકે ૧૮૩૭. સંવત્ ૧૯૭૧. ખ્રીસ્તાબ્દ ૧૯૧૫.

મૂલ્ય રૂ. ૦-૫-૦

આનંદ-વિનોદ-પૂર્વક બોધ આપનારી આ દિવ્ય
માલાને હૃદયમાં ધારણ કરવાથી પુરુષ
દુ:ખોથી મોકળો થઈ, આ લોક પર-
લોકનાં સુખો મેળવવાને માટે
તેમજ મોક્ષ મેળવવાને માટે
સારી રીતે યોગ્ય
થાય છે.

ૐ

પ્રસ્તાવના.

હે આનંદ ! તું આ વિશ્વમાં કોને પરમપ્રિય નથી ? તારો મહિમા અપાર છે. આખું વિશ્વ તને મેળવવામાટે નિત્ય પ્રયત્ન કરી રહ્યું છે.

અરે દુઃખ ! તું કોને અત્યંત અપ્રિય નથી ? તારી તુચ્છતાનો અવધિ છે. તને દૂર કાઢવાને અને તું ન આવ તેને માટે પણ આખું વિશ્વ સર્વદા પ્રયત્નવાન્ છે.

જગત્ અનેક કષ્ટોથી પીડિત છે. સર્વ પ્રાણીઓનાં શરીરો પુણ્યપાપથી બંધાયેલાં હોવાથી સર્વેને કાંઇ ને કાંઇ પણ દુઃખ હોય છે. એ દુઃખ ટાળવાને અથવા તેને ઢાંકવાને—તેનું વિસ્મરણ કરવાને—ને સુખ પ્રાપ્ત કરવાને સૌ ઉદ્યુક્ત છે; અને તેને માટે સંસારમાં વિવિધ યત્નો ચાલી રહ્યા છે. ચા, તમાકુ, અફીણ, ને મદિરા આદિ કેફી પદાર્થોનું સેવન પણ એ યત્નોમાંનો એક યત્ન છે, અને અજ્ઞાન તથા તેથી ઉપજતા કામક્રોધાદિ મનોવિકારો અને આલસ્ય ને પ્રમાદ આદિ ચિત્તદોષોને વશ વર્તવાનું પણ મનુષ્યો દુઃખ ટાળવા કે દાબવાને અને સુખ પ્રાપ્ત કરવાને માટે કરતા હોય એમ સ્પષ્ટ જણાય છે, પણ મનુષ્યોની એ આંધળી દોડથી વિશ્વનિયંતાના અબાધિત નિયમપ્રમાણે જેનામાં દુઃખ મટાડવાની શક્તિ હોતી નથી તેનાથી દુઃખ મટતું નથી, ને જેનામાં સુખ આપવાની શક્તિ હોતી નથી તેનાથી સુખ મળતું નથી એટલુંજ નહિ, પણ

તે તે અવગુણ કરનારા પદાર્થો અને અવગુણ કરનારી અંતઃકરણની સ્થિતિઓ પોતાનું સેવન કરનારને પોતાના સ્વભાવને અનુસરીને પોતાના સેવનનું કડવું ફલ ચખાડ્યા વિના રહેતાં નથી. કેફી પદાર્થો, કામક્રોધાદિ મનોવિકારો, તથા આલસ્યપ્રમાદાદિ ચિત્તદોષો એ વર્ગમાં આવે છે. ઘણા મનુષ્યો ભ્રાંતિથી તેમને દુઃખ નિવારવાનાં ને સુખ પ્રાપ્ત કરવાનાં સાધનતરીકે સમજી તેનો જાણી જોઇને વા આવેશને વશ થઇને ઉપયોગ કરે છે, અને તેવડે અલ્પકાલ સુખ વા શાંતિ અનુભવી, પરિણામે દુઃખની પરંપરા વધારતા ચાલે છે. અરે ! આ સંસારમાં અવિદ્યા(અજ્ઞાન)રૂપી અતિ અધમ રાક્ષસી પ્રાણીઓને પોતાને વશ વર્તાવી કેવે અવળે માર્ગે ચલાવી રહી છે !

ઉપર કહ્યા પ્રમાણે આ વિશ્વમાં મનુષ્યોનો મોટો ભાગ અજ્ઞાનને લઇ વિવેક (સારુંનરસું જોઇ સારાને ગ્રહણ કરવાનો ને નઠારાને ત્યજવાનો ગુણ) અને વિવેકને લગતી પરિણામદર્શિતાવિનાનો (કોઇ પણ ક્રિયા વા સ્થિતિ અંગીકાર કરતાં ભવિષ્યમાં તેનું પરિણામ કેવું આવશે તે આગળથી જોવાના ગુણવિનાનો) હોવાથી આપાતરમણીય—ઉપરટપકે રમણીય લાગતા, પણ પરિણામે દુઃખરૂપી અનિષ્ટ ફલ પ્રકટાવનારા—પદાર્થો, ચિત્તદોષો ને મનોવિકારોની જાલમાં આંધળાની પેઠે ફસાય છે, અને બીજી રીતે કહીએ તો નિરક્ષરપણું, ગૃહશિક્ષણનો અભાવ, કુસંગ, લૌકિક અને પારમાર્થિક પ્રમાણભૂત શાસ્ત્રોનું અજ્ઞાન, સ્વધર્મમાં અશ્રદ્ધા—નાસ્તિકતા—અને તત્ત્વસ્પર્શ કરવાની બુદ્ધિનો અભાવ, એમાંના એક અથવા વધારે કારણોથી મનુ-

ષ્યે.નો મોટો ભાગ સુખ મેળવવા જતાં દુઃખ મેળવી બેસે છે.

જો મનુષ્યો દુર્વ્યસનોને દૂરથીજ નમસ્કાર કરે, આલસ્યાદિ ચિત્તના દોષોથી મુક્ત રહે, અને કામાદિ દુષ્ટ મનોવિકારોને વશ વર્તાવી શકે, તોજ તેઓ પોતાનું પ્રાપ્ત કર્તવ્ય બરાબર કરી પોતાનો વ્યવહાર સારી રીતે સાધી શકે છે, તો પછી પરમાર્થનો માર્ગ, કે જે ચિત્તની પૂર્ણ પવિત્રતા, સૂક્ષ્મતા ને એકાગ્રતાના ઉપરજ આધાર રાખી રહ્યો છે તે માર્ગે ચાલવામાટે તેમને તે પ્રમાણે વર્તવાની અત્યંત અગત્ય છે એમ કહેવાની કશી આવશ્યકતા રહેતી નથી.

ઉપલી સત્ય વાતમાં વિચારવંત પુરુષોના બે મત હોઇ શકે નહિ, પણ પોતે હિતકર માનીને અથવા વગર વિચાર્યે સ્વભાવથી અંગીકાર કરેલ, અથવા અંગીકાર કરવામાં આવતા, કોઇ પણ પદાર્થ અથવા સ્થિતિને તેના દોષો સ્પષ્ટપણે દેખ્યા વગર, અને દોષો દેખીને પણ તે તે દુઃખજનક પદાર્થો વા સ્થિતિને સદાગ્રહપૂર્વક પૂર્ણ પ્રયત્ન કર્યા વગર સામાન્ય મનુષ્યો ત્યજી શકતા નથી. વળી પોતાના સંબંધમાં આવતા પદાર્થોની કે પોતાના મનની સ્થિતિની પોતાની મેળે વિવેક કરીને તુલના કરવી એ તો ઘણું કઠણ કામ છે; અને તે થોડાજ ભાગ્યશાલી જીવો કરી શકે છે. આ હેતુને લક્ષમાં રાખીને દુર્વ્યસનો, આલસ્યાદિ દુર્ગુણો, અને કામાદિ દુષ્ટ મનોવિકારો, તથા તે સર્વનું કારણ જે અવિદ્યા અથવા અજ્ઞાન, તેમના દોષો અને દુઃખોને દર્શાવનારી આ બોધમાલા પૂજ્યપાદ સદ્‌ગુરુ મહાત્મા શ્રી ૧૦૦૮ **નથુરામશર્મા**, એઓશ્રીએ કૃપા કરીને યોજેલી છે.

પ્રથમ આ માલાનાં છૂટાં પુષ્પો સં૦ ૧૯૬૨ ના કાર્તિકસુદિ ૧૫ થી સં૦ ૧૯૬૭ ના કાર્તિકસુદિ ૧૫ સુધી શ્રીઉપદેશગ્રંથાવલિના

અંકોસાથે પ્રસિદ્ધ થયાં હતાં તે વર્તમાનમાં એકત્ર કરી આ માલા-રૂપે પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે.

ગુણકારી છતાં કડવું ઓસડ બહુ થોડા મનુષ્યોને પીવું ગમે છે, અને તેજ પ્રમાણે અવગુણકારી છતાં પોતાના રાગવાળી વસ્તુઓ વા સ્થિતિના દોષો જોવા એ વળી તેથી પણ ઘણા થોડા મનુષ્યોને ગમે છે. રાગી મનુષ્યોને કેવલ બોધ શુષ્કજેવો લાગે એ સ્વાભાવિક છે, અને આરંભમાં કથન કર્યા પ્રમાણે આનંદ સર્વને પરમપ્રિય છે, માટે વાંચનાર મનુષ્યોને બોધની સાથે વિનોદ પણ મળે તે સારુ આ માલાનાં પુષ્પોમાં વ્યાજસ્તુતિ વા વિરોધાભાસ આદિવડે હાસ્યરસરૂપી સુગંધ ભરવામાં આવ્યો છે. પ્રત્યેક પુષ્પનો પ્રત્યેક વિભાગ કાંઈ ને કાંઈ નવીન આનંદ આપવા સમર્થ છે એમ સજ્જનોને જણાયા વગર રહેશે નહિ. આ પ્રમાણે આ વૈરાગ્ય વા શાંતરસને લગતો લેખ, કે જે હાસ્યરસપ્રધાન શૈલીમાં લખાવો કઠિન છે, તે તે શૈલીમાં લખાયેલો જોઈ સહૃદયોનાં હૃદયો આનંદાનુભવ કરશે.

સત્શાસ્ત્રો ને મહાપુરુષો બોધે છે કે સુલભતાથી પ્રાપ્ત થતા વેદાંતના ગ્રંથો વાંચી જઈ તેની માત્ર વાતો કરવાથી જ્ઞાની થવાતું નથી, એટલુંજ નહિ, પણ ઇંદ્રિયો ને અંતઃકરણના નિગ્રહવડે શમ-દમાદિ સાધનો સિદ્ધ કર્યા પહેલાં વાસ્તવિક મુમુક્ષુપણું પણ પ્રાપ્ત થતું નથી; અને એમ હોવાથી પ્રકારાંતરે શમદમાદિ સાધનોનો બોધ આપનારી આ માલા જિજ્ઞાસુઓને પોતાના અભ્યાસમાં ઘણી ઉપ-યોગી થશે.

આ માલાના વાચનમનનવડે. અધિકારી મનુષ્યોને શ્રીઅંતર્યામી પ્રભુ મુખપૃષ્ઠપરના શ્લોકમાં કહેલા ફલનો અનુભવ કરાવવા ભાગ્યશાલી કરો, એમ તે કારુણ્યમૂર્તિ જગન્નિયંતાપ્રતિ મારી સવિનય દીનભાવે પ્રાર્થના છે. ઇતિ શમ્.

શ્રીબીલખા-આનંદાશ્રમ.
સં० ૧૯૭૦ના શ્રાવણના
શુક્લ પક્ષની ૧૨, સોમ.

શ્રીસદ્ગુરુપાદપદ્મપરાગાંકિત

માણિક્યવર્મા.



અનુક્રમણિકા.

ॐ

॥ श्रीविनोदमाला ॥

॥ चास्तोत्र ॥

१.

ૐ. આ ચાસ્તોત્રલઘુમાલામંત્રના શ્રીવિવેક ઋષિ, અક્ષરમાત્રાગણનારહિત છંદ, ચાદેવી દેવતા, ચા આલસ્યનું નિવારણ કરે છે આ ભ્રાંતિ બીજ, સ્વધર્માદિની હાનિ આ શક્તિ, ને કુવ્યસનના ત્યાગમાં મનુષ્યની નિર્બલતા આ કીલક છે.

કરન્યાસ:—પ્રાત:કાલમાં અનાયાસે પોતાનું સ્મરણ કરાવવાના સામર્થ્યવાળી એ પ્રમાણે અંગૂઠાઓને નમસ્કાર, પોતાની અપ્રાપ્તિમાં બગાસાં આદિદ્વારા વ્યાકુલતા ઉપજાવવાની શક્તિવાળી એ પ્રમાણે તર્જનીઓને નમસ્કાર, દ્રવ્યાદિનો નિરર્થક વ્યય કરાવવાના બલવાળી એ પ્રમાણે મધ્યમાઓને નમસ્કાર, અપવિત્રતાદિ વધારનારી એ પ્રમાણે અનામિકાઓને નમસ્કાર, નગર ને ગ્રામાદિ વિવિધ સ્થલમાં પ્રતીત થનારી એ પ્રમાણે કનિષ્ઠિકાઓને નમસ્કાર, લોકોનું આકર્ષણ કરી ઘણાઓને પ્રિય થઇ પડેલી એ પ્રમાણે હાથનાં તળાં ને હથેળીઓને નમસ્કાર.

હૃદયાદિ ન્યાસ:—પ્રાતઃકાલમાં અનાયાસે પોતાનું સ્મરણ કરાવવાના સામર્થ્યવાળી એ પ્રમાણે હૃદયને નમસ્કાર, પોતાની અપ્રાપ્તિમાં બગાસાં આદિદ્વારા વ્યાકુલતા ઉપજાવવાની શક્તિવાળી એ પ્રમાણે મસ્તકપર સ્વાહા, દ્રવ્યાદિનો નિરર્થક વ્યય કરાવવાના બલવાળી એ પ્રમાણે શિખાપર વષટ્, અપવિત્રતાદિ વધારનારી એ પ્રમાણે કવચને હુમ્, નગર ને ગ્રામાદિ વિવિધ સ્થલમાં પ્રતીત થનારી એ પ્રમાણે ત્રણ નેત્રને વૌષટ્, લોકોનું આકર્ષણ કરી ઘણાઓને પ્રિય થઇ પડેલી એ પ્રમાણે અસ્ત્રને ફટ્.

ચાની પ્રીતિ સંપાદન કરવા પાઠમાં ને વિચારમાં આ સ્તોત્રનો વિનિયોગ છે.

ધ્યાન:—ચીન, આસામ, નીલગિરિ, લંકા ને કાંગ્રાખીણ આદિ વિવિધ સ્થલમાં ઉત્પન્ન થનારી, ઘણાં બાળક, યુવાન ને વૃદ્ધ સ્ત્રી-પુરુષોના હાથમાં વિવિધ પાત્રોમાં ઉષ્ણ જલાદિસાથે પ્રાતઃકાલમાં તથા સાયંકાલમાં તેમના ઉદ્ધારમાટે સ્થિતિ કરનારી, ને પોતાના ઉપાસકોમાં અત્યંત માન પામેલી ભ્રાંત જનોની માતૃકા ચાદેવીનું તેમના ભક્તો પોતાના હૃદયમાં નિરંતર માનપૂર્વક ધ્યાન કરે છે.

હે ચાદેવિ ! તારી શક્તિ અપાર છે. તારામાં શરીરસામર્થ્ય વધારવાનું વા સપ્ત ધાતુઓમાંના કોઇ પણ ધાતુને પુષ્ટ કરવાનું લેશ પણ સામર્થ્ય નથી, છતાં ઘણા લોકો સવારસાંજ તારું પ્રીતિપૂર્વક ઉપાસન કરે છે, એ તારી અદ્‌ભુત શક્તિનું ડિંડિમ છે !

ચા પીધાથી મસ્તિષ્કમાં સ્ફૂર્તિ આવે છે, આળસ દૂર થાય છે, પાચનશક્તિ સુધરે છે, મન ને ઇંદ્રિયો પ્રસન્ન થાય છે, ને પ્રામવ્યવહાર કરવામાં રુચિ ઉપજે છે, આવા આવા વિચારોને મનુષ્યોના હૃદયમાં તું તારી સંમોહનશક્તિવડે અનાયાસે ઉપજાવે છે, તેથી તું ખરેખર નમસ્કાર કરવાયોગ્ય છે !

તારામાં જગન્નાથજીના જેવું આશ્ચર્યકર બલ પ્રતીત થાય છે. તારી ઉપાસનામાટે ઉત્તમ જાતિના આર્યો ઇરાની આદિની દુકાનોમાં જાય છે, જ્યાં પવિત્ર પાણી તથા પવિત્ર પાત્રાદિનો અસંભવ હોય ત્યાં પણ બ્રાહ્મણાદિ તારું સેવન કરે છે, આગગાડીમાં પણ પ્રવાસિજનો પવિત્રતા આદિના પોતાના વિચારોનો ત્યાગ કરી આતુર મને તારું ઉપાસન કરે છે, કેટલીક વેલા તું અનાર્યોવડે એક વાર વપરાઇ છતાં તારો આર્યો બીજી વાર ઉપયોગ કરે છે, અને મેળાવડામાં એક પાત્રમાં ભરેલા જલમાં શીઘ્ર ચાના પ્યાલાઓ ધોઇ ક્રમપૂર્વક વપરાય છે, એમ જાણતાં છતાં ઘણા ઉત્તમ જાતિના આર્યો તેઅણી અલક્ષ્ય કરી પ્રસન્નમને તારી ઉપાસના કરે છે, એ તારું પૂર્વોક્ત બલ સ્પષ્ટ સિદ્ધ કરે છે.

તું મહામાયાની પેઠે સર્વત્ર વ્યાપેલી જણાય છે. એસીઆ, યુરોપ, અમેરિકા, આફ્રિકા ને આસ્ટ્રેલિયામાં તારો નિવાસ છે; ચીનાલોકો તારો કલાકે કલાકે સત્કાર કરે છે એમ સંભળાય છે; ને ભરતખંડમાં પણ દિનપ્રતિદિન તારો સત્કાર વધતો જાય છે. નગરોમાં ચા, ગામડાઓમાં ચા, સાધુઓના અખાડામાં ચા, મિત્રમંડલમાં ચા, પુરુષોના મેળાવડામાં ચા, ને બાઇડીઓના મેળાવડામાં પણ ચા જોવામાં આવે છે, એમ સર્વત્ર વ્યાપી રહેલી હે ચા ! તું જાણે મહામાયાની સ્પર્ધા કરતી હોય એમ જણાય છે !

મિત્રના સત્કારમાં ચા, અતિથિના સત્કારમાં ચા, સંબંધીના સત્કારમાં ચા, પ્રિયના સત્કારમાં ચા, ને પ્રિયાના સત્કારમાં પણ ચા વપરાતી જોઇ હે ચા ! કયો સમજુ માણસ પોતાના બંને કાનની બૂટો ઝાલીને તારી મોટાઇનો સ્વીકાર ન કરે ?

સાંજસવાર સંધ્યાવંદન, પ્રભુસ્તુતિ, જપ ને શાસ્ત્રવાચન આદિ ઉપયોગી કર્મ આખું કુટુંબ એકત્ર થઇને પ્રેમભાવથી ભાગ્યેજ કરતું જોવામાં

આવે છે, પણ તારી ઉપાસના તો નાનાં બાળકથી માંડી ઘરનાં વૃદ્ધ માણસોસુધી સર્વ એકત્ર થઇ સાંજસવાર પ્રસન્નતાપૂર્વક કરે છે એટલુંજ નહિ, પણ કોઇ તેમને ઘેર આવે તો તે આવેલા માણસને પણ તારી ઉપાસના કરવાનો તેઓ આગ્રહ કરે છે, આ બનાવ જોઇ તારી મહત્તાનું ભાન કોને ન થાય ?

તું મનુષ્યના જઠરાગ્નિને મંદ કરે છે, નાનાં બાળકોની પ્લીહાની વૃદ્ધિ કરે છે, અન્નાદિ શરીરના પોષક પદાર્થોમાં મનુષ્યોને જોઇએ તેવી રુચિ ઉપજવા દેતી નથી, તેમના શરીરમાંનાં લોહી ને મજ્જાદ્રવ્યાદિને અયોગ્ય ઉષ્ણતા આપી તેમના મનમાં રજોગુણની વૃદ્ધિ કરે છે, બંધકોશ કરે છે, રાત્રે તારી સેવા થઇ હોય તો મન તથા ઇંદ્રિયોને શાંતિ આપનારી નિદ્રાનો કેટલોક સમય વિયોગ રખાવે છે, ને નાનાં બાળકો કે જેમને ગળપણ સ્વભાવથી ગમે છે તેમને તેમનાં માબાપોદ્વારા તારાં ઉપાસક કરી લોહીવિનાનાં ને ફીકાફચ્ચ મોઢાવાળાં રાખે છે, છતાં તું તારા દીવાજેવા દોષોને તેમનાથી અત્યંત ગુપ્ત રાખી તારા ઉપાસકોદ્વારા તારા ગુણોનુંજ ગાન કરાવ્યા કરે છે એ તારો મહિમા કાંઇ નાનોસૂનો નથી !

તું પ્રથમ શ્લેષ્મ, પેટની બાદી, કે શરદી દૂર કરવાના બાનાથી અથવા બહારની ટાઢસામા શરીરને જાગ્રત્ રાખવાના બાનાથી કિંવા વિનોદ ઉપજાવવાના બાનાથી મનુષ્યોના પ્રસંગમાં આવી તેમને ક્રમાત્ એવા વશ કરી લે છે કે તેઓ પછી તારો સંગ છોડી શકતા નથી. આ તારું ચાતુર્ય અતિથિ ઘરધણી થઇ બેસે તેના જેવુંજ જણાય છે !

તારા ભક્તોને અન્યાશ્રયી થઇ જવાનું બહુ ભય લાગતું હોય એમ જણાય છે, કેમકે તેઓ જે જે દુઃખનું બાનું બતાવી તારું નિત્ય

સેવન કરતા હોય છે તે સર્વ દુઃખો અન્ય નિર્દોષ ઉપાયથી સુખ-પૂર્વક દૂર કરી શકાય એમ હોય છે, છતાં તેઓ તે ઉપાય કરતાં નથી, ને નિત્ય તારુંજ સેવન કર્યા કરે છે. એવા અનન્યાશ્રયીનો ઉદ્ધાર કરવાને હે દેવિ ! તુંજ સમર્થ છે !

જે સ્થાનમાં સાંજસવાર તારી પૂજા થાય છે ત્યાં તે સ્થાનના તારા ઉપાસકોવિના બીજા પણ કેટલાક ભક્તીઆ ઉપાસકો પોતાના અગત્યના કામને તિલાંજલિ દઇ તારી ઉપાસના કરવાના સમયનું પરિપાલન કરવા દીનમુખવાળા થઈ બેઠેલા જોઈ તારી અ-ગાધ લીલાનું ઉદાસીન જનોને પણ સ્પષ્ટ ભાન થાય છે !

એક દોષ અનાયાસે બીજા દોષોને ઉપજાવી શકે છે એ વાત માંસા-હારી લોકોને મદ્ય પીવાનું વ્યસન થાય છે તેથી સિદ્ધ થાય છે. એવા બે દોષવાળાને તારી સેવાની પણ પછી ઇચ્છા થાય છે. માંસનો આ-હાર કરનાર તથા મદ્યપાન કરનારને તેમની સ્થૂલબુદ્ધિથી તારી સેવા-ની કદાચ અગત્ય જણાતી હોય, પણ વનસ્પતિનો આહાર કરનારને તો તારી સેવાની લેશ પણ અગત્ય નથી, છતાં તું તેમના વિવેકને ઢાંકીને તારી ઉપાસનામાં જોડે છે, એ તારી વિવેકને આચ્છાદન કર-વાની શક્તિ અદ્ભુત છે !

ધનાઢ્ય ગૃહસ્થોને ત્યાં તથા મોટા સત્તાધિકારીઓને ત્યાં પ્રાતઃ-કાલથી રાત્રિના દશ વાગ્યાસુધી તું વારંવાર ઉષ્ણ જલમાં સ્નાન કરતી જોવામાં આવે છે, એ તારું વિલક્ષણ તપ તારા માહાત્મ્યને પ્રકટ કરનારું છે !

તારા મહિમાનું કેટલું માન કરવું ? કેટલાક મનુષ્યો પોતાના મિત્રને ત્યાં જઈ બલાત્કારે તારી ઉપાસના કરવાની જોગવાઇ કરી આપ-વાની સૂચના કરે છે, ને કેટલાક ઉપરિઓ પોતાના સેવકોને ત્યાં

જાઇ એવી આજ્ઞા કરે છે, એ સર્વ ક્રિયા તારા પ્રતિ તેમની અનન્ય-ભક્તિ દર્શાવી તારા મહિમાનેજ પ્રકટ કરે છે ।

તારા આગમનપૂર્વે પણ લોકો એકબીજાને ત્યાં જતા, ને તેમનો પરસ્પર સત્કાર થતો, પણ હવે તારા વિના તેમને અન્ય કાંઇ સત્કાર કરવાના સાધનરૂપે પ્રતીત થતું નથી, ને ગામડિયા લોકો પણ " સા " કરવા શીખ્યા છે, એ સર્વ તારું અદ્દ્ભુત પરાક્રમ છે ।

લોકો ગતાનુગતિક છે એ વિદ્વાનોનું કથન જ્યાંત્યાં તારો અધિક પ્રસાર થતો જોઇ પૂર્વપક્ષીને પણ સંદેહરહિત થઈ સ્વીકારવું પડે છે. નિર્મલ જલ ને દૂધ આદિ ઉત્તમ પેય પદાર્થોને ત્યજી દેખા-દેખીથી વિનાવિચારે તારા ભણી લોકોનું ચિત્ત ખેંચાય છે, ને તારા ઉપાસકોની સંખ્યા દિનપ્રતિદિન વધતી જાય છે, જે અસરમાંથી નિર્ધન મનુષ્યો પણ મોકળા રહી શકતા નથી. આવા તારા ઉપાસ-કોને જો કોઈ ગાડરની ઉપમા આપે તો તું તેના પર કોપ કરીશ નહિ, કેમકે તું બલવાન્ છે, ને બલવાન્નું ક્ષમા એ ભૂષણ છે.

દેવમંદિરમાં તને ઉકળતી જોઇ તને પરમેશ્વરથી શ્રેષ્ઠ એટલે દોઢ પરમેશ્વરની ઉપમા આપવી જોઇએ. જે ઘરમાં પતિને ચાવિના ચાલતું હોય પણ પત્નીને સાંજસવાર ચાવિના નજ ચાલતું હોય તેમની પતિભક્તિને, ગુરુને ચાવિના ચાલતું હોય પણ ચેલાઓને સાંજ-સવાર ચાવિના નજ ચાલતું હોય તેમની ગુરુભક્તિને, ને જે સં-ન્યાસી, બ્રહ્મચારી ને વિધવાને સાંજસવાર ચાવિના નજ ચાલતું હોય તેમના સંન્યસ્તને, બ્રહ્મચર્યને ને વૈધવ્યને તુંજ ધૂળ મેળવે છે, તેથી તારી દોઢ પારમેશ્વરી શક્તિ સ્પષ્ટ થાય છે । પ્રાણાયામ, ધારણા ને જપ કરનારા પણ જો પ્રથમ તારું સેવન કર્યા પછી પોતાના કામમાં પ્ર-વૃત્ત થતા હોય તો તેમના સાધનકરતાં તુંજ નિઃસંશય શ્રેષ્ઠ છે.

આવું તારું અલૌકિક બલ જોઇ તટસ્થ મનુષ્યનું મન પણ ચકિત થઇ જાય એ સ્વાભાવિક છે.

સજ્જનના સત્કારની પૂર્વે દુર્જનનો સત્કાર કરવો ઉચિત છે, એ ન્યાયે આ તારું સ્તોત્ર પણ તારા ગુણનો વિચાર કરી દેવાદિના સ્તોત્રની પૂર્વે કરાયું છે, ને તે સાર્થક છે.

આ સ્તોત્રનો જેઓ શ્રદ્ધાભક્તિથી સમજપૂર્વક પાઠ કરશે તેઓ ભગવતી ચાદેવીના પ્રસાદથી તેની સત્તાના પ્રદેશનું ઉલ્લંઘન કરી સુખી થશે. ભગવતી મહામાયાના સ્તવનવડે તેમની કૃપાથી જેમ તેમનો શુદ્ધ ઉપાસક તેમની સત્તાનું ઉલ્લંઘન કરે છે, તેમ આ ચાદેવી પણ ભગવતી મહામાયાના અંશરૂપ ભ્રાંત જનોની માતૃકા છે તો તેની કૃપાવડે પણ તેની સત્તાનું ઉલ્લંઘન કરી શકાય તો તેમાં કાંઇ આશ્ચર્ય નથી. જેઓ પોતાના પુરુષાર્થથી વા તારી કૃપાથી મનોબલ વધારી તારી સત્તાનું ઉલ્લંઘન ન કરી શકે તેઓ બીજા પ્રબલ વિકારોનું શી રીતે ઉલ્લંઘન કરી શકે ? ને કૃતાર્થ પણ શી રીતે થઇ શકે ?

જેઓ આત્માથી ભિન્નને પરમપ્રિય માને છે તેમને "તમારું પરમપ્રિય તમને રોવરાવશે," એમ બ્રહ્મવેત્તાઓ કહે છે. તેમનું તે વચન મુમુક્ષુને આશીર્વાદરૂપ થાય છે, કેમકે તેઓ અનિત્ય પદાર્થોમાંથી પરમપ્રીતિ ત્યજી પરમપ્રીતિ રાખવાયોગ્ય પરમાત્મામાં પરમપ્રીતિ રાખી કૃતાર્થ થાય છે, ને વિષયી જીવો તેમના વચનનું તાત્પર્ય નહિ સમજી પુત્રાદિને પરમપ્રિય માને છે, માટે તેમનું તે વચન તેમને શાપરૂપ થાય છે, ને તેથી તેમનું પરમપ્રિય જે વિનાશી છે તે તેમને વારંવાર રોવરાવે છે. એ ન્યાયે જેઓ ચાને પરમપ્રિય માને છે તેમને ચા પણ રોવરાવશે.

આ ચાસ્તોત્રનો પાઠ જેઓ અનુકૂલબુદ્ધિથી કરશે તેઓ ચામાંથી

ચાહ (પરમપ્રીતિ) ત્યજી પરમાર્થના સાધનમાં આગળ વધશે, ને જેઓ આ ચાસ્તોત્રનું તાત્પર્ય નહિ સમજી ચાનું પૂર્વવત્ આગ્રહપૂર્વક ઉપાસન કર્યા કરશે, ને ચામાંથી ચાહ (પરમપ્રીતિ) નહિ ત્યજે, તેઓ " જે વાર્યા ન માને તે હાર્યા માને " એ ન્યાયે જ્યારે પોતાના દુર્વ્યસનનું દુઃખરૂપ ફલ અનુભવશે ત્યારે તેમાંથી પરમપ્રીતિ ત્યજશે.

ચાદેવીના સ્તોત્રરૂપ જે આ લઘુસ્તવન કર્યું છે તેથી ચાદેવીના અધિષ્ઠાનરૂપ પરમાત્મા પ્રસન્ન થઇ ચાદેવીના ઉપાસકોને શુભ બુદ્ધિ આપવા કૃપા કરો.

ઇતિ શ્રીવિનોદમાલામાં ચાસ્તોત્રનામનું પહેલું પુષ્પ. ૧.

ૐ

॥ तमाकुस्तोत्र ॥

૨.

ૐ. આ તમાકુસ્તોત્રલઘુમાલામંત્રના શ્રીવિવેક ઋષિ, અસંગ છંદ, તમાકુદેવી દેવતા, મનમાં ચંચલતા ઉપજાવવાના સામર્થ્યવાળી એવી ભ્રાંતિ આ બીજ, સ્વધર્માદિની હાનિ કરનારી આ શક્તિ, ને વ્યસનત્યાગમાં મનુષ્યની નિર્બલતા આ કીલક છે.

કરન્યાસઃ—પ્રાતઃકાલમાં પ્રીતિપૂર્વક પોતાનું સ્મરણ કરાવવાના સામર્થ્યવાળી એ પ્રમાણે અંગૂઠાઓને નમસ્કાર, બીડી, હોકો કે ચિરુટ પીધા વિના વા જરદો ખાધા વિના વા દાંતે તમાકુ લગાડ્યા વિના કે સુંઘ્યા વિના મલનો ત્યાગ થઈ શકે નહિ એવા પોતાના ભક્તોને નિશ્ચયો કરાવવાના પ્રભાવવાળી એ પ્રમાણે તર્જનીઓને નમસ્કાર, દ્રવ્યાદિને

શાખાદિરૂપ પરિણામ પમાડવાના બલવાળી એ પ્રમાણે મધ્યમાઓને નમસ્કાર, અપવિત્રતાદિ વધારવાના સ્વભાવવાળી એ પ્રમાણે અનામિકાઓને નમસ્કાર, રાજાઓમાં ને રંકોમાં વિશેષ પ્રતીત થનારી એ પ્રમાણે કનિષ્ઠિકાઓને નમસ્કાર, આગ લગાડવાના, ભીંતો બગાડવાના, ને વસ્ત્રો બગાડવાના સામર્થ્યવાળી એ પ્રમાણે હાથનાં તળાં ને હથેળીઓને નમસ્કાર.

હૃદયાદિ ન્યાસઃ—પ્રાતઃકાલમાં પ્રીતિપૂર્વક પોતાનું સ્મરણ કરાવવાના સામર્થ્યવાળી એ પ્રમાણે હૃદયને નમસ્કાર, બીડી, હોકો કે ચિરુટ પીધા વિના વા જરદો ખાધા વિના વા દાંતે તમાકુ લગાડ્યા વિના કે સુંઘ્યા વિના મલનો ત્યાગ થઇ શકે નહિ એવા પોતાના ભક્તોને નિશ્ચયો કરાવવાના પ્રભાવવાળી એ પ્રમાણે મસ્તકપર સ્વાહા, દ્રવ્યાદિને શાખાદિરૂપ પરિણામ પમાડવાના બલવાળી એ પ્રમાણે શિખાને વષટ્, અપવિત્રતાદિ વધારવાના સ્વભાવવાળી એ પ્રમાણે કવચને હુમ્, રાજાઓમાં ને રંકોમાં વિશેષ પ્રતીત થનારી એ પ્રમાણે ત્રણ નેત્રને વૌષટ્, આગ લગાડવાના, ભીંતો બગાડવાના, ને વસ્ત્રો બગાડવાના સામર્થ્યવાળી એ પ્રમાણે અસ્ત્રને ફટ્.

તમાકુની પ્રીતિ પ્રાપ્ત કરવામાટે પાઠમાં ને વિચારમાં આ સ્તોત્રનો વિનિયોગ છે.

ધ્યાનઃ—છીંકણી એ રસિકજનોને આનંદ ઉપજાવનારી તથા મગજના વ્યાધિઓને દૂર કરનારી છે, તેથીજ હિંદીભાષામાં તેનું હુલાસ એવું નામ છે, બીડી, હોકો ને ચિરુટ જઠરાગ્નિને પ્રદીપ્ત કરી પેટમાંની બાદી દૂર કરે છે, ને મલને સાફ ઊતારે છે, તથા જરદામાં પણ એવાજ ગુણો રહ્યા છે, આ સર્વ તેના ગુણો તેના કૃપાપાત્ર ભક્તોવિના અન્ય મનુષ્યોને તેઓ કરોડો વર્ષ યત્ન કરે તોપણ

નહિ સમજી શકાય એવા છે ! તેથી તેના કૃપાપાત્ર ભક્તો તેની વિશેષ કૃપા મેળવવા તેનું અહોનિશ શ્રદ્ધાભક્તિથી ધ્યાન કરે છે.

કેટલાક મનુષ્યો તને હોકાની ચલમમાં નાંખીને, કેટલાક મનુષ્યો તને ચલમમાં નાંખીને, કેટલાક મનુષ્યો તને આસોંદ્રાના પાનડામાં કાગળમાં કે નાની હોકલીમાં નાંખીને, ને કેટલાક મનુષ્યો તારાં પાનડાંઓને એકત્ર કરી ચિરુટ બનાવી હોય તેને પીએ છે; કેટલાક મનુષ્યો તારો ભૂકો કરી તેમાં ચૂનો મેળવી ખાય છે, ને કેટલાક તારી ગોળીઓ બનાવી હોય તે ખાય છે; અને કેટલાક મનુષ્યો તને દજેલી સ્થિતિમાં સુંઘે છે, અથવા પોતાના દાંતોને લગાડે છે. એવી રીતે ભિન્ન ભિન્ન માણુસો ભિન્ન ભિન્ન પ્રકારે તારો ઉપયોગ કરે છે. એમ પૃથિવીઉપરનાં ઘણું માણુસોને તેં તારે વશ કર્યાં છે, એ તારી સંમોહનશક્તિ વિસ્મય પમાડનારી છે !

તું પ્રથમ અમેરિકાના જંગલી લોકોમાં પૂજાતી, પણ સુધરેલા દ્વીપના લોકો તને ન પૂજે એ તને ઠીક લાગ્યું નહિ, તેથી તેં તેમના ઉપર કૃપા કરવા આશરે સાડા ત્રણ સો વર્ષઉપર ફ્રાન્સીસ્કો ફરનાંડેઝ આદિની સાથે યુરોપમાં પ્રવેશ કર્યો, ને ત્યાં શીઘ્ર પોતાનું સામ્રાજ્ય સ્થાપી, પછી આફ્રિકા, એસીઆ ને આસ્ટ્રેલિયા આદિમાં પણ તેં ક્રમાત્ શીઘ્ર પોતાનું સામ્રાજ્ય સ્થાપ્યું. પૃથિવીઉપર કોઈ રાજાનું લૌકિક સામ્રાજ્ય કે કોઇ ધર્માચાર્યનું ધાર્મિક સામ્રાજ્ય તારા જેવું વિસ્તાર પામેલું નથી. કોણુ તને પૂજતું નથી ? હિંદુઓ, જૈનો, બુદ્ધો, મુસલમાનો, ખ્રીસ્તીઓ, યાહુદીઓ ને અન્ય જંગલી પ્રજાઓ એ સર્વ તારું ભાવપૂર્વક અહોનિશ સેવન કરે છે. આમ અલ્પ સમયમાં તેં તારું નિષ્કંટક સામ્રાજ્ય સ્થાપી લોકોને પોતાના મોઢામાંથી ધૂમાડો આદિ કાઢતાં શીખવી તેં તારો અલૌકિક મહિમા પ્રકટ કર્યો છે।

તું ગુપ્તરીતે મનુષ્યોને વશ કરે છે. પ્રથમ તું લોકોને માત્ર તારૂં સ્વરૂપ જોવા નિમંત્રણ કરે છે, પછી ઉદાસીનપણે તેઓને તારા પ્રસંગમાં લાવે છે, પશ્ચાત્ તેમને કિંચિત્ દુઃખ થાય તોપણ તેઓ તારો સંગ સેવવા લાગે એવી સ્થિતિમાં મૂકે છે, ને અંતે તું તેમને તારા ગુલામ કરી મૂકે છે, એ તારૂં વિલક્ષણ પરાક્રમ તટસ્થ પુરુષોના મનને પણ વિસ્મય પમાડે છે !

પરમાત્માએ મનુષ્યોને પોતાનું નામસ્મરણ કરવા, કીર્તનભક્તિ કરવા, સદુપદેશ કરવા, ને પ્રાણધારણમાટે પવિત્ર પદાર્થો ભક્ષણ કરવા મુખ આપ્યાં છે, તેમાંથી નાનામોટા મનુષ્યો તારા કૃપાકટાક્ષવડે ધૂમાડાના ગોટેગોટ કાઢવા લાગી જ્વાલામુખી પર્વતોજેવા દેખાય છે, વા પોતાના મુખને દુર્ગંધનું સ્થાન બનાવે છે, અને દાંતને જોવા ન ગમે એવા મલિન કરે છે, એ સર્વ કર્મ સજ્જનોના હૃદયને જોકે ખેદ ઉપજાવનારૂં છે, તોપણ નિઃસંશય તારો તો મહિમાજ પ્રકટ કરનારૂં છે.

દશવીશ હોકાના કે ચલમના બંધાણી બેઠા હોય તેમાં એક હોકાને કે એક ચલમને તેમના ઉપર અદ્ભુત કૃપાની વૃષ્ટિ કરવા ફરતાં જોઇ તે હોકાની ચલમમાં કે પીવાની ચલમમાં વિરાજમાન્ થયેલી જે તું તે તારૂં ભક્તવત્સલપણું કોને સ્પષ્ટ પ્રતીત ન થાય !

સર્વ ભૂતોના હૃદયમાં પરમાત્મા રહ્યા છે એમ સત્શાસ્ત્રો પોકારીને કહે છે, તે હૃદયમાં તારા ભક્તો ધૂમાડો ભરીને વા તારો વિષમય રસ ભરીને પરમાત્માને ક્લેશ આપે છે, તેથી એમ જણાય છે કે તારા અનન્યભક્તોને વિશ્વાસ છે કે જો તારી તેમના ઉપર કૃપા છે તો તેમને પરમાત્માની કૃપાની કે અવકૃપાની કાંઈ પણ દરકાર નથી !

તારામાં વિષ રહેલું છે. તારો અર્ક જો થોડા પ્રમાણમાં શ્વાનને આપ્યો હોય તો તે મરણ પામે છે. તું પોતાના તે સામર્થ્યવડે બેઢાનાં માથાં ફેરવે છે, વમન કરાવે છે, દાંત કોહવરાવે છે, કફ ને પિત્તની વૃદ્ધિ કરે છે, આંખોને હાનિ પહોંચાડે છે, તેમના પેટમાં દાહ ઉપજાવે છે, ને ક્વચિત્ તેમને ઊધરસ પણ ઉત્પન્ન કરે છે, છતાં તારા અનન્યભક્તો તારામાં પૂજ્યભાવ રાખી તારૂં પ્રસન્નમને ઉપાસન કરે છે, તો હે દેવિ ! તું તેમના ઉપર સતત કૃપા કરવાને યોગ્ય છે !

હોકાની ને બાદલવાથી, વા તે ઉપર હાથ ફેરવવાથી, તથા ચલમની સાફી બાદલવાથી અહતીભિતરતી જાતિવાળાને પરસ્પરમાં વટાળ થવાનું લેશ પણ ભય રહેતું નથી, ને યવનપાસેથી બીડી માગીને ભાંગી તેમાંનો જરદો બ્રાહ્મણો પણ ખાવા લાગે છે, તથા તપખીરની એક ડાબલીમાંથી ઊંચનીચ સૌ પોતપોતાનું જાત્યભિમાન તજી તપખીર સુંઘે છે, ને સૂગ લાવતા નથી, એ સર્વ તારો મહિમા અવર્ણનીય છે ! જરદો ચાવનારના ઘરની ભીંતો ખૂણા ને ફળીઊં, હોકા ચલમ કે બીડી પીનારના ઘરનું ફળીઊં, ને તપખીર સુંઘનારના અંગરખાની ચાળ ધોતીઉં કે પછેડી એ સર્વ મલિન જોઈ તારા સેવનવડે તેમનામાંથી પવિત્રતા કિંવા સ્વચ્છતા સાચવવાની બુદ્ધિ કેવી નાશ પામી ગઈ છે તે સર્વને સ્પષ્ટ થાય છે. અત એવ તારો પ્રભાવ અકથ્ય છે !

તારા ભકતોને તારા વિના તાંબૂલ રુચિકર લાગતું નથી, તારા સેવનથી તારા ઉપાસકોના મુખમાંથી દુર્ગંધ નીકળે છે, છતાં તેઓ તેનો વિચાર કરતા નથી, વારંવાર થુંકવાથી અન્નને પચાવનાર રસનો નિરર્થક વ્યય થાય છે તેનું પણ તેઓ સ્મરણ કરતા નથી, ચૂનાની

ડાબલીમાં તેઓ ગમે તેવું પાણી મેળવે છે, ને તારી સાથે ચૂનાને મેળવી હાથથી તને ત્રણ વાર વિનોદપૂર્વક શિક્ષા કરી પોતાના મુખમાં મૂકે છે. તારા ઉપાસકોની એ સર્વ પ્રવૃત્તિ જોઇ તેં તેમને ઉન્મત્ત બનાવી દીધા છે એ સર્વને સ્પષ્ટ સમજાય છે.

કેટલીક સ્ત્રીઓ તારું અપૂર્વ માહાત્મ્ય સમજી તને પ્રેમપૂર્વક પોતાના ઉજ્જવલ દાંતોપર ઘસી તેમને જોવા ન ગમે એવા મલિન કરે છે, તેઓ તારા સેવનથી વારંવાર વમન વા ઉબકા કરે છે, ને પોતાના મુખને દુર્ગંધથી યુક્ત કરે છે, છતાં સ્નેહથી સવાર, બપોર ને સાંજ તેમને તારું સેવન કરતી જોઈ તેં તેમનો કોમલ સ્ત્રીસ્વભાવ કેવી રીતે દૂર કરાવી દીધો એ સહજ સ્પષ્ટ થતું નથી.

તારાં પાનડાં જ્યારે છોડપર લીલાં હોય છે ત્યારે તેમને ઝીણા જંતુઓ ન ખાઇ જાય માટે તેમના પર યવન કે બહુ ઊતરતા વર્ણના હિંદુઓ પાણીના કોગળા ભરીને છાંટે છે, તથા અસંખ્ય જંતુઓને વીણી દૂર કરે છે. આમ તારી ઉત્પત્તિમાં અપવિત્રતા તથા હિંસા રહેલાં છે, પણ એ વિચાર તું તારા ઉપાસકોમાં આવવા દેતી નથી, તેથી તને ધન્ય છે!

નાનાં બાળકો બીડી પીતાં શીખ્યા છે, જુવાન વિદ્યાર્થીઓ બીડી કે ચિરુટ પીતાં શીખ્યા છે, ઘણા જુવાનો ને વૃદ્ધોને હોકાવિના ચાલતું નથી, ઊતરતા વર્ણની સ્ત્રીઓ પણ બીડી કે હોકો પીતાં શીખી છે, અને અતીત બાબી ને સાધુઓના મોટા ભાગને તારા વિના ચાલતું નથી. તેમની આવી સ્થિતિ જોઈ તારું વશીકરણ કોઇ અલૌકિક છે એમ જણાય છે!

તારા અનન્યભક્તોની તારામાં જેવી શુદ્ધ ભક્તિ છે તેવી તેમની પરમેશ્વરમાં કે પોતાના ગુરુમાં પણ ભક્તિ નથી! તેઓ તારુંજ નિરંતર સ્મરણ તથા ધ્યાન કરે છે. પરમેશ્વરનું નિત્ય તારા

જેટલું સ્મરણ કે ધ્યાન તેઓ કરતા નથી, અને પોતાના ગુરુની આજ્ઞા તારા સેવનનો ત્યાગ કરવાની હોય તોપણ તેઓ તારી અપાર કૃપા મેળવવા પોતાના ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરી ઉત્સાહપૂર્વક પ્રકટ કે અપ્રકટરીતે તારું સેવન કર્યા કરે છે. વળી તેઓ તારા સેવનથી પોતાના શરીર તથા મગજને હાનિ પહોંચશે એમ થોડુંઘણું સમજતા હોય છે, છતાં પોતાના શરીર ને મગજના બગાડની પણ દરકાર નહિ કરતાં તેઓ તારું પ્રસન્નમને સેવન કરે છે, તેથી પોતાના શરીર ને મગજકરતાં પણ તેઓ તારું ઉપકારકપણું વિશેષ સમજે છે. મનુષ્યને આવી હિતવિઘાતક ઉન્મત્ત ચેષ્ટા કરાવનાર તું અવશ્ય એક પ્રકારે ધન્યવાદને પાત્રજ ગણાવી જોઇએ !

કેટલીક વેલા તારા ભક્તોને વિશેષ આનંદ ઉપજાવવા તું ગાંજા તથા ચરસને તારા સાહાય્યમાં બોલાવે છે. ગાંજો કે ચરસ જ્યારે તારા સાહાય્યમાં આવે છે ત્યારે તારા ભક્તો ચલમમાં ખૂબ ભડકા કરે છે, ને પોતાનાં કાળજાં બાળી પ્રસન્ન થાય છે ! અને પછી રાત્રે તારા ઉત્સવનિમિત્તનું ખોંખોં કરી જાગરણ કર્યા કરે છે. તારા ભક્તોને ખાવાને અન્ન ન મળે તો ચાલે છે, પણ તારા ને ગાંજાવિના પછી તેમને ચાલતું નથી. આ સર્વ તારી આશ્ચર્યકારક મોહિની છે !

તેં સાધુનો વેશ ધરનારાઓના મોટા ભાગને ગુરુમંત્ર આપ્યો છે કે "તમાકુ કે ગાંજો ન પીએ તે સાધુ નહિ, માટે સાધુનો વેશ ધર્યો કે તુરત તમાકુની કે ગાંજાની ચલમ પીતાં તેણે શીખવીજ જોઇએ !" વળી "એક દિવસમાં વધારે ચલમો પીવાય તેમ વધારે ઠીક ગણાય," એમ પણ તેં તેમને સમજાવી રાખ્યું છે, તેથી તેવાઓ પોતાનું સાધુતરીકેનું યથાર્થ કર્તવ્ય ભાગ્યેજ જાણતા કે આચરતા હોય છે, પણ તારું સેવન કરવામાં તેઓ કદીપણ પ્રમાદ કરતા

નથી, તેથી તું સાધુનો વેશ ધરનારના મોટા ભાગના મોટા આચાર્યરૂપ છે, એમ કહેવામાં કાંઇ પણ અતિશયોક્તિ થતી નથી, એ સ્પષ્ટજ છે !

તમાકુ પીવાનું તથા ગાંજો પીવાનું દુર્વ્યસન સેવનારા બ્રાહ્મણો અન્ય લોકોથી પોતાનું તે દુષ્ટ વ્યસન છુપાવવા ચલમને કંકાવટી ને ગાંજાને શીઘ્રબોધ કહે છે. લોકોથી ભય પામી જે નિંદ્યકર્મ છાનું કરવામાં આવે તે પાપ એવું જો પાપનું લક્ષણ નક્કી કરીએ તો જેઓ તારું સેવન એકાંતમાં કરે છે તેઓ એક પ્રકારનું પાપ કરે છે એમજ કહેવું જોઇએ.

કેટલાક બ્રાહ્મણો ને સાધુઓ સ્વપરના હિતમાટે વિદ્યાધ્યયન તથા શુભ કર્મનું અનુષ્ઠાન કરવાને બદલે તારા ઉપાસનમાં ઘણો સમય ગાળે છે, તથા દ્રવ્યનો નિરર્થક વ્યય કરે છે, એ ખેદની વાર્તા છે, પણ તેઓને તારા ઉપાસનની મોહિની એવી લાગી હોય છે કે ભાગ્યેજ તેઓ સારા મનુષ્યોનું કહેવું સ્વીકારે એવી સ્થિતિમાં રહ્યા હોય છે.

જેમના મુખમાંથી સદુપદેશની શુભવાતો કે સત્શાસ્ત્રોનું ઉચ્ચારણ કિંવા પ્રભુનામસ્મરણ આદિ શુભ શબ્દો નીકળવા જોઇએ તેને બદલે તેમાંથી દુર્ગંધવાળો ધૂમાડો નીકળતો જોઇ કયા વિવેકીને ખેદ ન થાય ? પણ તેમનો એ ખેદ તારા પરાક્રમનું વિલક્ષણ સ્મરણ કરાવનારો હોવાથી તારા માહાત્મ્યને વધારનારો છે !

જેઓને શુભ કર્મ પ્રાપ્ત નથી, વા જેઓ શુભ કર્મ કરવા ઇચ્છતા નથી, એવા નવરા માણસોને તું તારી ઉપાસનામાં જોડે છે, ને પછી પ્રાયશઃ મૃત્યુપર્યંત તેમને છોડતી નથી,એ તારું ભક્તવત્સલપણું કાંઇ ન્યૂન વખાણને પાત્ર છે ? કેટલાક કોઇના ઉપદેશથી વા

પોતાને થયેલા દુઃખદ અનુભવથી તારી ઉપાસનાનો ત્યાગ કરે છે, પણ શ્વાન જેમ વમન કરેલાનું પુનઃ ભક્ષણ કરે છે, તેમ તેઓ તારી ઉપાસનાનો ત્યાગ કર્યા પછી થોડા સમયમાં પુનઃ પ્રેમથી તારી ઉપાસનામાં તત્પર થઇ જાય છે. મનુષ્યને શ્વાનજેવા સ્વભાવયુક્ત બનાવવાની આ તારી શક્તિ અવશ્ય અલૌકિકજ ગણાવી જોઇએ!

તારું માહાત્મ્ય અપાર છે! તારું માહાત્મ્ય સાંભળી જેઓ પોતાના કાન ઉંચા કરે છે તેઓ અલ્પશ્રુત છે એમજ તારું માનવું છે, તેથીજ તું કેટલાક વિદ્વાનોને પણ "મનુષ્યોના મગજમાંના ઝેરી જંતુઓનો હું વિનાશ કરું છું, માટે મારું સેવન કરવું લોકોને બહુ ઉપકારક છે," એમ સમજાવી તેમને તારા બંદી જનો બનાવે છે!

તારા ભક્તોનાં મન તેં એવાં દુર્બલ કરી નાંખ્યાં હોય છે કે હવે તેમને મન છે કે નહિ તે ઘણી વેલા પરીક્ષકને નક્કી કરવું કઠિન થઈ પડે છે. જરદો ચાવવાનું, છીંકણી સુંઘવાનું, છીંકણી દાંતે દેવાનું, હોકો પીવાનું, ચલમ પીવાનું, કે ચિરુટ પીવાનું જેમને વ્યસન થયું હોય છે તેમના મોટા ભાગથી તે વ્યસન ત્યજી શકાતું નથી, ને કોઇ નબળા મનવાળા ત્યજવાનો નિશ્ચય કરે છે તો માત્ર થોડા દિવસજ તેમનાથી તે નભી શકે છે, અને કેટલાકથી યાવજ્જીવન તારો ત્યાગ નભાવવાની પ્રતિજ્ઞા પણ થઇ શકતી નથી, ને જેઓ પ્રતિજ્ઞા કરે છે તેમાંના કેટલાક તે પ્રતિજ્ઞા યથાયોગ્ય પાળતા નથી, તેથી ઉપર દર્શાવેલી વાત સિદ્ધ થાય છે.

તારા ભક્તોને અન્યાશ્રયી થઇ જવાનું બહુ ભય લાગે છે, તેથીજ તેઓ જે જે દુઃખનું બાનું બતાવી તારું સેવન કરતા હોય છે તે સર્વ દુઃખો નિર્દોષ ઉપાયથી સુખપૂર્વક દૂર કરી શકાય એમ હોય છે, છતાં તેઓ તે ઉપાય કરતા નથી, ને તારુંજ સેવન કર્યા કરે છે.

હે દેવિ ! જે તારું પાનમાં કે ચૂનામાં ભેળવી ભક્ષણ કરે છે, જે તારા સૂક્ષ્મ ચૂર્ણને સુંઘે છે કે દાંતે દે છે, જે તારા ભૂકાને હોકાની ચલમમાં, ચલમમાં, પાનડામાં કે કાગળમાં ભરી પીએ છે, એ સર્વેને તારું ખરું સ્વરૂપ સમજાવી તારી સત્તાનું ઉલ્લંઘન કરાવી સુખી કરજે, કેમકે ભક્તોઉપર અનુગ્રહ કરવો એ મોટાઓનો સ્વભાવ છે. એ વાત સાચી છે કે ચિરકાલ તેઓએ તારું પ્રેમપૂર્વક સેવન કરેલું હોવાથી તેઓ તારો વિયોગ સહસા સહન કરી શકશે નહિ, પણ તું તેમને સંયોગને અંતે વિયોગ હોય છે એમ સમજાવી તારા વિયોગથી તેઓ પોતાના મનમાં ઓછું ન લાવે એમ તેમને વારંવાર સમજાવતી રહેજે, ને જણાવજે કે જો તમે મારી તુચ્છ સત્તાનું ઉલ્લંઘન કરી શકશો નહિ તો પછી બીજા વિકારોનું તથા દૃશ્ય પ્રપંચનું તમે શી રીતે ઉલ્લંઘન કરી શકશો ? ને કૃતાર્થ પણ શી રીતે થઇ શકશો ?

ઇતિ શ્રીવિનોદમાલામાં તમાકુસ્તોત્રનામનું બીજું પુષ્પ. ૨.

ॐ

॥ अफीणस्तोत्र ॥

३.

ॐ. આ અફીણસ્તોત્રલઘુમાલામંત્રના શ્રીવિવેક ઋષિ, સંજ્ઞાહીન છંદ, અફીણ દેવતા, મનમાં આનંદ ઉપજાવવાના સામર્થ્યવાળું એવી ભ્રાંતિ આ બીજ, સ્વકર્તવ્યમાં પ્રમાદ ઉપજાવી અધઃપાત

કરનાર આ શક્તિ, અને તેના વ્યસનને ત્યજી દેવામાં તેના ભક્તોના મનની નિર્બલતા આ કીલક છે.

કરન્યાસઃ—પ્રાતઃકાલમાંજ પોતાનું સ્મરણુધ્યાન કરાવવાના પ્રબલ સામર્થ્યવાળું એ પ્રમાણે અંગૂઠાઓને નમસ્કાર, પીતીવેલા વા ખાતીવેલા પીનારનું વા ખાનારનું મોઢું બગાડી નાંખવાના સામર્થ્યવાળું એ પ્રમાણે તર્જનીઓને નમસ્કાર, દ્રવ્ય તથા સમયનો દુરુપયોગ કરાવી શરીરાદિને નિર્બલ કરનાર એ પ્રમાણે મધ્યમાઓને નમસ્કાર, મનમાં દીનતા ઉપજાવવાના પ્રભાવવાળું એ પ્રમાણે અનામિકાઓને નમસ્કાર, કર્તવ્યનિષ્ઠાની ન્યૂનતાવાળામાં વિશેષ પ્રતીત થનારું એ પ્રમાણે કનિષ્ઠિકાઓને નમસ્કાર, અને મનુષ્યને ચોટયા પછી પ્રાયશઃ તેનાથી પૃથક્ નહિ થવાના દુરાગ્રહવાળું એ પ્રમાણે હથેળીઓને તથા હાથના નીચેના ભાગોને નમસ્કાર.

હૃદયાદિ ન્યાસઃ—પ્રાતઃકાલમાંજ પોતાનું સ્મરણુધ્યાન કરાવવાના પ્રબલ સામર્થ્યવાળું એ પ્રમાણે હૃદયને નમસ્કાર, પીતીવેલા વા ખાતીવેલા પીનારનું વા ખાનારનું મોઢું બગાડી નાંખવાના સામર્થ્યવાળું એ પ્રમાણે શિરપર સ્વાહા, દ્રવ્ય તથા સમયનો દુરુપયોગ કરાવી શરીરાદિને નિર્બલ કરનાર એ પ્રમાણે શિખાપર વષટ્, મનમાં દીનતા ઉપજાવવાના પ્રભાવવાળું એ પ્રમાણે કવચને હુમ્ કર્તવ્યનિષ્ઠાની ન્યૂનતાવાળામાં વિશેષ પ્રતીત થનારું એ પ્રમાણે ત્રણ નેત્રોને વૌષટ્, અને મનુષ્યને ચોટયા પછી પ્રાયશઃ તેનાથી પૃથક્ નહિ થવાના દુરાગ્રહવાળું એ પ્રમાણે અસ્ત્રને ફટ્.

અફીણની પ્રીતિ મેળવવામાટે તેના ભક્તોને પાઠ કરવામાં તથા વિચાર કરવામાં આ સ્તોત્રનો વિનિયોગ છે.

ધ્યાનઃ—અફીણ ખાવાથી વા પીવાથી યુદ્ધમાં મલત્યાગ થઈ જતો નથી, તેનું સેવન વિષયસેવનમાં ઉપકાર કરે છે, તેના સેવનથી આંખો રાતી થવાથી બીજા ભય પામે છે, તેના ભક્ષણાદિથી અંગબલ વધે છે, તેની ઉપાસનાથી સ્નાનની પીડાથી દૂર રહેવા પ્રબલ ઇચ્છા પ્રકટે છે, બેઠાં બેઠાં દિવસે કામ કરવાની વેળાએ પણ ઉંઘ લઈ શકાય છે, અને તેના અનન્યસેવનથી અન્યાયવડે પારકું પોતાનું કરી લેવાની પ્રવૃત્તિ થાય છે, આવા કલ્પિત ગુણોનો વિચાર પોતાના મનમાં ગોઠવી અફીણના ભક્તો નિશદિન પોતાના મનમાં તેનું આદરપૂર્વક ધ્યાન કરતા પ્રતીત થાય છે.

હે અફીણ ! તું શ્યામ છે, તેથી શ્યામશરીરવાળા શ્રીવિષ્ણુની પેઠે તું જ્યાં ત્યાં વિજય મેળવે છે. હિન્દુઓનો કેટલોક ભાગ, મુસલમાનોનો કેટલોક ભાગ, ને ચીનાઓનો કેટલોક ભાગ તેમનાં ધર્મશાસ્ત્રોમાં માદક પદાર્થના સેવનનો નિષેધ કર્યા છતાં તે ઉપર હરતાળ મારી તને પ્રસન્ન મને ઉપાસે છે, એ તારો વિજય અવશ્ય અદ્ભુત છે !

પોતાનાં નાનાં બાળકો રુદનવડે પોતાને પીડા ન કરે એવા વિચારથી તેમનું આરોગ્ય બગડવાનો વિચાર બાજુએ મેલી કેટલીક માતાઓ તેમને તારું સેવન કરાવે છે, કેટલાક વૃદ્ધ પુરુષો ને સ્ત્રીઓ બીજા વાસ્તવિક ટેકાને ત્યજી તને પોતાના ટેકારૂપ સમજી તારી ઉપાસના કરે છે, કેટલાક પ્રવાસીઓ પ્રવાસનો શ્રમ ન જણાવાનું બાનું કાઢી તારા સેવનમાં તત્પર થાય છે, કેટલાક રજોગુણી મનુષ્યો વિષયાનંદની અધિક લાલસાથી પરિણામ વિચાર્યા વિના તારી ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે, ને કેટલાક બ્રહ્મચારી, સંન્યાસી, ગોસાંઈ, સાધુ ને ફકીર

પ્રભુની ઉપાસનામાં પૂરતું મન નહિ રાખતાં સાવધાનતાપૂર્વક સમય-સર તારી ઉપાસના કરે છે, એ સર્વ તારા પરાક્રમની વિજય-ધ્વજાઓ છે !

તું અત્યંત કડુ છે, છતાં તારા અનન્યભક્તો તને શાકરથી પણ વિશેષ ગળ્યું સમજે છે, તું પેટમાં ચુંક ઉપજાવવાના તથા તને ખાનારપીનારનું મોઢું બગાડી નખાવવાનાં સામર્થ્યવાળું છે, છતાં તારા ભક્તોને તું પરમ પ્રિય છે, તું સ્નાનને તથા ઉદ્યોગને શત્રુસમાન ગણે છે, અને ચોરી તથા મિથ્યાભાષણાદિ દોષો શીખવે છે, છતાં તારા ભક્તો તારામાં લેશ પણ દોષ જોઈ શક્તા નથી, તેથી તેં તેમનાં જ્ઞાનચક્ષુ હરી લીધાં છે એમ તટસ્થ વિવેકી જનોને સ્પષ્ટ જણાઇ આવે છે.

એક મા પોતાના નાના બાળકને અફીણની વા અફીણયુક્ત પદાર્થની ગોળી આપતી પ્રતીત થાય, ને એક ક્ષત્રિય કે મુસલમાન પિતા કે પિતામહ પોતાના પુત્ર કે પૌત્રને નાની બંગલીમાં અફીણ-નો કસુંબો પાતો પ્રતીત થાય, ત્યારે તારા અલૌકિક મહિમાનું ભાન કયા સહૃદય મનુષ્યને ન થાય ?

હવે રજપૂત આદિને યુદ્ધ કરવાનો સમય લગભગ વીતી ગયો છે, છતાં યુદ્ધકાલે મલનો ત્યાગ ન થઇ જાય તેની ચિંતા રાખી તારા સેવનની તેઓ અગત્ય માને છે, કામીઓ તારા સેવનથી પોતા-ને વધારે કામસુખ ભોગવવાનો સમય મળ્યાનું માને છે, નિર્બલો તારા સેવનથી બલ આવ્યાનું માને છે, અને રાજાઓનો ને ધનાઢ્યો-નો કેટલોક ભાગ તારા સેવનથી પોતાનામાં વિશેષ મોટાઈ આવ્યાનું માને છે, આ સર્વ તારી મહામોહિનીનો પ્રતાપ છે એમજ કહેવું જોઇએ.

તારું સેવન કરવાનો સમય પ્રાપ્ત થયે જો તારા ભક્તોને તારી પ્રાપ્તિ થતી નથી તો તેમને ઉપરાઉપર બગાસાં આવવા લાગે છે, તેમના પગમાં કળતર થાય છે, તેમનાં મન ને ઇંદ્રિયો વ્યાકુલ થાય છે, ને તેમના મોઢામાં ફીણુ આવી મૂર્ચ્છાજેવી સ્થિતિ તેમને પ્રાપ્ત થાય છે, છતાં મોહથી પરાભવ પામેલા ને જેમના હૃદયનેત્રનું તેં ગુપ્તરીતે હરણુ કરી લીધું છે એવા તારા અનન્ય ઉપાસકો તને-જ આ વિશ્વમાં પરમ ઉપાસના કરવાયોગ્ય માને છે.

તું મનુષ્યના ચિત્તમાં આળસ, પ્રમાદ ને દીર્ઘસૂત્રતા ઉત્પન્ન કરે છે, તું તારા સેવકોને દિવસે પ્રાપ્તવ્યવહારને તિલાંજલિ દઈ કૃત્રિમ નિદ્રાવડે માથું ઉચું નીચું કેમ ધુણાવ્યા કરવું, તથા ભાન ભૂલી આંખોને કેમ વીંચવીઉઘાડવી તે શીખવે છે. વળી તું ચોરી કરતાં, જૂઠું બોલતાં, નકામી ને મિથ્યા વાતો કરતાં, દીનતાવડે પરાધીન થતાં, લજ્જારહિત થતાં, ને સંબંધી જનોઉપર દયારહિત થતાં શીખવે છે. તારા સેવકોને લોકો "બંધાણી" એવું અપમાનભરેલું નામ આપે છે, તથા તેમનો કોઇ વિશ્વાસ કરતું નથી, છતાં જેમણે પોતાપણું ખોઇ નાંખ્યું છે એવા તારા ભક્તો લોકોના તેવા કથનાદિની કાંઇપણ દરકાર કરતા નથી. તારા અનન્યભક્તોની ઉપર જણાવેલી સ્થિતિ તારા મહિમાની સૂચક નથી એમ કોણુ કહી શકે ?

ચંડુખાનામાં ચટાઈઓપર આડા પડ્યા પડ્યા તારા ભક્તો જ્યારે તારા વિષમય ધૂમાડાનું પાન કરી મોઢામાંથી ફીણુ કાઢતા તથા બેભાન થયાજેવા પ્રતીત થાય છે, ત્યારે તારા વિનામૂલ્યના દાસો નહિ, પણ પોતાની ગાંઠમાંથી સામું મૂલ્ય આપીને થયેલા તારા તે દાસોની, તેમના કોઇ પણ પ્રકારના વાસ્તવિક સ્વાર્થવિના માત્ર તેમની મૂર્ખાઇથી થયેલી આવી દીનદશા જોઇ તારી મોહિનીનું

ભયંકર સ્વરૂપ તારી ભક્તિમાં નહિ જોડાયેલા સર્વ વિવેકી જનોને સ્પષ્ટ પ્રતીત થાય છે.

તું તમોગુણથી ભરેલું ને આળસ આદિ દુર્ગુણોના પિતારૂપ છે. તારા સેવનથી મનુષ્યને કાંઇ પણ લાભ થતો નથી, કિંતુ સર્વથા તેને હાનિજ થાય છે, અને તું અભ્યુદયનાં તથા નિઃશ્રેયસનાં સાધનોમાં માણસની જોઈએ તેવી સાવધાનતાવાળી ને ઉત્સાહવાળી પ્રવૃત્તિ થવા દેતું નથી, છતાં તારા સેવનના પ્રબલ પ્રતાપવડે વ્યવહાર તથા પરમાર્થના વાસ્તવિક સ્વરૂપનું ઘણે અંશે ભાન ભૂલી ગયેલા તારા અનન્યભક્તો ચોરામાં, ડેલીમાં કે પોતાને ઘેર પ્રસન્ન મને તારું સેવન કરે છે, ને તને મીઠાઈ આદિનું નૈવેદ્ય ધરે છે ! વળી તારા ભક્તોને મનુષ્યોનાં પરસ્પરનાં વૈરની નિવૃત્તિ કરાવતીવેલા વાપરવા યોગ્ય બીજો કોઇ પદાર્થ જગતમાં પ્રતીત થતો નથી, પણ તારો રસજ (કસુંબોજ) વૈરની નિવૃત્તિ કરાવતીવેલા વાપરવાયોગ્ય તેમને પ્રતીત થાય છે, એ પણ તારી વિલક્ષણ મોહિનીનોજ પ્રતાપ છે.

તારા સેવનથી ઉપજેલી ધૂનમાં તારા ભક્તો કેવાં વિલક્ષણ પરાક્રમો કરે છે તેના થોડાક નમુના તારા ભક્તોને પોતાની સ્થિતિનું કાંઇક ભાન થવા અહિં ઊતારાય છેઃ—તારો કોઇ ભક્ત પેશાબ કરવા બેઠો હતો તેવામાં તેને તારા પ્રતાપથી ઝોકું આવવાથી તેની ધોળી પાઘડી માથાપરથી નીચે પડી ગઇ. પછી તેણે પેશાબ કરીને ઊઠીને પોતાની આગળ પડેલી પાઘડીને મુએલું બગલું સમજી પાસે ઊભેલા કોઇને પૂછ્યું કેઃ—"બાપા ! બગલું ચીણે (કોણે) માર્યું ?" તારા કોઇ બે પરમભક્તો ઘોડેસ્વાર થઇને પરગામ જતા હતા. માર્ગમાં એક ગામની આગળ ઊતરી તેઓ તારી ઉપાસના કરી ભાતું ખાવા બેઠા. પછી તારા

સેવનથી ઉપજેલી ધૂનમાં તેઓ પોતાનાં ઘોડાં ત્યાં મૂકીને ચાલવા લાગ્યા. સામે ગામ પહોંચી ધર્મશાલામાં જઇ તેમણે ધર્મશાલાવાળાને પોતાનાં ઘોડાંમાટે ઘાસ તથા ચંદીનો બંદોબસ્ત કરવા સૂચના કરી. ધર્મશાલા-વાળાએ તેમનાં ઘોડાં ક્યાં છે? એમ પૂછ્યું ત્યારે બંનેને ભાન આવ્યું કે તેમનાં ઘોડાં તો સમીપના ગામના પાદરમાં રહી ગયાં છે ! તારા એક સેવકે તારી ઉપાસનાથી ઉપજેલી ધૂનમાં ભરેલી બંદુક પોતાના ભણી રાખી તે ફોડવાનો પ્રયત્ન કરવા માંડ્યો ! ને બીજા એક તારા ભક્તે પોતાના છોકરાને તારા ગુણની પરીક્ષા કરાવવા તારું થોડું સેવન કરાવ્યું. તેં તે છોકરાના પ્રાણનો તે શરીરમાંથી વિયોગ કરાવ્યો, તે જોઇ તારા તે ભક્તે કહ્યું કેઃ—"છોરો મરી ગયો, પણ અફીણ ચંગો છે ! !"

તારું પરાક્રમ અપાર છે ! તું જ્યારે તારા પરમભક્તોના હાથમાં આવે છે ત્યારે તેઓને પ્રસન્ન કરી તારી ઉપાસનામાં જોડા-વાની ઇચ્છાવાળા બીજા મફતીઆ ભક્તો પોતાનું ને જગતનું ભાન ભૂલી તારી સ્તુતિ કરવા લાગી જાય છે, જે સ્તુતિમાંનાં થોડાંક વચ-નો અહિં તારી તેમના ઉપર પ્રસન્નતા થવાની ઇચ્છા રાખી અવ-તરણ કરાય છેઃ—" આધો દાણો અમલરો, ચપટી ભાંગ ન ખાય; તે નર કોઢીસરીખડા, ઘાને ઘાન સમાય." " કાળી આંખ કરે કીમ કામિની, જેનો કંથ ન રાતી આંખ કરે." " તેસેંહી અફીણ-બિન આશક અલુના હૈ." " એબો કહે ઉમરાવને, આફુ બહુત અજાબ; જીનકો આહિ પટંતરો, જુધમેં કરે જવાબ." અને "આ-ફુવટણ ને જોગપંથ, ઓ શૂરાહંદો કામ."

તારા ભક્તોની તારામાં પરમ ભક્તિ છે, તેથીજ તેઓ તારો ક્રમપૂર્વક ત્યાગ થઇ શકવાનો પ્રબલ સંભવ છતાં પણ લોકોને જે તે

બ્હાનાં બતાવી તેઓ તારી ઉપાસનાનો ત્યાગ કરતા નથી. તારા પરમભક્તોમાંનો કોઇ એક પરમભક્ત તારી ઉપાસનાનો ક્રમથી ત્યાગ કરવાની ઇચ્છા કરી તારી ઉપાસનાનો ક્રમથી ત્યાગ કરવા માંડે છે, પણ મનમાં તારી ઉપાસના ઘટાડવાથી થનારી કલ્પિત હાનિઓનો તે સતત વિચાર કર્યા કરે છે, તેથી તેને જોઇને તું હસે છે, ને તારો ત્યાગ કરવા તે સમર્થ નથી, એમ સમજી તેને પુનઃ પ્રબલ વેગથી તારી ઉપાસનામાં જોડી દે છે.

તારા ઉપાસકો જ્યારે કોઇ અપરાધ કરી વગરભાડાના ઘરમાં નિવાસ કરવા જાય છે, ત્યારે ત્યાંના નિયમપ્રમાણે તેમને તારી ઉપાસનાનો ત્યાગ કરવો પડે છે, ને તેમાં તેમને તારા વિયોગથી કાંઇ પણ શારીરિક અડચણ આવતી નથી, તેથી જણાય છે કે ભયથીજ તારો વળગાડ છૂટે છે. ત્યાં પણ પોતાના ભક્તપણામાં ન્યૂનતા ન આવે માટે તેઓ મનમાં પ્રસંગોપાત્ત તારુંજ ધ્યાન કરતા રહે છે, ને જેવા વગરભાડાના ઘરમાંથી મોકળા થયા કે તુરત પ્રથમ તારીજ ઉપાસનામાં તેઓ આતુરતાવાળા મનથી જોડાય છે !

તું ધનવાનોને નિર્ધન કરે છે, બલવાનોને બલરહિત કરે છે, મનુષ્યની ઇંદ્રિયોના સામર્થ્યને ક્ષીણ કરે છે, ને તેમના મનના સામર્થ્યને પણ હણે છે, છતાં તારા અનન્યભક્તો તારો ત્યાગ કરવા લેશ પણ વિચાર કરતા નથી, તેથી તેં તેમને કોઇ અજબ ભૂરકી નાંખી છે એમ જણાય છે !

તારી અનન્ય ઉપાસના કરનારાઓમાંથી જેઓ કાંઇ સમજી શકે એવા હોય તેમને એકાંતમાં તેમના કાનમાં કહેજે કેઃ—"ભાઇ !

પ્રત્યેક કાર્યનો અંત હોય છે એમ સમજી હવે તમે પણ તમારું વિશેષ હિત સાધવા મારી ઉપાસનાનો અંત લાવો, ને મારાથી શ્રેષ્ઠ પ્રકારના પદાર્થોની ઉપાસનામાં તમારા ચિત્તને જોડો. મારો કેફ ઊતરી જાય છે, ને તે વેલા તમને દુઃખાનુભવ થાય છે, પણ એક વસ્તુ એવી છે કે જેનો કેફ કદી ઊતરતોજ નથી, ને તેથી દુઃખાનુભવ પણ થતો નથી. તમે દૃઢ મનોબલવાળા હો તો તમે તુરત મારો ત્યાગ કરશો તોપણ તમને હું હરકત થવા નહિ દઉં, ને તમારું મનોબલ ઉત્કૃષ્ટ પ્રકારનું ન હોય તો ક્રમાત્ તમે મારો ત્યાગ કરશો તોપણ તમને હરકત નહિ આવવા દઉં. સારું તે તમારું. ઉજ્જાયી આદિ પ્રાણાયામ, ઇષ્ટ મંત્રનો જપ, સારો સંગ, ને કોઇ પણ શુભ કર્મમાં મારા વિસ્મરણપૂર્વક લાગ્યા રહેવું આ ઉપાયોનું જો તમે એકાદ માસ પ્રેમપૂર્વક અનુષ્ઠાન કરશો તો મારી સત્તાનું ઉલ્લંઘન કરી તમે બાહ્યસ્થિતિએ, શરીરે ને મને સુખી થશો. તમે મારી આટલો કાલ ઉપાસના કરી તો મારો ધર્મ છે કે તમને કાંઈ સારી શીખામણ દેવી, તે પ્રમાણે મેં કહ્યું, હવે તમને ઠીક લાગે તેમ કરો." આમ આશ્રિતોનું હિત કરવાનો પ્રયત્ન જો તું કરીશ તો તેં ઠીક કર્યું ગણાશે.

આ અહીણુસ્તોત્રના પાઠવડે અફીણના અધિષ્ઠાનરૂપ પરમાત્મા અફીણના ભક્તોઉપર કૃપા કરી તેમને અફીણની ભક્તિથી મોકળા કરી જેની ભક્તિવડે તેમનો અભ્યુદય વા નિઃશ્રેયસ થવા સંભવ છે તેમાં જોડવા કૃપાવાળા થાઓ. ઇતિ શિવમ્.

ઇતિ શ્રીવિનોદમાલામાં અફીણુસ્તોત્રનામનું ત્રીજું પુષ્પ. ૩.

ॐ

॥ विजयास्तोत्र ॥

ૐ.

ૐ. આ વિજયાસ્તોત્રલઘુમાલામંત્રના શ્રીવિવેક ઋષિ, નામરહિત છંદ, વિજયાદેવી દેવતા, મનને આનંદ ઉપજાવવાના સામર્થ્યવાળી એવી ભ્રાંતિ આ બીજ, ભાન તથા અભાનના તરંગોને હીંડોળે માણુસના મનને હીંચોળનારી આ શક્તિ, અને તેના વ્યસનને ત્યજી દેવામાં તેના ભક્તોના મનની નિર્બલતા આ કીલક છે.

કરન્યાસઃ-ભોજનના સમયની પૂર્વે પોતાના ભક્તોને પોતાનું સ્મરણધ્યાન કરાવવાના સામર્થ્યવાળી એ પ્રમાણે અંગૂઠાઓને નમસ્કાર, છીપરઉપર કે કુંડીમાં પોતાનું મર્દન થતું દેખાડી પોતાના ભક્તોના ચિત્તનું આકર્ષણ કરનારી એ પ્રમાણે તર્જનીઓને નમસ્કાર, દ્રવ્ય તથા સમયનો દુરુપયોગ કરાવી પોતાના ભક્તના મનોબલને ઘટાડનારી એ પ્રમાણે મધ્યમાઓને નમસ્કાર, પોતાના ભક્તોને " ભંગી " (ભાંગ પીનાર, અન્ય અર્થ લોકપ્રસિદ્ધ છે,) એવું ઉપનામ અપાવનારી એ પ્રમાણે અનામિકાઓને નમસ્કાર, પોતાના ચઢાવમાં ને ઊતારમાં પોતાના ભક્તના શરીરને મરડાવનારી એ પ્રમાણે કનિષ્ઠિકાઓને નમસ્કાર, અને નબળા મનના માણુસને ચોંટ્યા પછી પ્રાયશઃ તેનો ત્યાગ નહિ કરવાના સ્વભાવવાળી એ પ્રમાણે હથેળીઓને તથા હાથના નીચેના ભાગને નમસ્કાર.

હૃદયાદિ ન્યાસ:—ભોજનના સમયની પૂર્વે પોતાના ભક્તોને પોતાનું સ્મરણધ્યાન કરાવવાના સામર્થ્યવાળી એ પ્રમાણે હૃદયને નમસ્કાર, છીપરઉપર કે કુંડીમાં પોતાનું મર્દન થતું દેખાડી પોતાના ભક્તોના ચિત્તનું આકર્ષણ કરનારી એ પ્રમાણે શિરપર સ્વાહા, દ્રવ્ય તથા સમયનો દુરુપયોગ કરાવી પોતાના ભક્તના મનોબલને ઘટાડનારી એ પ્રમાણે શિખાપર વષટ્, પોતાના ભક્તોને " ભંગી " એવું ઉપનામ અપાવનારી એ પ્રમાણે કવચને હુમ્, પોતાના ચઢાવમાં ને ઊતારમાં પોતાના ભક્તના શરીરને મરડાવનારી એ પ્રમાણે ત્રણ નેત્રોને વૌષટ્, અને નબળા મનના માણસને ચોટયા પછી પ્રાયશઃ તેનો ત્યાગ નહિ કરવાના સ્વભાવવાળી એ પ્રમાણે અસ્ત્રને ફટ્.

વિજયાની પ્રીતિ મેળવવામાટે તેના ભક્તોને પાઠ કરવામાં તથા વિચાર કરવામાં આ સ્તોત્રનો **વિનિયોગ છે.**

ધ્યાનઃ—તું મનુષ્યના મનને દુઃખના વિચારોથી મોકળું કરી આનંદમાં મગ્ન કરનારી, મનુષ્યને વિશેષ આહાર કરવાનું સામર્થ્ય આપનારી, સારી રીતે મલશુદ્ધિ કરાવનારી, મગજને પોતાની શીતલતાવડે શાંત કરી સમયસર ઘાટી નિદ્રા આણનારી, તથા મનની એકાગ્રતા સધાવનારી છે, એમ સમજી તારા ભક્તો ભોજનપહેલાં તથા સાંજે નિત્ય તારું ધ્યાન કરતા પ્રતીત થાય છે.

વિજયા, જયા, માયા, ભાંગ, લીલાગર, શંકરની બુટી, ઠંડાઈ ને સબ્જી આ તારાં પ્રસિદ્ધ નામોમાંના કોઇ પણ પરિચિત નામનું ઉચ્ચારણ કરતાં વા સાંભળતાં તારા ભક્તોના મુખઉપર એક જાતનો આનંદ છવાઈ રહે છે, ને કોઈ તારા સંબંધી વાત કરે તો તારા સેવનની આતુરતા તેમના મનમાં પ્રકટે છે, એ તારા પ્રતિ તેમનો કેવો

ભક્તિભાવ છે તે સ્પષ્ટ દેખાડી આપે છે. આવા ભક્તિભાવવાળા ભક્તોવડે પૂજાયેલી તું વિશ્વમાં મહિમાવંતી છે !

શ્રીશંકરને ભાંગ પીતાં કોઇએ જોયા નથી, ને તે સ્વાત્મારામ હોવાથી તેમને ભાંગ કે કોઈ અન્ય માદક પદાર્થ સેવવાની લેશ પણ અગત્ય નથી, છતાં તારા ભકતો " શંકર ભાંગ પીએ છે, માટે અમે પણ ભાંગ પીઇએ છીએ, તેથી તેમાં કાંઇ દોષ કરતા નથી, તથા જે શંકરના ભક્ત હોય તેમણે શિવરાત્રિએ અવશ્ય ભાંગ પીવીજ જોઇએ," એમ કહે છે. તે તેમનું કપોલકલ્પિત કથન અન્ય અર્થને નહિ જણાવતાં માત્ર તેમની તારા ઉપરની અનન્યભક્તિનેજ દર્શાવનારું છે.

કેટલાક તને વાટીને પીએ છે, કેટલાક તને ઘીમાં શેકીને ખાય છે, કેટલાક તારી મીઠાઈ બનાવેલી હોય તે ખાય છે, કેટ-લાક તારું અદ્‌ભુત પરાક્રમ અનુભવવા જુવારનાં મૂળો તથા તાંબાનો કાટ તારી સાથે મેળવી પછી તારું સેવન કરે છે, અને કેટલાક તને બહુ વાર જલમાં ઝબોળી પછી તારું સેવન કરે છે, આમ ભિન્ન ભિન્ન રીતે તું તારા અનન્યભક્તોને તારી ઉપાસનામાં જોડે છે, તેથી ભક્તવત્સલા એવી જે તું તે તને ધન્ય છે !

તારા પરમભકતો જ્યારે તારા વિશેષ સેવનથી ઉન્મત્ત થાય છે ત્યારે તેમને અત્યાહાર કરવામાં આનંદ ઉપજવાથી તેમના આ-હારનું માપ રહેતું નથી. તે વેલાએ જો તેમને દીવાનાં દર્શન કરાવ-વામાં આવે તો તેઓ હસવામાં અથવા જે વેને લોકો તેને ચઢાવે તે વેને ચઢવામાં વેગવાળા પ્રતીત થાય છે. વળી તારી ઉપાસનાથી ઉપજેલી ધૂનમાં ઉન્મત્ત થયેલા તેઓને કયારેક પોતાનું ને પોતાની આસપાસના પદાર્થોનું કાંઇક ઠીક ભાન હોય છે, ને કયારેક પોતાનું

ને પોતાની આસપાસના પદાર્થોનું તેમને કેવલ વિપરીત ભાન થાય છે, તથા તેમને પોતાનો જીવ ઉંડો ઊતરી ગયેલો પ્રતીત થાય છે. ક્યારેક તેઓ તારા પ્રતાપથી રોવા બકવા કે ગાવા લાગી જાય છે, અને ક્યારેક તેમનું માથું ભારે થઇ તેઓ વમન પણ કરે છે, છતાં તેઓ તારામાં દોષદર્શન કરતા નથી, ને તારા સેવનથી વિમુખ થતા નથી, એ તેમની તારા પ્રતિ અનન્યભક્તિ નહિ તો બીજું શું કહેવાય?

કેટલાક ઝવેરીઓ મોતી તથા રત્નાદિની પરીક્ષા કરવામાટે પોતાના ચિત્તને એકાગ્ર કરવામાં તારા સેવનની અગત્ય માને છે, કેટલાક નામધારક યોગાભ્યાસીઓ ધારણા તથા પ્રાણાયામના અભ્યાસમાં બેસવાપહેલાં તારી ઉપાસનાની આવશ્યકતા માને છે, કેટલાક વિદ્યાર્થીઓ પાઠ ગોખવા બેસવાપહેલાં ને કેટલાક લેખકો લેખ લખવા બેસતાપહેલાં તારી સેવાની અગત્ય સ્વીકારે છે, અને કેટલાક નિત્ય પ્રાતઃકાલમાં વા ભોજનપહેલાં તારા સેવનથી ઉપકાર થવાનો સંભવ જણાવે છે. આ સર્વને તેં તારી સંમોહિનીશક્તિવડે ભ્રમિત કરી દીધા છે, એમ વિવેકીઓને સ્પષ્ટ જણાય છે, છતાં તારા ભક્તો પોતે ભ્રમને વશ થયા છે એમ લેશ પણ માનતા નથી, એ તેમને તારા સેવનથી પ્રાપ્ત થયેલી અમાનુષી નવી બુદ્ધિનો પ્રભાવ છે!

તારું સેવન કરીને ધ્યાન કરવા અથવા પ્રાણાયામ કરવા બેઠા પછી તારા ભક્તોનું મન વારંવાર સ્તબ્ધિભાવનો અનુભવ કરે છે, અને કોઇ કોઈ વાર તેમનું મન વિવિધ મનોરાજ્યોનો પણ અનુભવ કરે છે, તેથી જાગ્રત્માં તુરીયાવસ્થાનો અનુભવ કરવાનો તેમનો ઉદ્યોગ સફલ થતો નથી, છતાં તારું સેવન કર્યા પછી ધ્યાન અથવા પ્રાણાયામ સારી રીતે કરી શકાય છે એમ જેઓ બીજાને કહે છે

તે તારા ભક્તો પોતે પોતાને ઠગે છે, ને તેમની તે મૂર્ખાઇ જોઇ તું પોતાના મનમાં હસે છે, એ યોગ્યજ છે.

તારા પ્રસિદ્ધ પરમભક્તો જ્યારે તારા જલનો લોટો પી પુષ્કલ આહાર કરી પછી સાંજની વેલાએ પોતાના પેટમાં ભરેલા વિશેષ આહારને પચાવવા બગીચીમાં (નાની વાડીમાં) દંડ પીલતા હોય છે, વા અન્ય વ્યાયામ કરતા હોય છે, કિંવા તારા સેવનથી ઉત્પન્ન થયેલી અર્ધ ઉન્મત્તદશામાં પોતાના પ્રાપ્ત યજમાનની ને જમનામૈયાની જય બોલતા હોય છે, ત્યારે તેમના શરીરાદિની સ્થિતિ ઇચ્છવાયોગ્ય પ્રતીત થતી નથી, એ વાત તારા અભક્તોને સુસ્પષ્ટ છે. તારું વંશપરંપરા સેવન કરવાથી મનુષ્યની બુદ્ધિની કેવી મંદતા થાય છે તેના ઉદાહરણરૂપ તારા પ્રસિદ્ધ પરમભક્તો છે, જે ભક્તો તારો અગાધ મહિમા સમજી નિત્ય તારા સેવનમાંજ પરમાનંદ માને છે.

તારા અનન્ય ઉપાસકો આખી પૃથિવીઉપર તારું વાવેતર થાય, જ્યાં જ્યાં તેઓ દૃષ્ટિ કરે ત્યાં ત્યાં તેમને તારી પ્રતીતિ થાય, પીવાના જલમાં તારો સદ્ભાવ હોય, અને જમવાના પદાર્થોમાં ને વિશેષે ભજીઆમાં તારો સદ્ભાવ હોય, તો ઠીક એમ ઇચ્છે છે. તેઓ તારામાં પોતાની ભક્તિ જણાવવા આવાં અને આને મળતાં વચનો પ્રસંગોપાત્ત બોલે છેઃ—" ભંગ ઐસી છાનીએ, જૈસા ધાડા કીચ; ઘરકે જાને મર ગયે, આપ નશાકે બીચ. " "ગંગભંગ દોઉ બહીન હૈ, રહત સદા શિવસંગ; મુઆં તારિણી ગંગ હૈ, જીંદાં તારિણી ભંગ. " ને " કુંડી કુતકાકીં બજા ઔ દેખ ટુક કુદરતકા ખેલ; છોડ સબ કામોંકીં ગાફીલ, ભંગ પી ઔ દંડ પેલ. "

ઉત્તર હિંદુસ્થાનના ઘણા ભાગમાં સાધુઓના અખાડામાં, બ્રાહ્મ-

ણુ આદિ ગૃહસ્થોના ઘરમાં, અને ઉનાળાના ને શરદૃઋતુના દિવસો-માં બાગોમાં, તને છીપર તથા ઉપરવટણાની વચ્ચે વારંવાર લઢાતી જોઇ તારા પર તે લોકોનો કેટલો ભાવ છે તે કોઇના સૂચવ્યા વિના-જ જોનાર માણુસને સ્પષ્ટ થાય છે. તારા ભક્તો પ્રાયશઃ પોતાનું વ્યાવહારિકપારમાર્થિક કર્તવ્ય ભૂલી દીનમનવાળા થઈ તારા સેવ-નમાં તત્પર થઈ જાય છે, એ જોઈ તારી ઉપાસનામાં નહિ પ્રવૃત્ત થયેલા બીજાઓને ભલે આશ્ચર્ય વા ખેદ થાય, પણુ તેથી તારો મહિમા તેમને વિશેષ સ્પષ્ટ થાય છે, એમાં શક નથી.

દેહાભિમાન, પ્રાપ્ત દુઃખ, કિંવા ઉદાસીનતાને મનમાંથી દૂર કરવામાટે જેઓ તારા સેવનની પોતાને માટે આવશ્યકતા ધારતા હોય તેમણે તારા સેવનને બદલે પરમાનંદરૂપ પરમાત્માનું સ્મરણધ્યાન કરવું એજ શુભ ને દુઃખરહિત ઉપાય છે, છતાં તારા ભક્તોએ તારી સતત ઉપાસનાવડે પોતાના હૃદયની આંખો ખોઇ નાંખેલી હોવાથી તેઓને આ હિતકર રાજમાર્ગ સૂઝતો નથી.

વિજયા, જયા ને માયા એ તારાં મુખ્ય નામોનો અન્ય અર્થ બ્રહ્મને આશ્રરે રહી તેમાં કલ્પિત જગત્ દેખાડનારી અવિદ્યા એવો પણુ થાય છે એમ તારા ભક્તોને સમજાવી તેમને તારા વ્યસનનું ઉલ્લંઘન કરાવી તારા અધિષ્ઠાનરૂપ બ્રહ્મથી યથાશક્તિ અભેદ પામતાં શીખવી તેમને કૃતાર્થ કરવા દયાલુ થજે. અવિદ્યા જેમ જીવનું કૂટ-સ્થ એટલે પારમાર્થિક સ્વરૂપ ભૂલાવી તેમાં તેને હર્ષશોકવાળું અન્યરૂપ દેખાડે છે, તેમ તું પણુ પ્રાયશઃ જીવના વ્યાવહારિક સ્વ-રૂપનું ભાન ભૂલાવી તેમાં તેમને પ્રાતિભાસિક એટલે કલ્પિત રૂપ દેખાડીને દુઃખી કરે છે, માટે તું પણુ અવિદ્યાના જેવા સ્વભાવ-વાળી છે. તારા ભક્તોઉપર નિરંતર વિજય મેળવનારી હે વિજયે!

હવે તું તારા દીન ભક્તોઉપર દયા કરી તેમને તારા સેવનમાંથી મુક્ત કરવારૂપ તેમનો ઉદ્ધાર કર, ને તેઓ જો પોતાના કોઇ દુઃખની શાંતિમાટે તારું સેવન કરવાની અગત્ય જણાવે તો તેમને તે દુઃખની શાંતિમાટેનો કોઇ નિર્દોષ ને સુગમ ઉપાય કોઇ યોગ્ય પુરુષદ્વારા જાણી લઇ તેનું અલ્પ કાલ અનુસરણ કરી સુખી થવાની સૂચના આપ.

ગાંજો ને ચરસ, (ભાંગનાં પાકેલા છોડનાં પાનડાંઓપરથી ચણાના ખારની પેઠે લઇ લેવામાં આવતો કેફી પદાર્થ) પણ તારાં સંતાન છે. તેમની ઉપાસનાથી પણ તેમના ઉપાસકો પોતાનું ને જગત્‌નું ભાન ભૂલે છે, ને ઊધરસ આદિ રોગોને અધીન થાય છે. ગાંજા તથા ચરસના ઉપાસકોને પણ તું તેમના અપકારકપણાનો સ્પષ્ટ બોધ આપી તેમને સમયનો ને દ્રવ્યનો સદુપયોગ કરવા સૂચવજે, ને તેમને મળેલી " ગંજેરી " ની ને " કેફી " ની પદવિમાંથી મોકળા કરજે.

માણસનો મોટો ભાગ બહુધા ટેવનો ગુલામ છે. ટેવ પડવા ન દેવી એ સહેલું કામ છે, પણ પડેલી ટેવ છોડી દેવી એ આ જગત્‌માં ઘણામાં ઘણું કઠણ કામ છે, તેમાં પણ કોઇ જાતની કુટેવ પાડવી એ બહુ સહેલું કામ છે, પરંતુ પડેલી કોઇ પણ કુટેવને ત્યજવી એ ઘણામાં ઘણું કઠણ કામ છે. આ કુટેવથી કાંઇ પણ લાભ નથી, ને આ કુટેવ સર્વથા અપકારજ છે, એમ જાણ્યા છતાં પણ કુટેવના ભયંકર ખાડામાં પડેલા ઘણા માણસો તે કુટેવરૂપ ખાડામાંથી બહાર નીકળી શકતા નથી, માટે હે વિજયે ! તારા તથા તારા સંતાનના સેવનરૂપ કુટેવમાં પડેલા તારા સર્વ ભક્તોને ધૈર્ય તથા સાવધાનતા રાખવાનું સૂચવી ત્રણમાંથી કોઇના પણ નિત્ય સેવ-

વનરૂપ કુટેવને ત્યજવા ઘણામાં ઘણા સદાગ્રહપૂર્વક પ્રયત્ન કરવાનું સૂચવજે, નહિ તો તેઓ પડેલી કુટેવરૂપ અત્યંત ઉંડી ખાઈમાંથી કદીપણ બહાર નીકળી શકશે નહિ. ઇતિ શિવમ્.

ઇતિ શ્રીવિનોદમાલામાં વિજયાસ્તોત્રનામનું ચોથું પુષ્પ. ૪.

ૐ

॥ मदिरास्तोत्र ॥

૫.

ૐ. આ મદિરાસ્તોત્રલઘુમાલામંત્રના શ્રીવિવેક ઋષિ, નામરહિત છંદ, મદિરા દેવતા, અંતઃકરણને આનંદમય કરવાના સામર્થ્યવાળી એવી ભ્રાંતિ આ બીજ, સ્વકર્તવ્યમાં પ્રમાદ ઉત્પન્ન કરી શરીર-સામર્થ્યાદિની હાનિ કરનારી આ શક્તિ, અને તેની ઉપાસનાને ત્યજી દેવામાં તેના ભક્તોના મનની અત્યંત નિર્બલતા આ કીલક છે.

કરન્યાસઃ—પોતાના અનન્યભક્તોને પ્રાતઃકાલવિષે શય્યામાં-જ પોતાનું પ્રેમપૂર્વક સ્મરણધ્યાન કરાવવાના પ્રબલ સામર્થ્યવાળી એ પ્રમાણે અંગૂઠાઓને નમસ્કાર, પોતાના ઉષ્ણસ્વભાવથી પીનારના ગળામાં દાહ ઉપજાવવાની શક્તિવાળી એ પ્રમાણે તર્જનીઓને નમ-સ્કાર, દ્રવ્ય તથા સમયનો દુરુપયોગ કરાવી શુભ વિચાર તથા શુભ આચારનો નાશ કરવાના બલવાળી એ પ્રમાણે મધ્યમાઓને નમસ્કાર, પોતાના ભક્તોને ઉન્મત્ત કરવાના પ્રભાવવાળી એ પ્રમાણે

અનામિકાઓને નમસ્કાર, અવિચારી ને વિષયી મનુષ્યોનું શીઘ્ર પોતાના ભણી આકર્ષણ કરનારી એ પ્રમાણે કનિષ્ઠિકાઓને નમસ્કાર, અને મનુષ્યને પોતાને વશ કર્યા પછી પ્રાયશઃ તેને પોતાની અધીનતામાંથી નહિ છોડવાના સ્વભાવવાળી એ પ્રમાણે હથેળીઓને તથા હાથના નીચેના ભાગોને નમસ્કાર.

હૃદયાદિ ન્યાસઃ—પોતાના અનન્યભક્તોને પ્રાતઃકાલવિષે શય્યામાંજ પોતાનું પ્રેમપૂર્વક સ્મરણધ્યાન કરાવવાના પ્રબલ સામર્થ્યવાળી એ પ્રમાણે હૃદયને નમસ્કાર, પોતાના ઉષ્ણસ્વભાવથી પીનારના ગળામાં દાહ ઉપજાવવાની શક્તિવાળી એ પ્રમાણે શિરપર સ્વાહા, દ્રવ્ય તથા સમયનો દુરુપયોગ કરાવી શુભ વિચાર તથા શુભ આચારનો નાશ કરવાના બલવાળી એ પ્રમાણે શિખાપર વષટ્, પોતાના ભક્તોને ઉન્મત્ત કરવાના પ્રભાવવાળી એ પ્રમાણે કવચને હુમ્. અવિચારી ને વિષયી મનુષ્યોનું શીઘ્ર પોતાના ભણી આકર્ષણ કરનારી એ પ્રમાણે ત્રણ નેત્રોને વૌષટ્, અને મનુષ્યને પોતાને વશ કર્યા પછી પ્રાયશઃ તેને પોતાની અધીનતામાંથી નહિ છોડવાના સ્વભાવવાળી એ પ્રમાણે અસ્ત્રને ફટ્.

મદિરાની વાસ્તવિક કૃપા મેળવવામાટે તેના ઉપાસકોને નિત્ય વિવેકપૂર્વક પાઠ કરવામાં તથા દીર્ઘદષ્ટિથી વિચાર કરવામાં આ સ્તોત્રનો **વિનિયોગ છે.**

ધ્યાનઃ—મદિરા જગદંબાને બહુ પ્રિય છે, ભગવતીની જે પાંચ મકારવડે ઉપાસના કરાય છે તેમાં પ્રથમ મકાર મદિરા છે, મદિરા એ આ પૃથિવીઉપરનું અલૌકિક અમૃત છે, મદિરા સ્ત્રીપુરુ-

ષોના મનને આનંદના સાગરમાં નિમગ્ન કરનારી છે, ને રાજાઓ તથા ધનાઢ્યોના કેટલાક ભાગની તે પ્રિય સખી છે, માટે વ્યવહાર તથા પરમાર્થની ચિંતા ત્યજી એવી ઉત્તમ મદિરાનું નિરંતર પ્રીતિપૂર્વક ધ્યાન કરવું એ અમારું મુખ્ય કર્તવ્ય છે, એમ સમજી મદિરાના અનન્યભક્તો નિત્ય તેનું પ્રીતિપૂર્વક ધ્યાન કરે છે.

સુરા, હલિપ્રિયા, હાલા, વરુણાત્મજા, પ્રરા, કાદંબરી, મદ્ય, ગંધમાદની, માધવી, મદ, વારુણી, મત્તા, સીતા, ચપલા, કામિની, પ્રિયા, મદગંધા, માધ્વીક, મધુર, આસવ, અમૃતા, વીરા, સીધુ, મૈરેય ને શુંડા આ તારાં મુખ્ય ને પ્રસિદ્ધ નામો છે. દારુ તથા શરાબ પણ તારાં લોકપ્રસિદ્ધ નામો છે.

હિંદુ, જૈન, બૌદ્ધ, યાહુદી, ખ્રીસ્તી, મુસલમાન ને પારસીના ધર્મમાં પોતપોતાના ધર્મનું પાલન કરનાર મનુષ્યને માદક પદાર્થોના સેવનની ના પાડ્યા છતાં તે સર્વ ધર્મવાળામાં માદક પદાર્થમાં મુખ્ય ગણવાયોગ્ય તારા ઉપાસકો થોડાઘણા મળી આવે છે એ સૂક્ષ્મ દૃષ્ટિથી અવલોકન કરનારને અજ્ઞાત નથી. એવી રીતે ધર્માજ્ઞાની ઉપેક્ષા કરાવનારી તું પોતાના એવા પરાક્રમથી વિશ્વમાં મહિમાવતી છે।

" **तस्माद्ब्राह्मणः सुरां न पिबेत्** " (સુરાપાન કરનાર બ્રાહ્મણને શાસ્ત્રમાં મરણાંતિક પ્રાયશ્ચિત્તનું કથન હોવાથી બ્રાહ્મણ સુરા ન પીએ,) એ શ્રુતિ, તથા "**सुरापस्य ब्राह्मणस्योष्णामासिञ्चेयुः**" (સુરા પીનાર બ્રાહ્મણના મુખમાં અગ્નિવડે તપાવેલી સુરા રેડવી,) " **सुरापाः कृमयो भवन्त्यभक्ष्यभक्षणात्** " (સુરાપાન કરનારાઓ અભક્ષ્યનું ભક્ષણ કરવાથી કૃમિઓ થાય છે,) ને " **मद्यं नित्यं ब्राह्मणो वर्जयेत् ॥** " (બ્રાહ્મણ સર્વદા મદ્યનો ત્યાગ કરે,) એ

સ્મૃતિઓ બ્રાહ્મણે આપત્કાલમાં પણ સુરા તથા મદ્ય ન પીવાં એમ કહે છે, છતાં કેટલાક બ્રાહ્મણો વામતંત્રનો ને કેટલાક બ્રાહ્મણો પશ્ચિમના સુધારાનો (?) આશ્રય ગ્રહણ કરી અને તે શાસ્ત્રવચનોની ઉપેક્ષા કરી પ્રસન્નમને હૃદય બાળનારી તારું પાન કરે છે, તેથી જણાય છે કે તેમને શાસ્ત્રવચનના કરતાં તારો મદ વધારે પ્રમાણ-રૂપ છે. એવી રીતે મૂર્ખ ચક્રચૂડામણિજનોની આગળ શાસ્ત્રના કરતાં પણ પોતાનું પ્રબલપણું પ્રસિદ્ધ કરનારી તારા બલવાન્પણામાં કોને અવિશ્વાસ થાય ? કોઇને ન થાય

વામમાર્ગીઓ " જગદંબાને મદ્ય બહુ પ્રિય છે, " એમ કહે છે તે તેમની ભૂલ છે. જગદંબાને જે મદ્ય પ્રિય છે, તે મદ્ય લોક-પ્રસિદ્ધ મદ્ય નથી, પરંતુ શ્રીમહેશ્વરમાં પોતાનો જે અનન્ય પ્રેમ તે મદ્ય છે, ને તે મદ્ય તેઓ પતિવ્રતાશિરોમણિ હોવાથી તેમને અત્યંત પ્રિય હોય એ સ્વાભાવિકજ છે. જે વામમાર્ગીઓ ને સુફીઓ મદ્ય ને શરાબનો દારુ એવો અર્થ કરી તારું સેવન કરવા લાગી આ લોક તથા પરલોકથી ભ્રષ્ટ થાય છે, ને મદ્ય તથા શરાબનો પરમાત્મામાં વિશુદ્ધ પ્રેમ રાખવો એવો વાસ્તવિક અર્થ સમજતા નથી, તથા તદનુકૂલ વર્તતા નથી, તે મનુષ્યોની મતિને તેં ફેરવી નાંખી છે એમ જણાય છે. તું ધર્મને નામે મૂર્ખલોકોના મનમાં પોતાનો ધાગો નાંખે છે, તેથી તારા પ્રબલપણાને કયો મનુષ્ય ન સ્વીકારે ?

કેટલાક મનુષ્યો સોમરસ મદિરા નહિ છતાં તેને મદિરા સમજે છે. સોમરસ મનુષ્યના જ્ઞાનતંતુઓને સાત્વિકબલવાળા કરે છે, ત્યારે મદિરા મનુષ્યોના જ્ઞાનતંતુઓને તામસબલવાળા કરે છે, છતાં તે બંનેને એક કહેવાની બુદ્ધિ જે મનુષ્યોમાં ઉપજે છે તે બુદ્ધિ

તેઓમાં તારી પ્રબલ ભક્તિથી ઉપજે છે એમ વિવેકીને સ્પષ્ટ થયા વિના રહેતું નથી.

તારા સેવનથી બુદ્ધિમાં તામસદ્રવ્ય વધે છે, આયુષ્ ઘટે છે, આરોગ્ય બગડે છે, લોકોમાં અપકીર્તિ થાય છે, ઇંદ્રિયોની શક્તિઓ ક્ષીણ થાય છે, ડોળા મોટા ને કુરૂપ થાય છે, શરીરસામર્થ્ય ઘટે છે, સુવિચાર ને સદાચારને અંતઃકરણાદિમાં અવકાશ મળતો અટકે છે, પ્રસંગોપાત્ત ઉન્મત્ત સ્થિતિમાં નકામા કજીઆ થાય છે, ને દ્રવ્યનો તથા સમયનો દુરુપયોગ થાય છે. રાજાઓને તથા શ્રીમંતોને કોઇ દ્રવ્ય આપી ગાંડા થવાનું કહે તો તેમને બહુ માઠું લાગે, પણ તેઓ પોતાનીમેળે પોતાની ગાંઠનાં નાણાં ખર્ચી તારું પાન કરી ગાંડા થાય છે, તેમાં તેમને લેશ પણ માઠું લાગતું નથી ! કેટલીક સ્ત્રીઓ પણ દેખાદેખીથી તારું પાન કરી પોતાના જીવનને ખરાબ કરે છે. આવી ઉન્મત્ત ને હાનિકર પ્રવૃત્તિમાં મનુષ્યોના ચિત્તને ખેંચનારી તું વિશ્વમાં વિજયવતી ગણાય એમાં કાંઇ આશ્ચર્ય નથી.

હે મદિરે ! તું અવિદ્યાની પુત્રી હોય એમ જણાય છે, કેમકે તું એક પ્રકારના અર્થને તારા ભક્તોને બીજા પ્રકારનો દેખાડે છે. વામમાર્ગીઓનું "દીક્ષિતમંદિર" ને "તીર્થ" તથા સુફીઓનું "મય-ખાનું" ને "શરાબ" કલાલનું પીઠું તથા દારુ નથી, પણ પ્રેમ-ભક્તિના ઉત્કૃષ્ટ રસથી શિષ્યોના હૃદયને ઉન્મત્ત કરનાર ને જગતની પ્રીતિને રોકી પરમાત્મામાં વિશુદ્ધ પ્રીતિ ઉપજાવનાર તત્ત્વવિત્ સદ્ગુરુનું ગૃહ તથા અનન્યભક્તિ છે, છતાં તું તેમને તેનો ઊલટો અર્થ સમજાવી મદ્યના સેવનમાં જોડે છે, એ તારી મોટી ચતુરાઇ છે.

હે મદિરે ! તું મૂર્ખશિરોમણિઓની અધિષ્ઠાત્રી છે. કલાલના

પીઠામાં તારું સામ્રાજ્ય હોય છે. ત્યાં પૃથિવીપરના મૂર્ખશિરોમણિઓ પોતાના પૈસા તને અર્પણ કરી–તારે નામે ઊડાડી-ગાંડા થાય છે, પરસ્પર ગાળાગાળી તથા મારામારી કરે છે, ત્યાંના પદાર્થો ભાંગેફોડે છે, અકારણ રોવે છે, અકારણ હસે છે, અપશબ્દો બોલે છે, ભૂમિની શુદ્ધિઅશુદ્ધિનો તથા આસપાસની સ્થિતિનો વિચાર કર્યા વિના અપવિત્ર ભૂમિપર પડે છે, ને પવનથી ઝોકાં ખાતા હોય તેમ પગના સામર્થ્યથી રહિત થયેલા ત્રાંસા ત્રાંસા ચાલવા લાગે છે. આવું તારું પરાક્રમ ન્યૂન કેમ ગણાય ? નજ ગણાય.

તારા કેટલાક ઉપાસકો તારું આશરે કલાકે કલાકે સેવન કરે છે, તારા કેટલાક ઉપાસકો સવાર, બપોર ને સાંજ એમ ત્રિકાલ તારું સેવન કરે છે, તારા કેટલાક ઉપાસકો સવારસાંજ તારું સેવન કરે છે, ને તારા કેટલાક ઉપાસકો નિત્ય ભોજન કરવા બેસતાપહેલાં અને તારા કેટલાક ઉપાસકો શયન કરવાપહેલાં તારું સેવન કરે છે. આવા દ્રવ્ય આપીને તારા અનન્ય દાસ થયેલા ભક્તોઉપર તુંજ તેમની પૂજ્યદેવી હોવાથી દયા કરવાને સમર્થ છે.

તારા ભક્તો રાત્રે જ્યારે તારી ઉપાસના કરવા બેઠા હોય ત્યારે તેમની સ્થિતિ જોવાજેવી હોય છે. પ્રથમ તો તારું સામીપ્યજ તેમને થોડા ઉન્મત્ત કરી દે છે, તેથી તેમની વાણીનું ને મુખાકૃતિનું ઠેકાણું રહેતું નથી. પછી જેમ જેમ તેઓ તારી ઉપાસનાવડે તારી સાથે અભેદ પામતા જાય છે તેમ તેમ તારું સામર્થ્ય તેમનામાં સ્પષ્ટ પ્રતીત થવા લાગે છે. કોઇ અકારણ હસવા લાગે છે, કોઇ ઉન્મત્ત થઇ અપશબ્દો બોલવા લાગે છે, કોઇ પરસ્પર ગાળાગાળી કે મારામારી કરવા લાગે છે, કોઇ પ્રલાપ કરવા લાગે છે,

કોઇ અકારણ રોવા લાંગે છે, કોઇ પાસેના પદાર્થો ભાંગવાફોડવા લાગે છે, ને કોઇ મૂર્ચ્છિત થઇને પડે છે. બીજા વિવેકી મનુષ્યને આ દેખાવ ઘણોજ નઠારો લાગે છે, છતાં તારી ઉપાસનામાં અંધ થયેલા તારા અનન્યભક્તોને તારો વિયોગ સહન થતો નથી, ને બીજે દિવસે પુનઃ તેવી ને તેવી ક્રિયામાં તેઓ મૂર્ખ થઇને પ્રવૃત્ત થાય છે, તેથી જણાય છે કે એમણે પોતાનાં તન, મન ને ધન તનેજ શુદ્ધભાવે અર્પણ કર્યાં છે. આવા અનન્યભક્તોને જગત્માંનાં તેમનાં ધન, તન ને મનોબલરૂપ પદાર્થોથી વહેલો મોક્ષ કરાવનારી તુંજ છે!

વામમાર્ગીઓ તને તીર્થ કહે છે, તને ઉત્પન્ન કરનાર વા વેચનારને દીક્ષિત કહે છે, ને તારા પાત્રને પદ્મા કહે છે. આ સર્વ તેમના કેવલ વિપરીત સંકેતો તારી ભુરકીના પ્રતાપે પ્રાદુર્ભાવ પામ્યા છે. તેઓ રાત્રે જ્યારે ધર્મનું બાનું કાઢી તારા સેવનમાં પ્રવૃત્ત થાય છે ત્યારે તારી સેવા કરવામાં તેઓ કાંઇ પણ ન્યૂનતા રાખતા નથી. કોઇ સ્ત્રીએ તારી ઉપાસના કરી હોય તો તારા અવશેષ રહેલા એઠા ભાગની બીજા પુરુષો પ્રસન્નમને સેવા કરવા લાગે છે! ને કોઇના પેટમાં તારો સમાસ થવાની જગા ન હોય ને તું તેના મુખવાટે પાછી બહાર પડે તો તારા અનન્યભક્તો તને ભૈરવી જાણી ભૂમિઉપર પડવા દેતા નથી, પણ અધર ને અધરથીજ તને ઊપાડી લઇ તારી ઉપાસના કરવા લાગી જાય છે! આવી રીતે તારા અનન્યભક્તોને જીવતાંજ પ્રેત બનાવી દેનારી તું સર્વથા પ્રબલ સામર્થ્યવાળી છે એમાં લેશ પણ સંદેહ આણવો યોગ્ય નથી.

યુરોપ, અમેરિકા, આફ્રિકા ને આસ્ટ્રેલિયામાં તારું સામ્રાજ્ય છે, એમ કહીએ તો તેમાં કાંઇ અતિશયોક્તિ થતી હોય એમ જણા-

તું નથી. એસીઆમાં પણ તું ઉત્તરોત્તર તારો વધારે પગપેસારો કરતી જાય છે. ભરતખંડમાં પણ ન્યૂનાધિક અંશે સર્વ વર્ણ ને આશ્રમમાંના કેટલાક મનુષ્યો તને સેવે છે. કેટલાક સંન્યાસીઓ, બ્રાહ્મણો, બ્રહ્મચારીઓ, કાનફટાઓ, અતીતો, વણિકો, ભાટીઆઓ, બ્રહ્મક્ષત્રિયો, લુવાણાઓ, ખત્રીઓ ને ભણસાળી આદિ તારી ઉપાસના કરે છે. રજપૂતો, કાઠીઓ ને ખારવા આદિ જાતિઓનો કેટલોક ભાગ તો પ્રકટપણે તારી સારી રીતે ઉપાસના કરે છે. તું જડ છતાં પણ ઉપર દર્શાવ્યા પ્રમાણે ઘણા મનુષ્યોપર તારું સ્વતંત્ર રાજ્ય ચલાવે છે, તેથી તટસ્થ મનુષ્યોને પણ તારામાં વિચિત્ર પરાક્રમ રહેલું છે, એમ સ્વીકાર્યા વિના ચાલતું નથી.

હે મદિરે ! તારી અનન્ય ઉપાસનાથી મનુષ્ય શીઘ્ર દેહગેહાદિ લૌકિક બંધનોથી ને સ્વર્ગાદિ અલૌકિક બંધનોથી અનાયાસે મોકળો થાય છે !

આ મદિરાસ્તોત્રનો જે મદિરાભક્ત વિવેકપૂર્વક પાઠ કરશે તે મદિરાનું સેવન, સ્મરણ તથા ધ્યાન ત્યજી, સેવન, સ્મરણ તથા ધ્યાન કરવાયોગ્ય પરમાત્માનું સેવન, સ્મરણ તથા ધ્યાન કરી પોતાનું કલ્યાણ સાધશે.

ઇતિ શ્રીવિનોદમાલામાં મદિરાસ્તોત્રનામનું પાંચમું પુષ્પ. ૫.

ૐ

॥ कामस्तव ॥

૬.

કામ, મદન, મન્મથ, માર, પ્રદ્યુમ્ન, મીનકેતન, કંદર્પ, દર્પક, અનંગ, પંચશર, સ્મર, શંબરારિ, મનસિજ, કુસુમેષુ, પુષ્પધન્વા, રતિપતિ, મકરધ્વજ, આત્મભૂ ને વિશ્વકેતુ ઇત્યાદિ તારાં પ્રસિદ્ધ નામો છે.

તું અનંગ-શરીરવિનાનો-છતાં પણ, શરીરવાળાં જલચરો, કીટો, તિર્યંગો, પક્ષીઓ, પશુઓ, મનુષ્યો ને દેવોનો ક્ષણમાત્રમાં પરાભવ કરવાનું અદ્ભુત સામર્થ્ય ધરાવે છે, તે તારો મહિમા કાંઇ જેવોતેવો નથી !

તું પ્રાણીઓના હ્રદયમાંથી ઉપજી તેમની ઇંદ્રિયો તથા અંતઃકરણને મથી નાંખનારો તથા તેમનાં શરીરોમાં જ્વરજેવી પ્રતીતિ કરાવનારો છે. બીજા જ્વરની અન્યને સ્પષ્ટ પ્રતીતિ થાય છે, પણ તારા જ્વરની સ્પષ્ટ પ્રતીતિ અન્યને થતી નથી. સ્વર્ગાદિમાં મર્ત્યલોકના જ્વરો નથી, પણ તારો જ્વર એટલે કામજ્વર તો ત્યાં પણ નિરંકુશપણે પોતાનું કામ કરે છે, અને એવ તારું સામર્થ્ય અલૌકિકજ છે !

કેટલાક મનુષ્યો તારા પ્રબલ પ્રતાપથી પોતાની રૂપગુણસંપન્ન સ્રીનો ત્યાગ કરી પરદારામાં કે વેશ્યામાં અનુરાગવાળા થઇ દુઃખાનુભવ કરે છે. રાવણ પોતાના સમયમાં બહુ સમર્થ છતાં

પણ તારા બાણથી વિંધાઈ શ્રીસીતાજીનું હરણ કરવામાં પ્રવૃત્ત થયો, ને અંતે પોતાના વિસ્તૃત કુટુંબસહિત નાશ પામ્યો. એવા સમર્થ રાવણનો પરાભવ કરનાર તું નિઃસંશય તે રાવણથી પણ અતિબલવાન્ છે.

પ્રાણીઓને ઉન્મત્ત કરી તેમનું ભાન ભૂલાવી દેનારાં તારાં બાણોથી ઘાયલ થઇ કેટલાક મનુષ્યો શાસ્ત્રાજ્ઞાનું ને લોકવ્યવહારનું ઉલ્લંઘન કરી અત્યંત અનુચિતરીતે વર્તે છે. મનુષ્યોને એવી અત્યંત અનુચિત પ્રવૃત્તિમાં જોડવાનું તારું સામર્થ્ય ક્યા પાપભીરુના ચિત્તમાં ભય ન ઉત્પન્ન કરે ?

કેટલાક રજપૂતરાજાઓ સામાન્ય મનુષ્યથી ઉલ્લંઘન ન કરી શકાય એવી તારી સત્તાને વશ થઇ રાજકન્યાઓમાટે પરસ્પર યુદ્ધ કરીને પોતાની તથા અન્યની અધોગતિમાં અને ભરતખંડની અવનતિમાં કારણભૂત થયા છે. તેમની તેવી–સ્વહિતપરહિતનો વિઘાત કરનારી–કુચેષ્ટા સ્પષ્ટરીતે તારા મહિમાનેજ ઊત્રાડો કરે છે.

સુંદ તથા ઉપસુંદનામના બે રાક્ષસ ભાઈઓ તારા પ્રતાપથીજ માર્યા ગયા, નારદ તથા પર્વત ઋષિ પણ દંતકથાપ્રમાણે તારા પ્રસાદથીજ પરસ્પરના વૈરી બન્યા હતા, ને નારદને મર્કટના જેવું મુખ પણ તારી કૃપાથીજ પ્રાપ્ત થયું હતું !

વિદ્વાનો તને સર્વથી અત્યંત રૂપવાન્ કહે છે, કેમકે જ્યારે તું કોઇ પણ મનુષ્યમાં વાસ કરે છે ત્યારે તેનું પ્રીતિપાત્ર મનુષ્ય ગમે તેવું કુરૂપ હોય તોપણ તું તેને સુરૂપ દેખાડે છે. જેમ આનંદથી ભરપૂર હૃદયવાળા મનુષ્યને આખું વિશ્વ આનંદમય પ્રતીત થાય છે,

તેમ અત્યંત રૂપવાન્ તું જેના હૃદયમાં વાસ કરે છે તેને કુરૂપ પ્રાણી પણ સુરૂપ પ્રતીત થાય તેમાં કાંઇ આશ્ચર્ય નથી.

તારી અત્યંત ભયંકર, ક્રૂર ને અસહ્ય સત્તાને વશ થઇનેજ બ્રહ્મચારી એવું નામ ધારણ કર્યા છતાં બ્રહ્મચારીઓનો મોટો ભાગ યથાર્થ બ્રહ્મચર્ય પાળી શકતો નથી, ગૃહસ્થોનો મોટો ભાગ તેમને પાલન કરવાયોગ્ય બ્રહ્મચર્યનું યથાવિધિ પરિપાલન કરી શકતો નથી, અને તપસ્વીઓ ને સંન્યાસીઓનો વેશ તથા નામ ધરનારાઓમાંનો મોટો ભાગ પણ પોતાનો ઊર્ધ્વરેતાનો આશ્રમ જાણ્યા છતાં યથાર્થ ઊર્ધ્વરેતા રહી શકતો નથી. એવી રીતે સર્વ આશ્રમોમાં તારી વિજયધ્વજા ફરકી રહેલી જોવામાં આવે છે.

રાજસ આહારવિહારનો ત્યાગ કરવાથી, મન નેત્ર ને વાણી આદિના વેગોને પાછા વાળતા રહેવાથી, અને સ્વસામર્થ્યાનુસાર બ્રહ્મચર્ય પાળવામાટે કરેલા સંકલ્પનું સાવધાનતાપૂર્વક સતત સ્મરણ રાખી તદનુકૂલ વર્તવાથી તારાં મનોહર જણાતાં વિષપ્રપૂર્ણ બાણો નિષ્ફલ કરી શકાય છે, છતાં તારા ભક્તો તારી ઉપાસનાથી વિમુખ થવા ઇચ્છતા ન હોવાથી તે નિયમોનું પરિપાલન કરતા નથી, એ તારા અલૌકિક વશીકરણનોજ પ્રતાપ છે, એમ વિદ્વાનો માને છે.

તું જીવોનાં અંતઃકરણોને અત્યંત વ્યાકુલ કરી નાંખે છે, તેમની ઇંદ્રિયોને તથા શરીરોને કંપયુક્ત કરે છે, તેમનાં નેત્રો ને ગાલોને વિકસિત કરે છે, તેમને ઉન્મત્ત કરી ન બોલવાનું બોલાવે છે, ને તેમના હાથોને બહુ ચપલ કરે છે. એવી રીતે દેહાભિમાનીઓને વાનરાની પેઠે નચાવનારા તને ધન્ય છે !

તું જે મનુષ્યમાં પ્રવેશ કરે છે તે મનુષ્યને તેની પદવિ ભૂલાવે

છે, તેની આસપાસ કોણ કોણ મનુષ્યો છે તથા કયા કયા અદશ્ય દેવો છે તેનું અત્યંત વિસ્મરણ કરાવે છે, યોગ્યાયોગ્ય દેશકાલનું ભાન ભૂલાવે છે, કર્તવ્યને તિલાંજલિ અપાવે છે, ને તેની અનુચિત પ્રવૃત્તિના પરિણામઉપર પડદો નંખાવે છે. એવી રીતે મનુષ્યાદિને ઉન્મત્ત કરી દેનાર તું અવશ્ય મહાસામર્થ્યવાન્ છે એમ કહ્યા વિના ચાલતું નથી.

તું તારા અનન્યભક્તોનાં શરીરો, ગતિતંતુઓ, જ્ઞાનતંતુઓ, ઇંદ્રિયો ને અંતઃકરણોના બલનો નાશ કરી તેમના આયુષ્નો પણ શીઘ્ર નાશ કરે છે, વા તેમને ઉન્મત્ત, અપસ્મારરોગયુક્ત કે હતવીર્ય બનાવે છે, છતાં તારા અનન્યભક્તો તારી ઉપાસના કરવામાં નિત્ય આગ્રહપૂર્વક પ્રવૃત્ત રહે છે, તે તારા સંમોહનબાણનોજ પ્રતાપ છે, એમ કહ્યા વિના કેમ ચાલે ?

તારા પ્રબલ પ્રતાપને વશ થઇ સ્ત્રીની તૃષ્ણાને વશ થવાથી કેટલાક બ્રાહ્મણાદિ પુરુષો ખ્રીસ્તી કે મુસલમાન થાય છે, કેટલાક પુરુષો તારી આજ્ઞાને અનુલ્લંઘનીય સમજી વારવનિતાઓના ગુલામ બને છે, અને કેટલાક ઉત્તમ જાતિવાળા પુરુષો તને પરમ ઉપાસ્ય માની તારી આજ્ઞા માનવાની યોગ્યતા લાવવા પોતાના જાતિકુલનું યોગ્ય અભિમાન ત્યજી અભક્ષ્યનું ભક્ષણ ને અપેયનું પાન કરે છે.

તું તારે વશ થયેલા તારા ભક્તોને નિદ્રાજન્ય આનંદ લેવા દેતો નથી, તેમને દેહનિર્વાહજેટલો યોગ્ય આહાર પણ લેવા દેતો નથી ને કોઇ વેલા તારા અનન્યભક્તને તેણે માનેલા પ્રિયતમ શરીરના વિયોગમાં ચિતાગ્નિમાં બાળી મરણનું શરણ પણ અપાવે છે.

તું શ્રીબ્રહ્માનો પુત્ર છતાં તેં તારા પૂજ્ય પિતા શ્રીબ્રહ્માને પણ વશ વર્તાવવા એક વાર પ્રયત્ન કર્યો હતો, તેથી તારી ધૃષ્ટતા નિઃસીમ છે, એમાં કોઇ વિવેકીને શંકા ઉત્પન્ન થવાનો સંભવ નથી.

વેદો, વેદાંતો, દર્શનો, ધર્મશાસ્ત્રો, પુરાણો ને અન્ય શાસ્ત્રો શીખેલા પણ જ્યાંસુધી પ્રત્યગભિન્ન બ્રહ્મનો અપરોક્ષઅનુભવ કરવા સમર્થ થતા નથી ત્યાંસુધી તું તેમને, તેઓ પોતાના મનમાં પોતાને ગમે તેટલા મોટા માનતા હોય તોપણ, તારા કિંકરજ ગણે છે, ને તે યોગ્યજ છે.

વિજાતીયશરીરના સ્મરણમાત્રવડેજ તું મનુષ્યાદિનાં શરીરાદિને પરવશ બનાવી દે છે, ને તે વિજાતીયશરીરના સાભિલાષદર્શનવડે તું મનુષ્યાદિને ઉન્મત્ત કરી મૂકે છે, તેથી તું અસાધારણ પરાક્રમવાળો છે એમ સ્પષ્ટ સિદ્ધ થાય છે.

કૃષ્ણ, રક્ત, શુક્લ કે વિમલ બ્રહ્મચર્યમાંનું કોઇ એક બ્રહ્મચર્ય સ્વસામર્થ્યાનુસાર મોક્ષસાધકે અવશ્ય પાળવું જોઇએ એમ શાસ્ત્રાદિદ્વારા જાણનારામાંનો તથા અન્ય મનુષ્યોઆગળ તેવું આગ્રહપૂર્વક પ્રતિપાદન કરનારામાંનો મોટો ભાગ તેવું જાણ્યા છતાં, તથા તેવું પ્રતિપાદન કર્યા છતાં, મુંગો મુંગો દીનપણે તારી અનુલ્લંઘનીય આજ્ઞાનું અનુસરણ કરે છે તે સર્વ અવશ્યમેવ તારા પ્રબલપણાનેજ સ્પષ્ટ કરે છે.

પોતાને મોક્ષસાધક માનનાર પુરુષ કે સ્ત્રીને તેમના સદ્‌ગુરુએ તેમના અધિકારનો પરિપૂર્ણ વિચાર કરી તેમની ઉન્નતિમાટે જે પ્રકારનું બ્રહ્મચર્ય પાળવાની આજ્ઞા કરી હોય તે પ્રકારનું બ્રહ્મચર્ય તેમાંનો કેટલોક ભાગ તારી આજ્ઞાનેજ શિરોધાર્ય સમજી પાળતો

નથી, એ તારા અદ્ભુત સામર્થ્યનો પ્રબલ પુરાવો છે.

સંમોહન, ઉન્માદન, શોષણ, તાપન ને સ્તંભન એ નામનાં તારાં પાંચ બાણો જોકે કમલ, અશોકપુષ્પ, આંબાની મંજરી, નવમલ્લિકા ને નીલકમલનાં કહેવાય છે, તોપણ તેવડે તું દેહાભિમાની પ્રાણીના હૃદયને સહૃદય મનુષ્યોને દયા ઉપજે એવી રીતે વિંધી નાંખી અત્યંત દુઃખી કરે છે, તેથી અનુમાન થાય છે કે તારાં તે બાણો અત્યંત ભયંકર વિષયુક્ત કંટકોવાળાં હોવાં જોઇએ.

દેહાભિમાની પ્રાણીઓ જ્યારે યોગ્ય વયનાં થાય ત્યારે તેમાંનો મોટો ભાગ બહુધા કોઇના પ્રત્યક્ષ ઉપદેશવિનાજ તારી ઉપાસનામાં પરમ પ્રીતિથી પ્રવૃત્ત થાય છે, ને કેટલાક મનુષ્યો તો લોકવેદની મર્યાદાનું ઉલ્લંઘન કરી તારી ઉપાસનાનેજ પરમપુરુષાર્થરૂપ સમજી તારી ઉપાસનામાંજ પોતાનો ઘણો ખરો સમય ગાળે છે. તેમની આવી પ્રવૃત્તિ અવશ્ય તારા મહિમાની સૂચક છે.

તું મહાસાહસિક છે, કેમકે તું તારા વિનાશનો વિચાર નહિ કરતાં સ્વાત્મારામ **શ્રીમહેશ્વરને** પોતાને વશ વર્તાવવા પ્રવૃત્ત થયો હતો, ને તેમના કોપાનલથી દગ્ધ થઇ અંતે અનંગ એવા નામને પ્રાપ્ત થયો છે.

તારો પરાજય કિંવા નાશ એટલે સ્ત્રીપુરુષને પરસ્પરના સ્થૂલશરીરમાં રહેલી સ્થૂલપ્રીતિનો તેમના ચિત્તમાંથી ત્યાગ, અને સૂક્ષ્મતમ વિષયરૂપ બ્રહ્મવિષે તેમના ચિત્તમાં વિશુદ્ધ પ્રીતિની ઉત્પત્તિ.

જેમ ઓળખીને સેવેલો ચોર ઓળખનારપ્રતિ ચોર મટી તેનો મિત્ર થાય છે, તેમ તારા સ્વરૂપને ઓળખીને—તારા સેવનથી થનારાં સુખદુઃખને યથાર્થ જાણીને—તારું સેવન કરવાથી તું તેનો શત્રુ મટી મિત્ર થઇ તેને વશ વર્તે છે, તે યોગ્યજ છે.

તું આનંદરૂપ બ્રહ્મથી અત્યંત ભિન્ન ને વિપરીતલક્ષણવાળો હોવાથી સર્વથા દુઃખરૂપજ છે, છતાં તારામાં જે જીવોને સુખનું ભાન થાય છે તે સુખાનુભવ થવાના વાસ્તવિક કારણને નહિ સમજવાથી થાય છે. તારા પ્રબલ સામર્થ્યથી ક્ષોભ પામેલું ચિત્ત તારા સેવનથી કેટલીક ક્ષણો અંતર્મુખ થાય છે, તેથી તેમાં આત્માના આનંદનું પ્રતિબિંબ પડવાથી જીવને સુખાનુભવ થાય છે. એવી રીતે મનુષ્યને તારા સેવનથી સુખ થતું નથી, પણ ચિત્તની સ્થિરતા થવાથી તેમાં આત્માનો આનંદસ્વભાવ પ્રતિબિંબિત થાય છે, તેથી તેને સુખનો લાભ થાય છે, પરંતુ ભ્રાંત પ્રાણીઓ એ વાત જાણતા નથી, તેથી તેઓ તારી અનન્યભક્તિમાં જોડાય છે.

હે કામ ! તેં પુરુષ કે સ્ત્રીથી વિજાતીય શરીર કે જે મલિન પદાર્થોના સમૂહરૂપ છે તેના ધ્યાન, દર્શન, ભાષણ ને સ્પર્શમાં તારા પુરુષ કે સ્ત્રીરૂપ ભક્તોને સુખ સમજાવ્યું છે, તેથી તારા તે ભક્તો તારી સ્થૂલ ઉપાસનાજ કરે છે. હવે તેમાંના યોગ્ય મનુષ્યોપર દયા કરી તેમને સર્વ પ્રાણિપદાર્થોના અધિષ્ઠાનરૂપ બ્રહ્મમાં વિશુદ્ધ પ્રેમ રાખતાં શીખવ. કામુક પુરુષ જેમ પોતાની પ્રિય સ્ત્રીમાં ને કામુક સ્ત્રી જેમ પોતાના પ્રિય પતિમાં અત્યંત પ્રેમ રાખે છે, તેમ તેમણે ક્રમાત્ તેમનું અધિષ્ઠાન જે સત્સસ્વભાવવાળું બ્રહ્મ છે એમાં પરમ પ્રીતિ રાખવી જોઇએ. તારો વિશ્વમાં જે સદ્ભાવ છે તે પણ પ્રાણીઓને પ્રથમ સ્થૂલ પ્રેમમાં જોડી, ક્રમાત્ તેમને પ્રેમનું વિશુદ્ધ સ્વરૂપ સમજાવી, પછી પરમ સત્ય વસ્તુમાં તેમને વિશુદ્ધ પ્રેમ ઉપજાવી, તેમાં તન્મય કરી, કૃતાર્થ કરવાનો છે. આ રહસ્ય તારા કૃપાપાત્ર ભક્તોને અવશ્ય સમજાવજે, કેમકે સારા ગુરુઓ પોતાના કૃપાપાત્ર શિષ્યોથી કોઇ પણ વાત ગુપ્ત રાખતા નથી.

જે વિચાર ને જે ક્રિયા મનુષ્યની સ્વાભાવિક શાંતિતૃપ્તિને દૂર કરી તેને અસાધારણ અશાંતિ ને અતૃપ્તિ આપે છે તેમાં તું મનુષ્યને સુખનો સંભવ જણાવી પ્રવૃત્ત કરે છે, ને પછી તે મનુષ્યની મૂર્ખતાપર તું ક્રૂર હાસ્ય કરે છે. ક્રૂરતાયુક્ત હાસ્યની પણ સીમા હોવી જોઇએ, તેથી હવે તું તે મનુષ્યોમાંના યોગ્ય મનુષ્યોપર દયા કરી તેમને તેમના પરમાનંદસ્વરૂપમાં પરમપ્રીતિ રાખવાનું સૂચવી તેમના પરમાનંદસ્વરૂપમાં રહેલી અપાર શાંતિ ને તૃપ્તિનો અનુભવ કરવા પ્રયત્નશીલ થવા તેમને સૂચવ. આમ કરીશ તોજ તેં તેમનું હિત કર્યું ગણાશે.

તારી આજ્ઞાનું પરમ પ્રેમથી નિરંતર પરિપાલન કરી પાયમાલ થઇ ગયેલા કોઇ મનુષ્યો જો હવે પોતાની પાછળની દુષ્ટ પ્રવૃત્તિના સંબંધમાં વારંવાર પશ્ચાત્તાપ કરી દુઃખાનુભવ કરતા હોય તો તેમને તારે સમજાવવું જોઇએ કેઃ-"હે ભાઇઓ ! હવે તમે દુઃખાનુભવ કરવાનું ત્યજી દૃઢતાપૂર્વક મારું શુદ્ધ સ્વરૂપ ઓળખો, અને મારા શુદ્ધ સ્વરૂપની પવિત્ર આજ્ઞાનું અનુસરણ કરી પરમ પવિત્ર બ્રહ્મમાં વિશુદ્ધ પ્રેમ પ્રકટાવો, ને કૃતાર્થ થાઓ. કેવલ પશ્ચાત્તાપથી ફલની પ્રાપ્તિ થતી નથી, પણ સદાગ્રહપૂર્વક કર્તવ્યના અનુષ્ઠાનથીજ ફલની પ્રાપ્તિ થાય છે, એ સત્ય જો તમને જ્ઞાત ન હોય તો હવે તે સત્ય જાણો, ને તે પ્રમાણે વર્તી ફલની પ્રાપ્તિ કરો."

આ કામસ્તવનો વિવેકપૂર્વક પાઠ તથા વિચાર કરનારઉપર શ્રીપરમાત્મા પ્રસન્ન થાઓ, ને તેમને નિરુપાધિક નિરવધિ નિજાનંદમાં અત્યંત અનુરાગવાળા કરી સ્થૂલકામની સત્તાનું ઉલ્લંઘન કરવાનું સામર્થ્ય આપો.

ઇતિ શ્રીવિનોદમાલામાં કામસ્તવનામનું છઠ્ઠું પુષ્પ. ૬.

ૐ

॥ क्रोधस्तव ॥

૭.

હે ક્રોધ ! તું કોપ, અમર્ષ, રોષ, પ્રતિઘ, રુટ્, ક્રુત્, ક્રુદ્, આમર્ષ, ભીમ, હેલ, હર, હૃણિ, ત્યજ, ભામ, એહ, હ્વર, તપુષી, જૂર્ણિ, મન્યુ ને વ્યથિ એ નામોવડે આર્યજનોમાં પ્રસિદ્ધ છે.

તું જ્યારે ક્રોધ મનુષ્યના ચિત્તમાં પ્રાદુર્ભાવ પામે છે ત્યારે તે મનુષ્યનાં અંતઃકરણ, ઇંદ્રિયો ને શરીર આગળ જે સ્થિતિમાં હોય તે સ્થિતિથી વિલક્ષણ સ્થિતિવાળાં થાય છે, એટલે તેનું અંતઃકરણ પોતાની શાંતિ ત્યજી કંપયુક્ત થઇ તપવા લાગે છે, ઇંદ્રિયો વ્યાકુલ ને ચપલ થાય છે, અને શરીર પણ ક્ષોભયુક્ત થાય છે. તારા પ્રવેશથી માણસની ભમરો ઉંચી ચઢે છે, તેની આંખો રાતી થાય છે, તેનું મુખ રાતું થાય છે, તેના હોઠ ફરકવા લાગે છે, તેની વાણીથી ક્રૂર, અપ્રિય કે અનુચિત શબ્દો બોલાય છે, તેના હાથ ચપલ થાય છે, અને તેના શરીરના રુધિરનો ને શ્વાસોચ્છ્વાસનો વેગ વધે છે. એવી રીતની સ્થિતિમાં તે માણસ માણસજેવો નહિ પણ રાક્ષસજેવો વા પ્રેતજેવો પ્રતીત થાય છે. આવી રીતે માણસને રાક્ષસજેવો વા પ્રેતજેવો બનાવનાર તું પણ નાનાસરખા કૃત્રિમ ઇશ્વરજેવો હોવાથી મહાબલવાન્ છે એમાં શંકા સંભવતી નથી.

તારા સામર્થ્યથીજ ઇંદ્રે ત્વાષ્ટ્ર–વિશ્વરૂપ–નો વધ કર્યો હતો, તારા સામર્થ્યથીજ વિશ્વામિત્રે વસિષ્ઠની સાથે નિરર્થક યુદ્ધ કર્યું હતું,

તથા તેમના સો પુત્રોનો ક્રૂર થઇને વધ કરાવ્યો હતો, તારા સામર્થ્યથીજ પરશુરામે એકવીશ વાર ભરતખંડમાંના ક્ષત્રિયોનો વધ કરવા પ્રવૃત્તિ કરી હતી, ને તારા સામર્થ્યથીજ પાંડવોએ કૌરવસેનાનો અને કૌરવોએ પાંડવસેનાનો ધાણ વાળ્યો હતો. આવા વિશ્વપ્રસિદ્ધ પરાક્રમવાળો તું વિશ્વમાં વિજયવાળો ગણાય એમાં કાંઇ આશ્ચર્ય નથી.

તારે વશ થયેલો પિતા પુત્રને અને પુત્ર પિતાને હણે છે, તારે વશ થયેલી માતા પુત્રને વા પુત્રીને ને પુત્ર વા પુત્રી માતાને હણે છે, તારે વશ થયેલા ભાઇઓ ભાઇઓને ને બ્હેનો બ્હેનોને હણે છે, તારે વશ થયેલા સેવકો સ્વામીને ને સ્વામી સેવકોને હણે છે, તારે વશ થયેલો શિક્ષક વિદ્યાર્થીને અને વિદ્યાર્થી શિક્ષકને હણે છે, ને તારે વશ થયેલો મિત્ર મિત્રનું સ્નેહ ત્યજીને હનન કરે છે. આવી રીતે મનુષ્યના હૃદયમાંના સ્નેહના વા દયાના પાશને છેદી નાંખી તે મનુષ્યને હાથે તેમના પર ઉપકાર કરનારાઓનું કે તેમના સ્નેહીઓનું હનન કરાવનાર તું કોઇ અલૌકિક રાક્ષસ છે એમ જ્ઞાત થાય છે.

તારા વિનામૂલ્યના દાસો પોતાના હૃદયને નિરંતર અતીતની ધુણીની પેઠે તપાવ્યા કરે છે, પ્રેતગ્રસ્તની પેઠે નિરર્થક બકવાદ કર્યા કરે છે, પોતાના માથાના વાળ ત્રોડવા લાગે છે, પોતાનું માથું કે છાતી કુટવા લાગે છે, ને કોઇને માર મારવા લાગે છે. આવી રીતે તું તારા ગર્ભદાસોમાં નિરંતર તારો પ્રાદુર્ભાવ જણાવી લોકોને તારું સ્વરૂપ દેખાડયા કરે છે, તેથી સાત્ત્વિકજનોને તારું સ્વરૂપ બહુ ભયંકર લાગે છે.

રાક્ષસ રાત્રે પોતાની માયા વિસ્તારે છે, ને તું રાત્રે, દિવસે કે સંધ્યાકાલે પણ તારી માયાનો વિસ્તાર તારા અનન્યભક્તોદ્વારા

કરે છે; રાક્ષસ પોતાનું તથા પોતાનાં સ્ત્રીપુત્રાદિના રુધિરનું પાન કરતો નથી, પણ તું તો તારા ઉપાસકોના ચિત્તમાં પ્રવેશ કરી તેના તથા તેનાં સ્ત્રીપુત્રાદિના રુધિરપાનમાં પ્રવૃત્તિ કરાવે છે; અને રાક્ષસ પોતે પોતાનું અનિષ્ટ કરતો નથી, ને તું તો તારા ભક્તોના ચિત્તમાં પ્રવેશી તેને હાથે તેનું અનિષ્ટ કરાવે છે, માટે તને રાક્ષસચક્રચૂડામણિની પદવિ આપવામાં લોભ રાખવો એ વિદ્વાનોને ઉચિત લાગતું નથી.

બ્રાહ્મણો, ક્ષત્રિયો ને વૈશ્યો પોતાના ઘરના દેવમંદિરમાં, પોતાના રસોડામાં, કે પોતાના ઘરમાં લોકપ્રસિદ્ધ ચાંડાલને કદીપણ આવવા દેતા નથી, પરંતુ તે ચાંડાલથી પણ નઠારાં કૃત્ય કરાવવાનું સામર્થ્ય ધરાવનાર તું, કે જે વિવેકીઓમાં ચાંડાલના નામથી ઓળખાય છે તેને પોતાનું હૃદય કે જે ઈશ્વરનું પવિત્ર મંદિર ગણાય છે તેમાં તે બ્રાહ્મણાદિનો મોટો ભાગ પોતાનો હિતકારી માની પ્રસન્નતાપૂર્વક વારંવાર અવકાશ આપે છે, એ તારો લોકવંચક પ્રબલ પ્રતાપ ન્યૂન મહિમાવાળો ગણવાયોગ્ય નથી.

તારા સેવનમાં પ્રવૃત્ત થવાથી કોઇ પ્રકારની કોઇ મનુષ્યે ભૂલ કરી હોય તો તે સુધરતી નથી, કોઇએ કોઇ પદાર્થનો નાશ કર્યો હોય તો તે નાશ પામેલો પદાર્થ પાછો પ્રાપ્ત થતો નથી, તારાથી અભેદ પામીને ઠપકો આપવાથી સ્ત્રી, પુત્ર, પુત્રી, શિષ્ય કે દાસ સુધરતા નથી, છતાં તું તેમને આમ કરવામાં લાભ સમજાવી તેમાં ધક્કા મારીને હડસેલે છે, તેથી તને ધૂર્તાગ્રગણ્યની પદવિ આપવા વિદ્વાનોના મનમાં લાલસા પ્રકટે એ સ્વાભાવિક છે.

કોઇ વિવેકી પુરુષ તારી પ્રેરણાથી થતાં વિલક્ષણ નાટકો જોવાની ઇચ્છાથી નગરમાં કે ગામમાં ફરવા નીકળે, તો કોઇ ઠેકાણે નાનાં

બાળકો તારા પ્રતાપથી પરસ્પર ગાળાગાળી કે મારામારી કરતાં પ્રતીત થાય છે, કોઇ ઠેકાણે યુવાનો પરસ્પર ગાળાગાળી કે મારામારી કરતા પ્રતીત થાય છે, કોઇ ઠેકાણે સ્ત્રીઓ ક્ષુદ્ર ક્ષુદ્ર વાતને નિમિત્તભૂત કરી પરસ્પર ગાળાગાળી કે મારામારી કરતી પ્રતીત થાય છે, કોઇ ઠેકાણે વૃદ્ધો પરસ્પર કે યુવાનોસાથે ગાળાગાળી કે મારામારી કરતા પ્રતીત થાય છે, ને કોઇ ઠેકાણે ધણીધણીઆણીનાં, શોક્યોનાં, સેવકસ્વામીનાં કે ગ્રાહકવિક્રયીનાં યુદ્ધ મચેલાં જોવામાં આવે છે. વળી ગૃહસ્થો ગૃહસ્થોસાથે વા ત્યાગીઓસાથે ને ત્યાગીઓ ત્યાગીઓસાથે વા ગૃહસ્થોસાથે તારી આજ્ઞાને વશ વર્તી પરસ્પર નિરર્થક યુદ્ધ કરતા પ્રતીત થાય છે. આમ તે સર્વ મનુષ્યોને પોતપોતાના સ્વાભાવિક સુખથી વિમુખ કરી શ્વાનના જેવી દુષ્ટ પ્રવૃત્તિમાં જોડવાનું સામર્થ્ય ધરાવનારો તું અવશ્ય ધૂર્તનો શિરોમણિ છે.

તારી ઉપાસનાથી શરીરમાંના જ્ઞાનતંતુનો, ગતિતંતુનો ને લોહીનો વેગ વધી તેઓમાં ક્ષોભ થવાથી શરીરમાં જ્વરજેવી પ્રતીતિ થાય છે, ઇંદ્રિયો વ્યાકુલ થાય છે, અંતઃકરણ તપી વ્યગ્ર થાય છે, જીવાત્મા વિવેકનો ત્યાગ કરી અવિવેકને વશ થવાથી કર્તવ્યની સ્મૃતિના ત્યાગદ્વારા બુદ્ધિહીન થઈ મૃતકના જેવો થાય છે, છતાં તારા ઉપાસકોને તારો ત્યાગ કરવાની રુચિ પોતાથી કે અન્યના ઉપદેશથી ઉપજતી નથી, એ તેમની તારામાં અનન્યભક્તિવિના બીજું શું સૂચવે છે ?

તું મનુષ્યના ધર્મ, અર્થ, કામ ને મોક્ષ એ ચારે પુરુષાર્થોનો નાશ કરવાનું સામર્થ્ય ધરાવે છે, છતાં પોતાને વિવેકી, પંડિત, સાધક, બ્રાહ્મણ, ક્ષત્રિય કે વૈશ્ય માનનારા કેટલાક મનુષ્યો તારા વાસ્તવિક અપકારક સ્વરૂપને ઓળખી શકતા નથી, ને તારો ત્યાગ કરી શકતા

નથી, તે તારી ચાલાકી ને મોહિનીનો ગૂઢ વિજયધ્વનિ છે.

તું સફલ થાય એટલે તારે વશ થયેલો પુરુષ જો પોતાના માનેલા કોઇ વૈરીનું અનિષ્ટ સિદ્ધ કરી શકે, તો તેના ધર્મને, યશને ને ક્લેશ વધે તો પ્રસંગ આવે દ્રવ્યને હાનિ પહોંચાડે છે, અને જો તું નિષ્ફલ થાય એટલે તારે વશ થયેલો મનુષ્ય જો પોતાના માનેલા વૈરીનું ઇચ્છિત અનિષ્ટ ન કરી શકે, તો તું તેના શરીરાદિને સંતાપયુક્ત કરે છે. આવી રીતે જો તું સફલ થાય તોપણ તારા ભક્તોનું અનિષ્ટ સાધે છે, ને જો તું નિષ્ફલ થાય તોપણ તારા ભક્તોનું અનિષ્ટ સાધે છે, છતાં તારા મહામૂર્ખશિરોમણિની પદવિ આપવાયોગ્ય ભક્તો તારી અનન્ય ભક્તિ છોડતા નથી, એ વિવેકીને આશ્ચર્યરૂપ લાગે છે.

જે મનુષ્ય પોતાના હૃદયમાં તને આશ્રય આપી તારા ઉપર ઉપકાર કરે છે, તે મનુષ્યના હૃદયને તું અત્યંત દાહ ઉપજાવી અપકાર કરે છે, તેથી તું અત્યંત કૃતઘ્ની છે, છતાં તારું કૃતઘ્નપણું તું તે મનુષ્યને જ્ઞાત થવા દેતો નથી, એ તારી મોટી ધૂર્તતા છે.

શ્રૌતસ્માર્ત કર્મ કરવાનું અભિમાન રાખનારા, શ્રીશંકર આદિ પાંચ દેવોમાંના કોઈ એક દેવનું આરાધન કરવાનું અભિમાન રાખનારા, ને વેદાંતનું શ્રવણાદિ કરવાનું અભિમાન રાખનારા, જો તારે વશ વર્તતા હોય, તો વસ્તુતાએ તેઓ તારાજ કિંકર છે. એવી રીતે વેદપ્રતિપાદિત કર્મ, ઉપાસના ને જ્ઞાનને માર્ગે ચાલવાનો અહંકાર કરનારાપર પણ તું તારું પ્રબલ પરાક્રમ ચલાવે છે, તેથી મનુષ્યોને તારી ઓળખાણ આપવી તે તેમને વિશ્વપ્રસિદ્ધ સૂર્યચંદ્રની ઓળખાણ આપવાતુલ્ય મણાય.

બ્રાહ્મણાદિ વર્ણો પોતાને ઉત્તમ માની અત્યંજ એટલે ચાંડાલને

પાપોના નિવાસસ્થાનરૂપ જાણી તેનો સ્પર્શ કરતા નથી, પણ તેઓ-માંનો મોટો ભાગ તું વાસ્તવિકરીતે તે ચાંડાલથી પણ અધમ છતાં તને પોતાના હૃદયમાં પ્રસન્ન મને ગમે તે વેલાએ અવકાશ આપે છે, અને પ્રાતઃકાલમાં ચાંડાલનું મોં જોતાં કે તેનું સ્મરણ થતાં તેઓ ખેદ પામે છે, કિંતુ પ્રાતઃકાલમાં તારો સ્પર્શ કરતાં કે સ્મરણ કરતાં તેઓ કોઇ પણ ખેદ પામતા નથી, એ તારું પરાક્રમ સામાન્ય ન ગણાય.

તું તારા ભક્તમાં પ્રવેશ કરી તેના બાપને ભાઇને કે દીકરાને સાળો, માને બહેનને કે દીકરીને સાળી, ને સ્ત્રીને રાંડ કહેવરાવે છે; અને સ્ત્રીમાં તારો પ્રવેશ થયો હોય, તો તું તે સ્ત્રીદ્વારા તેના પતિ ભાઇ કે દીકરાને પીટયા કે રોયા ઇત્યાદિ કહેવરાવે છે. આવી રીતે પોતાના ભક્તોનું ભાન ભૂલાવી તું તેમની પાસે ન બોલવાનું બોલાવે છે, તેથી તારી આજ્ઞા તારા સેવકોને અવિચારણીય છે, અર્થાત્ તે વિચાર્યા વિના આચરણમાં મૂકવાયોગ્ય છે, એમ પ્રતીત થાય છે.

જે મનુષ્યના હૃદયમાં તું પ્રકટે છે તે મનુષ્યના હૃદયમાં તારા પિતાનો એટલે કામનો સદ્ભાવ પણ અનુમાનથી જણાય છે, કેમકે કોઇ પણ પ્રકારની ઇચ્છા જે કામના નામથી ઓળખાય છે, તેમાં કોઇ વિઘ્ન કરે, ત્યારે તારો પ્રાદુર્ભાવ થાય છે. તમે બે બાપદીકરો જે હૃદયમાં ધામો નાંખીને પડયા હો તે હૃદયને તમે નરકભણી જવાની યોગ્યતાવાળું કરેલું હોવાથી તે હૃદય સ્વર્ગ કે મોક્ષને માટે શીઘ્ર શી રીતે યોગ્ય થાય ! આવી રીતે મનુષ્યોને અધોગતિરૂપ નરકને રાજમાર્ગે ચઢાવનાર તું પોતાનું હિત ઇચ્છનારને દુઃખપ્રદ પ્રતીત થાય એ સ્વાભાવિક છે.

ધૈર્ય, સહનશીલતા, ક્ષમા, ક્ષમાશીલ પુરુષોનો અનુકૂલ બુદ્ધિ-

થી સમાગમ, ક્ષમાશીલ મહાપુરુષોનાં ચરિત્રોનું વાચન, ને સાત્વિક આહારવિહારાદિ એ સાધનોવડે તારો પરાજય કરી શકાય છે, છતાં તારા ભક્તો તને પોતાનો ઇષ્ટદેવ ગણી તારા સામા થવાનો વિચારસરખો પણ કરતા નથી, એ તેમની પ્રવૃત્તિ તેમનો તારામાં પૂજ્યભાવ સૂચવે છે, એ સ્પષ્ટજ છે.

હે કોપદેવ ! તારે તારા ભક્તોને તારો સદુપયોગ જણાવી તેમને તેમના હિતમાં જોડવા એ તારું કર્તવ્ય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ભય, ચિંતા, શોક ને દંભાદિ મનોવિકારોનો નાશ કરવા તેમના ઉપરજ તારો ઉપયોગ કરવા તું તારા ભક્તોને આજ્ઞા કર, કે જેથી તે પ્રમાણે વર્તી તેઓ પોતાનો અભ્યુદય વા નિઃશ્રેયસ સિદ્ધ કરે.

આ ક્રોધસ્તવથી પ્રસન્ન થયેલા સર્વાંતર્યામી પરમાત્મા ક્રોધની અનન્યભક્તિમાં રમમાણ થયેલા મનુષ્યોમાંના જે મનુષ્યો આ સ્તવ વાંચે તેમને ક્રોધવડે ક્રોધને નિર્મૂલ કરવાનું બલ અર્પી મનની શાંતિદ્વારા ઉપજતા શાશ્વતસુખભણી તેમના મનને વેગવાળું કરવા કૃપા કરો. ઇતિ શિવમ્.

ઇતિ શ્રીવિનોદમાલામાં ક્રોધસ્તવનામનું સાતમું પુષ્પ. ૭.

ॐ

॥ લોભસ્તવ ॥

૮.

હે સમર્થ લોભ ! તું અભિલાષ, મનોરથ, કામ, તૃષ્ણા, લિપ્સા, વશ, સ્પૃહા, કાંક્ષા, શંસા, ગર્દ્ધ, વાંચ્છા ને તૃદ્ એ નામોવડે આર્યજનોમાં જ્ઞાત છે.

હે લોભ ! તું સર્વ પાપોનો પિતા છે. દ્વેષ, ક્રોધ, મોહ, દ્રોહ, ઇર્ષ્યા, હિંસા ને અસૂયાદિ નીચવૃત્તિઓનો જનક પણ તુંજ છે. તેં જે મનુષ્યમાં પ્રવેશ કર્યો હોય તે મનુષ્ય પોતાની માતા, પિતા, પુત્ર, ભાઇ, બહેન, સ્નેહી ને સ્વામીને હણે છે, તો અન્યને હણે એમાં શું આશ્ચર્ય ? આવું તારું ક્રૂર બલ કયા પાપભીરુના મનમાં ત્રાસ ન ઉપજાવે ?

તારે વશ થયેલો માણસ દ્રવ્યની લાલસાથી પોતાના ઘરની તથા ઊજડ થયેલાં ગામ ને નગરની ભૂમિ ખોદે છે, તાંબામાંથી સુવર્ણ કરવામાટે પારદ આદિ ધાતુઓને મારવાનો તથા ગંધકમાંથી તેલ કાઢવાનો પ્રયત્ન કરે છે, કિમિયાગરોની ખુશામત કરી દ્રવ્યહાનિ સહન કરે છે, નૃપાદિની અયોગ્ય સેવામાં સ્વધર્મનો લગભગ ત્યાગ કરી બહુ યત્નથી પ્રવૃત્ત થાય છે, દ્વીપાંતરમાં જાય છે, સ્મશાન આદિ અપવિત્ર સ્થલોમાં યક્ષિણી આદિના દુષ્ટ સાધનમાં રાત્રિઓ વ્યતીત કરે છે, પોતાની નાની વયની પુત્રીઓ વૃદ્ધ પુરુષોને આપે

છે, મિથ્યાભાષણ કરે છે, મનુષ્યાદિનું હનન કરે છે, ઉત્કોચ (લાંચ) લે છે, ને નિરપરાધી સજ્જનોને દુઃખ દે છે. આવી રીતે તું માણુસોને મર્કટની પેઠે નચાવે છે, માટે તું અલૌકિક મુંડાની (મદારીની) ઉપમાને યોગ્ય છે.

પ્રથમ કોઇ મનુષ્યને પ્રત્યેક માસે દશ રૂપિયા મળતા હોય તો તું તેનું ધ્યાન પચ્ચીશ રૂપિયાભણી ખેંચે છે, પછી તેને પચ્ચીશ રૂપિયા મળવા લાગે ત્યારે તું તેનું ધ્યાન પચાશ રૂપિયાભણી ખેંચે છે, પશ્ચાત્ તેને પચાશ રૂપિયા મળવા લાગે ત્યારે તું તેનું લક્ષ્ય સો રૂપિયાભણી ખેંચે છે, ને જ્યારે તેને સો રૂપિયા મળવા લાગે ત્યારે તું તેનું ધ્યાન બસો રૂપિયાભણી ખેંચે છે. આમ ઉત્તરોત્તર અધિક અધિકની લાલસા ઉપજાવી તું તેમને ગળે આશારૂપી દૃઢ દોરડી બાંધી ખેંચ્યા કરે છે. તારા પ્રસાદથી એ બિચારા પ્રાપ્તસુખનો પણ યથાયોગ્ય અનુભવ કરી શકતા નથી. એવી રીતે તું તારા સેવકોનાં મન નિરંતર તપ્ત રાખી તથા તેમના હૃદયમાં થતા દાહને વિલોકી આનંદાનુભવ કરે છે!

તારા કૃપાપાત્ર ભક્તો પોતાની પાસે દ્રવ્ય છતાં મલિન વસ્ત્રો પહેરી, કદન્ન (ઊતરતું અન્ન) ખાઇ, તથા મલિન સ્થાનમાં રહી આનંદ માને છે. તેમને પોતાની ચમડી ત્રુટે તેની ચિંતા હોતી નથી, પણ પોતાની દમડી ત્રુટે તેની તેમને બહુજ ચિંતા રહે છે! તેઓ નિરંતર દ્રવ્યનું ધ્યાન ધરવામાં તથા તેની પ્રાપ્તિ કરવાનાં ભિન્ન ભિન્ન મનોરાજ્યો કરવામાં પ્રસન્ન રહે છે. આમ માણસને જડદ્રવ્યના ચિંતનમાં જોડી તું તેમને જડજેવા બનાવવાનું સામર્થ્ય ધરાવે છે.

તારી નિર્દયતાનાં શાં વખાણ કરવાં ? તું તારા ભક્તને સુખપૂર્વક ખાવાપીવા દેતો નથી, તેનાં સ્ત્રીપુત્રાદિને પણ સુખપૂર્વક ખાવા-

પીવા દેતો નથી, વાપરવાથી રખેને મારું દ્રવ્ય ખુટી જશે એવી ચિંતાથી તું તેનું લોહી ઊકાળ્યા કરે છે, ને ઘણી વેલા તેના ચિત્તને દ્રવ્યના મનોરથોમાં ચઢાવી રાત્રિની વિશ્રામ આપનારી નિદ્રાનો પણ તેના ચિત્તથી વિયોગ કરાવે છે.

તારા ઉપાસકોને તેં એવો મંત્ર આપેલો છે કે " પૈસોજ તમારો પરમેશ્વર વા દોઢ પ્રભુ છે, વસુવિના નર પશુ છે, દ્રવ્યમાંજ બધા ગુણો રહેલા છે, દ્રવ્યમાંજ સર્વ પ્રકારની મોટાઇ રહેલી છે, ને દ્રવ્યવિના આ જગતમાં બધા ગુણો નિરર્થક છે, માટે તમારે ધર્મ તથા સદ્ગુણોની ઉપેક્ષા કરી માત્ર ગમે તે પ્રકારે દ્રવ્ય સંપાદન કરવામાંજ બદ્ધપરિકર થવું-કેડ બાંધવી. " તારા ઉપાસકો પણ તારા આપેલા તે મંત્રનું નિરંતર આગ્રહપૂર્વક સ્મરણ રાખી તદનુકૂલ વર્તે છે, પણ તેમણે મેળવેલું દ્રવ્ય જે લોકાંતરમાં તેમની સાથે જવાનું નથી, પણ અહિંજ બીજાના ઉપભોગમાટે પડ્યું રહેવાનું છે, તે તારા ભક્તોનું હાસ્ય કરે છે, તેનું તેમને લેશ પણ ભાન હોતું નથી.

દ્રવ્ય કોઇ પણ મરનારની સાથે ગયું નથી, ને હવે પછી જવાનું નથી, છતાં તારા ભક્તો તારી આજ્ઞાને શિરોધાર્ય સમજી નિરપરાધી મનુષ્યોનાં ગળાં કરીને વા અન્ય મનુષ્યોસાથે અત્યંત અન્યાયથી વર્તીને વા સ્વધર્મથી ભ્રષ્ટ થઇને દ્રવ્યનો સંગ્રહ કરવામાં નિરંતર આદરપૂર્વક પ્રયત્ન કર્યા કરે છે. આવી રીતે તેઓ તારી આજ્ઞાને નિત્ય વશ વર્તે છે, છતાં તું તેમને અશાંતિ ને અતૃપ્તિવિના બીજું કાંઇ ફલ આપતો નથી, તેથી તું પણ તેમના પ્રતિ દયા બતાવવામાં કૃપણતા રાખી તારા નામને સાર્થક કરતો હોય એમ જણાય છે.

તારી કૃપાથી તારો ભક્ત લોકમાં મહાલોભી ગણાતા છતાં

પણ બીજે પક્ષે તે મહા ઉદાર ગણાય છે, કેમકે બીજા ઉદાર ગણાતા મનુષ્યો પોતે પોતાના દ્રવ્યનો સારી રીતે ઉપયોગ કરે છે, ને પ્રાત્રયોગે પોતાના દ્રવ્યમાંથી દાન પણ કર્યા કરે છે, અને આ તારો મહાભક્ત તો પોતે પોતાના દ્રવ્યનો બહુજ સંકોચથી ઉપયોગ કરી તથા પ્રાયશઃ સુપાત્રયોગે દાન નહિ કરીને પોતાનું સર્વ દ્રવ્ય પોતાના વારસને વા રાજાને આપી જાય છે.

તારા પ્રસાદથીજ મનુષ્યોનો મોટો ભાગ રૂપા તથા સોનાના કડકા જોઇ વા તેનો ખણખણાટ સાંભળી પોતાનું ભાન ભૂલી જાય છે, મરવા પડેલો માણસ પણ દ્રવ્યના લાભનો સંભવ જાણી નીરોગી માણસજેવો થઇ પથારીપર બેઠો થઇ જાય છે, દુઃખી માણસ પણ તેવા પ્રસંગમાં પોતાના પ્રાપ્ત દુઃખનું વિસ્મરણ કરે છે, ને સ્નેહીઓ પણ પોતાના સ્વાર્થમાટે પોતાના પરસ્પરના ચિરકાલના સ્નેહને શીઘ્ર વિદાય કરે છે.

પાસે જોઇતું દ્રવ્ય છતાં પણ પુત્રપુત્રીવિનાના કેટલાક વૃદ્ધ પુરુષો, પુત્રો રળતા હોય એવા કેટલાક વૃદ્ધ પુરુષો, પૂર્વે કરેલી નોકરીના બદલામાં જેમને પોતાની આજીવિકા સુખપૂર્વક ચાલે તેટલું માસિક દ્રવ્ય મળતું હોય એવા કેટલાક પુરુષો, ને જેમને ધનનો સંગ્રહ કરવાની શાસ્ત્રે ના પાડી છે એવા કેટલાક સંન્યાસીઓ પણ, જે દ્રવ્ય મેળવવા નિરંતર પ્રયત્ન કરે છે તે સર્વ તારી આજ્ઞાને માન આપીનેજ તેઓ કરે છે, એમાં વિવેકીને શંકા ઉત્પન્ન થવાનો સંભવ નથી.

" મારું દ્રવ્ય તે મારુંજ છે, એમાં બીજા કોઇનો લેશ પણ ભાગ નથી, ને બીજાના દ્રવ્યમાંથી મારાથી યુક્તિપૂર્વક જેટલું લઇ શકાય તેટલું મારે લેવું એ મારું કામ છે, " આવો વિચાર તારા ભક્તોમાં જે ઉપજે છે, ને તેઓ તે પ્રમાણે જે વર્તે છે, તે સર્વ તારા મહિમાને લીધેજ છે.

તારા ભક્તો તારી આજ્ઞાને માની બીજાનું દ્રવ્ય બલાત્કારથી લેવા ઇચ્છે છે, ને પોતાના દ્રવ્યમાંથી બીજાને કાંઇ આપવાનો પ્રસંગ પ્રાપ્ત થાય તો તે વેલા તેમનાં હૃદય ને હાથ કંપે છે, ને નજ ચાલે ત્યારે ઘણા મુંઝાઇને તેઓ કોઇને કાંઇ આપે છે.

ચૂલાની આગમણુનીચે, છાણુના મોઢવાનીચે, ગાયો ભેંસો કે બળદોની ગમાણુનીચે, પાણીઆરાનીચે કે એવીજ બીજી જગાએ તારા ભક્તો પોતાના ઘણે પ્રયત્ને સંગ્રહ કરેલા દ્રવ્યને ઘણી મમતાથી દાટી રાખી તે જગાનું વારંવાર દર્શન કરતા રહે છે. કોઇ પેટી, પટારા કે લોહપેટીમાં પોતાના દ્રવ્યને અતિમમતાપૂર્વક સંગ્રહી રાખી તે પેટી આદિનું વારંવાર દર્શન કરતા રહે છે. આવા તારા ભક્તો જાગ્રત્માં ને સ્વપ્નમાં દ્રવ્યનીજ ઝંખના કર્યા કરે છે, ને અંતે તારા પ્રતાપથી તે સર્વ સર્પ કે એવી કોઇ અધમ યોનિને પ્રાપ્ત થાય છે.

કેટલાક વ્યાપારીઓ લેવાદેવાનાં તોલાં તથા માપાં પૃથક્ પૃથક્ રાખી ઓછાં તોલાં તથા માપાંથી વેચવાના પદાર્થો ગ્રાહકોને આપે છે, ને મોટાં તોલાં તથા માપાંથી પોતાને લેવાના પદાર્થો લે છે, કિંવા માલનો નમુનો એક પ્રકારનો બતાવી પછી ગ્રાહકને બીજા પ્રકારનો માલ આપે છે, અથવા સારા માલમાં ઊતરતો માલ ભેળવી વા બીજી નકામી વસ્તુઓ ભેળવી ગ્રાહકોને માલ આપે છે. કેટલાક ઘી વેચનારા ઘીમાં ચરબી ને દૂધ વેચનારા દૂધમાં પાણી ભેળવે છે, કેટલાક સોનીઓ અલંકાર ઘડાવનારનું થોડું સોનું કિંવા રૂપું યુક્તિપૂર્વક ચોરી લે છે, ને કેટલાક દરજીઓ વસ્ત્ર સીવડાવનારના ઉંચી જાતના કાપડમાંથી યુક્તિપૂર્વક થોડું કાપડ કાઢી લે છે. વળી કેટલાક શિલ્પીઓ તથા મજુરો સમયની ચોરી કરે છે. આ સર્વ દુષ્ટ પ્રવૃત્તિ તારી સત્તાને વશ વર્તીને તેઓ કરે છે એમાં શક નથી.

જૂગાર ખેલવાનું, સટો કરવાનું, ખોટા લેખો લખવાનું, ખોટા સિક્કા કે નોટો બનાવવાનું, જે તે લોટરીની ટિકિટો લેવાનું, ધર્મકર્મના નામથી લોકોપાસેથી મેળવેલા પૈસા પોતાના ખાનગી કામમાં વાપરી નાંખવાનું, ને વારંવાર ધંધો બદલવાનું કર્મ કરનારાની તે તે કર્મમાં પ્રવૃત્તિ થવામાં તુંજ હેતુભૂત છે. આવી રીતે તું માણસોને પરિણામે દુઃખ આપનારી પ્રવૃત્તિમાં જોડે છે, તેથી તું નિર્દય છે એમ વિવેકીઓની દૃષ્ટિએ જણાય છે.

લોકો કહે છે કે તારા ભકતો કોઇને કાંઇ આપતા નથી, પણ એ કહેનારાની ભૂલ છે એમ એક કવિ કહે છે તે કહે છે તેનો ભાવ એવો છે કેઃ—તારા ભકતો રાત્રિદિવસ લોકોને આપ્યાજ કરે છે. કોઇને ગાળો દે છે, કોઇ માણસને કે પશુને માર આપે છે, પોતાના ઘરમાં યાચક ન આવે માટે પોતાના ઘરનાં કમાડ દે છે, કોઇને ધમકી આપે છે, ને કોઈને ઉંધુંચીતું સમજાવવારૂપ ફરેબ દે છે. આવા ભકતોનો ઉપાસ્ય દેવ તું કાંઇ ન્યૂન પરાક્રમવાળો ગણી શકાય નહિ.

રાજ્યો પરસ્પર લડે છે, બલવાન્ રાજ્ય નબળા રાજ્યને પોતાને અધીન કરી લે છે, ચોરો ચોરી કરે છે, લુટારાઓ લુટ કરે છે, કસાઇઓ પશુઓનું હનન કરે છે, ને મછીમારો માછલાં મારે છે, એ સર્વ તારી સત્તાને વશ વર્તીને તેઓ કરતા હોય એમ જણાય છે.

સંતોષવડે તારો જય કરી મનુષ્ય પોતાના મનને શાંતિ તથા તજ્જન્ય આનંદનો અનુભવ કરાવી શકવા સમર્થ થાય છે, છતાં ઘણા મનુષ્યો સંતોષનું સેવન નહિ કરતાં તારા સેવનમાંજ તત્પર રહે છે તે તેમની તારા પ્રતિની અનન્યભક્તિ વા તારી તેમના પ્રતિની મોહિની છે, એમ જણાય છે.

દ્રવ્યાદિ અનિત્ય પદાર્થોમાં મનુષ્યોનો મોટો ભાગ જેમ તારી આજ્ઞાને વશ વર્તી તારી ઉપાસના કરે છે તેમ જો તેઓ પારમાર્થિક સાધનોમાં તારી આજ્ઞાને વશ વર્તી તારી ઉપાસના કરે તો તેમનું કલ્યાણુ શીઘ્રજ થવા સંભવ છે, માટે તારા જે ભક્તોપર તારી કૃપા થઇ હોય તેમને સમજાવજે કે:–" ભાઇઓ ! અનિત્ય પદાર્થોમાંનો લોભ ત્યજી હવે તમે નિત્ય પદાર્થમાં લોભ રાખો, કે જેથી તમારા મનને શાંતિતૃપ્તિદ્વારા પરમાનંદનો અનુભવ થાય. "

આ લોભસ્તવવડે પ્રસન્ન થયેલા આશુતોષ શ્રીમહેશ્વર જે લોભી મનુષ્યો આ લોભસ્તવનો પાઠ કરે તે લોભી મનુષ્યોના અસાર પદાર્થોમાં રહેલા લોભને દૂર કરાવી સારપદાર્થરૂપ પ્રત્યગભિન્ન બ્રહ્મમાં તેમને પરમલોભ ઉત્પન્ન કરવા કૃપા કરો. ઇતિ શિવમ્.

ઇતિ શ્રીવિનોદમાલામાં લોભસ્તવનામનું આઠમું પુષ્પ. ૮.

ॐ

॥ मोहस्तव ॥

૧.

હે મોહ ! અવિવેક, અજ્ઞાન, ભ્રાંતિ, ભ્રમ, મિથ્યાજ્ઞાન, વિપર્યય ને અણુસમજ એ પણ તારાંજ નામો છે. અનાદિકાલથી જે આ સંસારપ્રવાહ ચાલ્યો આવે છે તે તારા અદ્ભુત પરાક્રમથીજ ચાલ્યો આવે છે. તારા સદ્ભાવવિના આ દુ:ખપૂર્ણ સંસારપ્રવાહ કોઇ પણ રીતે ચાલી શકે એમ જણાતું નથી. જીવોથી જેનું મનવડે પણ

ચિંતન થઇ શકે એમ નથી એવા આ સંસારપ્રવાહને ચલાવનારો તું અપાર પરાક્રમવાળો છે એમાં કાંઇ પણ સંદેહ નથી.

રૂપલોલુપ શલભો (ટીડની જાતનાં જીવડાંઓ—પતંગીઆં) પ્રજ્વલિત અગ્નિની જ્વાલામાં પડી પોતાના પ્રિય શરીરને બાળી નાંખે છે, રસલંપટ માછલાંઓ બડિશમાં (ગલમાં) ભરાવેલા માંસના કે રોટલાના કકડામાં મુખ નાંખી દુઃખદ મરણનું શરણ ગ્રહણ કરે છે, ગંધાસક્ત ભમરાઓ સાયંકાલસુધી પણ સરોવરમાંના કમલનો ત્યાગ નહિ કરતાં કમલમાં રાત્રિનિવાસ કરી રાત્રે જલ પીવા આવેલા હાથીના ઉદરમાં પડી નિરંતર ગુપ્તરીતે પ્રાણીઓની પછવાડે ફરનારા કૃતાંતને વશ થાય છે, સ્પર્શાનુરાગી કામાંધ હસ્તીઓ ઉંડા ખાડાપર ઊભી કરેલી કાગળની હસ્તિનીભણી દોડી હાથીનાં હાડકાંઓ મેળવવાને ઇચ્છનારાઓએ ખોદાવી રખાવેલા ઉંડા ખાડામાં પડી પોતાના પ્રિય પ્રાણનો ત્યાગ કરે છે, ધ્વનિરૂપ શબ્દમાં અતિપ્રીતિ રાખનારાં હરિણો વ્યાધના ઘંટરવાળના શબ્દો સાંભળવામાં લીન થતાં તે ક્રૂર વ્યાધોનાં તીક્ષ્ણ કાતાંઓવડે વ્યવહારમાં વહાલાં ગણાતાં પોતાનાં શરીરોનો ત્યાગ કરે છે, મોરલીના ધ્વનિરૂપ શબ્દમાં અનુરાગ રાખનારા નાગો પોતાના રાફડાઓમાંથી બહાર આવી ફણા ચઢાવી લડવા લાગતાં વાદીઓથી પકડાઇ પરતંત્ર થઇ યાવજ્જીવન વાદીના કંડીઆમાં પૂરાય છે, અને દાળીઆ ખાવામાં રુચિ રાખનારા મર્કટો દાળીઆની અર્ધી ભરેલી માણમાં બંને હાથ નાંખી બંને હાથની પૂરી ભરેલી મુંઠીઓ નહિ છોડવાથી મદારીથી પકડાઇ જન્મપર્યંત તેમના દાસ થાય છે. આ સર્વ હે મોહ ! તારા ઘોર પરાક્રમથીજ થાય છે, એમાં સંશય નથી.

હે મોહ ! અવળું હોય તેને સવળું સમજાવવામાં ને સવળું

હોય તેને અવળું સમજાવવામાં આ વિશ્વવિષે તારા જેવો કોઇ સમર્થ નથી. તું તમાકુ પીનારાઓને તમાકુ પીવાથી થતી હાનિ નહિ દેખાડતાં તમાકુમાં કલ્પિત ગુણો આરોપી તેમને દેખાડે છે, તમાકુ ચાવનારાઓ તથા તમાકુ સુંઘનારાઓસાથે પણ તું એવીજ રીતે વર્તે છે. મનુષ્યોને ગાંજો પીવામાં, ચરસ પીવામાં, ભાંગ પીવામાં, માજમ ખાવામાં, ભૂરકી ખાવામાં, ગાંજાનાં પાનડાં તથા બી ખાવામાં, અફીણ પીવામાં, સોમલ ખાવામાં, દારૂ પીવામાં, તાડી કે નીરો પીવામાં, કોકેન ખાવામાં, ચા પીવામાં, ને કાવો પીવામાં પણ તુંજ પ્રવૃત્ત કરે છે; અને તેમને પોતપોતાની પ્રિય વસ્તુની જીવિતપર્યંત અનન્યભક્તિ કરવાનું પણ તુંજ શીખવે છે.

તું કેટલાક મનુષ્યને પોતાનો ધંધો કરવાનું તથા કરકસરથી વર્તવાનું ભૂલાવી તેમને કિમિયામાં વા વિવિધ જૂગારમાં જોડે છે, અર્થાત્ કિમિયાની પાછળ તથા જૂગારની પાછળ જે મનુષ્યો ઘેલા થાય છે, તે તારા પ્રતાપથીજ ઘેલા થાય છે. અનિષ્ટ પરિણામ જોતાં છતાં પણ તે મનુષ્યો તારા કુમંત્રને વશ થયેલા હોવાથી તે દુર્વ્યસન છોડવા ઇચ્છા પણ કરતા નથી.

કેટલાક સત્તાધિકારીઓ તારી પ્રબલ સત્તાને શિરોધાર્ય સમજી પરિણામના વિચારને તિલાંજલિ દઇ ઉત્કોચ (લાંચ) લઇ દ્રવ્યસંગ્રહ કરવા ઇચ્છે છે, કેટલાક મનુષ્યો મિથ્યાભાષણવડે પોતાનો સ્વાર્થ સાધવા પ્રયત્ન કરે છે, કેટલાક મનુષ્યો ચોરવાના વા લુટવાના ધંધાવડે દ્રવ્ય મેળવવા પ્રયત્ન કરે છે, કેટલાક મનુષ્યો વિશ્વાસઘાતવડે હિત સાધવાનો પ્રયત્ન કરે છે, કેટલાક વ્યાપારીઓ વધારે દ્રવ્ય મેળવવા પોતાને લેવાનો માલ મોટાં તોલાંથી વા માપાંથી લે છે, ને અન્યને આપવાનો માલ ઓછાં તોલાંથી વા માપાંથી આપે છે,

કેટલાક વ્યાપારીઓ પોતાનો સ્વાર્થ સાધવા માલનો એક પ્રકારનો નમુનો બતાવી પછી ઊતરતા પ્રકારનો બીજો માલ આપે છે, કેટલાક સોનીઓ દ્રવ્યલાલસાને વશ થઈ પોતાને ત્યાં અલંકાર ઘડાવનાર ગ્રાહકનું સોનું વા રૂપું ચોરે છે, કેટલાક સુઇઓ વસ્ત્ર સીવડાવનારનું વસ્ત્ર ચોરે છે, કેટલાક દૂધ વેચનારા દૂધમાં પાણી ભેળવીને વેચે છે, કેટલાક ઘી વેચનારા ઘીમાં ચરબી ભેળવીને વેચે છે, ને કેટલાક દાડીઆ (મજુરો) દાડીએ કામ ક તા હોય ત્યારે જેમ બને તેમ ઓછો સમય કામ કરવા પ્રયત્ન કરે છે, આ સર્વ તારા પ્રસાદથીજ થાય છે.

હે મોહ ! તારી અનુલ્લંઘનીય આજ્ઞાને માન આપી કેટલાક વિષયલંપટ મનુષ્યો વારંવાર કામોદ્દીપક ઔષધોનું સેવન કર્યા કરે છે, કેટલાક મનુષ્યો અમર્યાદિતપણે વિષયનું સેવન કરે છે, ને કેટ-લાક મનુષ્યો વ્યભિચારાદિ કુકર્મમાં પ્રસન્નમને પ્રવૃત્ત થાય છે.

તારા પ્રતાપથીજ ઘણા મનુષ્યોનાં નેત્ર, વાણી ને હાથ બહુ ચપલ રહે છે, અને મનુષ્યોનો કેટલોક ભાગ આહાર જીવનના નિર્વાહ-માટે છે એ વાત ભૂલી જઇ આહારને માટે જીવન છે એમ સમજી અત્યાહાર કરે છે. અત્યાહારથી ઉત્પન્ન થતા અજીર્ણદોષવડે તેઓનાં શરીરો પ્રાયશઃ નિત્ય જ્વરયુક્ત રહે છે, તેમનાં નેત્રો બળ્યા કરે છે, તેમનું માથું દુઃખ્યા કરે છે, તેમનો બરડો ફાટયા કરે છે, ને તેમના પેટમાં ન્યૂનાધિક દુઃખ થયા કરે છે, છતાં તેઓ તારી અનપાયિની ભક્તિ દૂષિત ન થાય તે માટે અત્યાહાર કરવાનું છોડતા નથી. આવા તારા અનન્યભક્તોને દેહથી, દેહબલથી, ઈંદ્રિયસામર્થ્યથી ને બુદ્ધિસામર્થ્યથી મુક્ત કરવાને તુંજ સમર્થ છે। અન્ય કોઇ સમર્થ નથી.

હે મોહ ! તુંજ રણની સમીપમાં રહેનારાં તૃષાર્ત મૃગોને ઉષ્ણ-

કાલના મધ્યાહ્નને મરુમરીચિકા–ઝાંઝવાના જલ—ભણી વારંવાર દોડાવી તેમના પ્રાણોનું હરણ કરે છે, તુંજ મનુષ્યોને અનુચિત તૃષ્ણાઓમાં જોડી નાનાપ્રકારનાં દુઃખો ભોગવાવે છે, અને તુંજ તારા પ્રતાપથી સ્ત્રીતૃષ્ણાને વશ થયેલા પુરુષપાસે ને પુરુષતૃષ્ણાને વશ થયેલી સ્ત્રીપાસે ઘણાં ઘણાં અનુચિત કર્મો કરાવે છે. તારા નિર્દય ને ઘોર કર્મો જોઇ પોતાનું હિત ઇચ્છનારા મનુષ્યો કંપી ઊઠે એ સ્વાભાવિકજ છે.

તારા અલૌકિક મહિમાવડેજ જ્યાં જલનો છાંટો પણ ન હોય ત્યાં કેટલાક મનુષ્યોને નિર્મલ ને મધુર જલથી ભરેલી મોટી નદી પ્રતીત થાય છે, અને જ્યાં નિર્મલ ને મધુર જલથી ભરેલી મોટી નદી વહેતી હોય ત્યાં તેમને વિશાલ નિર્જલભૂમિ પ્રતીત થાય છે.

હે મોહ ! જે વિષયોમાં સેંકડો દુઃખો ને દોષો રહેલાં છે તે વિષયોમાં રમણીયતાની ને પરમસુખની પ્રતીતિ કરાવી તેમના આ-રૂઢ રાગપૂર્વક સેવનમાં મનુષ્યોના મોટા ભાગને તુંજ જોડે છે, અને અતિરમણીય ને પરમાનંદરૂપ બ્રહ્મમાં મનુષ્યોના મોટા ભાગને પ્રતિ-કૂલપણાનું ભાન કરાવી તેમાં તેમને તુંજ વિશ્રાંતિ લેવા દેતો નથી. હે મોહ ! આ તારી કેવી ભયંકર ભૂલવણી છે !

સતશાસ્ત્રો, સત્પુરુષો, યુક્તિરૂપ અનુમાન, ને સ્વાનુભવથી જે હિતાહિતનો વાસ્તવિક નિશ્ચય થતો હોય તે નિશ્ચયાનુકૂલ મનુષ્યોનો મોટો ભાગ પોતાનાં મન, ઇંદ્રિયો ને શરીરને રાખી શકતો નથી, પણ તેમને તેથી વિપરીતમાર્ગે વર્તવા દે છે, તે હે મોહ ! તારી ગહનગતિને લીધેજ છે.

જે વિચારમાં ને જે ક્રિયામાં શાંતિ, તૃપ્તિ, આનંદ, નિર્ભયતા કે પવિત્રતાનો ગંધ પણ નથી, પણ તેનાથી વિપરીત ધર્મો એટલે

અશાંતિ, અતૃપ્તિ, દુઃખ, ભય ને મલિનતા રહેલાં છે તે વિચારમાં ને તે ક્રિયામાં હે મોહ ! તું મનુષ્યોના મોટા ભાગના પૂર્વાનુભવનું વિસ્મરણ કરાવી તેમને શાંતિ, તૃપ્તિ ને આનંદાદિનું ભાન કરાવી નિર્દયપણે જોડે છે, અને જે વિચાર ને જે ક્રિયા શાંતિ, તૃપ્તિ, આનંદ, નિર્ભયતા ને પવિત્રતાથી પરિપૂર્ણ છે તે વિચારમાં ને તે ક્રિયામાં તું મનુષ્યોના મોટા ભાગને અવળું સમજાવી પ્રસન્નમનથી જોડાવા દેતો નથી. તારી આવી નિર્દયતા કયા વિવેકી મનુષ્યને ભય ન ઉપજાવે ?

હે મોહ ! શાસ્ત્રનું વાચન પોતાના શાસ્ત્રીય કર્તવ્યમાં ઉત્સાહ વધારવામાટે, પોતાના શાસ્ત્રીય કર્તવ્યનું યથાર્થ સ્વરૂપ સમજવામાટે, સત્યાસત્યના વિચારને સુદૃઢ કરવામાટે, દૃશ્ય પદાર્થોમાં રહેલા આરૂઢ રાગદ્વેષનો નિઃશેષ નાશ કરવામાટે, ને પોતાના ચિત્તની યોગ્યતા વધારવામાટે છે, પણ વૃથા કાલક્ષેપ કરવામાટે કે માત્ર ચિત્તના ઔત્સુક્યની નિવૃત્તિ કરવામાટે નથી, છતાં તું ઘણા મનુષ્યોને વૃથા કાલક્ષેપ કરવામાટે વા માત્ર પોતાના ચિત્તના ઔત્સુક્યની નિવૃત્તિ કરવામાટે નિરુપયોગી પુસ્તકોના વાચનમાં, કુસંસ્કાર પાડે એવી વાર્તાની કે નાટકોની ચોપડીઓ વાંચવામાં, વા વર્તમાનપત્રોમાંનાં જે લખાણો પોતાને વ્યવહારપરમાર્થમાં ઉપયોગી ન હોય તે લખાણો વાંચવામાં જોડે છે.

અંતઃકરણ તથા ઇંદ્રિયોના જે નિષિદ્ધ વેગો રોકવામાં આ લોકનો તથા પરલોકનો મોટો લાભ રહેલો છે તે નિષિદ્ધવેગોને રોકવાનો પ્રયત્ન હે મોહ ! તું મનુષ્યોના મોટા ભાગને કરવા દેતો નથી, અને જેમાં તેમનો વ્યવહાર ને પરમાર્થ બગડવાનો પૂરેપૂરો સંભવ છે તેમાં તું તેમને જોડે છે, આ તારું વિલક્ષણ પરાક્રમ જગતમાં કયા વિવેકી પુરુષને અજ્ઞાત છે ?

કેટલાક માણસો પોતાના ભાવિ હિતનો વિચાર કરી પોતાના કુસ્વભાવો ત્યજી ભવિષ્યમાં સારી રીતે વર્તવાના નિશ્ચયો કરે છે, પણ હે મોહ ! તું તેમના તે શુભ નિશ્ચયોને લાંબો સમય ટકવા દેતો નથી, ને અલ્પ સમયમાંજ તું તેમના તે શુભ નિશ્ચયોપર તેમને હાથે હરતાળ મરાવી તેમની અકર્તવ્યમાં પ્રવૃત્તિ કરાવે છે.

હે મોહ ! તારા પ્રતાપથીજ ઘણા મનુષ્યો પોતાના કુસ્વભાવોને વા દોષોને જાણવા સમર્થ થતા નથી, અને કોઇ મનુષ્ય કાંઇક અંશે પોતાના કુસ્વભાવોને વા દોષોને જાણવા સમર્થ થાય છે તો તે મનુષ્ય તારા પ્રતાપથી તે કુસ્વભાવોનો વા દોષોનો ત્યાગ કરવામાટે યથાયોગ્ય પ્રયત્ન કરી શકતો નથી.

હે મોહ ! તારો કુમંત્ર મહાસમર્થ છે. તારા કુમંત્રને વશ થવાથીજ અન્ય મનુષ્યોને સમયનો સદુપયોગ કરવાનું કહેનારા કેટલાક મનુષ્યો સમયનો દુરુપયોગ કરે છે, અન્ય મનુષ્યોને મદ્યમાંસનો ઉપયોગ કરવામાં દોષો જણાવનારા કેટલાક મનુષ્યો પ્રસન્નમને મદ્યમાંસનું સેવન કરે છે, અન્ય મનુષ્યોને વ્યભિચારાદિમાં દોષો દેખાડનારા કેટલાક મનુષ્યો વ્યભિચારાદિમાં પ્રવૃત્ત થાય છે, અને અન્ય મનુષ્યોને ચોરી કરવામાં પાપ રહેલું છે એમ કહેનારા કેટલાક મનુષ્યો કોઇ એક પ્રકારની ચોરી કરવામાં નિઃશંક થઇ પ્રવૃત્ત થાય છે.

મોહ ! તારી ભૂલવણી સામાન્ય નથી, પણ અદ્ભુત છે, તેથીજ ઉત્તરભણી જવાનો પોતાનો નિશ્ચય જણાવનારા કેટલાક મનુષ્યો દક્ષિણભણી ગમન કરતા પ્રતીત થાય છે, અર્થાત્ પોતાના ઉદ્દેશનું વિસ્મરણ કરી પોતાના ઉદ્દેશના વિઘાતકકર્મના અનુષ્ઠાનમાં પ્રસન્નતાપૂર્વક પ્રવૃત્તિ કરે છે.

હે મોહ ! તારી ક્રૂર ને ભયંકર ગર્જના સાંભળી ઘણા મનુષ્યો-

ના મનમાંથી વિવેક, વૈરાગ્ય, શમ, દમ ને શ્રદ્ધાદિ શુભ ગુણો દૂર થઇ જાય છે. વનમાં સિંહના આગમનથી જેમ નિર્બલ પશુઓ તે વનમાં નિર્ભયપણે રહી શકે નહિ, તેમ હે મોહ ! તારો કોઇ સામાન્ય વિવેકાદિવાળા મનુષ્યના મનમાં પ્રવેશ થયા પછી તે મનમાં વિવેકાદિ શુભ ગુણો નિર્ભયપણે રહી શકતા નથી.

હે મોહ ! તારી સત્તાને અધીન થઇનેજ કેટલાક મનુષ્યો બકરા આદિ પશુઓનું વા કૂકડાં આદિ પક્ષીઓનું તેમણે માનેલા દેવોને બલિ આપી ધર્મની પ્રાપ્તિ થયાનું માને છે, કેટલાક શુક્રના વા રુધિરના પાનવડે ધર્મનો લાભ થયાનું માને છે, કેટલાક મલમૂત્રનું વા મૃત મનુષ્યના શરીરનું ભક્ષણ કરવાથી પુણ્યની પ્રાપ્તિ થવાનું માને છે, કેટલાક મદ્યપાનમાં માંસભક્ષણમાં ને મત્સ્યભક્ષણમાં ધર્મની પ્રાપ્તિ થવાનું સમજે છે, કેટલાક મનુષ્યના મુડદાપર બેસી મંત્રજપ કરવાથી ઇષ્ટ વસ્તુનો લાભ થવાની લાલસા રાખે છે, કેટલાક પર્વત-ઉપરથી પડતું મેલી મરણ પામવાથી પુણ્ય થશે એમ માને છે, કેટલાક નદીમાં કે સમુદ્રમાં ડુબી મરવાથી પુણ્ય થયાનું સમજે છે, ને કેટલાક પોતાનું રુધિર કે મસ્તક દેવને અર્પણ કરવાથી પુણ્યલાભ થાય છે એમ સમજે છે.

હે ક્રૂર મોહ ! તારા કપટકૌશલ્યને નહિ સમજનારા અને તેથી-જ પોતાના વર્તનવડે તારું દાસત્વ સ્વીકારનારા કેટલાક મનુષ્યો સદ્‌ગુરુની અથવા પરમાત્માની કૃપાની કયા કયા વિષયમાં કેટલે અંશે અગત્ય છે, તથા કયા કયા વિષયમાં કેટલે અંશે પોતાને સદાગ્રહ-પૂર્વક પુરુષપ્રયત્ન કરવાની અગત્ય છે તે સમજી શકતા નથી, તેથી તેઓ પોતાના મુખથી તેમની કૃપાની યાચનાના પોકારો પાડયા કરે છે, અને સ્વકર્તવ્યનું અનુષ્ઠાન કરવામાં સદાગ્રહપૂર્વક પ્રયત્ન સેવતા

નથી. નિરભિમાનપણે સ્વકર્તવ્યનું અનુષ્ઠાન કરવામાં સદાગ્રહપૂર્વક પ્રયત્ન કરનારના ઉપરજ સદ્‌ગુરુની અથવા પરમાત્માની કૃપા થવી સંભવે છે એમ કોઇ વિવેકી પુરુષ તેમને સમજાવે તોપણ તેઓ તારા કુમંત્રને વશ થયેલા હોવાથી સમજતા નથી, અને કાદવમાં ખુચી ગયેલા મારા ગાડાના પૈડાને હું સુઇ રહું ને પરમાત્મા ઉપરથી આવી કાદવમાંથી બહાર કાઢે, તથા મારા ગાડાના બળદોને હાંકે એમ ઇચ્છે છે !

હે સંશયી ને અવિવેકી જીવોના મહારાજાધિરાજ મોહ ! જીવોના વિવેકજ્ઞાનને અત્યંત જર્જરિત કરી નાંખનારી તારી કૃપાવડે કેટલાક મનુષ્યો પોતાના અંતઃકરણની દુર્બલતાથી પ્રતીત થનારા મિથ્યા દેખાવોને યોગસામર્થ્યથી કે મંત્રસામર્થ્યથી પ્રતીત થયેલા દેખાવો માને છે. વળી તારે વશ વર્તનારા કેટલાક મનુષ્યો પોતાના અંતઃકરણના પ્રબલ વિષયાનુરાગને પરમાત્માની ભક્તિનું રૂપ આપે છે, ને કેટલાક તારા ભક્તો ગુરુજનોની આજ્ઞાના ઉલ્લંઘનરૂપ ઉન્મત્તપણાને સ્વતંત્રપણાનું નામ આપે છે.

મનુષ્યને વિવેકરૂપ નેત્રરહિત કરનાર હે નિર્દય મોહ ! તારા પરાક્રમથીજ કેટલાક મનુષ્યો આલસ્યનો તથા વૈરાગ્યનો ભેદ સમજી શકતા નથી, ને પોતાના આળસુસ્વભાવને વૈરાગ્યનું સ્વરૂપ આપી પોતાના જીવનનો પોતાને માટે કે અન્યને માટે સદુપયોગ નહિ કરતાં પૃથિવીઉપર નિરર્થક ભારરૂપ થઇ પડયા રહે છે. વળી કેટલાક મનુષ્યો નિર્લજ્જતા ને શૌર્યનો ભેદ તારી કૃપાથી સમજી શકતા નથી, ને તેઓ નિર્લજ્જતાને શૌર્યનું રૂપ આપી પોતાની શ્લાઘા કરે છે.

હે મોહ ! તારા કૃપાકટાક્ષથીજ કેટલાક મનુષ્યો ધર્માધર્મનું

સ્વરૂપ સમજી શકતા નથી, કેટલાક મનુષ્યો સ્થૂલધર્મને સ્વચ્છંદીપણે સૂક્ષ્મધર્મ માને છે, ને સૂક્ષ્મધર્મનું સ્વરૂપ સમજવા પ્રયત્ન કરતા નથી, તથા તેનું શુદ્ધભાવથી અનુસરણ કરતા નથી.

હે મોહ ! તારા વિલક્ષણ પ્રસાદથીજ કેટલાક મનુષ્યો કુપાત્રે દાન દેવામાં પ્રસન્નતાપૂર્વક પ્રવૃત્ત થાય છે, ને સુપાત્રે દાન દેવામાં વિવેકીઓના સમજાવ્યા છતાં પણ તેઓ પ્રવૃત્ત થતા નથી.

હે મોહ ! તારા કેટલાક ભક્તો તારી વિશેષ કૃપા સંપાદન કરવા પોતાના વ્યવહારમાં શુદ્ધિ સેવતા નથી–તેઓ જેની તેની પાસેથી ઊછીતું લેવાનું સમજે છે, પણ પ્રાયશઃ પાછું દેવાનું સમજતાજ નથી, પોતાની સ્થિતિનો પૂરતો વિચાર કર્યા વિના જેનું તેનું નિરર્થક ઋણ કર્યા કરે છે, ને તે ઋણ પતાવવામાટે લેશ પણ ચિંતા રાખતા નથી, તથા તેને માટે યોગ્ય ઉપાય પણ યોજતા નથી.

હે મોહ ! તારા કેટલાક અનન્યભક્તો તારે રંગે રંગાયેલા પોતાના મનની આજ્ઞા માનવામાં જેટલી સાવધાનતા સેવે છે તેટલી સાવધાનતા તેઓ પોતાના માનેલા સદ્ગુરુની આજ્ઞા માનવામાં પણ સેવતા નથી. અરે ! તારા અનન્ય સેવકો તારા પક્ષપાતવાળા પોતાના મનની આજ્ઞાનુંજ પ્રસન્નતાપૂર્વક પરિપાલન કરે છે, ને પોતાના માનેલા સદ્ગુરુની કે માતપિતાદિ અન્ય હિતેચ્છુજનોની આજ્ઞાનું પરિપાલન કરવાનો વિચારસરખો પણ કરતા નથી.

કોઇ પણ મનુષ્ય વિવેકના અનુષ્ઠાનવડે તારો અભિભવ કરવા ધારે તો કરી શકે એમ છે, છતાં હે મોહ ! તારા અનન્યભક્તો પોતાના સ્વામીનો દ્રોહ કરવામાં મોટું પાપ રહ્યું છે એમ સમજી વિવેકનો ઉદય તથા તેનું પોષણ કરનારી સામગ્રીનું લેશ પણ સેવન કરતા નથી. આવા તારા પશુતુલ્ય ભક્તોપર જ્યારે તુંજ કૃપા કરી

તેમને પુષ્કલ દુઃખાનુભવ કરાવી તેમના હિતમાટેનું કર્તવ્ય સમજાવશે ત્યારેજ તેઓ સમજશે, કારણકે અન્યનો ઉપદેશ તેમને કામ આવવાનો સંભવ બહુ ન્યૂન જણાય છે.

હે મોહ ! આ જગત્માં તારા અસ્તિત્વનું કારણ કૃતાર્થ થવા ઇચ્છનારા મનુષ્યો વિવેકના અનુષ્ઠાનવડે વિવેકની પરિપૂર્ણ પ્રાપ્તિ કરી પોતાના અંતઃકરણમાં જેટલી તારી સત્તા રહેલી હોય તેને નિઃશેષ દૂર કરી પોતાના અંતઃકરણનો અધિકાર વધારે તે છે, માટે તું ભાગ્યશાલી મનુષ્યોપર દયા કરી તેમને આ જગત્માં તારા અસ્તિત્વનું વાસ્તવિક કારણ જણાવી તેમના શુભ કર્તવ્યમાં જોડ.

આ મોહસ્તવનો શુદ્ધભાવથી સમજપૂર્વક જે મનુષ્ય પાઠ કરે તે મનુષ્યપર પરમકારુણિક અંતર્યામી પરમાત્મા દયા કરી તેમના અંતઃકરણમાં વિવેકની વૃદ્ધિ કરો, ને તેમને મોહને દૂર કરી નાખવાનું અમોઘ બલ આપો.

ઇતિ શ્રીવિનોદમાલામાં મોહસ્તવનામનું નવમું પુષ્પ. ૯.

ૐ

॥ मदस्तव ॥

૧૦.

હે મદ ! તું ગર્વ, અભિમાન ને અહંકાર એ નામોથી આર્યોમાં પ્રસિદ્ધ છે. તારું નામજ મદ છે એટલે જે મનુષ્યોના અંતઃ

કરણમાં તારો આવિર્ભાવ થાય તે મનુષ્યોનાં અંતઃકરણો, ઇંદ્રિયો ને શરીરો ઉન્મત્ત થઇ જાય એમાં કાંઇ આશ્ચર્ય નથી.

હે મદ ! જ્યારે તું કોઇ પણ મનુષ્યના હૃદયમાં પ્રકટે છે ત્યારે તે મનુષ્યની શાંતિ, નમ્રતા, વિવેક ને વૈરાગ્યનો નાશ કરી તેના હૃદયમાં રજોગુણની વૃદ્ધિવડે એક જાતનો આવેશ ને કંપ ઉત્પન્ન કરે છે, તેના મુખપર તેની શ્રેષ્ઠતા જણાવનારો ને અન્યની અવગણના જણાવનારો ભાવ પ્રકટ કરે છે, તેની આંખોને કાંઇક ચળકતી ને પ્રફુલ્લ કરે છે, તેની વાણીને તેની સાચીખોટી મોટાઇ ગાવામાં ને અન્યનો ન્યૂનાધિક અંશે પ્રકટ અપ્રકટ તિરસ્કાર કરવામાં વેગવતી કરે છે, ને તેના હાથને પણ અભિમાનદર્શક ચેષ્ટાઓમાં જોડે છે.

હું રૂપાળો છું, હું જુવાન છું, હું ધનાઢ્ય છું, હું સત્તાધીશ છું, હું કુલવાન્ છું, હું બલવાન્ છું, હું વિદ્વાન્ છું, હું તપસ્વી છું, ને હું ધર્માત્મા છું, આવાં આવાં પુણ્યની હાનિ કરનારાં વચનો બોલવાની કેટલાક મનુષ્યો જે પ્રવૃત્તિ કરે છે તે પ્રવૃત્તિ હે મદ ! તારા પ્રસાદથીજ થાય છે, એમાં શંકા નથી.

હે મદ ! તારી કૃપાથીજ કેટલાક મનુષ્યો વસ્તુતાએ વિદ્વાન્ નહિ છતાં પોતાને વિદ્વાન્, ને યોગ્ય શુભગુણોવાળા નહિ છતાં સર્વ-શુભગુણસંપન્ન માને છે, તેથી તેઓ વધારે વિદ્યા મેળવવા તથા નવા શુભગુણો સંપાદન કરવા લેશ પણ પ્રયત્ન કરી શકતા નથી.

હે મદ ! જેમનાં અંતઃકરણો તારાથી અભેદભાવને પામ્યાં છે એવા મનુષ્યો અક્કડ થઇને ફરે છે, પૂજ્ય દેવોની પ્રતિમાઓને તથા પૂજ્ય પુરુષોને નમવામાં તેમની પ્રવૃત્તિ થતી નથી, માતપિતા-ની સાથે, જ્યેષ્ઠ બંધુઓની સાથે, ને ગુરુની સાથે વિનયથી વર્તતા

નથી, નાના ભાઇઓની તથા ભગિનીઓની સાથે શુદ્ધ સ્નેહવાળું વર્તન રાખતા નથી, સેવકાદિના ઉપર જોઇએ તેવી દયા દર્શાવતા નથી, ને જે જે મનુષ્યો પ્રયોજનવશાત્ તેમના પ્રસંગમાં આવે છે તેમને પ્રાયશઃ અસંતોષ ઉત્પન્ન થાય એવી રીતે તેમની સાથે વર્તે છે.

હે મદ ! જે જે મનુષ્યના અંતઃકરણનો તારી સાથે સંબંધ થાય છે તે તે મનુષ્યના અભ્યુદયને તું અટકાવે છે. જેમ જે વૃક્ષને કે છોડને નીચેથી કે ઉપરથી જલ મળતું નથી તે વૃક્ષ કે છોડ વધતાં બંધ થઇ સૂકાઇ જાય છે, તેમ જે મનુષ્ય નમ્રતાથી રહિત એટલે અભિમાની થાય છે તે મનુષ્યની ઉન્નતિ થતી અટકી તે અધોગતિને પ્રાપ્ત થાય છે.

હે મદ ! તારે વશ વર્તનારા કેટલાક મનુષ્યો જે તે પ્રસંગમાં અસત્ય બોલવામાં પાછું વાળી જોતા નથી. પ્રયોજને કે વિનાપ્રયોજને મોઢેથી શાસ્ત્રોનાં ખોટાં પ્રમાણો આપવામાં, મોટા ગણાતા મનુષ્યોની સાથેનો સગપણમાં પોતાનો ખોટો સંબંધ વા ખોટો પરિચય જણાવવામાં, અન્યનાં કરેલાં શુભ કર્મોને પોતાનાં કરેલાં કહેવામાં, અને આવીજ બીજી પોતાના સંબંધની ખોટી મોટાઇની વાતો કહેવામાં તેમને લેશ પણ લજ્જા આવતી નથી. તારે વશ થયેલા તેઓ આત્મશ્લાઘા કરવામાં લેશ પણ પાપ સમજતા નથી, પણ ઊલટા એમ માનતા હોય એમ જણાય છે કે લોકો મૂર્ખ છે, ને અમે લોકોની આંખોમાં ધૂળ નાંખવામાં બહુ ચતુર છીએ.

હે મદ ! તારામાં પ્રીતિ રાખનારા કેટલાક પુરુષો તથા કેટલીક સ્ત્રીઓ પોતાની તથા પોતાના સંબંધિજનોની પ્રાયશઃ ખોટી મોટાઇ અન્ય મનુષ્યોની આગળ જણાવવામાં તથા અન્યજનોની અધમતા વર્ણવવામાં બહુ નિપુણતા દર્શાવે છે. તેઓ જ્યારે કોઇ

મનુષ્યને મળે ત્યારે ભાગ્યેજ પોતાની મોટાઇની વાતથી ભિન્ન કોઇ સારી વાત તેમના આગળ કરે છે.

હે મદ ! તારા પ્રતાપથી અત્યંત અંજાઇ ગયેલા કેટલાક મનુષ્યો અણસમજુ મનુષ્યોની આગળ મારે પોતાની મોટાઇ જણાવવી તે નિરર્થક છે, કેમકે તેઓ મારું કહેવું જોઇએ તેવી રીતે સમજી શકવાના નહિ, ને સમજુ મનુષ્યોની આગળ મારે પોતાની મોટાઇ જણાવવી તે પણ નિરર્થક છે, કેમકે તેઓ તો મારી યોગ્યતાનો નિર્ણય પોતાના મેળે કરી શકે એવા હોય છે, એમ સમજી શકતા નથી, અને જેની તેની આગળ પોતાની મોટાઇનાં સાંભળનારને અરુચિકર લાગે એવાં ગીતો ગાયા કરે છે.

હે મદ ! તારો અનન્ય ભક્ત રાવણ તારા સેવનમાં અભિરુચિ રાખવાથીજ પોતાના પ્રિયજનોનો પોતાની પૂર્વે નાશ કરાવી, પોતાની મોટી સત્તા તથા સમૃદ્ધિ ખોઈ, ને પોતાનાં દશ માથાં તથા વીશ હાથો કપાવી, નાશ પામ્યાની વાત કયા આર્યને અજ્ઞાત છે ? આવા મહાસમર્થ ને પોતાને પંડિત માનનાર રાવણનો પણ તેં તારા મહાસામર્થ્યથી નાશ કરાવ્યો ત્યારે તું તે રાવણથી પણ મહાસમર્થ ને મહાપંડિત છે એમ સ્વીકાર્યા વિના કેમ ચાલે ? કુંભકરણ ને ઇંદ્રજિત્ આદિ બીજા ઘણા અસુરો પણ તારે વશ થવાથીજ ભયંકર મૃત્યુના ગ્રાસ થયા છે.

હે મદ ! તારા પ્રસાદથીજ સહસ્રાર્જુને તથા બાણાસુરે પોતાના હાથો કપાવ્યા, તથા પોતાના શત્રુથી પરાભવ પામ્યા. દુર્યોધન, કર્ણ, કંસ, દંતવક્ત્ર ને શિશુપાલ આદિ પણ તારી કૃપાથીજ માર્યા ગયા છે. આમ તું જેને તારા ગણે છે તેની અવનતિ વા નાશ કરાવીનેજ તું પ્રસન્ન થાય છે; આવી તારી ભયંકર નિષ્ઠુરતા છે.

હે મદ ! તારા પ્રતાપથીજ રૂપવાન્ પુરુષ કે સ્ત્રી પોતાના સ્થૂલશરીરના રૂપનો ગર્વ કરે છે, ને પોતાના સ્થૂલશરીરના રૂપના અસ્થિરપણાને, ભાવિમાં પોતાના સ્થૂલશરીરને કુરૂપ કરી નાંખનારા ભયંકર રોગોને, પોતાનું સ્થૂલશરીર જે અપવિત્ર ને દુર્ગંધયુક્ત પદાર્થોના સમૂહરૂપ છે તે પદાર્થોને, પોતાના શરીરના મલિન ઉપાદાનકારણને,જન્મ થયાપહેલાંના તેના નિવાસસ્થાનને, તેના જન્મ થવાના સ્થાનને, શરીરમાં થતા આહારાદિના રસાદિરૂપ પરિણામને, સ્થૂલશરીરનાં નવ દ્વારોમાંથી નીકળતા અપવિત્ર ને દુર્ગંધયુક્ત પદાર્થોને, તથા રોમકૂપોમાંથી નીકળતા મલિન પ્રસ્વેદને ને મલને ભૂલી જાય છે.

હે મદ ! તારા અનુગ્રહવડે કોઇ જુવાન પુરુષો તથા સ્ત્રીઓ પોતાની અલ્પ સમય રહેનારી જુવાનીના તોરમાં વાંકાં, ઠેકતાં, લટકાં કરતાં, તથા છાતી કાઢીને ચાલતાં પ્રતીત થાય છે. જુવાનીની પછવાડે ભયંકર વૃદ્ધાવસ્થા રહે છે. જે અવસ્થામાં પરાધીનતા, શરીરની અશક્તિ, જઠરાગ્નિની મંદતા, બુદ્ધિમાંદ્ય, ઊધરસ, પળીઆં ને ચામડીમાં પડેલી કરચલીઓ આદિ દુઃખ આપે છે. આ સર્વ તારી કૃપાથી તે વેલા તેમને સાંભરતું નથી. વૃદ્ધ પુરુષો કે વૃદ્ધ સ્ત્રીઓને તેમના ધોળા થઇ ગયેલા વાળને કલપ લગાડી કાળા કરવાના કામમાં તથા અનુચિત ઔષધોના સેવનમાં પણ તુંજ જોડે છે. તેમની આવી કુચેષ્ટાથી તેમના ગયેલા યૌવનની તેમને પુનઃ પ્રાપ્તિ થતી નથી, પણ તેઓ તારે વશ થયેલાં હોવાથી આવી કુચેષ્ટામાં પ્રવૃત્તિ કરતાં લજ્જા પામતાં નથી, પણ પ્રસન્ન થાય છે.

હે મદ ! તારા વિલક્ષણ પ્રસાદથીજ કેટલાક ધનાઢ્યો ધનના ને પોતાના સંયોગના અસ્થાયીપણાને ભૂલી જઇ છકી જાય છે, અને પરમેશ્વરને, પરમેશ્વરપ્રતિના પોતાના કર્તવ્યને, ગુરુજણીના

પોતાના કર્તવ્યને, સંબંધિજનોપ્રતિના પોતાના કર્તવ્યને, અન્ય મનુષ્યો-ભણીના પોતાના કર્તવ્યને તથા અન્ય પ્રાણીઓપ્રતિના પોતાના કર્તવ્યને ભૂલી જઇ દુષ્ટ વિચારોનું ને દુષ્ટ પ્રવૃત્તિનું સેવન કરવામાં રચ્યાપચ્યા રહે છે.

હે મદ ! તું જેના ઉપર કૃપા કરે છે તે માણસજ બદલાઇ જાય છે. કોઇ પણ મનુષ્યઉપર તારી કૃપા થયેલી જાણવામાં આવતાંજ જેમ મુડદાપર ગીધો ત્રુટી પડે તેમ કુવિચાર, અનુચિત ભાષણ, નેત્રચાપલ્ય, હસ્તચાપલ્ય, સ્તબ્ધીભાવ, અન્ય મનુષ્યોપ્રતિ તિરસ્કાર, નિર્દયતા, અશાંતિ, વ્યાકુલતા અને અનુચિત પદાર્થોનું સેવન ઇત્યાદિ તારા દાસો તથા દાસીઓ સહસા ત્રુટી પડે છે. તારા દાસો તથા દાસીઓ સ્વામિભક્ત હોવાથી તારા કૃપાપાત્ર ભક્તને પોતાના ભયંકર પરાક્રમનો સ્વાદ સારી રીતે ચખાડયા કરે છે.

હે મહાવીર મદ ! તારા કૃપાપાત્ર મનુષ્યો મૂઢ થઇ જવાથી શુભાશુભ વિચારના તથા કર્મના સ્વરૂપને સમજી શકતા નથી, આંખે અંધ થઇ જવાથી જોવાયોગ્યનો અને નહિ જોવાયોગ્યનો વિવેક કરી શકતા નથી, બધિર થઇ જવાથી સાંભળવાયોગ્યનો તથા નહિ સાંભળવા-યોગ્યનો ભેદ જાણી શકતા નથી, તેમજ ગુરુજનોના હિતકર ઉપદેશને સાંભળી શકતા નથી, ને ત્રિદોષથી યુક્ત થઇ ગયેલાના જેવા થઇ જવાથી બોલવામાં, ચાલવામાં, બેસવામાં કે અન્યક્રિયા કરવામાં કાંઈ ભાન રાખતા નથી.

હે મદ ! તેં જેમનાં મનબુદ્ધિરૂપ નેત્રો હરી લીધાં છે એવા તારા અનન્યભક્તો સત્પુરુષોનો સદુપદેશ સાંભળી ગુપ્ત વા પ્રકટ હસે છે, કોઇ વેલા તેમનું અનુચિત બોલવાવડે કે બીજી રીતે અપ-માન પણ કરે છે, કોઇ પણ મનુષ્યે આપેલી સાચી શીખામણ

તેમને કડવી ઝેરજેવી લાગે છે, સુવિચાર ને સદાચાર તેમને શત્રુજેવા અને કુવિચાર ને દુરાચાર તેમને મિત્રજેવા લાગે છે. અભક્ષ્ય ને અપેય પદાર્થો તેમને પ્રિય પ્રતીત થાય છે, તેઓ વસ્તુતાએ કાંઇ સમજતા હોતા નથી, છતાં અમારા જેવું જગત્માં કોઇજ સમજતું નથી એમ ધારે છે, ને જગત્માં જેઓ અમારાથી વધારે ડાહ્યા કહેવરાવે છે તેઓ વસ્તુતાએ મૂર્ખ છે એમ તેઓ માને છે, તથા પોતાના જેવા અન્યની આગળ તેવું કથન પણ કરે છે. તેમને વિનાવિચારે હા જી હા કરનારા ને તેમની અનુચિત આજ્ઞાઓ ઊપાડનારા પ્રિય લાગે છે, પણ નિર્ભયતાથી સત્ય ભાષણ કરનારા તેમને દીઠા પણ ગમતા નથી.

હે મદ ! તું પરમેશ્વરનો અનુચર હોય એમ જણાય છે, કારણકે જેમણે પૂર્વનાં કુકર્મોવડે પોતાનાં અંતઃકરણોમાં કુસંસ્કાર પાડ્યા હોય છે, ને તેથી જેમના ઉપર કર્મફલપ્રદાતા પરમેશ્વરની અકૃપા થઇ હોય છે, ત્યાં તેમના કુસંસ્કારોના ફલરૂપ તેમની અધોગતિ કરવા તું જાય છે.

હે મદ ! વિનયના અનુષ્ઠાનવડે ને વિનયવાળા પુરુષોના સમાગમવડે તારો પરાજય કરી શકાય છે, છતાં તારા પરમોપાસકો તેમનું સેવન કરવામાં શરમાતા હોય, વા તારી અકૃપા થવાનું અનુમાન કરી ભય માનતા હોય, એમ જણાય છે, કેમકે તેમની તેમાં રુચિજ પ્રતીત થતી નથી.

આ મદસ્તવનો જે મનુષ્ય સમજપૂર્વક શુદ્ધભાવથી પાઠ કરે તે મનુષ્યપર નિર્હેતુક કૃપાલુ અંતર્યામી પ્રભુ કૃપા કરો, અને તેને નમ્રતા વા વિનયવડે મદનો જય કરવાનું અમોઘ સામર્થ્ય આપો. ૐ.

ઇતિ શ્રીવિનોદમાલામાં મદસ્તવનામનું દશમું પુષ્પ. ૧૦.

ॐ

॥ मत्सरस्तव ॥

૧૧.

હે મત્સર ! ગુજરાતીલોકો તને ઈર્ષ્યા વા અદેખાઈના નામથી પણ ઓળખે છે. જે મનુષ્યના ચિત્તમાં તારો પ્રવેશ થાય છે તે મનુષ્યનું ચિત્ત તુરત દાહ પામવા લાગે છે, કેમકે પ્રાણીઓનાં ચિત્તો તારા ઇંધનરૂપ છે. એવી રીતે પ્રાણીઓનાં ચિત્તોને પ્રજ્વલિત કરનાર તું લૌકિક અગ્નિના કરતાં અનંતગુણ બલવાન્ છે એમાં શંકા આણવી યોગ્ય નથી.

તારી ઉપાસનામાં પ્રીતિ રાખનારા અર્થાત્ પોતાના ચિત્તમાં તને પ્રસન્નતાપૂર્વક અવકાશ આપનારા મનુષ્યો જ્યારે અન્ય મનુષ્યની વિદ્યાવૃદ્ધિ, ધનવૃદ્ધિ, સત્તાવૃદ્ધિ કે યશોવૃદ્ધિને સાંભળે છે, વા જુએ છે, ત્યારે તેમના મનમાં અકારણ અત્યંત દુઃખ થવા લાગે છે. હે મત્સર ! આવી રીતે તું તારા ભક્તોને નિષ્પ્રયોજન દુઃખ દેવામાં અતિપ્રસિદ્ધ છે.

હે મત્સરદેવ ! તારા ભક્તો તારી કૃપાથી કોઇ પણ મનુષ્યનું સારું જોઇ શકતા નથી. તેઓ ઉદાસીન એટલે તટસ્થનું, શત્રુનું કે મિત્રનું પણ સારું થયેલું સાંભળે વા જુએ તો તેમના હૃદયમાં બહુ દાહ થાય છે, ને જગત્માંના કોઇ પણ મનુષ્યનું નઠારું થયેલું સાંભળે વા જુએ તો તેઓ પોતાના ચિત્તમાં બહુ પ્રસન્નતા અનુભવે છે. અહો ! તારી ભક્તિનો આ કેવો વિલક્ષણ મહિમા છે !

હે મત્સર ! જવાસો ને આકડો છોડ છતાં પણ તારી આજ્ઞાને શિરોધાર્ય સમજે ત્યારે મનુષ્યોનો મોટો ભાગ તારી આજ્ઞાને શિરો-

ધાર્યું સમજે એમાં શું આશ્ચર્ય ! પર્જન્યના આગમનથી જ્યારે અન્ય વૃક્ષો ને છોડો સુશોભિત થાય છે ત્યારે તારું અનન્ય ઉપાસન કરનારો જવાસો તેમની સારી સ્થિતિ જોઇ સૂકાઇ જાય છે, ને તારો ભક્ત આકડો પાનડારહિત થઇ જાય છે. તારા પ્રતાપથી તારા ભકતો અન્યનો ઉત્કર્ષ સહન કરી શકે નહિ એ સ્વાભાવિકજ છે.

ગર્દભ પણ તારી સેવામાં તત્પર રહેનાર છે, તેથી જેઠમાસમાં જ્યારે બીજાં પશુઓને ચરવાનું મળતું નથી ત્યારે પોતે ઊકરડાપર ફરીને ચરે છે, ને શરીરે પુષ્ટ થાય છે, અને પછી ચોમાસામાં સર્વ પશુઓને લીલું ઘાસ ચરતાં જોઇ તે પોતાના મનમાં બળી બળીને દુર્બલ થઇ જાય છે.

હે મત્સર ! તારો દાસ કોઇ પણ મનુષ્ય પોતાના પાડોશીની, પોતાના સગાવહાલાની, પોતાની જ્ઞાતિના માણસની, પોતાના ગામના માણસની, પોતાના દેશના માણસની, કે અન્ય કોઇ પણ માણસની કોઇ પણ પ્રકારની ચઢતી કલા સહન કરી શકતો નથી. તેને તે સર્વની અધમદશા થાય તો ઠીક એમ મનમાં લાગ્યા કરે છે, ને જ્યારે તેમાંના કોઇને કાંઇ દુઃખ આવી પડેલું તે જાણે છે ત્યારે તે મનમાં ને મનમાં બહુ પ્રસન્ન થાય છે, અને ક્વચિત્ તે પ્રસન્નતા અન્ય મનુષ્યની આગળ તે પ્રકટ પણ કરે છે.

હે મત્સર ! તું વિષરૂપ છે. જેમ વિષનું ભક્ષણ કરી તેનો પોતાની સાથે અભેદ કરનાર મનુષ્ય પોતાનાં સુખ તથા શાંતિને ખુએ છે, તેમ તારી સાથે અભેદ કર્યા પછી તે અભેદ કરનાર મનુષ્યના મનની શાંતિ ને સુખ નિત્યને માટે વિદાય થાય છે, કેમકે પ્રત્યેક દિવસે કોઇનું ને કોઇનું સારું થયાના સમાચાર તેના જાણવામાં આવવાના, ને તેના મનમાં તારા સદ્ભાવને લીધે દાહ ઉત્પન્ન થવાનો.

હે મત્સર ! તું તારા ભક્તોના ચિત્તમાં લૌકિક અગ્નિથી વિલક્ષણ પ્રબલ અગ્નિ ઉત્પન્ન કરે છે. જે અગ્નિવડે તારા ભક્તોનાં ચિત્તો, ઇંદ્રિયો ને શરીરો અત્યંત તપે છે. તે અગ્નિથી તેમની જઠરાગ્નિ ને મસ્તિષ્ક નિર્બલ થઇ જવાથી તેમનું શરીર દુર્બલ થઇ જાય છે, ને તેમની સ્મરણુશક્તિ પણ મંદ પડી જાય છે.

હે મત્સર ! તું ઉપર કહેલી રીતે તારા અનન્ય સેવકોને બહુ દુઃખ આપે છે, છતાં તારા તે અનન્ય સેવકો તારામાં રહેલી ભક્તિનો ત્યાગ કરતા નથી. એવી રીતે તારું ભક્તવત્સલપણું ને તારા ભક્તોની ભક્તિ એ બંને તટસ્થ જનોને આશ્ચર્યરૂપ પ્રતીત થાય છે.

હે મત્સર ! તું દેવોમાં વસે છે, બાળક જુવાન ને વૃદ્ધ પુરુષના તથા સ્ત્રીના ચિત્તમાં તું નિવાસ કરે છે, રાંકથી માંડીને ધનાઢ્ય તથા રાજાસુધીના ચિત્તમાં તું નિવાસ કરે છે, મૂર્ખથી માંડીને સામાન્ય વિદ્વાનોના ચિત્તમાં પણ તું રહે છે, અને પશુ પક્ષી ને ઉદરથી ગમન કરનાર આદિના ચિત્તમાં પણ તારો નિવાસ પ્રતીત થાય છે. આવી રીતે દેવથી માંડીને ઉદરથી ગતિ કરનાર આદિમાં તું વ્યાપી રહ્યો છે, તેથી તું મહાસામર્થ્યવાન્ છે એમ જણાય છે.

હે મત્સર ! જે વિવેકી મનુષ્યો પોતાના ચિત્તને તથા ઇંદ્રિયોને શાંત રાખવા ઇચ્છે છે તે વિવેકી મનુષ્યો તારાથી ઘણામાં ઘણા દૂર રહેવા ઇચ્છે છે, અને ભૂલથી પણ પોતાના ચિત્તમાં તને અવકાશ આપતા નથી. એવા વિવેકી મનુષ્યો સત્પુરુષોની દૃષ્ટિએ અવશ્ય ધન્યવાદને પાત્ર ગણાય છે, પણ તારી દૃષ્ટિએ તેઓ તેવા નહિ પ્રતીત થતા હોય !

હે મત્સર ! પંડિતો તારે વશ છે, કેમકે તેઓ પરસ્પરના ઉત્કર્ષને સહન કરી શકતા નથી; ગુણવાનો, કલાભિજ્ઞો, ધનાઢ્યો ને રાજા-

ઓ પણ તારે વશ વર્તે છે, કેમકે તેઓ પણ પોતાની સમાનજાતિવાળા-ની શ્રેષ્ઠતાને સહન કરી શકતા નથી; અને ટુંકામાં કહીએ તો સર્વ અજ્ઞાની મનુષ્યો તારે વશ વર્તનારા છે, કેમકે તેઓ અન્યનો ઉત્કર્ષ જોઇ ક્લેશાનુભવ કરે છે, પણ પ્રસન્ન થતા નથી. એવી રીતે તું તારા મહારાજા મહામોહની સત્તા ફેલાવવા સર્વદા પ્રયત્નવાન્ રહે છે, એ તને યોગ્યજ છે.

કામ, ક્રોધ, લોભ, મોહ ને મદના મુખમાં પડનાર પ્રાણી જેમ અધોગતિ પામે છે, તેમ હે મત્સર ! તારા મુખમાં પડનાર પ્રાણી પણ અવશ્ય અધોગતિ પામે છે, છતાં પતંગો જેમ પ્રસન્નતાથી દીપકમાં પડે છે, તેમ અજ્ઞાની મનુષ્યો પ્રસન્નતાથી તારા મુખમા પડે છે.

જેમ દારુમાં અગ્નિ પડવાથી સહસા ભડકો થાય છે, તેમ જે ચિત્તમાં તારું પ્રાકટ્ય થાય છે તે ચિત્ત પણ સહસા બળવા લાગે છે. આવી રીતે મનષ્યોનાં ચિત્તોને સહસા બાળવાનું સામર્થ્ય ધરાવ-નાર હે મત્સર ! તું જગત્માં સમર્થ છે એમાં કાંઈ પણ સંદેહ નથી.

હે મત્સર ! તારા ભક્તો તારે વશ થઇને કેવા પ્રલાપો કરે છે તે સાંભળ. તારો ભક્ત દેવદત્ત જે પોતાને પંડિત માને છે તે યજ્ઞ-દત્તાદિ અન્ય પંડિતોના સંબંધમાં આમ પ્રલાપ કરે છેઃ—" યજ્ઞદત્ત કાંઇ જાણતો નથી, લોકો મૂર્ખ છે કે તેને નિરર્થક માન આપે છે. મારા વિદ્યાર્થીના જેટલું પણ તે ભાગ્યેજ જાણે છે, છતાં વાચાળ હોવાથી લોકોને ઠગે છે." [મનમાં] " બધા લોકો તેને માન આપે છે ને મને કેમ માન આપતા નથી ! દ્રવ્યાદિની પ્રાપ્તિ પણ તેને અનાયાસે સારી થાય છે, ને મને તેની તે પ્રમાણે પ્રાપ્તિ શા માટે થતી નથી? હાયહાય ! તેની તેવી સ્થિતિ જોઇને મારું મન બળી બળીને રાખ થઇ જાય છે. તેનો નાશ થઇ જાય વા તેને અપમાનની પ્રાપ્તિ

થાય તો કેવું સારું ! હે પ્રભો ! તું તેની પડતી દશા કરજે. " તારા અન્ય ભક્તો પણ પોતાના પ્રતિસ્પર્ધીને માટે આવુંજ કે આને મળતું બોલે છે.

સારગ્રાહી બુદ્ધિવડે તથા મૈત્રીની ભાવનાવડે પોતાના ચિત્તમાંથી તારી નિવૃત્તિ કરી શકાય છે, છતાં તારા ભક્તો તારી અવકૃપાના ભયથી તે બંનેની પ્રાપ્તિમાટે લેશ પણ પ્રયત્ન કરતા નથી. સ્પષ્ટજ છે કે ભક્તિનું રહસ્ય જાણનારો ક્યો મનુષ્ય પોતાના ઇષ્ટના પરમશત્રની ઉપાસનામાં પ્રવૃત્ત થાય !

અજ્ઞાન, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ભય, દંભ ને શોકા- દિના ઉત્કર્ષને જે પુરુષવર સહન કરી શકતો નથી એવો પુરુષવર હે મત્સર ! તારો ઉપયોગ સારો સમજે છે. તારો સદ્‌ભાવ વિશ્વમાં તેજ હેતુથી છે. વિષનો પણ જો વિધિવત્ ઉપયોગ કરવામાં આવે તો તે રસાયનના જેવો લાભ કરે છે એવો આયુર્વેદનો અભિપ્રાય છે, ને તેજ ન્યાય મનોવિકારમાં પણ લાગુ પડે છે, અર્થાત્ હે મત્સર ! તારો જો યોગ્ય ઉપયોગ કરવામાં આવે તો તું ઉત્તમગુણરૂપ થઈ મનુષ્યને લાભદાતા થાય છે. હે મત્સર ! તું મનુષ્યોપર દયા કરીને તારો યોગ્ય ઉપયોગ કરવાનુંજ તેમને શીખવજે.

હે મત્સર ! તારો જે ભક્ત ધન મેળવવાની બહુ તૃષ્ણા રાખ- તો હોય ને તે અન્ય ધનવાનોને જોઇને વા અન્યને ધનનો લાભ થતો જોઇને તારી ભક્તિપરાયણ થયેલો હોવાથી મનમાં બળ્યા કરતો હોય તો તેને સમજાવજે કેઃ—" ભાઇ ! તું શામાટે નકામો બળે છે ? જે રીતે તે પુરુષ ધન મેળવે છે તે રીતે તું પણ ધન મેળવ. તેનાથી વધારે ધન મેળવવાની તારી ઇચ્છા હોય તો તું તેનાથી વધારે પ્રયત્ન કર. તું મારો ભક્ત છતાં પણ મારા વાસ્તવિક સ્વ-

રૂપને સમજી શકચો નથી, તેથીજ દુઃખી થયા કરે છે. ”

સત્તા મેળવવાનો લોભી તારો ભક્ત પોતાથી ચઢતી સત્તાવાળા અન્ય સત્તાધારીઓને જોઇને વા અન્ય મનુષ્યને ચઢતી સત્તાની પ્રાપ્તિ થયાનું જાણીને પોતાના અંતઃકરણને બાળ્યા કરતો હોય તો હે મત્સર ! તારા તે ભક્તને ઉપદેશ કર કેઃ-" હે મૂઢ ! તું તારા ચિત્તને નિરર્થક શામાટે બાળ્યા કરે છે ? મારો ભક્ત છતાં પણ હજી તું મારા સ્વરૂપને ઓળખી શકયો નથી એ ખેદની વાર્તા છે. હવે તું જાગ્રત્ થા, ને અન્યને સત્તાની પ્રાપ્તિ થયાનાં જેજે દૃષ્ટાદૃષ્ટ કારણો તારાથી જાણી શકાય તે નિર્દોષ અને સૂક્ષ્મ બુદ્ધિથી જાણ, ને તેવાં કારણો સંપાદન કરવામાટે ઘણામાં ઘણો પુરુષપ્રયત્ન કર. ”

હે મત્સરદેવ ! તારા જે ભક્તો પોતાનાથી અધિક વિદ્યાવાળા-ઓને જોઇને પોતાના તનમનને વિનાઅગ્નિએ નિરંતર બાળ્યા કરતા હોય તેમને આજ્ઞા કર કેઃ-" હે ભણેલા પશુઓ ! તમે માત્ર પુસ્ત-કોના શબ્દો ગ્રહણધારણ કરનારા એટલે શબ્દગ્રાહકધારકયંત્રજેવા (ફોનોગ્રાફજેવા) છો, શાસ્ત્રવચનોનો યોગ્ય ઉપયોગ કરી તમે સ્વ-પરના જીવનને સુધારવાના સામર્થ્યવાળા નથી. હે મૂર્ખાઓ ! તમે આજસુધી મારી અનન્યભક્તિ કરી વાક્‌સંનિપાતાદિવડે ઘણું ઘણું દુઃખ ભોગવ્યું તોપણ હજી તમે મારા વાસ્તવિક સ્વરૂપને ઓળખી સક્યા નથી ? કેવી શોકમય વાર્તા ! હે પુસ્તકોનો ભાર વહન કર-નારા ભારવાહીઓ ! હવે મારા સ્વરૂપને મારા ઉપદેશથી સમજો, ને સુખી થાઓ. તમારાથી જેઓ વસ્તુતાએ અધિક વિદ્વાન્ છે, વા જેઓ બીજા સદ્‌ગુણોથી અલંકૃત હોવાથી તમારા જેવા વા તમારા-થી ન્યૂન વિદ્વાન્ છતાં લોકોમાં તમારાથી અધિક વિદ્વાન્ ગણાય છે, તે બંનેનાથી તમારે વધારે વિદ્વાન્ થવું હોય, વા લોકોમાં વધા-

રે વિદ્વાન્ ગણાવું હોય, તો તમારો માર્ગ કોઇ મનુષ્યે કે દેવે રોક્યો નથી, તમારે માટે મોટો વિશાલ રાજમાર્ગ ઊઘાડો છે. તમે તેમનાથી અધિક પુરુષપ્રયત્ન કરો, ને તેમનાથી અધિક વિદ્વાન્ ને અધિક ગુણવાન્ થાઓ, વા અન્ય યોગ્યતાથી લોકોમાં અધિક વિદ્વાન્ મનાઓ. ”

અન્ય યોગ્ય મનુષ્યને તેમના શ્રેષ્ઠ ગુણોવડે સુજ્ઞ સજ્જનોભણીથી માન મળતું જોઇને તારા જે ભક્તો ઊભા ને ઊભા સૂકાઇ જતા હોય તેમને હે મત્સરદેવ ! તારે આ પ્રમાણે ઉપદેશ કરી તેમની તે ભૂલ સુધારી સુખી કરવા જોઇએ:—“ હે માનના ભૂખ્યાઓ ! માન કાંઇ માગ્યું મળતું નથી. બીજી વાતોના કરતાં માનની વાત જુદી છે. અન્ય પ્રસંગોમાં જ્યારે માગવાથી કાંઇક મળે છે ત્યારે માનના પ્રસંગમાં તો જે તેને (માનને) માગે છે તેને કાંઇક માન મળવાનું હોય તો તે પણ મળતું નથી. જે મનુષ્યો કોઇ પ્રકારના ઐશ્વર્યના બલવડે, વેદોક્તકર્મના અથવા અન્ય ધર્મકર્મના જ્ઞાનવડે, તપવડે, ભક્તિવડે, યોગવડે કે જ્ઞાનવડે લોકોની પાસેથી બીજાના કરતાં વધારે માન મેળવવા ઇચ્છતા હોય તેઓ અપક્વ હૃદયવાળા હોવાથી સમજતા નથી કે લોકોભણીથી મળતું માન અમારા સાધનને ફલવાન્ કરી અમારું વાસ્તવિક હિત સાધનાર નથી, પણ એ દાવાનલ છે કે જે અમારા સાધનરૂપ વનને બાળી નાંખનાર છે. પરિપક્વ હૃદયવાળા મનુષ્યો તો પોતાના સાધનનો પરિપાક કરવામાંજ સર્વદા આદરવાળા હોય છે, ને સજ્જનો વિનાઇચ્છાએ પોતાની સજ્જનતાથી જે માન આપે તેને પણ ઉદાસીનવૃત્તિથી ન ચાલે સ્વીકારનારા હોય છે. લોકારાધનમાટે એટલે માત્ર પ્રાકૃત મનુષ્યોને પ્રસન્ન કરવામાટે જે શુભકર્મ કરવું તે શુભકર્મનો દુરુપયોગ કર્યો

ગણાય છે. વસ્તુસ્થિતિ આવી છે, છતાં તમે તમારામાં જેટલો સારો ગુણ હોય તેના કરતાં લોકોપાસેથી વધારે માન મેળવવા ઇચ્છતા હો તો હે કુપાત્રોપ્રતિ ધર્મને અલ્પ મૂલ્યે વેચવા ઇચ્છનારાઓ ! તમારાથી જેમને લોકો વધારે માન આપે છે તે તેમના કયા ગુણોને લીધે આપે છે તે હૃદયની આંખો ઊઘાડીને જુઓ, ને જે ગુણો તેમનામાં હોવાનું તમે શુદ્ધભાવથી જાણી શકો તે ગુણો મેળવવા વા તે ગુણોથી ચઢતા ગુણો મેળવવા તમે સર્વદા સદાગ્રહપૂર્વક પ્રયત્ન કરો. ગુણોની પ્રાપ્તિનો માર્ગ તમારે માટે બંધ નથી, પણ સર્વદા ઊઘાડોજ છે. ”

હે મત્સરદેવ ! ઉપાસ્યનું કર્તવ્ય તને અજ્ઞાત નથી. ઉપાસકનું ભલું કરવું એજ ઉપાસ્યનું કર્તવ્ય છે, માટે તું પણ તારા ઉપાસકોને તેમના હિતનો ઉપદેશ કરી તેમનું ભલું કરજે.

આ મત્સરસ્તવનો જે મનુષ્ય અનુકૂલબુદ્ધિવડે સમજપૂર્વક પાઠ કરે, વા શ્રવણ કરે, તે મનુષ્યોના અંતઃકરણમાં જે મત્સરનો અંશ રહ્યો હોય તે કૃપાવારિધિ પરમાત્માની કૃપાથી દૂર થાઓ, ને તેમના ચિત્તમાં સારગ્રાહી બુદ્ધિ ને મૈત્રીની ભાવનાનો ઉદય ને સ્થિરતા થાઓ.

ઇતિ શ્રીવિનોદમાલામાં મત્સરસ્તવનામનું અગીઆરમું પુષ્પ. ૧૧.

ॐ

॥ दंभस्तव ॥

૧૨.

હે દંભ ! તું મત્સરોપજીવી છત્ પણ તારું પરાક્રમ કાંઇ ન્યૂન નથી. જે માણુસો તારા કૃપાકટાક્ષને પાત્ર થયા હોય છે તે માણુસો વસ્તુતાએ એક પ્રકારના એટલે ઊતરતી સ્થિતિના છતાં લોકોની આગળ પોતાને બીજા પ્રકારના એટલે ઉંચી સ્થિતિના જણાવવા નિરંતર ઘણો પ્રયત્ન કર્યા કરે છે. તેમનો તે પ્રયત્ન જોઇ વિવેકી મનુષ્યોને હસવું આવ્યા વિના રહેતું નથી.

હે દંભ ! તું અહંકારનો પૌત્ર, લોભ તથા તૃષ્ણાનો પુત્ર, ને અસત્યનો પિતા હોવાથી મહાસમર્થ છે, તેથીજ શ્રીકૃષ્ણભગવાને **दंभो दर्पोऽभि०** એ શ્લોકમાં આસુરીસંપત્તિમાં તારી પ્રથમ ગણુના કરી છે.

હે દંભદેવ ! તારા ભક્તોને તારી પ્રેરણાજ શિરોધાર્ય છે, સત્-શાસ્ત્રોના કે સજ્જનોના વિચારોને આદર આપી તદનુકૂલ વર્તવાની તેમને લેશ પણ ઇચ્છા હોતી નથી, તેથીજ " મનુષ્યે હોય તેવા દેખાવું, પણ ખોટો ડોળ ન કરવો, કેમકે તેથી પરિણામે તેને હાનિ-જ થાય છે, " આવાં વિદ્વાનોનાં વચનોની તેઓ લગારે પરવા કરતા નથી, ને લોકોની આગળ ખોટો ડોળ દેખાડી મનમાં પ્રસન્ન થાય છે.

હે દંભ ! તારા ભક્તો વસ્તુતાએ તારા ઉપાસક છતાં તેઓ પોતાને પરમાત્માના, વિધાના કે અન્યના ઉપાસક જણાવે છે. જો, આ મનુષ્ય તારો ઉપાસક છતાં પણ લોકોની આગળ હું પરમાત્માનો ઉપાસક છું એમ જણાવવા કેવો પ્રયત્ન કરી રહ્યો છે ! તેણે શરીરપર કેવાં સુંદર ટીલાંટપકાં કર્યાં છે ! કેવી ને કેટલી બધી માલાઓ ધારણ કરી છે ! વાળને કેવી રીતે સ્વચ્છ કરીને રાખ્યા છે ! વસ્ત્રો પણ કેવી છટાથી પ્હેર્યાં છે ! ને બહારની નાની નાની પવિત્રતામાં તે કેવી મુંછ્ર્ઝા કરી રહ્યો છે ! તેને ખરેખરી રીતે દ્રવ્યથી, ચર્મથી કે માનથીજ પ્રયોજન છે, પરમાત્માથી લેશ પણ પ્રયોજન નથી, છતાં ઉપરના દેખાવથી પોતે જાણે પરમાત્માની ભક્તિમાં સાવ ગળી ગયો હોય તેવો દેખાય છે. તે હાવભાવપૂર્વક વાતો સારી કરી જાણે છે, પણ દાનત બગલાના કરતાં ચઢતા પ્રકારની નથી. તું આસુરદલાધિપતિ મહામોહનો યોદ્ધા હોવાથી પરમચતુર છે તો તારો આ સેવક પણ તારા જેવો ચતુર હોવો જોઇએ કે નહિ ? અવશ્ય હોવોજ જોઇએ.

આ તારો બીજો અનન્યોપાસક તારી ઉપાસનામાં પ્રાયશઃ સર્વદા નિમગ્ન રહેનારો છે. તે પોતાને જ્ઞાની કહેવરાવે છે, પણ જ્ઞાનીનો વાસ્તવિક અર્થ શો ને તેના અંતઃકરણ આદિની સ્થિતિ કેવી હોવી જોઇએ એ તે જાણતો હશે કે કેમ તે વિષે વિવેકીઓને મોટી શંકા છે. તે વેદાંતસાર, ભગવદ્ગીતા, પંચદશી, આત્મપુરાણ, ભાગવત ને યોગવાસિષ્ઠાદિ સંસ્કૃત ગ્રંથોની અને વિચારસાગર, સુંદરવિલાસ, વિચારમાલા ને અખેગીતા આદિ ભાષાના ગ્રંથોની કથા કરીને શ્રોતાઓને નિત્ય સંભળાવે છે. તેની સર્વ કથા માત્ર શ્રોતાઓને માટેજ હોય છે, અર્થાત્ તે કથાવડે શ્રોતાઓને પ્રસન્ન કરી

પોતાનું સ્થૂલ પ્રયોજન સિદ્ધ કરવું એજ તેનો ઉદ્દેશ હોય છે, પોતાનું કે શ્રોતાઓનું તેવડે વાસ્તવિક હિત સાધવાનો તેનો લેશ પણ ઉદ્દેશ નથી. તેના શ્રોતાઓનો મોટો ભાગ પણ તે કથાનું પરમરહસ્ય સંશયવિપર્યયરહિત સ્પષ્ટ સમજી ગયેલો હોવાથી પોતાનાં હૃદય ઘેર મૂકીનેજ કથાનું શ્રવણ કરવા આવે છે, કે જેથી કોઇ વાર પોતાને તે કથાના પ્રસંગનો વિચાર કરવાનો શ્રમ ન લેવો પડે. દશ્ય મિથ્યા છે એમ તે પોતાને મુખેથી શ્રોતાઓની આગળ વારંવાર પોકારીને કહે છે, પણ તેનું અંતઃકરણ દશ્ય પરમ સત્ય છે એમ વારંવાર તેના જીવાત્માને પોકારીને કહે છે. એ એના-વાણીના ને અંતઃકરણના-તુમુલ યુદ્ધનું છેવટ હજીસુધી આવ્યું નથી. આ તારો અનન્યોપાસક પોતે પોતાને ઠગે છે કે જગતને ઠગે છે તેનો નિશ્ચય થઇ શકવો કઠિન છે. પ્રાયશઃ એનું પ્રત્યેક આચરણ તેના પ્રસિદ્ધ કથનથી બારોબાર વિરુદ્ધ છે તારા ઉપાસકોમાં એ પોતે પ્રથમ પદવિ લેવા સર્વદા ઉત્સુક હોવાથી વિનોદી લોકો એને એના વર્તનાનુસાર વેદાંતીને બદલે બેદાંતી (બે દાંતવાળો એટલે દેખાડવાના જુદા ને ચાવવાના જુદા એવા બે દાંત રાખનારો-કહેણીથી વિપરીત રહેણી રાખનારો) કહે છે. વિવેકાદિ સાધનોનાં નામ ને સ્વરૂપ તે સારી રીતે જાણે છે, ને અન્ય મનુષ્યોના આગળ તેનું નિરૂપણ પણ બહુધા તે સારી રીતે કરે છે, છતાં પોતે તો પ્રાયશઃ અવિવેકાદિ જે વેદાંતનાં અસાધનો છે તેનું પ્રીતિપૂર્વક નિરંતર અનુષ્ઠાન કર્યા કરે છે. વેદાંતમાં બ્રહ્મને આશરે માયા રહી છે એમ કહ્યું છે એટલે માયાવી (કપટી) થવામાં કાંઇ પાપ નથી એમ તે સમજે છે. વેદાંતપારગ સાચા બ્રહ્મનિષ્ઠ પુરુષોને તે લેખવતો નથી, ને મારાથી તેઓ કનિષ્ઠ છે એમ મૂર્ખ લોકોને મોઢે તે કહે છે. ઉત્તમાધિકારીને ભવસાગરનો ક્ષણમાત્રમાં

પાર પમાડનાર અત્યુત્તમ વેદાંતનો તારો આ અનન્ય સેવક આવો ભયંકર દુરુપયોગ કરી પોતાના ભવભ્રમણમાં ઘણો વધારો કરે છે તે જોઇ તું તારા આ દાસથી મનમાં બહુ પ્રસન્ન થાય છે કે અપ્રસન્ન થાય છે, તે તારું મન જાણે.

હે દંભ ! આ તારો અન્ય અનન્ય સેવક લોકોમાં પોતાને યોગી, જલયોગી, તલયોગી, બાલયોગી, વૃદ્ધયોગી કે મહાયોગી કહેવરાવવા સર્વદા બહુ પ્રયત્ન કરતો હોય એમ પ્રતીત થાય છે. " હું ઘણાં આસનો જાણું છું, મારા જેવાં આસનો જગત્‌માં બીજું કોઇજ જાણતું નથી, હું સર્વદા જલ પીનેજ રહું છું, હું ઘણી મુદ્રાઓ જાણું છું, હું બચપણથીજ પાંચ ભૂતોને સરખાં કર્યાં કરું છું, ને બીજાને ઝટ તે શીખવી દઉં છું, બધો યોગ હુંજ જાણું છું, બીજો કોઇ મનુષ્ય મારા જેવો યોગ પૃથિવીપર જાણતો નથી, " એમ કહી તે પ્રાકૃત લોકોની આગળ નટની પેઠે આસનોની ક્રિયા કરી બતાવે છે. " હું પ્રાણાયામ સારામાં સારી રીતે જાણું છું. લોકો ! તમે જુઓ, તમારી આગળ હું તે કરી બતાવું છું. " એમ કહી યોગીનો વેશ કાઢનાર તે નટની પેઠે તે જનસમૂહની આગળ પ્રાણાયામ કરી બતાવે છે. " લોકો ! જુઓ, હું અથવા આ મારો નવો કિશોરવયવાળો અદ્‌ભુત યોગી ધારણા, ધ્યાન, સમાધિ વા સંયમ કરી બતાવીએ, અમારી વાત કાંઇ ગુપ્ત નથી, જે પુચ્છે તેની આગળ અમે ખુશીથી યોગના પ્રયોગો કરી દેખાડીએ છીએ. " પછી દ્રવ્યાદિની લાલસાને વશ થઇ તેમની આગળ ધારણાદિનો પ્રયોગ કરી બતાવવા તે પોતે પ્રયત્ન કરે છે, અથવા પોતાના શિષ્યદ્વારા તે પ્રયોગ કરી બતાવવાનો પ્રયત્ન કરે છે. તેનાં ધન્યભાગ્ય છે કે ત્યાં મનને નહિ જોનારા પણ માત્ર તનને જોનારા શાસ્ત્રસંસ્કારરહિત પ્રેક્ષકો છે, તેથી

આ ધારણાદિ કરી મનને નિશ્ચલ કરે છે કે તેથી વિપરીત ક્રિયા કરે છે તે જોઇ શકતા નથી. તે સતશાસ્ત્રોમાં નિષ્ણાત ને મહાઅનુભવી સત્ય યોગીઓને પોતાનાથી ઊતરતા જણાવવા સર્વદા પ્રયત્નવાન્ રહે છે. આસનો જાણવાનો ડોળ કરનાર તારો આ ભક્ત યોગના અંગભૂત આસનોનું, પ્રાણાયામ જાણવાનો ડોળ કરનાર તારો આ ભક્ત યોગના અંગભૂત પ્રાણાયામનું, ને ધારણાદિ જાણવાનો ડોળ કરનાર તારો આ ભક્ત યોગના અંગભૂત ધારણાદિનું સ્વરૂપ જાણનારો નથી, છતાં યોગીઓના બાહ્યવેશ વા બાહ્યક્રિયાવડે તારો આશ્રય લઇ તે લોકોને ઠગે છે, ને તારા આવા પરિચારકથી તું પણ મનમાં પ્રસન્ન થાય છે! તું તેને ધર્મધ્વજી, બકધ્યાની કે બિડાલધ્યાની કહેતો હશે, વા અન્ય કાંઇ નામ આપતો હશે, તે હજી સુધી લોકોના જાણવામાં આવ્યું નથી.

દંભદેવ! આ તારો એક અપર સેવક બેઠો છે. તે પોતે વાસ્તવિકરીતે વેદાંતનો એક ગ્રંથ પણ સારી રીતે જાણતો નથી, છતાં તે લોકોને એમ સમજાવવા પ્રયત્ન કરી રહ્યો છે કે હું ચારે વેદો, છએ વેદાંગો, છએ દર્શનો, ત્રીશ ધર્મશાસ્ત્રો, અઢાર પુરાણો, અઢાર ઉપપુરાણો, ઇતિહાસો, મંત્રશાસ્ત્રો, તંત્રશાસ્ત્રો, કાવ્યના સર્વ ગ્રંથો, અલંકારના સર્વ ગ્રંથો, ને નાટયશાસ્ત્રો જાણું છું! સંસ્કૃતભાષામાં એવો કોઇ ગ્રંથ નથી કે જે મેં ન જોયો હોય! માત્ર મેં એ સર્વ ગ્રંથો વાંચ્યા છે એટલુંજ નહિ, પણ તેમાંના અગત્યના સર્વ ગ્રંથો મારે મોઢે છે! આમ કહી પોતે જે થોડુંઘણું મૂર્ખ મનુષ્યોના મનના રંજનાર્થે ગોખી રાખ્યું હોય છે તે ઘણાજ વેગથી વિરામચિહ્નોની કે સાંભળનારને સમજવાની અનુકૂલતાની લેશ પણ સ્પૃહા રાખ્યા વિના ઊતાવળે ગમે તેમ ગગડાવી જાય છે. સમજુને તારા આ ભક્તની

સ્થિતિ જોઇ મનમાં હસવું આવે છે, ને મૂર્ખાઓ આ મહાધુરંધર પંડિત છે એમ નિશ્ચય કરે છે.

સંન્યાસીઓમાં પણ કેટલાક તારા પરમોપાસકો વિવેકી લોકોના જોવામાં આવે છે. કેટલાક સ્વદેશમાં ગૃહસ્થાશ્રમી છતાં પરદેશમાં આજીવિકામાટે સંન્યાસીનો વા સાધુનો વેશ ધારણ કરી વર્ષના કેટલાક માસો ભ્રમણ કરે છે. કેટલાક સંન્યાસીઓ બહારથી સંન્યાસી છતાં વસ્તુતાએ સત્યાનાશીના વર્તનવાળા હોય છે, અર્થાત્ દ્રવ્યાદિમાટે મિથ્યાભાષણ કરનારા, સ્વધર્મને નહિ જાણનારા, એકાંતમાં મદ્ય વા સુરાનું પાન કરનારા, માંસભક્ષણ કરનારા, ગાંજો ભાંગ વા તમાકુ પીનારા, પરદારગામી, આળસુ ને નિરર્થક કલેશ કરનારા વા કરાવનારા હોય છે. તેઓએ માત્ર પોતાને પહેરવાનાં વસ્ત્રો રંગ્યાં હોય છે, ને માત્ર પોતાના માથાને મુંડાવ્યું હોય છે, પણ પોતાના મનને પરમાત્માના જ્ઞાનધ્યાનથી રંગ્યું હોતું નથી, તેમજ પોતાના મનને મુંડાવ્યું હોતું નથી, વા કામક્રોધાદિના કેશ કઢાવ્યા હોતા નથી. તારા અન્ય સેવક કેટલાક સાધુઓની પણ આવીજ સ્થિતિ હોય છે. તેઓ બહારથી ટીલાંટપકાં, માલા ને વસ્ત્રાદિની સારી ટાપટીપ રાખે છે, નાવાધોવામાં બહુ સાવધાન રહે છે, પણ " ભીતરની તો રામ જાણે " એવા હોય છે. આમ સંન્યાસીને ને સાધુને પણ તું તારા સેવક બનાવવા સમર્થ છે, તો પછી તારા પરાક્રમના મહિમાનું ગાન કોણ કરી શકે ?

આ તારો અન્ય ઉપાસક ચાલ્યો આવે છે. વસ્તુતાએ તે પોતાની સ્વભાષા પણ સારી રીતે જાણતો નથી, છતાં જાણે પોતાને પૃથિવીઉપરની સર્વ ભાષાઓ આવડતી હોય એવો ડોળ તે કરી રહ્યો છે. તે પોતાની વિદ્વત્તા જણાવી મૂર્ખ મનુષ્યોને રંજન કરવા ગુજરા-

તી બોલતાં બોલતાં વચ્ચે પ્રયોજનવિના ક્યારેક ગોખી રાખેલા અંગ્રેજીભાષાના શબ્દો, કયારેક સંસ્કૃતભાષાના શબ્દો, ક્યારેક ઉર્દુ કે ફારસીભાષાના શબ્દો, કયારેક મરાઠીભાષાના શબ્દો, ક્યારેક તેલ-ગુભાષાના શબ્દો, ને કયારેક બંગાળીભાષાના શબ્દો બોલ્યા કરે છે. મૂર્ખલોકો તેને ઘણી ભાષાઓ જાણનાર માને છે, ને તેમનાં વખાણ સાંભળી પોતે ફૂલીને દડો થાય છે.

દંભદેવ ! આ તારા સત્તાધારી સેવકોભણી દૃષ્ટિ કર. આ આઠ રૂપીઆના માસિક પગારવાળો કારકુન છે. તે મૂર્ખલોકોની આગળ પચાશ રૂપીઆના માસિક પગારવાળા શિરસ્તેદારજેવો ડોળ બતાવે છે, ને આ પંદર રૂપીઆના પગારવાળો નોકર અજ્ઞ મનુષ્યોની આગળ સો રૂપીઆના પગારવાળા અધિકારીજેવો જણાવવાનો પ્રયત્ન કરે છે. પોતાના કામકાજના સંબંધના જ્ઞાનમાં પણ તેઓ ખોટો ડોળ દેખાડવા સર્વદા પ્રયત્નવાન્ રહે છે. તારા આવા ભક્તો તારા પ્રતાપથી પોતાની હોય તેથી પણ ઓછી કિમ્મત વિવેકીઓમાં અંકાવે છે, એ નિઃસંશય વાત છે.

આ અક્કડ થઇને ચાલનારા તારા સેવકપર નજર ફેંક. તેની પાસે વસ્તુતાએ થોડું દ્રવ્ય છે, છતાં પોતે મોટો લક્ષાધિપતિ હોય તેમ જણાવવા પ્રયત્ન કરી રહ્યો છે. સારાં લૂગડાં પહેરી તે કેવી મોટી મોટી વાતો કરે છે, શક્તિઉપરાંત ખોટી મોટાઇ દેખાડવા નકામો ખર્ચ રાખી તે પોતાની વર્તમાનમાં જે સ્થિતિ છે તે સ્થિતિથી પણ ઉત્તરોત્તર કનિષ્ઠ સ્થિતિમાં જતો જાય છે, પણ તારા અવલંબનને લીધે તે પ્રસન્ન રહેતો હોય એમ જણાય છે.

આ મનુષ્ય પણ તારો ભક્ત છે. તે બિચારો રૂપાળો નથી, પણ પોતાને રૂપાળો જણાવવા તે નિત્ય કેટલો બધો પ્રયત્ન કર્યા

કરે છે ! પોતાના મુખને, હાથને ને પગને તે નિત્ય અતિપ્રયત્નથી સ્વચ્છ કર્યા કરે છે, ને પોતાના મુખપર તેલ, અત્તર કે શ્વેત ભુકી (ધોળો પાઉડર) લગાડયા કરે છે. આ તારો બીજો ભક્ત યુવાવસ્થાનું ઉલ્લંઘન કરી ગયો છે, છતાં તે લોકોને પોતાની યુવાવસ્થા દેખાડવાનો ઉપહાસજનક ડોળ કરવા સર્વદા પ્રયત્નશીલ રહે છે.

હે દંભ ! આવી રીતે તું પ્રાકૃતલોકોથી માંડીને પોતાને પંડિત માનનારા લોકોઉપર પોતાનું રાજ્ય સતત ચલાવ્યા કરે છે, છતાં હું મારા મહારાજા મહામોહની કાંઇ સેવા કરી શકતો નથી એમ તું શામાટે અસંતોષ સેવે છે ? તું પણ તેની સેનામાં ઘણું સારું કામ કરી શકે છે. ચારે વર્ણોમાં, ચારે આશ્રમોમાં, ને પ્રત્યેક ધંધાદારમાં સર્વ વયના પુરુષો તથા સ્ત્રીઓરૂપ તારા અનુચરો મળી આવે છે. આમ તેમના દ્વારા તું તારા મહારાજા મહામોહની નિરંતર સેવા કરતો રહે છે, ને તેના શત્રુ મહારાજાધિરાજ વિવેકવર્માના તથા તેમના યોદ્ધા આર્જવના બલને ક્ષીણ કરવાનો નિરંતર પ્રયત્ન કર્યા કરે છે, તે શું તું ઓછું પરાક્રમ કરે છે !

હે દંભદેવ ! તારા જે અનન્યભકતો તારું વાસ્તવિક સ્વરૂપ તથા જગત્માં તારા સદ્ભાવનો હેતુ સમજ્યા નથી તે તારા અનન્યભકતોને તું સમજાવ કેઃ—“ હે ભાઇઓ ! તમે મારો બહુ દુરુપયોગ કરો છો. જો તમારે સુખી થવું હોય તો તમે મારો સર્વદા સદુપયોગ કરો. તમે જ્ઞાની થયા હો તો તમારા મનમાં સંસારને પરમ અસત્ય અનુભવતા છતા લોકોમાં બીજા લોકોના જેવા જણાવા પ્રયત્નવાન્ રહો, તમે પુરુષપ્રયત્નવડે વસ્તુતાએ મહાયોગી થયા હો તોપણ તમે જાણે સાધારણરીતે યોગ જાણતા હો એવો દેખાવ રાખો, તમે પૂર્વના પુણ્ય ને વર્તમાનકાલના પ્રયત્નથી પરમાત્માના અત્યંત

શુદ્ધભાવવાળા અનન્યભક્ત થયા હો તોપણ બહારથી સંસારમાં સજ્જનો જેમ વર્તતા હોય તેમ સાવધાનતાથી વર્તતા રહો, તમે મહાવિદ્વાન્ હો તોપણ લોકોની આગળ નિષ્પ્રયોજન તમારી વિદ્વત્તા જણાવવાનો પ્રયત્ન નહિ કરી લોકો પોતાને ઠીક લાગે તેવું અનુમાન તમારે માટે કરે તે કરવા દો, ને તમે તેના દ્રષ્ટા રહો. ટુંકામાં કહું તો તમે સર્વ જેવા હો તેવા દેખાવાનો વા હો તેથી ન્યૂન દેખાવાનો પ્રયત્ન સેવો. આવા વર્તનમાં કેવો ઉત્કૃષ્ટ લાભ રહ્યો છે તે તમને હમણાં સમજાશે નહિ, પણ જ્યારે તમે તેનો કેટલોક કાલ અનુભવ કરી જોશો ત્યારે તમને તેના મહાલાભની પ્રતીતિ થશે, ને તે કાલે તમે મારો ખરા ભાવથી ઉપકાર માનશો, એમાં સંશય નથી."

આ દંભસ્તવનો જે પુરુષ વા સ્ત્રી શ્રદ્ધા ને પ્રીતિથી પાઠ કરે, વા શ્રવણ કરે, તે પુરુષની વા સ્ત્રીની ઉપર જીવોના પરમસુહૃત્ પરમાત્મા કૃપા કરો, ને તેમના હૃદયમાં જે દંભનો અંશ રહ્યો હોય તેને દૂર કરો, તથા તેમને સરલતાનું અનુષ્ઠાન કરવાનું બલ આપો.

ઇતિ શ્રીવિનોદમાલામાં દંભસ્તવનામનું બારમું પુષ્પ. ૧૨.

ૐ

॥ भयस्तव ॥

१३.

હે ભય ! તારું નામ સાંભળતાંજ મનુષ્યને કંપ ઉત્પન્ન થાય છે. ગુજરાતીલોકો તને ડર, બીક, ત્રાસ, ભો ને બેના નામથી પણ ઓળખે છે.

હે ભય ! તારાં દૈવી ને રાક્ષસી એવાં બે સ્વરૂપ છે. સત્‌શાસ્ત્રની ને સદ્‌ગુરુની આજ્ઞાનું ઉલ્લંઘન કરતાં કંપાવનારું, પાપના દુઃખરૂપ ફલનો વિચાર કરી ક્ષુદ્રમાં ક્ષુદ્ર પાપકર્મથી પણ ડરાવનારું, ને કોઇ પણ પ્રકારનું અનુચિત કર્મ કરતાં પરમેશ્વરથી, દેવોથી ને લોકોથી કંપાવનારું જે તારું સ્વરૂપ છે તે જનહિતકર હોવાથી તારું દૈવીસ્વરૂપ છે, અને પ્રાપ્ત શુભ વ્યવહાર કરતાં ને યોગ્ય પારમાર્થિક સાધનોનું અનુષ્ઠાન કરતાં લોકાદિથી નિરર્થક કંપ ઉત્પન્ન કરનારું જે તારું સ્વરૂપ છે તે મનુષ્યનું અહિત સાધનાર હોવાથી તારું રાક્ષસી સ્વરૂપ છે. આ સ્તવમાં માત્ર તારા રાક્ષસી સ્વરૂપનુંજ ગાન કરાય છે.

હે ભય ! જે મનુષ્યના મનમાં તારો પ્રાદુર્ભાવ થાય છે તે મનુષ્યનું મન તારા સદ્‌ભાવવડે કંપવા લાગે છે, તેની ઇંદ્રિયો વ્યાકુલ થાય છે, તેના સ્નાયુઓ સંકોચાવા લાગે છે, તેના રુધિરની ગતિ મંદ થવા લાગે છે, ને કોઇને મૂર્ચ્છા પણ આવી જાય છે. તારું આવું સામર્થ્ય તારા રાક્ષસી સ્વભાવને સ્પષ્ટ પ્રકટ કરનારું છે, એમાં કાંઇ સંશય નથી.

હે ભયાસુર ! તારી સત્તાને શિરોધાર્ય સમજી તેને વશ થયેલો મનુષ્ય પોતાનું મન, ઇંદ્રિયો ને શરીર બલહીન થઇ જવાથી પોતાનો પ્રાપ્ત વ્યવહાર યથાયોગ્ય કરી શકતો નથી, ને પરમાર્થનાં સાધનોનું અનુષ્ઠાન પણ યથાવિધિ કરી શકતો નથી. તેં જેમનાં મન, ઇંદ્રિયો ને શરીરના સત્ત્વાંશરૂપ રુધિરનું પાન કરી લીધું હોય તેમનામાં યોગ્ય સામર્થ્ય ક્યાંથી હોય કે તેવડે તેઓ પોતાના પ્રાપ્ત વ્યવહારનું ને પરમાર્થના સાધનોનું સારી રીતે અનુષ્ઠાન કરી શકે.

હે ભય ! તારા મહિમાનું સંપૂર્ણ ગાન કોણ કરી શકે ? તું અપાર મહિમાવાળો છે. તારા મહિમાથી આકાશમાં પ્રબલ વેગથી

ઊડતો ગરુડ શ્રમ ક્રઇને નીચે પડી અળસીઆની પેઠે ભૂમિપર આળોટ-વા લાગે છે, તારા પરાક્રમથી ઉન્મત્ત ગજેંદ્ર બકરીજેવો રાંક થઇ જાય છે, તારા પ્રતાપથી અતુલ બલવાળો સિંહ શૃગાલજેવો નિર્બલ થઇ જાય છે; તારા બલથી ભીમસેનના જેવો બલવાનમાં બલવાન મલ્લ પણ બલહીન મનુષ્યજેવો થઇ જાય છે, તારા મહિમાથી રણાં-ગણમાં અતિ પરાક્રમ કરનાર ને યુદ્ધકલામાં કુશલ સમર્થ યોદ્ધા બલહીન માંદા માણસના જેવો થઇ જાય છે, તારા પરાક્રમથી પોતાના અસાધારણ બુદ્ધિવિભવથી અન્ય મનુષ્યોનાં મનોનું હરણ કરનાર બુદ્ધિમાન્ પુરુષ બુદ્ધિહીન મનુષ્યના જેવો થઇ જાય છે, અને તારા પરાક્રમથી લોકોમાં વિદ્વાન્ મનાતો પુરુષ નિરક્ષર મનુષ્યજેવો થઇ જાય છે. તારું આવું મહાસામર્થ્ય જાણી કયો મનુષ્ય તારા મહિમાથી ચકિત ન થાય ?

હે ભય ! તું અજ્ઞાનનો પૌત્ર ને અહંકાર તથા મમતાનો પુત્ર છે. સ્વરૂપના અજ્ઞાનવડે દેહાદિમાં અહંપણાની બુદ્ધિ ઉપજે છે, ને દેહાદિના સંબંધી પ્રાણિપદાર્થમાં મારાપણાની બુદ્ધિ ઉપજે છે. દેહા-દિમાં હુંપણાની બુદ્ધિ ને દેહાદિના સંબંધી પ્રાણિપદાર્થમાં મારાપણા-ની બુદ્ધિમાંથીજ તારો પ્રાદુર્ભાવ થાય છે. જો આત્મસ્વરૂપના જ્ઞાન-વડે અજ્ઞાન નાશ પામ્યું હોય તો તેના અભાવમાં અહંકાર ને મમ-તાનો પ્રાદુર્ભાવ કયાંથી થાય ? ને અહંકાર અને મમતાવિના તારો જન્મ પણ કયાંથી થાય ?

હે ભય ! તું મહાપરોપકારી છે, કેમકે તું ચિંતાદિ ઘણી રાક્ષસીઓ ને પ્રેતોનો ઉત્પાદક તથા પોષક છે. ચિંતા, અશ્રદ્ધા, અનુત્સાહ, દીનતા, વ્યાકુલતા, પ્રાપ્ત વ્યવહારમાં ઉદાસીનતા, પાર-માર્થિક સાધનોમાં ઉદાસીનતા, આલસ્ય, સંશય, જડતા, મૂર્છા ને

આપઘાત કરવાની ઇચ્છા ઇત્યાદિ મનોવૃત્તિઓરૂપ રાક્ષસીઓ ને પ્રેતો તારા સદ્ભાવથીજ ઉપજે છે, તથા પોષણ પામે છે.

હે ભય ! તું ભૂતસમાન છે. જે મનુષ્યને ભૂત વળગ્યું હોય તે મનુષ્ય જેમ કંપે છે, ધૂણે છે, તથા અર્થવિનાનું બકે છે, તેમ જે મનુષ્યને તારો વળગાડ થાય છે તે મનુષ્ય પણ કંપે છે, ધૂણે છે, તથા અર્થવિનાનું બકયા કરે છે.

હે ભય ! કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, દંભ ને ખેદાદિ મનોવિકારો તારા પ્રતાપવડેજ મનુષ્યના મનમાં જીવતા રહી ઉચ્છૃંખલપણે પોતપોતાનું કામ કર્યા કરે છે, કેમકે તારે વશ થયેલો મનુષ્ય તેમાંના કોઇની સામે થઇ શકતો નથી, તો તેમનો નાશ તો તે કયાંથીજ કરી શકે ? આવી રીતે તું કામાદિના જીવનનો નિર્વાહ કરનાર હોવાથી અતિસમર્થ છે એમાં વિવેકીઓને લેશ પણ શંકા નથી.

હે ભય ! શ્રોત્રાદિ પાંચ જ્ઞાનેંદ્રિયો, વાગાદિ પાંચ કર્મેંદ્રિયો, ને મન એ અગીઆર કરણો તેમના નિષિદ્ધ વ્યાપારોમાં પ્રવૃત્ત થઇ શકે છે તે પણ જીવમાં તારો સદ્ભાવ હોવાથી થઇ શકે છે, અન્યથા (જીવાત્મા તારાથી રહિત.ને જ્ઞાનેંદ્રિયો, કર્મેંદ્રિયો તથા મનને કંપાવનાર હોય તો) તેઓ નિષિદ્ધ વ્યાપારોમાં પ્રવૃત્ત થઇ શકે નહિ. એવી રીતે એ અગીઆર કરણો પોતપોતાના નિષિદ્ધ વ્યાપાર કરવાનું સામર્થ્ય તારા સદ્ભાવથી મેળવે છે, તેથી તારો સદ્ભાવ વિલક્ષણ સામર્થ્યયુક્ત છે એમ પ્રતીત થાય છે.

હે ભયદૈત્ય ! આ યજ્ઞદત્તપર તારી છાયા ઢળી છે, તેથી તેને કાંઇ પણ ખાતું હોય વા પીતું હોય તો તે વેલા પણ તે કંપી ઊઠે છે કે આ ખાવાથી વા આ પીવાથી મારું શરીર તો નહિ બગડે ? સ-

મીપના ગામમાં કે નગરમાં વિષૂચિકા, ગ્રંથિજ્વર, શીતલા, જ્વર કે અન્ય વ્યાધિ પ્રસર્યો હોય તો તે રાતદિવસ મનમાં કંપ્યા કરે છે, ને તે વેલા તે સુખપૂર્વક ખાતોપીતો નથી, તથા રાત્રે સુખપૂર્વક નિદ્રા પણ કરતો નથી. તે સમયમાં તારા પ્રતાપથી તે નિરંતર વ્યાધિનુંજ સ્મરણ કર્યા કરે છે. તેના ગામમાં જ્યારે કોઇ વ્યાધિ ચાલતો હોય ત્યારે તે ભાગ્યેજ પોતાના ગામમાં રહે છે, ને નજ ચાલતાં કદાચ રહે છે તો તેની સ્થિતિ લગભગ માંદાજેવીજ રહ્યા કરે છે, આમ તારા ભક્તોનું લોહી ચૂસી લેવામાં તું ઘણી નિપુણતા ધરાવે છે.

ભય ! આ દેવદત્તપર તારો રથ ફરી ગયો છે, તેથી તેને જાગ્રત્ તથા સ્વપ્નમાં પ્રત્યેક સ્થલે તારુંજ દર્શન થયા કરે છે. તેને કોઇ પણ મનુષ્ય, પશુ, પક્ષી, કીટ કે પદાર્થ દેખતાંજ કંપ થાય છે એટલુંજ નહિ, પણ અવકાશમાં પણ તે તારુંજ દર્શન કર્યા કરે છે. જેમ બ્રહ્મવેત્તાઓ પોતાના શરીરની અંતર ને બહાર સર્વત્ર બ્રહ્મનુંજ દર્શન કરે છે, તેમ આ દેવદત્ત પણ પોતાના શરીરની અંતર ને બહાર સર્વત્ર તારુંજ દર્શન કર્યા કરે છે, ને કંપ્યા કરે છે, તેથી તેના શરીરમાંનું લોહી તથા માંસ બહુ ઘટી જવાથી તે પ્રત્યક્ષ પ્રેતજેવો પ્રતીત થાય છે.

હે ભય ! આ ચૈત્ર તારા સ્મરણધ્યાનમાંજ તત્પર રહેનારો છે. સંધ્યાવંદન, જપ, શાસ્ત્રવાચન, દેવપૂજન, વૈશ્વદેવ, પ્રાણાયામ ને ધારણાદિ શુભકર્મ કરવામાં તે પ્રવૃત્ત થતો નથી તેનું કારણ માત્ર તે એટલુંજ બતાવે છે કેઃ—" મારા પરિચિત લોકો, મારા સંબંધિજનો તથા જેમને હું મારાથી મોટા માનું છું તેઓ, જો હું એ ક્રિયાઓમાં પ્રવૃત્ત થઉં તો મારી નિંદા વા મારો ઉપહાસ કર્યા વિના રહે નહિ. જો કોઇ પણ માણુસ મારી લગાર પણ નિંદા વા મારો લેશ

પણ ઉપહાસ કરે તો તે મને લેશ પણ ગમતું નથી એટલુંજ નહિ, પરંતુ મારા મનમાં તેનો વિચાર આવવાથી પણ મારું મન તથા શરીર બહુજ કંપી ઊઠે છે."

હે ભય ! તારા કૃપાકટાક્ષથી આ મૈત્રને કેટલાક લોકો ભયદાસ, કેટલાક લોકો બીકણદાસ, કેટલાક લોકો ડરકણ, ને કેટલાક લોકો બીકણબિલાડી કહે છે. તે સિંહ, વ્યાઘ્ર, વરુ, સાપ ને વીંછીથી ડરે તે તો ક્ષંતવ્ય છે, પણ કાનખજુરા, ગરોળી, દેડકાં, ચકલી, કાગડા, કબુતર, માખી, મકોડા ને કીડીથી પણ તે બહુજ બીએ છે. પ્રત્યેક પ્રાણિપદાર્થના દર્શનથી ન્યૂનાધિક અંશે તે કંપ્યા વિના રહેતો નથી. આવી તેની સ્થિતિ હોવાથી લોકો તેને તેની યોગ્યતાનુરૂપ નામ સમર્પણ કરે તેમાં લેશ પણ આશ્ચર્યજેવું નથી.

હે ભયાસુર ! આ વિષ્ણુમિત્ર તારી ભક્તિવડે એવી સ્થિતિએ પહોંચ્યો છે કે તે એક ક્ષણ પણ તારું સ્મરણ કર્યા વિના રહી શકતો નથી. તારું સ્મરણ ન કરવું એવી તેની ઇચ્છા થાય તોપણ તે તારું સ્મરણ કર્યા વિના રહી શકતો નથી. તે જ્યાં ત્યાં પોતાના શત્રુઓના અસ્તિત્વની કલ્પના કરી તથા તેમના પ્રયત્નવડે થનારા વંધ્યાપુત્રજેવા પોતાના ભાવિ અનિષ્ટની કલ્પના કરી નિરંતર કંપ્યા કરે છે.

હે ભય ! તારા કેટલાક ભક્તો પોતે માંદા હોય ત્યારે પોતાના મરણનું અનુમાન કરીને અથવા પોતાના નિકટના સંબંધીમાંથી કોઇ માંદું હોય તો તેના મરણનું અનુમાન કરીને સતત ધ્રુજ્યા કરે છે, તારા કેટલાક ભક્તો પોતાને ભવિષ્યમાં અમુક અમુક આપત્તિ અવશ્ય આવી પડશે એવું અનુમાન કરીને નિરંતર કંપ્યા કરે છે, તારા કેટલાક દાસો અમુક ખાવાથી મારા શરીરમાં આવી વિક્રિયા થશે, ને તમુક ખાવાથી મારા શરીરમાં આવી વિક્રિયા થશે, તથા

અમુક પીવાથી મારા શરીરમાં આવો રોગ થશે, તથા તમુક પીવાથી મારા શરીરમાં આવી પીડા થશે, એવી કલ્પનાવડે અહોનિશ મનમાં રોયા કરે છે, તારા કેટલાક સેવકો અમુક શુભ કામ કરવાનું મારું સામર્થ્ય નથી, વા અમુક શુભ કામ કરવાથી મને અવશ્ય હાનિ થશે, એવા કુતર્કવડે રાતદિવસ તપ્યા કરે છે, અને તારા કેટલાક પરિચારકો કોઇની સાથે બોલવામાં વા પાંચ માણસો-ના સમક્ષ બોલવામાં કિંવા સભામાં બોલવામાં રખેને મારાથી કાંઇ અવિચારવાળું વા અશુદ્ધ તો નહિ બોલી જવાય એવા વિચારથી થરથર્યા કરે છે.

હે ભય ! તારા કેટલાક ઉપાસકો ભૂતથી, તારા કેટલાક ઉપા-સકો પ્રેતથી, તારા કેટલાક ઉપાસકો ચુડેલથી, તારા કેટલાક ઉપા-સકો ડાકણથી, તારા કેટલાક ઉપાસકો યક્ષથી, તારા કેટલાક ઉપાસકો રાક્ષસથી, તારા કેટલાક ઉપાસકો દુકાળથી, તારા કેટલાક ઉપાસકો ભુવાથી, તારા કેટલાક ઉપાસકો માંત્રિકોથી, ને તારા કેટલાક ઉપાસકો તાંત્રિકોથી થરથર ધ્રુજ્યા કરે છે.

હે ચિંતાજનક ! ત્રણ શરીરથી પર પ્રત્યગાત્માથી અભિન્ન બ્રહ્મ જે અત્યંત નિર્ભય છે તેજ મારું વાસ્તવિક સ્વરૂપ છે એવો દૃઢ નિશ્ચય સતત રાખવાથી મનુષ્ય તારું સુખપૂર્વક અતિક્રમણ કરી અત્યંત નિર્ભય રહી શકે છે; કિંવા દેહાદિ દૃશ્ય પદાર્થોને અન્ય પ્રતિકૂલ પ્રાણિપદાર્થોનું ભય છે, પણ હું કે જે સર્વનો દ્રષ્ટા છું તેને કોઇનું લેશ પણ ભય નથી એવા શુભ વિચારનું દૃઢતાપૂર્વક સતત સેવન કરવાથી તારી મર્યાદાનું ઉલ્લંઘન કરી મનુષ્યથી સર્વદા ભય-રહિત રહી શકાય છે; અથવા પ્રારબ્ધાનુસાર જેમ બનવાનું હશે તેમ બનશે એમાં મારે ભય પામવાનું કાંઇ પણ પ્રયોજન નથી.

આવો વિચાર હૃદયમાં સતત જાગ્રત્ રાખવાથી પણ તારાથી થતા અનર્થોથી મનુષ્યવડે બચી શકાય છે; છતાં તારા અનન્યભક્તો પોતાની તારા પ્રતિની અવ્યભિચારિણી ભક્તિમાં લેશ પણ ન્યૂનતા ન આવવા દેવામાટે તેમાંના એકે ઉપાયનું આદરપૂર્વક અનુષ્ઠાન કરતા નથી, ને તારાથી રહિત થતા નથી.

જે પુરુષ વા જે સ્ત્રી અનુકૂલબુદ્ધિવડે આ ભયસ્તવનું વાચન વા શ્રવણ કરે તે પુરુષ વા તે સ્ત્રીને ભયની નિવૃત્તિના ઉપાયોનું અનુષ્ઠાન કરવાનું યોગ્ય બલ આપી તેમના અંતઃકરણમાં રહેલા ભયની નિઃશેષ નિવૃત્તિ કરવા જીવોનું નિર્હેતુક હિત ઇચ્છનારા શ્રીપ્રભુ કૃપા કરો. ઇતિ શિવમ્.

ઇતિ શ્રીવિનોદમાલામાં ભયસ્તવનામનું તેરમું પુષ્પ. ૧૩.

ૐ

॥ चिंतास्तव ॥

૧૪.

હે ચિંતે! તારું અત્યંત ભયંકર સ્વરૂપ લોકોને અજ્ઞાત નથી. લોકો તને ખેદ, શોક, વિષાદ ને આયાસના નામથી પણ ઓળખે છે. નાના બાળકથી માંડીને વૃદ્ધસુધીના મનુષ્યો, મૂર્ખથી માંડીને પંડિતસુધીના મનુષ્યો, ને રંકથી માંડીને ધનાઢ્ય ને રાજાસુધીના મનુષ્યો તને સારી રીતે ઓળખે છે.

હે ચિંતે ! તું જીવતા મનુષ્યના ચિત્તમાં પ્રકટી તેના મન, ઇંદ્રિયો ને શરીરને બાળે છે, તેથી મૃત મનુષ્યને બાળનારી ચિતાથી પણ તું અધિક બલવાન્ છે, એમાં વિવેકી માણુસને લેશ પણ સંશય ઉત્પન્ન થવો સંભવિત નથી. ચિતા એ શબ્દમાં ચિઅક્ષરપર અનુસ્વાર નથી, ને તારા નામમાં (ચિંતા એ શબ્દમાં) ચિઅક્ષરપર અનુસ્વાર છે, તેથી અનુસ્વારના વધારાવડે ચિતાકરતાં તારામાં દુઃખદ સામર્થ્યનો વધારો હોવોજ જોઇએ એમાં શકાને કયાં અવકાશ છે ?

હે ચિંતે ! તને અન્ય શું નામ આપવું ? શું તને ડાકિની કહેવી ? ચુડેલ કહેવી ? રાક્ષસી કહેવી ? સિંહણ કહેવી ? વાઘણ કહેવી ? આગ કહેવી ? કે નાગણી કહેવી ! તું તારે વશ થયેલા મનુષ્યનું રુધિર પીએ છે, તેથી તને ડાકિની પણ કહી શકાય. તું તારા ઉપાસક મનુષ્યને તારી ઉપાસનાના ચમત્કારથી વિરૂપ કરી નાંખે છે, તેથી તને ચુડેલ એવું નામ પણ આપી શકાય. તું તારા ભક્ત મનુષ્યના ચિત્તના ચાતુર્યાદિ શુભ ગુણોનું હનન કરે છે, માટે તને રાક્ષસીની ઉપમા પણ આપી શકાય. જેમ કોઇ સિંહણ વા વાઘણનું કોઇ વનમાં આગમન થતાં તે વનમાં રહેનારાં મૃગાદિ પશુઓ ભયયુક્ત થાય તેમ જે મનુષ્યના ચિત્તમાં તારો પ્રાદુર્ભાવ થાય છે તે મનુષ્યના ચિત્તમાં રહેલા સર્વ શુભ વિચારો ને વૃત્તિઓ ભયયુક્ત થાય છે, તેથી તને સિંહણ કે વાઘણ પણ કહી શકાય. તું મનુષ્યના ચિત્ત, ઇંદ્રિયો ને શરીરમાં દાહ ઉત્પન્ન કરે છે, તેથી તને આગ પણ કહી શકાય, ને નાગણી જેમ ફુંફાડા મારે છે, તેમ તારે વશ થયેલો તારો ભક્ત પણ તારા સ્વરૂપથી અભેદ પામી ફુંફાડાસહિત નિશાસા મૂકયા કરે છે, તેથી વા જેને નાગણીએ દંશ કરેલો હોય છે તે જેમ ઝુર્યા કરે છે, તેમ તારો ભક્ત પણ ઝુર્યા કરે છે, તેથી તને નાગણીની ઉપમા પણ આપી શકાય.

હે જનહૃદયબલવિનાશિનિ ! જે મનુષ્યના ચિત્તમાં તારો પ્રાદુર્ભાવ થાય છે તે મનુષ્યનું ચિત્ત તારા પુત્ર પરિતાપવડે બળવા લાગે છે, તેના ચિત્તમાંના શુભગુણો ક્ષીણ થવા લાગે છે, તેના રુધિરનું તથા માંસનું શોષણ થવા લાગે છે, તેની ઇંદ્રિયોનું સામર્થ્ય ન્યૂન થવા લાગે છે, તેનું શરીર મલિન ને કૃશ થવા લાગે છે, તેને આહારમાં અરુચિ થવા લાગે છે, ને તે માણસને પ્રાયશઃ બોલવાચાલવાની કે કાંઇ કામકાજ કરવાની ઇચ્છા થતી નથી. કોઇ વેલા તારો ઉપાસક તારી અનન્યભક્તિને વશ થઇ પોતાના સ્થૂલશરીરથી પોતાના સૂક્ષ્મશરીરને પૃથક્ કરી નાંખવાનું સાહસ પણ કરે છે.

હે વ્યવહારપરમાર્થવિઘાતિનિ ! જે મનુષ્ય તારી ઉપાસનામાં પ્રવૃત્ત થાય છે તે મનુષ્ય કૃષિ, વાણિજ્ય, સેવા કે જે અન્ય કોઇ ધંધો કરતો હોય તે ધંધામાં પોતાના મનને, ઇંદ્રિયોને કે શરીરને લગાડવા સમર્થ થતો નથી; અને અહોનિશ તારી ઉપાસનામાંજ લીન રહેવાથી તે મનુષ્ય સંધ્યોપાસન, જપ, સ્વાધ્યાય, પ્રાણાયામ કે ધારણાદિક પારમાર્થિક સાધનમાં પણ પોતાના મન આદિને લગાડવા સમર્થ થતો નથી. આવી રીતે તારા ઉપાસક મનુષ્યને ઉભય લોકથી શીઘ્ર મુક્ત કરનારી તું અતુલિત બલવતી પ્રતીત થાય છે.

હે ભયપુત્રિ ! તારા પિતા ભયનો જે ચિત્તમાં આવિર્ભાવ થાય છે તે ચિત્તમાં તું પણ તારા પિતાનું પ્રાકટ્ય થયા પછી શીઘ્રજ પ્રકટ થાય છે. મનુષ્યના ચિત્તાદિના બલનું ભક્ષણ કરનારાં તમે બંને જે ચિત્તમાં વાસ કરો છો તે ચિત્તાદિ પછી સાત્ત્વિકબલરહિત થઇ જાજરાં થઇ જાય છે એ વાત પ્રસિદ્ધજ છે.

હે ભીરુજનવનદાહિકે ! કેટલાક મનુષ્યો ભૂતકાલના અનિષ્ટ વૃત્તાંતોનું સ્મરણ કરતા કરતા તારે વશ થઇ ઉદાસ થાય છે,

ઉંડા નિઃશ્વાસ મૂકે છે, કે રુદન કરવા લાગે છે; કેટલાક મનુષ્યો ભાવિની અનિષ્ટ કલ્પના કરતા કરતા તારા ભોગ થઈ પડી ઉદાસ થાય છે, ઉંડા નિઃશ્વાસ મૂકવા લાગે છે, કે રુદન કરવા લાગે છે; અને કેટલાક મનુષ્યો વર્તમાનકાલની પોતાની સ્થિતિથી અસંતુષ્ટ રહી પોતાનું પ્રાપ્ત કર્તવ્ય ત્યજી તારી સત્તાને વશ થઇ જવાથી પરિતાપ પામ્યા કરે છે.

હે ચિંતે ! પોતાની સ્ત્રી મરણ પામવાથી પુરુષ, ને પોતાનો પતિ મરી જવાથી સ્ત્રી, પ્રારબ્ધને વા ઇશ્વરેચ્છાને પ્રબલ ગણી શાંત નહિ રહેતાં પ્રાયશઃ તારે વશ થાય છે. પુત્ર, પુત્રી કે નિકટના પ્રિય સંબંધિજનના મરણથી મનુષ્યોનો મોટો ભાગ પોતાના પ્રારબ્ધને વા ઇશ્વરેચ્છાને બલવાન્ સમજી પોતાના મનને ધૈર્યવાળું નહિ રાખતાં તારે વશ થઇ દુઃખાનુભવ કરવા લાગે છે. તેઓ તારી ઉપાસનામાં પ્રવૃત્ત થાય તેથી તેમને તેમનાં મરણ પામેલાં સગાંવહાલાં પુનઃ પ્રાપ્ત થતાં નથી, ને તેઓ માત્ર પોતાના શરીરાદિને ક્ષીણ કરવારૂપ ફલજ મેળવે છે, છતાં તારે વશ થવાથી વિવેકહીન થયેલા તેઓ તારો ત્યાગ કરી શકતા નથી.

હે અભ્યુદયધ્વંસિનિ ! કેટલાક મનુષ્યો પોતાના શરીરમાં કોઇ જાતનો વ્યાધિ પ્રકટેલો અનુભવે, વા પોતાના કોઇ નિકટના પ્રિય સંબંધિજનને કોઇ જાતનો વ્યાધિ થયેલો જાણે, વા સાંભળે, કે તુરત તે વ્યાધિની નિવૃત્તિ કરવા યોગ્ય ઉપાય કરવો એ પોતાનું કર્તવ્ય છે, પણ તારે માટેજ પોતાના ચિત્તને મોકળું કરી દેવું એ પોતાનું કર્તવ્ય નથી, આ વાતને નહિ જાણી કેવલ તારે વશ થઇ ક્લેશાનુભવ કર્યાં કરે છે, ને પોતાને તે વેલા જે વાસ્તવિક કર્તવ્ય છે તેને ઉત્સાહપૂર્વક કરતા નથી.

હે ઉત્સાહવિઘાતિનિ ! કોઇ મનુષ્યને પ્રસંગોપાત્ત કેટલાક દ્રવ્યની હાનિ થઇ હોય, વા કોઇ મનુષ્યને ભવિષ્યમાં પોતાને કેટલાક દ્રવ્યની હાનિ થવાનો સંભવ જણાતો હોય, કિંવા કોઇ મનુષ્યને વર્તમાનમાં પોતાની જે સુખપૂર્વક આજીવિકા ચાલે છે તે ભવિષ્યકાલમાં નહિ ચાલે એવો સંભવ જણાતો હોય, ત્યારે તેવા મનુષ્યોનો મોટો ભાગ તેવા પ્રસંગમાં પોતાનું જે શાસ્ત્રીય હિતકર કર્તવ્ય હોય તેને ભૂલી તારે વશ વર્તવા લાગે છે, અને દીપકમાં પડનાર પતંગો જેમ પોતાનાં જીવન ખોવાવિના અન્ય કાંઇ ફલ મેળવતા નથી, તેમ તારે વશ થયેલા મનુષ્યો પણ પોતાનાં શરીરો, ઇંદ્રિયો ને અંતઃકરણોના ઉપયોગી સામર્થ્યને ખોવાવિના અન્ય કાંઇ શુભ ફલ મેળવતા નથી.

હે મનુષ્યોનાં તનમનને બાળનારી ! તું કેટલાક લોકોને તેમનાથી ભૂતકાલમાં પ્રમાદાદિને વશ થવાથી જે જે દોષો થયા હોય તેનું વારંવાર સ્મરણ કરાવી તારા સ્વાધીનમાં લે છે, ને માણસ અભ્યાસનો બનેલો હોવાથી તારે સ્વાધીન થયા પછી તે સર્વદા સર્વથા તારી સ્વાધીનતામાંજ રહ્યા કરે છે. જેમ મહાયોગીઓ સર્વાધિષ્ઠાન બ્રહ્મમાંથી પોતાના અંતઃકરણને બહાર કાઢવા ઇચ્છતા નથી, તેમ તારે વશ વર્તનારો મનુષ્ય પણ તારામાંથી પોતાનું અંતઃકરણ બહાર કાઢવા ઇચ્છતો નથી.

હે કર્તવ્યવિમુખકારિણિ ! જેમ ઉષ્ણ પ્રદેશમાં પડતો હિમ વેલા, છોડ ને વૃક્ષને ફલ, પુષ્પ ને પત્રાદિરહિત કરી મૂકે છે; જેમ ઉપરાઉપર પડતા ઉલ્કા વૃક્ષ, છોડ ને વેલાનો નાશ કરી નાંખે છે; જેમ જ્વાલામુખી પર્વતમાંથી નીકળતો પાષાણરસ (લાવા) ને રાખ પાસેના પ્રદેશને દાટી વેરાન કરી મૂકે છે; જેમ દાવાનલ વનમાંનાં

વૃક્ષો, છોડો ને વેલાઓને બાળી નાંખે છે; અને જેમ કોઇ મહા-નદીમાં આવેલી મોટી રેલ કાંઠાપરનાં ગામો ને નગરોને તાણી જાય છે; તેમ જે મનુષ્યના ચિત્તમાં તારો પ્રાદુર્ભાવ થાય છે તે મનુષ્યના મનને તું ઉત્સાહ, વિવેક ને શુભેચ્છાદિ શુભ ગુણોથી રહિત કરી નાંખે છે; તેના શરીર, ઇંદ્રિયો ને મનના સામર્થ્યને હણી નાંખે છે; અને તેના મનને સંસારનાં તથા પરમાર્થનાં સાધનોમાં પ્રીતિવિનાનું ને પ્રસન્નતારહિત દુઃખપ્રપૂર્ણ કરી મેલે છે. તારું આવું અમાનુષી પરાક્રમ કોના ચિત્તમાં આશ્ચર્ય ન ઉપજાવે ?

હે જનગર્વગંજનિ ! આ યજ્ઞદત્તનો પુત્ર મરણ પામ્યો છે, તે સમજે છે કે તારી સતત ઉપાસના કર્યા કરવાથી તે પાછો આવનાર નથી, ને માત્ર મારા શરીરાદિને હાનિ પહોંચશે, છતાં તે તારી ઉપાસના છોડતો નથી, આ વિષ્ણુમિત્રને કાંઇક દ્રવ્યહાનિ થઇ છે, તારી ઉપા-સનાથી તેને તે દ્રવ્ય પાછું પ્રાપ્ત થવાનો લેશ પણ સંભવ નથી, પરંતુ તારી ઉપાસનાથી તેને કોઇ પ્રકારની વિશેષ હાનિ થવા-નો સંભવ છે, છતાં તે પણ તારી ઉપાસના છોડતો નથી; આ દેવદત્તની સ્ત્રી માંદી છે, તેથી જાણે તારી ઉપાસના કર્યા કરવી તેજ તેને રોગરહિત કરવાનો મુખ્ય ઉપાય છે એમ સમજી તે તારી ઉપાસ-નામાંજ સર્વદા પ્રવૃત્ત રહે છે; આ ચૈત્રને શરીરે કોઇ એક રોગ થયો છે, તેથી જાણે તારી ભક્તિજ તે રોગની વાસ્તવિક નિવારક હોય એમ ગણી તે તારી ભક્તિમાંજ લીન રહે છે; આ મૈત્રનું એક મનુષ્યે પ્રસંગોપાત્ત અપમાન કર્યું છે, તેથી તે હવે તું જાણે તે અપમાનને મટાડી દેનારી છે એમ ગણી તારી ઉપાસનામાંજ નિરંતર ભાવપૂર્વક પ્રવૃત્ત રહે છે; આ વિહારીલાલ પોતાની આજીવિકા સુખપૂર્વક ચાલતી નથી, તેથી યોગ્ય પુરુષપ્રયત્નના કરતાં પણ તું વધારે ઉપકારકારિણી

છે એમ માની તે તારીજ સેવામાં તત્પર રહે છે; આ યશોદા પોતાના પુત્રને તે યોગ્ય વયનો થયા છતાં હજી યોગ્ય કન્યા મળી નથી, તેથી તુંજ જાણે તેને યોગ્ય કન્યા સંપાદન કરી આપીશ એમ સમજી તે તારીજ પરિચર્યા કર્યા કરે છે; અને આ કલાવતી યોગ્ય વયે પહોંચેલાં પોતાનાં પુત્રપુત્રીને ધનવિના શી રીતે પરણાવવાં એ વિષયમાં તું જાણે તેને કોઇક યોગ્ય માર્ગ સુઝાડીશ એમ સમજી અહોનિશ તે તારા સ્વરૂપમાંજ લીન રહ્યા કરે છે. આમ જ્યાં ત્યાં તારી સત્તા ફેલાઇ રહેલી જોવામાં આવે છે.

હે ! ચતે ! સર્વત્ર સર્વ પ્રકારના ભયથી રહિત પરમતત્ત્વજ વિલસી રહ્યું છે એવા દૃઢ વિચારવડે તારું અતિક્રમણ કરી શકાય છે, સર્વદા સર્વથા સર્વત્ર મારું રક્ષણ કરનારા સમર્થ પરમાત્મા અંતરબહાર સર્વ સ્થલે રહ્યા છે, ને તેઓશ્રી જે કરશે તે મારા હિતનુંજ કરશે તો મારે કોઇ પણ પ્રતિકૂલ પ્રસંગની પ્રાપ્તિના વિચારથી, વા પ્રતિકૂલ પ્રસંગની પ્રાપ્તિથી નિરર્થક ભય પામવાનું કાંઇજ કારણ નથી, આવા દૃઢ વિચારવડે પણ તારું ઉલ્લંઘન કરી શકાય છે, અને જે બનવાનું છે તે બન્યા વિના રહેવાનું નથી, ને જે બનવાનું નથી તે નહિજ બને, આવા દૃઢ વિચારવડે પણ તારી અધીનતામાંથી મોકળા થઇ શકાય છે, છતાં તારી ઉપાસનામાંજ જાણે આનંદ માનતા હોય એવા દેખાતા તારા અનન્યભક્તો તારેજ વશ વર્તે છે. તેઓ બહુજ હઠીલા હોવાથી પ્રાયશઃ કોઇના સમજાવ્યા સમજતા નથી. તું તેમના બાહ્ય વ્યવહારને, શરીરબલને, ઇંદ્રિયસામર્થ્યને ને અંતઃકરણના સામર્થ્યને બગાડે છે, છતાં છતી આંખે અંધ થયેલા તેઓ તારા પંજામાંથી મોકળા થતા નથી, એટલુંજ નહિ, પણ મોકળા થવાની ઇચ્છા પણ કરતા નથી.

આ ચિંતાસ્તવનો જે પુરુષ વા જે સ્ત્રી સમજપૂર્વક પાઠ વા શ્રવણ કરે તે પુરુષના વા તે સ્ત્રીના અંતઃકરણમાં ભયવડે ઉત્પન્ન થતી ચિંતાનો જે ન્યૂનાધિક સદ્‌ભાવ હોય તે સદ્‌ભાવ ભયરહિત, ચિંતારહિત ને સર્વશક્તિમાન્ પરમાત્મા દૂર કરવા કૃપા કરો. ઇતિ શિવમ્.

ઇતિ શ્રીવિનોદમાલામાં ચિંતાસ્તવનામનું ચૌદમું પુષ્પ. ૧૪.

ॐ

॥ આલસ્યસ્તવ ॥

૧૫.

હે આલસ્ય ! કફની વૃદ્ધિવડે શરીર ભારે થવાથી વા અંતઃકરણમાં તમોગુણની વૃદ્ધિ થવાથી મનુષ્યના અંતઃકરણાદિમાં તારો પ્રાદુર્ભાવ થાય છે. જે મનુષ્યના અંતઃકરણાદિમાં તારો પ્રાદુર્ભાવ થયો હોય તે મનુષ્યનું અંતઃકરણ, ઇંદ્રિયો ને શરીર વ્યવહાર વા પરમાર્થના કોઇ પણ કામમાં રુચિપૂર્વક પ્રવૃત્તિ કરી શકતાં નથી. આવી રીતે મનુષ્યનાં અંતઃકરણાદિને તું રોકનાર હોવાથી તારું સામર્થ્ય કોઈ પણ પ્રકારે ન્યૂન નથી એ વિનાકહેજ સમજાય એવું છે.

હે આલસ્ય ! તારા યશનું ગાન કયાંસુધી કરવું ? તું નપુંસક છતાં પણ સમર્થ પુરુષોથી જે કાર્ય સિદ્ધ ન થઇ શકે તે કાર્ય તું સુખપૂર્વક સિદ્ધ કરી શકે છે. તું રંકથી માંડીને રાજાસુધીના અને મૂર્ખથી માંડીને પંડિતસુધીના મનુષ્યોને તારે વશ વર્તાવે છે એ સમર્થ પુરુષોથી પણ ન થઇ શકે એવું કામ છે એ સ્પષ્ટજ છે.

હે આલસ્ય ! તું કનિષ્ઠ એવા તમોગુણના કાર્યરૂપ છતાં પણ તારું પરાક્રમ સાધારણ નથી, પણ અસાધારણ છે, કેમકે તારા પ્રતાપથીજ મનુષ્યોનો મોટો ભાગ દરિદ્રી ને મૂર્ખ રહે છે. જો તેઓ તારી સત્તાને વશ ન વર્તતા હોય તો તેઓ બહુધા ધનવાન્ ને વિદ્વાન્‌જ થાય.

હે આલસ્ય ! તું પ્રત્યેક દેશના મનુષ્યોના મોટા ભાગને પ્રિય છે. જો તું તેમને પ્રિય ન હોય તો તેઓ પોતાના જીવનનો ઘણો ભાગ તને શામાટે અર્પણ કરે ! મનુષ્યજીવનની એક ક્ષણ પણ મૂલ્યવતી ગણાય છે, ત્યારે તે જીવનનો કલાક મહામૂલ્યવાન્ ગણાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. તારા ઉપાસકો પ્રસન્નમને તને કલાકોના કલાકો અર્પણ કરે છે, તેથી તેમની તારા પ્રતિ કેટલી ઉત્તમ પ્રકારની ભક્તિ છે તે સામાન્યબુદ્ધિનો માણસ પણ સુસ્પષ્ટરીતે જાણી શકે છે.

હે આલસ્ય ! આ પૃથિવીપરના પુરુષોનો મોટો ભાગજ તારો ઉપાસક છે એમ નથી, કિંતુ સ્ત્રીઓનો મોટો ભાગ પણ તારી ઉપાસનાપરાયણ જોવામાં આવે છે. પુરુષોનો મોટો ભાગ જેમ પોતાના અવકાશના સમયનો સદુપયોગ કરતો નથી, તેમ સ્ત્રીઓનો મોટો ભાગ પણ પોતાના અવકાશના સમયનો સદુપયોગ કરતો નથી. કાંઇ કામ ન કરતાં પડી રહેવું વા બેસી રહેવું એ જેમ તારી ઉપાસના છે, તેમ વ્યવહારપરમાર્થમાં પોતાને કાંઇ કામની ન હોય પણ ઊલટી અંતઃકરણમાં પાપના સંસ્કારો પાડનારી હોય તેવી પ્રવૃત્તિ પણ તારી ઉપાસનામાંજ ગણવાયોગ્ય છે. આવી રીતે પૃથ્વીપરનાં ઘણાં માણસો તારી ઉપાસના કરે છે એમ જાણી તારા ઉપાસકો અને ઉપાસિકાઓનાં મન આનંદથી ઊભરાઇ જાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. પોતાના ઉપાસ્યની સર્વત્ર ઉપાસના થતી જાણી આનંદ ન પામે એવો અણસમજુ મનુષ્ય કોણ હોય ?

હે સમર્થ આલસ્ય ! તારા ઉપાસકો તનેજ પરમપૂજ્ય ને આજ્ઞા માનવાયોગ્ય માને છે, તેથીજ તેઓ પોતાના ગુરુની, મા-બાપની, મોટા ભાઇની, કે ઉપરિની આજ્ઞા નહિ માનતાં તારી આજ્ઞા-નુંજ પરિપાલન કરવા સર્વદા તત્પર રહેતા જણાય છે.

કોઇ રાજા પોતાની પ્રજાને એવી આજ્ઞા કરે કે મારી સર્વ પ્રજાએ એક એક કલાક વા બબે કે ત્રણ ત્રણ કલાક મારા ગઢમાં આવીને કાંઇ પણ ક્રિયા નહિ કરતાં હાથપગ જોડીને બેસી રહેવું, અર્થાત્ આળસુ રહેવું, તો તે બધી પ્રજા તુરત અપ્રસન્ન થઇ જાય; પણ હે આલસ્ય ! મનુષ્યોનો મોટો ભાગ તારી આજ્ઞા શિરોધાર્ય સમજી મૂંગે મોઢે તેનું પરિપાલન કરે છે, ને તારા પર તેઓ કાંઇ પણ અપ્રસન્ન થતા નથી, એ તેમની તારામાં કેવી અનન્ય ને અ-નપાયિની ભક્તિ છે તે સ્પષ્ટ બતાવી આપે છે.

હે આલસ્ય ! તારૂં કામ ઉંદરના જેવું છે. જેમ ઉંદર ફુંકતો જાય છે, ને માણસનો પગ કરડતો જાય છે, તેથી તે માણસને ઉંદર મારો પગ કરડી મને દુઃખ દે છે એવી ખબર પડતી નથી, તેમ તું પણ માણસોને તારે વશ વર્તાવી તેમના જીવનને બહુ હાનિ પહોંચાડે છે, છતાં તું તેમને હાનિ કરે છે એમ તેમને સમજવા દેતું નથી.

હે આલસ્ય ! તું લંગડું હોવાથી ઘણુંજ ધીમે ધીમે ચાલે છે, તેથી તારૂં દત્તક લીધેલું બાળક દારિદ્ર્ય તને શીઘ્ર પકડી લે છે. આવી રીતે તું તથા તારૂં બાળક દારિદ્ર્ય જે માણસના ઉપર કૃપા કરી તેને ત્યાં વાસો કરો છો, તે બિચારાની અવદશાનો પાર રહેતો નથી, છતાં તારો તે ભક્ત રખેને તારી પોતાના પર અવકૃપા થશે એમ જાણી તારો ત્યાગ કરવા કાંઇ પણ યોગ્ય પ્રયત્ન કરતો નથી.

હે આલસ્ય ! તું મનુષ્યની બાહ્યસામગ્રીને, શરીરસામર્થ્યને, ઇંદ્રિયોના સાત્ત્વિકરાજસ બલને, તથા અંતઃકરણના સાત્ત્વિકરાજસ બલને ક્ષીણ કરી તેને પરમ અપકાર કરે છે, છતાં તારા અનન્ય ઉપાસકો તારી ભક્તિનો ત્યાગ નહિ કરતાં પૂર્વવત્ તારી ઉપાસના ચાલુ રાખે છે એ અન્યને આશ્ચર્યરૂપ પ્રતીત થાય છે, પણ તારા માહાત્મ્યને સારી રીતે જાણનારાને તેમાં કાંઇ પણ આશ્ચર્ય લાગતું નથી.

જેમ ઉંદર, ખીસકોલી ને ચકલાં આદિ પક્ષીઓ સમીપમાં પડેલા અજગરના મોઢામાં જઇ પડે છે, તેમ હે આલસ્ય ! મનુષ્યોનો મોટો ભાગ તારો ભોગ થઇ પડી પોતાના જીવનનો પોતાને કે અન્યને યોગ્ય લાભ આપી શકતો નથી.

હે અસત્ય ભાષણને અવકાશ આપનાર આલસ્ય ! તારા ભક્તોને તારી ઉપાસના ગુપ્ત રાખવા ઘણી વાર દંભના પરમપ્રિય પુત્ર અસત્યની સાથે મૈત્રી રાખવી પડે છે. તેઓ વસ્તુતાએ તારી ઉપાસનામાંજ સમય અર્પણ કરતા હોય છે, છતાં સ્વધર્મપાલનાદિમાં અવકાશ ન મળવાનાં આવાં આવાં બાનાં બતાવે છેઃ—તારો એક ઉપાસક કહે છે કેઃ—“ ખેતીના ધંધામાં મને બહુ રોકાવું પડે છે, તેથી સ્વધર્માદિનું અનુષ્ઠાન કરવાનો મને સમય મળી શકતો નથી,” તારો બીજો ઉપાસક કહે છે કેઃ—“ વ્યાપારમાં મારે ઘણો સમય ગાળવો પડે છે, તેથી મને સ્વધર્માદિનું પરિપાલન કરવાનો સમય મળતો નથી,” તારો તારો ત્રીજો ઉપાસક કહે છે કેઃ—“ નોકરીનું કામ ઘણું સખ્ત હોવાથી મને સ્વધર્માદિક પાળવાનો સમય મળતો નથી, ” તારો ચોથો ઉપાસક કહે છે કેઃ—“ વકીલાતના કામકાજમાં અનિયમિત રોકાણ થવાથી મને સ્વધર્માદિનું પાલ-

ન કરવાનો સમય મળતો નથી, " અને તારી કોઇ ઉપાસિકા સ્ત્રી વા તારો કોઇ વિધુર ઉપાસક કહે છે કેઃ–" મારે નાનાં છોકરાં હોવાથી સ્વધર્માદિનું પરિપાલન કરવાની જોગવાઇ આવતી નથી." આ અને આવા પ્રકારનાં બીજાં તેમનાં બાનાંઓ પોતાની તારા પ્રતિની અનન્યભક્તિ ઉઘાડી નહિ પડવા દેવાના હેતુથી તેઓ ગોઠવે છે, પણ ચતુર મનુષ્ય તેઓનાં માત્ર આ બાનાં છે, પણ સત્ય વાત નથી, એમ તુરત સમજી જાય છે, છતાં તારી ઉપાસનાથી જેમનું બુદ્ધિબલ હણાઇ ગયું છે એવા તેઓ, આ શ્રોતા મારા વચનને કેવલ મિથ્યા સમજે છે એમ લેશ પણ સમજી શકતા નથી.

રાજાઓ, રાજકુમારો, રાણીઓ, રાજકુંવરીઓ, ધનાઢચો ને ધનાઢચોની સ્ત્રીઓ એ સર્વના મોટા ભાગને તું તારી ઉપાસનામાટે વિશેષ યોગ્ય ગણે છે, તેથી તેમને તું પ્રાયશઃ તારી ભક્તિમાંથી મોકળાં કરતું નથી. તેઓ તારી રસમય લાગતી ઉપાસનાથી પ્રસન્ન રહે છે, ને પોતાના જીવનની કાંઇ પણ કિમ્મત સમજી શકતાં નથી. આવી રીતે તું મોટામોટાઓને પણ તારા ફાંદામાં ફસાવી દે છે, તેથી તું ધન્યવાદને યોગ્ય ગણાય એમાં કાંઇ આશ્ચર્ય નથી.

મંદ અને મધ્યમ પ્રકારના સાધકોનો ઘણો ભાગ પોતાને જ્ઞાનનાં વા યોગનાં સાધનોનું અનુષ્ઠાન કરનારા માને છે, તથા અન્યની આગળ પ્રસંગોપાત્ત એમ કહે છે, છતાં વસ્તુતાએ તેઓ પ્રસન્ન ચિત્તથી હે આલસ્ય ! તારી અનન્યભક્તિને પરાયણ થયેલા હોય છે. આવી રીતે મોક્ષભણી પ્રવાસ કરવા ઇચ્છનારાઓને પણ તું તેમનો માર્ગ ભૂલાવી તારી સેવામાં લઇ લે છે એ તારું સામર્થ્ય કાંઇ જેવુંતેવું નથી.

હે આલસ્ય! તારું ખરું સ્વરૂપ નહિ સમજનારા કેટલાક મનુષ્યો તને મુડદાલ સમજે છે, પણ તેમનું તે સમજવું વિવેકીઓને યોગ્ય પ્રતીત થતું નથી. તું મહાપ્રેત હોવાથીજ અજાણ્યાને તારું સ્વરૂપ ઉપરથી મુડદાલજેવું જણાય છે, પરંતુ તું તો હજારો મનુષ્યોના લોહીનું નિરંતર પાન કર્યા કરે છે, છતાં લેશ પણ તૃપ્ત થતું નથી, તેથી તું મહાસમર્થ જઠરાગ્નિવાળું ને મહાસામર્થ્યવાન્ છે એમ જણાય છે.

હે મનુષ્યોને અધોગતિએ પહોંચાડનાર આલસ્ય! તારા ઉપાસકો ઘણો કાલ થયાં ખેતી, વ્યાપાર, નોકરી, વકીલાત, દલાલી કે અન્ય કોઇ ધંધો કરતા હોય તોપણ તારી કૃપાના પ્રભાવે તેઓ ધન, ધાન્ય કે કીર્તિ કાંઇ સંપાદન કરી શકતા નથી, અને તારા કેટલાક ઉપાસકો જ્ઞાનનાં વા યોગનાં સાધનોનું લાંબા સમય થયાં અનુષ્ઠાન કરતા હોય એમ જણાય છે, છતાં તેમણે જ્ઞાનનું વા યોગનું એક પણ સાધન સારી રીતે સિદ્ધ કરેલું હોતું નથી. અહો! આ તારી ઉપાસનાનો આખી રાત દળીને ઢાંકણીમાં ઉઘરાવ્યાના જેવો કેવો ચમત્કારી પ્રભાવ છે!

હે આલસ્ય! તું પરમાત્માને પરમ શત્રુ ગણતું હોય એમ જણાય છે, ને તેથીજ પરમાત્મા પોતાની અનન્યભક્તિ કરનારાના યોગક્ષેમનો નિર્વાહ કરે છે, ને તેમનાથી ઊલટી રીતે તું તારી અનન્યભક્તિ કરનારાના યોગક્ષેમનો નાશ કરે છે, અર્થાત્ તારા ભક્તોને જે ધનધાન્યાદિ વા પારમાર્થિકસાધન પ્રાપ્ત થયું હોય તેનો તું નાશ કરે છે, ને નવાં ધનધાન્યાદિક ને પારમાર્થિક સાધન તેમને પ્રાપ્ત થવા દેતું નથી.

હે આલસ્ય ! તું સમર્થ જાદુગરજેવું છે. તેં જે મનુષ્યના પર બુરકી નાંખી હોય છે તે મનુષ્ય આ જગતમાં માત્ર તનેજ દેખે છે, જગતને, પોતાના કર્તવ્યને, કે અન્યને જોઇએ તેવી રીતે દેખી શકતો નથી.

હે આલસ્ય ! તને મોટા મગરની ઉપમા પણ આપી શકાય. જેમ મગર જલાશયમાં આવનાર કોઇ પ્રાણીને પકડી જલાશયના ઉંડા ભાગમાં લઇ જઇ તેને મારીને ખાઇ જાય છે, તેમ તું પણ તારા સીમામાં આવેલા કોઇ પણ મનુષ્યને પકડે છે, ને તેને ઉત્તરોત્તર તારી સત્તામાં વધારે વધારે લઈ જઇ તેના ધનધાન્યાદિરૂપ બાહ્યપ્રાણનો નાશ કરે છે.

હે આલસ્ય ! તને ઠગની (ફાંસીઆની) ઉપમા પણ આપી શકાય. ઠગ જેમ પોતાના સપાટામાં આવતા પ્રવાસીઓને ભોળવી, તેમને ગળે ફાંસો દઇ, તેમને મારી નાંખી, તેમનું સર્વસ્વ લઇ લે છે, તેમ તું પણ વ્યવહારમાં વા પરમાર્થમાં આગળ વધવાની ઇચ્છાવાળા મનુષ્યોમાંથી જેમને પકડી શકે તેમને પકડી, તેમના સામર્થ્યનો નાશ કરી, તેમના સર્વસ્વનું હરણ કરી લે છે.

હે આલસ્ય ! તું તારા ભક્તોને પાયમાલ કરવામાંજ આનંદ માનતું હોય એમ જણાય છે. તારા ખેડુત ભક્તોનાં ખેતરો ખેડયા વિનાનાં ને નકામાં તૃણાદિથી ભરપૂર હોય છે, તારા વ્યાપારી ભક્તોનાં હાટોમાંનો માલ અવ્યવસ્થિત પડ્યો હોય છે, તારા વકીલ કે નોકર ભક્તના કામકાજના કાગળો અવ્યવસ્થિત રીતે પડયા હોય છે, ને તારી ઉપાસિકા સ્ત્રીના ગંદા ઘરમાં મલિન વસ્ત્રો ને મલિન વાસણાદિ જ્યાં ત્યાં પડયાં હોય છે. તારા ભક્તો જે ધંધો કરતા હોય તે ધંધામાં તેમનું ચિત્ત ને ઇંદ્રિયો યોગ્ય રીતે પ્રવેશ કરી શકતાં નથી, તેથી તેઓ પોતાના ધંધાને યોગ્ય રીતે કરી શકતા નથી, તેમનાં લુગડાં મેલાં ને ફાટલતુટલ હોય છે, તેમનાં શરીરો મલિન

હોય છે, તેમની ઇંદ્રિયો મૂઢતાવાળી પ્રતીત થાય છે, ને તેમનાં અંતઃ-કરણો પણ મૂઢતાથી ભરેલાં હોય છે. ઉપાસકની સ્થિતિથી ઉપાસ્યના સ્વરૂપનું અનુમાન થાય છે, તેથી તારું સ્વરૂપ પણ વિવેકીઓ અનુમાનવડે જાણી શકે છે.

હે આલસ્ય ! તારા અનન્ય ઉપાસકો તારી ઉપાસનામાં એટલા બધા લીન થઇ ગયેલા હોય છે કે તેમને કોઇ પણ પ્રવૃત્તિ કરવી ગમતી નથી. તારો કોઇ ઉપાસક કોઇ વડના ઝાડની નીચે ચીતો સૂતો હતો. ત્યાં તેની છાતીઉપર તે વડના ઝાડઉપરથી એક પાકેલો ટેટો (વડનું ફલ) પડ્યો. તે ખાવાની તેની ઇચ્છા થઇ, પણ હાથ હલાવવાજેટલી પણ પ્રવૃત્તિ કરવી તેને રુચતી નહોતી. એવામાં તેની પાસેથી કોઇ ઉંટપર ચઢીને જનારો મનુષ્ય નીકળ્યો, તેને તે સૂતેલા મનુષ્યે કહ્યું કેઃ—" ભાઇ ! તમે ઉંટને બેસારી, ઉંટપરથી જરા નીચે ઊતરી, મારું એક કામ કરશો તો તમારો મારા ઉપર મોટો ઉપકાર થશે. " તે સાંભળી તે ઉંટવાળાએ કહ્યું કેઃ—" ભાઇ ! તમારે શું કામ છે તે કહો. " ત્યારે તે સૂતેલા મનુષ્યે કહ્યું કેઃ— " ભાઇ ! મારી છાતીઉપર આ ટેટો પડ્યો છે તેને ત્યાંથી લઇને મારા મોંમાં મૂકો. " ઉંટપર બેઠેલા તે માણસે કહ્યું કે-" તું તારા હાથથી શામાટે તે ટેટાને લઇને તારા મોંમાં મૂકતો નથી ? " એ ઉત્તર સાંભળી તે સૂતેલા મનુષ્યે તે ઉંટવાળાને કહ્યું કેઃ—" અરે ! તું તો બહુ આળસુ જણાય છે ! " તારા ભક્તને પોતે તારી ઉપાસનાપરાયણ છે એમ ન જણાયું, પણ ઉંટવાળાપર તારી ઉપાસનાનો આરોપ મેલ્યો. તારા ઉપાસકોને રહેવાના એક ઘરમાં તારા પરમોપાસક કોઇ મામો તથા ભાણેજ સૂતા હતા. તેઓ ખરેખરા તારા

ઉપાસક છે કે કેમ, તેની પરીક્ષા લેવામાટે તે ઘર કોઇએ સળગાવ્યું. ઘરને સળગતું જોઇ ભાણેજ મામાને કહેવા લાગ્યો કે:-" મામા! ઘર..." તે એટલું બોલ્યો તે પણ તેના મામાને ન ગમ્યું, ને તેણે કહ્યું કે:—" હં......સ......" તે એટલું બોલી પોતાના મોંઉપર ગોદડું નાંખી પુનઃ સુઇ જવા મંડયો. આ જોઇ તે ઘર સળગાવનારે તે ઘર ઓલવાવી નંખાવ્યું, ને નક્કી કર્યું કે આ બન્ને તારા ખરેખરા ઉપાસક છે.

હે આલસ્ય! ઉદ્યોગવડે તારો નક્કી અભિભવ કરી શકાય છે, છતાં તારા ભક્તો એટલા બધા તારે વશ થઇ ગયા હોય છે કે તેઓ પોતાની મેળે તો ઉદ્યોગ કરતા નથી, કિંતુ કોઇના સમજાવ્યા છતાં પણ ઉદ્યોગ કરતા નથી. ભેંસઆગળ જેમ તત્ત્વજ્ઞાનના ગ્રંથોનું વાચન નિરર્થક છે, તેમ તારા અનન્યભક્તોની આગળ તેમને ઉદ્યોગી થવામાટે કરેલો ઉપદેશ પણ નિરર્થક છે.

જેમ નિત્ય વપરાતી કુંચી તથા તાળું સ્વચ્છ રહે છે, ને જેમ નિત્ય મંજાતાં વાસણો ચળકતાં રહે છે, અને તેમને કાટ ચઢતો નથી, તેમ ઉદ્યોગી શરીર, ઇંદ્રિયો ને અંતઃકરણ પ્રકાશવાળાં ને સામર્થ્યયુક્ત રહે છે, અને તેમાં મલિનતા ને અશક્તિ પ્રતીત થતાં નથી, છતાં તારા ભક્તો ઉદ્યોગ કરતા નથી તે તેમનો તારા પ્રતિ પક્ષપાત છે એમ સ્પષ્ટ દેખાડી આપે છે.

જે ઊનનાં વસ્ત્રો વપરાયા કરે છે તે સ્વચ્છ રહે છે, ને તેને કુથો ખાઇ જતો નથી, તેમજ જે શરીર, ઇંદ્રિયો ને અંતઃકરણ ઉદ્યોગી હોય છે તે અતિબલવાન્ રહે છે, ને તેમાં અશક્તિ આવી શકતી નથી, છતાં તારા ભક્તો તારીજ ઉપાસના કરે છે, પણ ઉદ્યોગની ઉપાસના કરતા નથી, એનું કારણ તારી ઉપાસનાથી

તેમને પ્રાપ્ત થયેલી મૂઢતા છે, અન્ય કાંઇ પણ કારણ નથી, એમ સ્પષ્ટ જણાય છે.

આ આલસ્યસ્તવનો અનુકૂલબુદ્ધિવડે જે પુરુષ વા સ્ત્રી પાઠ કરે તે પુરુષ વા સ્ત્રીના અંતઃકરણાદિમાં આલસ્યનો જો કાંઇ પણ અંશ રહ્યો હોય તો તે અંશને આલસ્યના કારણ તમોગુણના આધારભૂત પરમાત્મા તે પુરુષ ને તે સ્ત્રીના ઉપર કૃપા કરી તેમના અંતઃકરણાદિમાં ઉદ્યોગને પ્રકટાવી નિઃશેષ દૂર કરો. ઇતિ શિવમ્.

ઇતિ શ્રીવિનોદમાલામાં આલસ્યસ્તવનામનું પંદરમું પુષ્પ. ૧૫.

ॐ

॥ प्रमादस्तव ॥

૧૬.

વ્યવહારપક્ષે તથા પરમાર્થપક્ષે અવશ્ય જાણવાયોગ્ય વિષય હોય તેને જાણવા પ્રયત્ન ન કરવો, તથા અવશ્ય કરવાયોગ્ય કર્મ હોય તે કરવા પ્રયત્ન ન કરવો, તે પ્રમાદ કહેવાય છે. ટુંકામાં કહીએ તો પોતાના કોઇ પણ પ્રાપ્ત કર્તવ્યનું વિસ્મરણ કરવું તે પ્રમાદ કહેવાય છે. હે પ્રમાદ ! તારું આ સ્વરૂપ વિદ્વાનોને અજ્ઞાત નથી. તારો મહિમા પ્રથમથીજ પ્રસિદ્ધ છે. તું પ્રમા એટલે બુદ્ધિનું ઘ્ન એટલે હનન કરનારો હોવાથી તારું નામ પ્રમાઘ્ન રાખવું જોઇતું હતું, પરંતુ તેં તારું પ્રથમ નામ પાડનારને પણ ભૂલાવી દઇ પાછળનો ન અક્ષર ન લખવા દીધો, ને પ્રમાદ એટલે બુદ્ધિને આપનારો

એટલુંજ તારું નામ લખવા દીધું. [પ્રમાદનમાં પાછળનો ન નહિ લખાવાથી પ્રમાદ—પ્રમા એટલે બુદ્ધિ ને દ એટલે દેનારો—બુદ્ધિ આપનાર—આ શબ્દ થયો. પ્રમાદનો ખરો અર્થ તો બહુ મદ ઉપજાવનાર એવો થાય છે, પણ અહિં પ્રસંગવશાત્ તેનો અન્ય અર્થ કર્યો છે, એમ સમજવું.]

હે પ્રમાદ ! તું મદિરાના જેવો મદ ઉપજાવનારો છે, તેથીજ તારે વશ થયેલો મનુષ્ય પોતાના કર્તવ્યનું વિસ્મરણ કરી તેનું અનુષ્ઠાન કરી શકતો નથી, ને અકર્તવ્યના સેવનમાં સમય વ્યતીત કરે છે.

હે પ્રમાદ ! તારે વશ થવાથી પુરુષો તથા સ્ત્રીઓ વારંવાર અનેક પ્રકારનાં દુઃખોનો ભોગ થઇ પડે છે, છતાં તારી ભક્તિમાં નિમગ્ન થયેલાં તેઓ તારો ત્યાગ કરી શકતાં નથી, તે તેમના મનની નિર્બલતાથી કે તારા ઉપરની તેમની ભક્તિથી તે સામાન્યબુદ્ધિવાળા મનુષ્યથી સ્વલ્પ પ્રયત્ને નક્કી થઇ શકે એવું નથી.

હે પ્રમાદ ! " હું પ્રમાદને મૃત્યુ કહું છું " એમ **શ્રીમહાભારતના સનત્સુજાતીય** પ્રકરણમાં **વ્યાસભગવાને** ભગવાન્ **સનત્સુજાતદ્વારા** ધૃતરાષ્ટ્રપ્રતિ કહેવરાવ્યું છે, તેથી તું મૃત્યુરૂપ છે એમ નક્કી થાય છે, ને તારો જે જય કરે તે મૃત્યુંજય કહેવાય, છતાં ઘણા મનુષ્યો તારી ઉપાસનાને માન આપી મૃત્યુંજય થવા ઇચ્છતા નથી. આમ તું મનુષ્યોને થનારા મોટા લાભમાં મોટું વિઘ્ન ઉત્પન્ન કરનારો હોવાથી તું મનુષ્યોના હિતશત્રુજેવો જણાય છે.

હે તમોગુણના પુત્ર પ્રમાદ ! તું જે મનુષ્યના અંતઃકરણમાં વાસ કરે છે તે મનુષ્યના અંતઃકરણને, ઇંદ્રિયોને ને શરીરને કર્તવ્યવિમુખ કરી નાંખી તેની મનાતી બાહ્ય સામગ્રીને પણ અસ્તવ્યસ્ત કરી નાંખે છે, ને તે પોતાનો પ્રાપ્ત વ્યવહાર યથાયોગ્ય ન કરી શકે

એવી સ્થિતિમાં તેને મૂકી દે છે. આમ સર્વ રીતે તું તારા ઉપાસકોને અપકાર કરે છે, છતાં તારી કૃપાથી અપકારઉપકારનું વાસ્તવિક સ્વરૂપ નહિ જાણનારા તારા અંધ ભક્તો પ્રસન્નમને તારીજ ઉપાસના કર્યા કરે છે.

હે પ્રમાદ ! તારી મોહિનીને વશ થવાથીજ કેટલાંક માણસો પત્તાપર વા પરબીડીઆપર શિરોનામ લખ્યા વિનાજ તે પતું વા પરબીડીઉં ટપાલમાં નાંખી દે છે, કેટલાક પરબીડીઆમાં કાગળ નાંખી તે બીડયા વિના ટપાલમાં નાંખી દે છે, કેટલાક પરબીડીઆના ગુંદવાળા કે ઈંડાની સફેદીવાળા ભાગને કે ટિકિટને જીભપર પલાળી પછી તે ચોંટાડે છે, ને કેટલાક એક માણસના નામનો કાગળ બીજા માણસના શિરોનામવાળા પરબીડીઆમાં નાંખી બંધ કરી ટપાલમાં નાંખે છે.

હે સમર્થ પ્રમાદ ! તારા સામર્થ્યથી પોતાનું ભાન ભૂલી કેટલાક મનુષ્યો પોતાના અંગરખાના કે કોટના ગજવાની સ્થિતિ જોયા વિના ફાટેલા ગજવામાં રૂપીઆ, સોનામોહોરો, ચલણી નોટો, કે મોતી આદિના અલંકારો નાંખે છે, ને પછી એક સ્થલેથી બીજે સ્થલે જતાં માર્ગમાં તે પાડે છે; કેટલાક આગગાડીમાં કે આગબોટમાં પૂજાનો સામાન, છત્રી, જોડા, લોટો, પ્યાલો, ઘરેણું, મેવાનો કંડિયો, પાકીટ કે કુંચીઓનો ઝુડો ભૂલી જાય છે, વા અન્ય કોઈનો સામાન ઉપાડી લાવી પોતાનો સામાન ત્યાં મૂકતા આવે છે.

હે ચોરનું જીવન નભાવનારા દયાલુ પ્રમાદ ! તારી કૃપાનાં પાત્ર જે માણસો છે તે માણસોના ઉપરજ બિચારા ચોરોની આજીવિકા ચાલે છે. જો તારો કોઈ પણ ભક્ત જગત્માં નજ રહે તો

પાછી પારકા દ્રવ્યપર જીવનારા બિચારા ચોરોને ભૂખે મરી જવાનો-જ સમય પ્રાપ્ત થાય એમાં કાંઇ શંકા નથી.

હે પ્રમાદ ! તારા કૃપાકટાક્ષવડેજ હિંસાને અપકારક કહેનાર મન, વાણી વા શરીરથી અન્યની હિંસા કરે છે, અસત્યને અપકારક કહેનાર અસત્ય બોલે છે, ચોરીને અપકારક કહેનાર ચોરી કરે છે, બ્રહ્મચર્યનું માહાત્મ્ય જણાવનારા બ્રહ્મચર્યનું યથાયોગ્ય પાલન કરતા નથી, પ્રાણિપદાર્થોમાં મમતા રાખવી અપકારક છે એમ કહેનાર પ્રાણિપદાર્થોમાં મમતા બાંધે છે, પવિત્રતા રાખવી ઉપકારક છે એમ કહેનાર અપવિત્ર રહે છે, સંતોષનું સેવન ઉપકારક છે એમ કહેનાર અસંતોષી રહે છે, મન તથા ઇંદ્રિયોને વશ રાખવાં ઉપકારક છે એમ કહેનાર મન તથા ઇંદ્રિયોને છૂટાં મેલી દે છે, ઇષ્ટમંત્રનો જપ કરવો ઉપકારક છે એમ કહેનાર ઇષ્ટમંત્રનો જપ કરતા નથી, પરમાત્માની ભક્તિ કરવી ઉપકારક છે એમ કહેનારા પરમાત્માની ભક્તિ કરતા નથી, ને સમયનો સદુપયોગ કરવાનું કહેનારા સમયનો દુરુપયોગ કરે છે, ટુંકામાં કહીએ તો તારી કૃપાદષ્ટિથીજ મનુષ્યોનો મોટો ભાગ પોતાના સમજવા તથા બોલવા પ્રમાણે વર્તી શકતો નથી.

હે પોતાને મોક્ષસાધક માનનારાઓને પણ તારે વશ વર્તાવનારા પ્રમાદ ! તારું વિલક્ષણ સામર્થ્ય જોઇ વિવેકી મનુષ્યો ચકિત થઇ જાય છે. કથનમાત્ર સાધકો પોતાના માનેલા સદ્‌ગુરુનું ને સત્‌શાસ્ત્રનું કહેવું નહિ માનતાં પોતાના સંસ્કારાનુસાર પોતાને જેમ ઠીક લાગે તેમ વર્તે છે તે તારી દયાથીજ છે. કનિષ્ઠપ્રકારના સાધકો જે ઘણુંખરું પોતાનું ધાર્યું કરે છે, ને અલ્પાંશે પોતાના સદ્‌ગુરુની તથા સત્‌શાસ્ત્રની આજ્ઞા માનતા જણાય છે, તે પણ તારી દયાથીજ છે, મધ્યમપ્રકારના સાધકો જે અર્ધી પોતાના સદ્‌ગુરુની ને સત્‌

શાસ્ત્રની આજ્ઞા માને છે, અને અર્ધું પોતાના સંસ્કારાનુસાર પોતાને જેમ રુચે તેમ વર્તે છે, તે પણ તારી દયાથીજ છે, અને પોતાને સાધકાગ્રગણ્ય, જ્ઞાની વા મહાજ્ઞાની માનનારા પોતાના સદ્ગુરુએ ને સત્શાસ્ત્રે ના પાડયા છતાં તુચ્છ સ્વાર્થને વશ થઇ મિથ્યાભાષણ કરે છે, પરનિંદા કરે છે, ને કોઇ પ્રસંગને પૂરો જાણ્યા વા સમજ્યા વિના પોતાના મનમાં જેમ આવે તેમ બકે છે, વા લખે છે, તે પણ તારી કૃપાથીજ છે એમાં વિવેકીને કાંઇ સંદેહ નથી.

હે ભૂલવણીના ભંડાર પ્રમાદ ! તારા પ્રતાપથીજ તારી અનપાયિની ભક્તિ કરનારા મનુષ્યો શુભવિચાર તથા શુભકર્મને હિતકારક જાણ્યા છતાં તે સેવી શકતા નથી, અને અશુભવિચાર તથા અશુભકર્મને હાનિકર જાણ્યા છતાં તેને તજી શકતા નથી.

હે જગત્ને વશ વર્તાવવા ઇચ્છનાર મહાબલવાળા પ્રમાદ ! કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, ભય ને ચિંતાદિ મનોવિકારો તથા દીર્ઘસૂત્રતા ને અવ્યવસ્થા આદિ દોષો તારા આશ્રયવિના જીવી શકે એમ નથી, તારા આશ્રયથીજ તેઓ જીવે છે. એમ આખા જગત્માં તું સાક્ષાત્ કે પરંપરાવડે તારી સત્તાની હાક વગાડી રહ્યો છે. તારી સત્તાનું અતિક્રમણ કરવા તારા સામું નાનુંમોટું બંડ જગાડવું એ સામાન્ય માણસનું કામ નથી, કરોડોમાંથી કોઇક શૂરવીરનુંજ તે કામ છે.

હે અસંખ્ય નિજભક્તોના પૂજ્ય પ્રમાદ ! કોઇ મનુષ્ય તારી સોળ આના, કોઇ મનુષ્ય તારી પંદર આના, કોઇ મનુષ્ય તારી ચૌદ આના, ને કોઇ મનુષ્ય તારી તેર આનાથી માંડીને એક આનો, અર્ધો આનો, કે પા આનો, વા પઇ જેટલી પણ ભક્તિ કરે છે. તારી ભક્તિથી અત્યંત રહિત એવા તારા અભક્તનાં દર્શન આ જગત્માં અત્યંત દુર્લભ છે.

હે દુરાચાર ને દુર્વ્યસનનું પાલન કરનારા પ્રમાદ ! તારી અસાધારણ કૃપાથીજ તારા ભક્તોમાં સદાચારનો અભાવ ને દુરાચારનો સદ્ભાવ પ્રતીત થાય છે, ને તારી દયાથીજ તારા ભક્તો તમાકુ, ભાંગ, ગાંજા, ચરસ, અફીણ ને દારુ આદિનું દુર્વ્યસન સેવે છે. જો તારા જેવો પાલન કરનારો તેમને ન મળ્યો હોત તો આ પૃથિવીપરથી તે દુરાચાર ને દુર્વ્યસન બિચારાં ક્યારનાંએ વિનામોતેજ મરી ગયાં હોત !

હે પ્રમાદ ! સ્વકર્તવ્ય જાણનાર તથા પાળનાર આચાર્યને સ્વધર્મને નહિ જાણનાર કથનમાત્ર શિષ્યો, સ્વકર્તવ્ય જાણનાર તથા પાળનાર પતિને સ્વધર્મ નહિ સમજનાર મૂર્ખ પત્ની, પિતાના ધર્મ જાણનાર તથા પાળનાર પિતાને પુત્રના ધર્મને નહિ જાણનાર પુત્ર, ને સદાચરણી સમર્થ વિદ્વાનને દુરાચરણી મૂર્ખ માણસ શીખામણ આપવામાં પ્રવૃત્તિ કરે છે, વા તેમના દોષો અન્યની આગળ કહે છે, તે પણ તારી કૃપાથીજ છે.

હે સાર્વભૌમજેવા પ્રમાદ ! તારી વિજયપતાકા પ્રાયશઃ સર્વત્ર ફરકી રહેલી જોવામાં આવે છે. તારી પતાકાની છાયામાં રહેવાથીજ કોઇ શિષ્યો પોતાના ગુરુની આજ્ઞાનું પરિપાલન કરતા નથી, કોઇ સ્ત્રીઓ પોતાના પતિની આજ્ઞાનું અનુસરણ કરતી નથી, કોઇ પુત્રો પોતાના પિતાની આજ્ઞા માનતા નથી, ને અજ્ઞો હિતેચ્છુ પુરુષોના હિતકર વચનને સત્ય માની તેને અનુસરતા નથી.

હે મનુષ્યોના મોટા ભાગથી સેવ્ય પ્રમાદ ! તારો મહિમા અપાર છે. આ પૃથિવીપર સંન્યાસીઓનો મોટો ભાગ, પંડિતોનો મોટો ભાગ, બ્રાહ્મણોનો મોટો ભાગ, રાજાઓનો મોટો ભાગ, રાણીઓનો મોટો ભાગ, રાજકુમારોનો મોટો ભાગ, રાજકુમારીઓનો

મોટો ભાગ, ક્ષત્રિયોનો મોટો ભાગ, વૈશ્યોનો મોટો ભાગ, અને શૂદ્રોનો અતિશૂદ્રોનો ને અંત્યજોનો મોટો ભાગ, ટુંકામાં કહીએ તો પુરુષોનો ને સ્ત્રીઓનો મોટો ભાગ તારી અદૃશ્ય સત્તાનેજ શિરોધાર્ય સમજી મૂંગેમૂંગો તારે વશ વર્તે છે.

હે સર્વ ભૂલોને ચિત્ત આદિમાં અવકાશ આપનારા પ્રમાદ ! તારા વિલક્ષણ અનુગ્રહવડેજ કોઇ શિષ્ય પોતાના ગુરુને, કોઇ પુત્ર વા પુત્રી પોતાનાં માબાપને, કોઇ પત્ની પોતાના પતિને, કોઇ વહુ પોતાની સાસુને, અને કોઇ ચાકર પોતાના શેઠને તેમના પ્રશ્નોનાં નહિ ઘટે એવાં ઉત્તરો આપે છે.

હે મનુષ્યાદિને ભાન ભૂલાવી દેનારા પ્રમાદ ! તારી અમાનુષી કૃપાના બલથીજ તારા કેટલાક ભક્તો જે તે મનુષ્યને તેમનું જે તે કામ કરી દેવાનું વચન આપે છે, પણ પછી તેનું સ્મરણમાં રાખીને પાલન કરતા નથી, તારા કેટલાક ઉપાસકો પોતાની વ્યાવહારિક સ્થિતિનો લેશ પણ વિચાર કર્યા વિના ઋણ કર્યા કરે છે, તારા કેટલાક વિનામૂલ્યના દાસો જેની તેની પાસેથી ઉછીનું વા વ્યાજે દ્રવ્ય લઇ જાણે છે, પણ પુનઃ તેમને તેમના માગ્યા વિના વા માગ્યા છતાં પણ પાછું આપવાનું જાણતા નથી, તારા કેટલાક સેવકો પોતાની વ્યાવહારિક સ્થિતિનો વિચાર કર્યા વિના શક્તિથી વધારે વ્યય કર્યા કરે છે, તારા કેટલાક પરિચારકો પોતાને વ્યવહાર-પરમાર્થપક્ષે જે વાંચવાનું વા કરવાનું હોય તે નહિ વાંચતાં વા નહિ કરતાં નહિ વાંચવાનું વાંચે છે, ને નહિ કરવાનું કરે છે, અને તારા કેટલાક અનુયાયીઓ પોતાની, પોતાની સ્ત્રીની, પોતાનાં બાળકોની, ને પોતાના ઘર આદિની સ્થિતિ સુધારવા કાંઇ પણ પ્રયત્ન સેવતા નથી.

હે પ્રમાદ ! જો આ જગત્‌માં તારો સદ્ભાવ નજ હોત તો

પ્રત્યેક માણુસ ધનાઢ્ય, વિદ્વાન્ ને સુખી હોત. જગત્માં જે દારિદ્ય, મૂર્ખતા ને દુઃખ જણાય છે તે તારા પ્રતાપથીજ છે એમ વિવેકીઓ જાણે છે.

વ્યવહાર તથા પરમાર્થના પ્રત્યેક પ્રાપ્ત કાર્યમાં સાવધાનતા રાખવાથી તારો પરાજય કરી શકાય છે, છતાં તારા અનન્યભક્તો તારી ભક્તિમાંજ રચીપચી રહેલા હોવાથી તારી ભક્તિનો ત્યાગ કરી તારા પરમ શત્રુ સાવધાનતાની ભક્તિમાં જોડાવાની ઇચ્છા પણ કરતા નથી.

આ પ્રમાદસ્તવનો શ્રદ્ધાભક્તિથી જે પુરુષ વા સ્ત્રી પાઠ કરે તે પુરુષના વા તે સ્ત્રીના અંતઃકરણાદિમાં પ્રમાદનો જે અંશ રહ્યો હોય તે અંશ પ્રમાદના પિતા તમોગુણના આધારરૂપ પરમાત્મા દૂર કરવા કૃપા કરો. ઇતિ શિવમ્.

ઇતિ શ્રીવિનોદમાલામાં પ્રમાદસ્તવનામનું સોળમું પુષ્પ. ૧૬.

ૐ

॥ अविद्यास्तवराज ॥

૧૭.

હે અવિદ્યે ! તુ લોકોમાં માયા, મહામાયા, અજ્ઞાન, મોહ, અવિવેક, ભ્રાંતિ તથા ભ્રમના નામથી પણ ઓળખાય છે. તારું પરાક્રમ અપાર છે. તારાં બાળકોનાં પરાક્રમો સ્તવથી નિરૂપણ કરાયાં, તેથી તારાં પરાક્રમોનું નિરૂપણ સ્તવથી વર્ણવવું ઉચિત ન જણાતાં તારાં પરાક્રમોના નિરૂપણમાટે આ સ્તવરાજ રચાય છે. દેવ, દાનવ,

માનવ, પશુ ને પંખી આદિ કોઇથી તારો મહિમા વર્ણવી શકાય એમ નથી. સહસ્રમુખવાળા શેષ ને સમર્થ શારદા પણ તારો યથાયોગ્ય મહિમા વર્ણવવા સર્વથા અશક્ત છે તો પછી હે જગજનનિ! બીજું કોણ તારો સંપૂર્ણ મહિમા વર્ણવવા સમર્થ થઇ શકે એમ છે!

હે મહામાયે! બુદ્ધિ અને આત્માના અભેદના જ્ઞાનરૂપ અસ્મિતા, દૃશ્ય અને અદૃશ્ય અનુકૂલ પ્રાણિપદાર્થોમાં આરૂઢ પ્રીતિરૂપ રાગ, દૃશ્ય અને અદૃશ્ય પ્રતિકૂલ પ્રાણિપદાર્થોમાં દૃઢ તિરસ્કારરૂપ દ્વેષ, ને હું સર્વદા જીવું ને કદીપણ ન મરું તો ઠીક આવી મરણભયવાળી મનોવૃત્તિરૂપ અભિનિવેશ એ ચારે ક્લેશોને જન્મ આપનારી તુંજ છે. હે સર્વક્લેશોની ભૂમિ! જો આ વિશ્વમાં તારો સદ્‌ભાવ નજ હોય તો એ અસ્મિતાદિક ચારે શી રીતે ઉપજી શકે? નજ ઉપજી શકે; અને આનંદરૂપ આત્માને આ વિચિત્ર સંસારમાં ઉચનીચ યોનિઓમાં ક્લેશાનુભવ કરવા ભટકવું પણ શામાટે પડે?

હે પ્રાણીઓને છતી આંખે આંધળા કરવાના દારુણ બલવાળી! તું પ્રાણીઓને તેમનાં હિતનાં સાધનોને અહિતનાં સાધનોરૂપે અને અહિતનાં સાધનોને હિતનાં સાધનોરૂપે સમજાવે છે, કર્તવ્યને અકર્તવ્યરૂપે અને અકર્તવ્યને કર્તવ્યરૂપે સમજાવે છે, હિતેચ્છુ મનુષ્યને અહિતેચ્છુરૂપે અને અહિતેચ્છુ મનુષ્યને હિતેચ્છુરૂપે સમજાવે છે, તથા ઉપકારક પ્રાણી, પદાર્થ ને કર્મને અપકારકરૂપે અને અપકારક પ્રાણી, પદાર્થ ને કર્મને ઉપકારકરૂપે સમજાવે છે.

હે ખેદદાનકુશલે! તું મનુષ્યોના મોટા ભાગને અરે! પંડિતોને પણ સ્વરૂપથી ભિન્ન સ્થલે લેશ પણ વાસ્તવિક સુખ નથી, કિંતુ દુઃખજ છે, છતાં તેમાં તું સુખ મનાવી તેની પ્રાપ્તિ તથા ઉપભોગમાટે અસ્વસ્થચિત્તે તેમને પ્રયત્નશીલ કરે છે. વળી તેમને ઉન્મત્ત

કરી પરિણામે દુઃખાનુભવ કરાવનારી ક્રિયાઓમાં પણ તુંજ જોડે છે.

હે મહાસૂત્રધારિણિ ! લોકપ્રસિદ્ધ નાટકનો સૂત્રધાર જેમ નાટકમાંનાં પાત્રોને પોતાની ઇચ્છાપ્રમાણે રમડે છે, તેમ તું પણ આ સંસારરૂપ મહાનાટકમાંનાં પ્રાણીઓરૂપ પાત્રોને ઉંચીનીચી ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરાવવારૂપ રમાડે છે. તારી આજ્ઞાને વશ વર્તનારો સ્વર્ગનાં સુખો મેળવવાની ઇચ્છાને વશ થઇ સ્વર્ગની પ્રાપ્તિ કરાવનાર યજ્ઞમાં વા બીજાં તેવાં કર્મોમાં પ્રવૃત્ત થાય છે. વળી તારી આજ્ઞાને શિરોધાર્ય સમજી કેટલાક મનુષ્યો પશુ, પક્ષી ને તિર્યગાદિ યોનિને પ્રાપ્ત થવાય એવાં નીચ કર્મોમાં પણ પ્રવૃત્ત થાય છે.

હે અવિદ્યે ! તું મર્કટને નચાવનારી સ્ત્રીના જેવી છે. માંકડાંઓને નચાવનારી સ્ત્રી જેમ માંકડાંઓનાં ગળાંઓમાં દોરી બાંધી તેમને પોતાની ઇચ્છાપ્રમાણે નચાવે છે, તેમ તું પણ પ્રાણીઓનાં અંતઃકરણોરૂપ ગળાંઓમાં વિષયોની આશારૂપ દોરી બાંધી તેમને તારી ઇચ્છાપ્રમાણે સંસારમાં ભ્રમણ કરાવવારૂપ નચાવે છે.

હે મહાવિભ્રમકારિણિ ! તું પુતળાંઓને દોરીના ખેંચાણવડે ભિન્ન ભિન્ન ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરાવનારી સ્ત્રીના જેવી છે. લાકડાંઓનાં વિવિધ પુતળાંઓને દોરીના ખેંચવાવડે ભિન્ન ભિન્ન ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરાવનારી સ્ત્રી જેમ દોરી ખેંચીને તે પુતળાંઓને પોતાની ઇચ્છાપ્રમાણે ભિન્ન ભિન્ન ક્રિયાઓમાં પ્રવૃત્ત કરે છે, તેમ તું પણ પ્રાણીઓરૂપ પુતળાંઓને તારી ઇચ્છાનુસાર ભિન્ન ભિન્ન ક્રિયામાં પ્રવૃત્ત કરે છે.

હે પ્રાણીઓના વાસ્તવિક સ્વરૂપનું વિસ્મરણ કરાવનારી ! તારા મહિમાથીજ જીવો પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલી જે તેમનું વાસ્તવિક-સ્વરૂપ નથી એવાં શરીર, ઇંદ્રિયો, અંતઃકરણ, પ્રાણ ને ચિદા-

ભાસમાંના કોઇ એકમાં આત્માની બુદ્ધિ કરે છે. માયાવી મનુષ્ય જેમ એક પ્રકારની વસ્તુમાં તેનાથી વિલક્ષણ બીજા પ્રકારની વસ્તુ પોતાની માયાવડે દેખાડે છે, તેમ તું પણ તારી અઘટિતઘટના કરવાની ચતુરાઇવડે અસંગ ને અપરિણામી બ્રહ્મમાં તેનાથી વિલક્ષણ જગત્‌ની પ્રતીતિ કરાવે છે.

હે મનુષ્યોના મોટા ભાગને તેમના હિતના માર્ગથી ભ્રષ્ટ કરનારી ! તારા કૃપાકટાક્ષથી જે મનુષ્યનું હૃદય ઉન્મત્ત થઇ ગયું છે તે મનુષ્ય શ્રીસદ્‌ગુરુની સેવા મારા પૂર્વજન્મોના મહાપુણ્યના પરિપાકથી મને પ્રાપ્ત થઇ છે, માટે મારે આ સેવા મારું પરમહિત કરનારી છે એમ સમજી પરમપ્રીતિ ને ઘણામાં ઘણી સાવધાનતાથી કરવી જોઇએ એમ નહિ સમજતાં આદરરહિત વેઠે પકડાયેલા મનુષ્યની પેઠે સેવા કરવામાં પ્રવૃત્ત થાય છે. વળી તેઓ તારી કૃપાના પ્રભાવે શ્રીસદ્‌ગુરુનો ઉપદેશ પોતાનું પરમહિત કરનારો છે એમ નહિ સમજતાં તેથી ઊલટી રીતે સમજે છે, અને ક્યારેક તેઓ પોતાના શ્રીસદ્‌ગુરુનો દ્રોહ કરવામાં પણ પ્રવૃત્ત થાય છે.

હે સર્વકુકર્મની જનનિ ! તું તારો આશ્રય ગ્રહણ કરનારને સુખ નહિ, પણ કેવલ દુઃખજ આપનારી છે. તું તારા આશ્રિતને પ્રથમ કુકર્મમાં પ્રીતિવાળો કરી ધર્મમાં અને ધર્મોપદેષ્ટા ગુરુમાં અશ્રદ્ધાવાળો કરે છે, પછી તેને ધર્મમાં તથા ધર્મોપદેષ્ટા ગુરુમાં ઉદાસીન કરે છે, અને અંતે તેને તેમનો દ્વેષ કરનારો કરી તેનો ઉત્તરોત્તર અધઃપાત કરે છે.

હે કર્તવ્યભ્રષ્ટ કરવામાં ચતુરે ! તારી આજ્ઞાના પરિપાલનમાંજ પોતાનું હિત સમાયેલું છે એમ સમજનારી કેટલીક સ્ત્રીઓ પોતાના પતિને ઇશ્વરરૂપ સમજી તેની આજ્ઞાનું પરિપાલન કરવું જોઇએ એમ

નહિ સમજતાં પતિને પોતાનો દાસ ગણવાનો પ્રયત્ન કરે છે. તારી કૃપાથી તે સ્ત્રીઓને સમજાય છે કે પોતાના પતિની આજ્ઞા માનવી તેમાં કેવલ પરતંત્રપણું છે, ને પોતાના પતિના સામા થવું વા પોતાના પતિની આજ્ઞા ન માનવી તેમાંજ સ્વતંત્રપણું છે. વળી તારી દયાદૃષ્ટિથી તેમને સમજાય છે કે પોતાના પતિની શક્તિઉપરાંત પોતાને ઘરેણાં ઘડાવી દેવાની તથા વસ્ત્રો વેચાતાં લઇ દેવાની હઠ પકડવી, ઘરેણાં તથા વસ્ત્રોમાટે રોવું, તે માટે પોતાના પતિનું અપમાન કરવું, અને તે માટે પોતાનાં સગાંવહાલાંઆગળ અથવા ઓળખીતાંઆગળ પોતાના પતિની નિંદા કરવી એ પાપ નથી ! મારો પતિ મારું રમવાનું રમકડું છે, માટે બાળક જેમ પોતાની ઇચ્છાપ્રમાણે પોતાના રમકડાને રમાડે તેમાં તેને દોષ લાગતો નથી, તેમ હું પણ મારા પતિરૂપ રમકડાને મારી ઇચ્છાપ્રમાણે રમાડું તેમાં શું ખોટું છે ! એમ પણ તેમને તારા પ્રસાદથીજ સંશયરહિત સમજાય છે !

હે સ્વેચ્છાએ વિશ્વમાંના પ્રાણીઓના મનમાં વિહાર કરનારી ! તારા અનુગ્રહને પ્રાપ્ત થયેલા પુત્રો પોતાનાં માતપિતાની પ્રેમપૂર્વક સેવા કરતા નથી, તેમની આજ્ઞા માનતા નથી, તેમના સામું બોલે છે, તેમને ન સંભળાવવાનાં વચનો સંભળાવે છે, પછવાડે તેમની નિંદા કરે છે, ને કંવચિત્ વા વારંવાર તેમને માર મારે છે.

હે ઉગ્રશક્તિવાળી ! તેં જે મનુષ્યોને વશ કર્યા છે તે મનુષ્યો અનેક પ્રકારનાં દુઃખોરૂપ વિસ્તૃત પરિવારવાળા તારા પ્રિય પુત્ર કુસ્વભાવની આજ્ઞાનું અનુસરણ કરવામાં પરમપ્રીતિ રાખનારા હોય છે. તેઓ પોતાના હિતેચ્છુ મિત્રની, મોટા ભાઇની, માબાપની કે ગુરુની આજ્ઞા માનતા નથી, કિંતુ તારા પુત્ર કુસ્વભાવની આજ્ઞા

માનવામાંજ પોતાનું હિત સમાયેલું છે એમ સમજી તેઓ તારા પુત્રનીજ આજ્ઞા માને છે. તારા પુત્રની આજ્ઞાનું મૂંગે મોઢે પરિપાલન કરવાથી ઘણા પ્રકારનાં દુઃખોનો અનુભવ કરતાં છતાં પણ તેઓ તારા પુત્રની આજ્ઞાનું અનુસરણ કરવાનું કામ ત્યજતા નથી, તે તેમની તારા પુત્રમાં તથા તારામાં કેટલી અનન્યભક્તિ છે તે સર્વ લોકોને સ્પષ્ટ બતાવી આપે છે.

હે વિશ્વવિમોહિનિ ! તું આ જગતના અજ્ઞાની પ્રાણીઓમાં મુખ્ય ચાર પ્રકારે પ્રતીત થાય છે. સ્થૂલશરીરાદિરૂપ પોતાના મિથ્યાત્મામાં તથા સ્ત્રીપુત્રાદિરૂપ ગૌણાત્મામાં કેટલાક મનુષ્યને જે મુખ્યાત્માની ભ્રાંતિ ઉપજે છે, આકાશાદિ અનિત્ય પદાર્થોમાં અવિવેકીઓને જે નિત્યપણાની ભ્રાંતિ ઉપજે છે, સ્ત્રીપુત્રાદિનાં અપવિત્ર શરીરોમાં પ્રાકૃત મનુષ્યોને જે પવિત્રપણાની ભ્રાંતિ ઉપજે છે, અને વિષયો તથા વિષયોને પ્રાપ્ત કરવાનાં સાધનો જે પરિણામે દુઃખના હેતુરૂપ છે તેમાં અજ્ઞાની મનુષ્યોને જે સુખની વા સુખના હેતુપણાની ભ્રાંતિ ઉપજે છે, તે સર્વ તારા પ્રબલ મહિમાથીજ ઉપજે છે એમ વિવેકીઓ પોકારીને કહે છે.

હે પરંપરાવડે ત્રિવિધતાપજનનિ ! તારા સદ્ભાવથીજ મનુષ્યાદિને પોતાના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન થતું નથી, પોતાના વાસ્તવિક સ્વરૂપના જ્ઞાનને અભાવે તેમના અંતઃકરણમાં ભેદજ્ઞાન એટલે પોતાના આત્માથી ભિન્ન અન્ય પ્રાણિપદાર્થોના સદ્ભાવનું જ્ઞાન રહે છે, ભેદજ્ઞાનના અસ્તિત્વથીજ તેમના અંતઃકરણમાં અનુકૂલપણાનું તથા પ્રતિકૂલપણાનું જ્ઞાન રહે છે, અનુકૂલપણાના ને પ્રતિકૂલપણાના જ્ઞાનના સદ્ભાવથી તેમના અંતઃકરણમાં રાગ તથા દ્વેષનું અસ્તિત્વ રહે છે, રાગ તથા દ્વેષના અસ્તિત્વથી તેમનું અંતઃકરણ અભિમાનપૂર્વક ધર્માધર્મમાં

પ્રવૃત્ત થાય છે, અભિમાનપૂર્વક ધર્માધર્મમાં પ્રવૃત્તિ કરવાથી તેમના ચિત્તમાં ધર્માધર્મના સંસ્કારો પડે છે, તે ધર્માધર્મના સંસ્કારોના સદ્ભાવથી તેમના આત્માનું સ્થૂલશરીરસાથે જોડાવું થાય છે, અને તેમના આત્માનું સ્થૂલશરીરની સાથે જોડાવું થવાથી તેમને ત્રિવિધ-તાપનો અનુભવ કરવો પડે છે. એવી રીતે જે પ્રાણીઓના અંતઃ-કરણમાં તારો સદ્ભાવ હોય છે તેમને ત્રણ પ્રકારનાં દુઃખોનો અનુભવ કરવો પડે છે.

હે વંચકચક્રચૂડામણે ! તારી વિષમ મોહિનીને વશ થવાથીજ તારા અનન્યભક્તો અસત્, તુચ્છ, બંધન કરનાર, ભયભરેલા ને દોષબહુલ શબ્દાદિ વિષયોના કથનમાત્ર અલ્પ સુખના લાભમાટે સત્, સર્વોત્તમ, સ્વતંત્ર, ભયરહિત ને પવિત્ર મોક્ષરૂપ સુખનો ત્યાગ કરે છે. આવા તારા ભક્તોને કાચના કડકાસારુ ચિંતામણિનો ત્યાગ કરનાર, ખાટી છાશની પ્રાપ્તિમાટે અમૃતનો પરિત્યાગ કરનાર, મલિન ચિથ-રાંઓના લાભમાટે દિવ્ય વસ્ત્રોનો ત્યાગ કરનાર, પાઇના લાભમાટે સ્પર્શમણિનો ત્યાગ કરનાર, ને કુબાની પ્રાપ્તિમાટે અનુપમ દિવ્ય પ્રાસાદનો ત્યાગ કરનાર મહામૂર્ખથી ભિન્ન બીજા કયા પ્રકારની ઉપમા આપી શકાય ?

હે બહુવિધભ્રમોત્પાદકે ! સર્વ પ્રાણિપદાર્થમાં અસ્તિ, (છે,) ભાતિ, (જણાય છે,) પ્રિય, (આનંદ,) નામ ને રૂપ એવા પાંચ અંશો છતાં તું માત્ર નામ ને રૂપ એવા બે મિથ્યા અંશોનેજ જણાવા દે છે, પણ અસ્તિ, ભાતિ ને પ્રિય એ ત્રણ સાચા અંશોને જણાવા દેતી નથી. આવી રીતે આત્મામાં ત્રણમાંના કોઇ એક શરીરની અને બ્રહ્મમાં જગત્‌ની પ્રતીતિ તું કરાવે છે, માટે તારા જેવું વિ-લક્ષણ સામર્થ્ય કોઇ પણ માયાવીમાં નથી એમ સિદ્ધ થાય છે.

હે પ્રબલ મોહ ઉપજાવનારી ! તારા અલૌકિક અનુગ્રહથીજ મનુષ્યોનો મોટો ભાગ વૃત્તિજ્ઞાનથી ભિન્ન શુદ્ધજ્ઞાનને તથા વૃત્તિમાં અનુભવાતા આનંદથી ભિન્ન શુદ્ધ આનંદને જાણી શકતો નથી. તારી કૃપાથીજ તારા ભક્તો રેતીમાંથી તેલ કાઢવાનો, સસલાના શિંગડાનું ધનુષ્ બનાવવાનો, કાચબાના રૂંવાડાંનું વસ્ત્ર બનાવવાનો, આકાશપુષ્પની માલા બનાવવાનો, વંધ્યાપુત્રને સંતોષ આપવાનો, ને મૃગજલવડે પોતાની તૃષા શમાવવાનો પ્રયત્ન કરતા પ્રતીત થાય છે.

હે ઉન્માદજનનિ ! તારી શ્લાઘા ક્યાંસુધી કરવી ? પોતાની પાસે થોડું દ્રવ્ય છતાં તું કેટલાક મનુષ્યોને શ્રીમંત મનાવવાના પ્રયત્નમાં પ્રવૃત્ત કરે છે, સાધારણ રાજા હોય તેને મહારાજા મનાવવાના પ્રયત્નમાં પ્રેરે છે, અને કેટલાક મગજના ચસકેલા તથા વ્યવહારપરમાર્થના યોગ્ય જ્ઞાનરહિત મનુષ્યોને જ્ઞાનાદિમાં પોતાનાથી ચઢીઆતા હોય એવા પુરુષોના ગુરુ હોવાનો દાવો કરવાના પ્રયત્નમાં જોડે છે. ગુરુપણું માગવાથી તે માગનારને અનાયાસે લઘુપણું પ્રાપ્ત થાય છે એ વાત તારી દયાથી તેમને લેશ પણ સમજાતી નથી. કોઇની સાથે સહજ ઓળખાણ થાય, કોઇની પાસે કોઇ ઉપયોગી વિષય શીખવા જવાનું થાય, કોઇની આગળ પોતાને કોઇ પુસ્તક વાંચતાં આવડતું હોય તે વાંચવાનું થાય, વા કોઇ પ્રસંગે કોઇની આગળ શાસ્ત્રની કોઇ વાત કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, કે તુરત તેઓ પોતાની મેળે સામાના ગુરુ હોવાનો દાવો કરવા લાગે છે. આવા મનુષ્યો વસ્તુતાએ શિષ્યનાં વાસ્તવિક લક્ષણોથી પણ રહિત હોય છે, તો શ્રીસદ્ગુરુનાં અતિશ્રેષ્ઠ લક્ષણોથી રહિત હોય એમાં શું કહેવાનું છે ? તારી ભયંકર ભૂરકીથી તેમનાં આંતરનેત્રો બંધ થઇ ગયાં હોય છે, તેથી તેઓ પોતાનાથી સર્વ પ્રકારે સમર્થ હોય એવા કોઇ એક કે અનેક

પ્રસિદ્ધ પુરુષના પોતે ગુરુ છે એમ પોતાના ગુરુપણાનું કથન કરવાનું કામ અજાણ્યા મનુષ્યોની સમીપ વાતવાતમાં કર્યા કરે છે. પોતાને મુખે પોતાની શ્લાઘા કરવાથી તથા મિથ્યાભાષણ કરવાથી પોતાના પુણ્યકર્મની હાનિ ને પાપની પ્રાપ્તિ થાય છે એમ તે ભ્રમિત મનુષ્યોને તારી કૃપાથી સમજાતું નથી.

હે પ્રાણીઓની સમજશક્તિનું હનન કરનારી ! પ્રકાશને વૈરી માનનાર ઘૂડ, છછુંદર, કાનકરડિયાં (ચામાચીડિયાં વા છીપાં) ને વાગોળના (વડવાંગળાંના) જેવા તારા ઉપાસકો પ્રાયશઃ તેજસ્વીનો દ્વેષ કરનારા હોય છે. તારી કૃપાથી તેમને સમજાય છે કે આ જગત્માં મારા જેટલું ધન કોઇ પણ મનુષ્યની પાસે નથી, વા મારા જેટલું શરીરનું બલ આ જગત્માં કોઇ પણ મનુષ્યમાં નથી, અથવા મારા જેવો આચાર આ જગત્માં કોઇ પણ મનુષ્ય પાળતો નથી, કિંવા મારા જેટલી વિદ્યા આ જગત્માં કોઇ પણ મનુષ્યે પ્રાપ્ત કરી નથી, વા આ વિશ્વમાં મારા જેવો કોઇ પણ મનુષ્ય શાસ્ત્રીય કર્મ કરનાર નથી, અથવા આ જગત્માં મારા જેવો કોઇ પણ ભક્ત નથી, કિંવા આ જગત્માં મારા જેવો કોઇ પણ યોગી નથી, અથવા આ જગત્માં મારા જેવો કોઇ પણ જ્ઞાની નથી. જ્ઞાનાદિમાં પોતાનાથી જેઓ ચઢીઆતા હોય તેમનો નિરર્થક દ્વેષ કરવામાં ને જેની તેની આગળ તેમની નિંદા કરવામાં તે આનંદ માને છે. પોતાની તુચ્છ વાસનાને સંતોષ પમાડવા તથા નિરર્થક બીજાને દુઃખ દેવા વા હલકા પાડવા ખોટા કાગળો લખવામાં, ખોટા કાગળો લખાવવામાં, ખોટું પ્રસિદ્ધ કરવામાં, કે ખોટું બોલવામાં તેમને પરમાત્માનું લેશ પણ ભય લાગતું નથી. તારા અનન્ય ઉપાસકો કેવા નિર્લજ્જ થઇ જાય છે તે અનુભવી મનુષ્યોને અજ્ઞાત નથી. તારા કેટલાક ભક્તો

પોતાની મિથ્યા ચતુરાઈને વશ થઈ કોઈ પણ સજ્જનની સમીપ જાય ત્યારે રાંક થઈને તેમની સમીપ બેસે છે, ને બોલવા આદિમાં નમ્રતાનાં ચિહ્નો દર્શાવે છે, પણ પછવાડેથી તેમની થઈ શકે તેટલી નિંદા તેઓ કરે છે. જાણે આ વિશ્વમાં કર્મફલપ્રદાતા ઈશ્વરનો સદ્ભાવજ નથી, ને કરેલાં અશુભ કર્મોનું ફલ જાણે પોતાને ભોગવવાનુંજ નથી, એમ તારી કૃપાથી જેમનાં વિવેકરૂપ નેત્રો ફૂટી ગયાં હોય છે તેમને સમજાય છે.

હે આશ્ચર્યના ભંડારરૂપ! તારા મહિમાથીજ વડના નાના બીજમાંથી વડનું મોટું ઝાડ, શુક્ર તથા શોણિતમાંથી વિચિત્ર અવયવોવાળા મનુષ્યાદિ પ્રાણીઓ, કૂટસ્થ ને અસંગ આત્મામાં સૂક્ષ્મ તથા સ્થૂલ શરીર, ને અપરિણામી તથા અસંગ બ્રહ્મમાં આ જગત્ પ્રતીત થાય છે.

હે પંડિતજનોની મતિને પણ કુંઠિત કરનારી! આ જગત્ અમુકરીતે ઉત્પન્ન થયું છે એમ સિદ્ધ કરી બતાવવાનું સામર્થ્ય અમે ધરાવીએ છીએ એમ કહેનારા પંડિતોના ગર્વને દૂર કરાવી તું તેમની પાસે તારુંજ શરણ ગ્રહણ કરાવે છે, અર્થાત્ તેવા મિથ્યાભિમાની પંડિતોને વિવેકીઓ જગત્‌ની ઉત્પત્તિના સંબંધમાં પૃચ્છા કરે ત્યારે એક, બે, ત્રણ, ચાર કે પાંચ વા તેથી થોડા વધારે પ્રશ્નોનાં ઉત્તરો અપાવી, પછી "હવે હું જાણતો નથી" એમ તેમની પાસે કહેવરાવે છે.

હે મહાશક્તિમતિ! તું તારા અતુલ પરાક્રમથી અજ્ઞાની દેવોને નચાવે છે, અજ્ઞ દાનવોને નચાવે છે, અજ્ઞ બ્રાહ્મણોને નચાવે છે, અજ્ઞ ક્ષત્રિયોને નચાવે છે, અજ્ઞ વૈશ્યોને નચાવે છે, અજ્ઞ શૂદ્રોને નચાવે છે, અજ્ઞ અતિશૂદ્રોને નચાવે છે, ને અજ્ઞ અંત્યજોને પણ નચા-

વે છે. વળી તું સંન્યાસીનો વેશ પહેરનાર ઘણાને, પોતાને ગૃહસ્થ કહેવરાવનાર ઘણાને, અને બ્રહ્મચારીનો વેશ પહેરનાર ઘણાને પણ નચાવે છે. આ પૃથિવીપર રાજાથી રંકસુધી, પંડિતથી મૂર્ખસુધી, ને બાળકથી વૃદ્ધસુધી લગભગ બધા તારા નચાવ્યા નાચતા દેખાય છે. ઘણી સ્ત્રીઓ તારી નચાવી નાચે છે, ને ઘણા પુરુષો પણ તારા નચાવ્યા નાચે છે. ટુંકામાં તું પ્રાયશઃ આખા જગતને નચાવનાર છે, ને પ્રાયશ: આખું જગત્ તારું નચાવ્યું નાચે છે. આ વિશ્વમાં જ્ઞાનીથી ભિન્ન સર્વ અજ્ઞાની પ્રાણીઓ જે હું અને મારું એમ માની રહ્યા છે, તથા બોલી રહ્યા છે, તે તારા પ્રતાપથીજ છે, એમાં લેશ પણ સંદેહ નથી.

હે મનુષ્યોના મોટા ભાગને ઉન્માર્ગમાં ગમન કરાવનારી ! તારા અનુગ્રહને પ્રાપ્ત થવાથીજ મનુષ્યોનો કેટલોક ભાગ પોતાના વર્ણના તથા આશ્રમના ધર્મો યથાર્થરીતે પાળી શકતો નથી, સદાચરણોનો ત્યાગ કરી દુરાચરણોનું સેવન કરે છે, અને સુરા, મદ્ય, અફીણ, ભાંગ, ગાંજો, માજમ, ભૂરકી, ચરસ વા તમાકુ આદિના વ્યસનોનું સેવન કરે છે.

હે જીવોની અધોગતિ કરાવવામાં આનંદ માનનારી ! તું તારા ભક્તોને તેમના અમરસ્વભાવનું વિસ્મરણ કરાવી વારંવાર મરણયુક્ત સ્વભાવનું સ્મરણ કરાવે છે, તેમને જ્ઞાનના માર્ગમાં ઉત્તરોત્તર આગળ નહિ વધવા દેતાં ક્રમથી પાછા પાડ્યા કરે છે, તેમને ઉત્તરોત્તર ચઢતા ચઢતા આનંદનો અનુભવ નહિ કરવા દેતાં ક્રમાત્ ઊતરતા ઊતરતા આનંદમાં પ્રીતિવાળા કરી નીચે ઊતારી પાડે છે, અને તેમને ઉત્તરોત્તર સ્વતંત્રતાનો અનુભવ નહિ કરવા દેતાં ઉત્તરોત્તર પરતંત્રતાનો અધિક અનુભવ થાય એવી સ્થિતિમાં મૂકે છે.

હે મનુષ્યાદિના અંતઃકરણના સામર્થ્યનો ઉત્તરોત્તર નાશ કરવામાં રુચિ રાખનારી ! તારા કુટિલ કામણથી પરાભવ પામેલા મનુષ્યો કામાદિ દુષ્ટ મનોવિકારોનો પરાજય કરવાનું પોતાનું કર્તવ્ય ભૂલી તે દુષ્ટ મનોવિકારોથી પરાભવ પામવામાં સુખાનુભવ કરતા જણાય છે, પોતાની ઇંદ્રિયોના દુષ્ટ વેગોને રોકવાનું કર્તવ્ય ભૂલી પોતાની ઇંદ્રિયોના દુષ્ટ વેગોથી પરાભવ પામવામાં આનંદ માનતા જણાય છે, અને શરીરને નિયમમાં રાખવાનું પોતાનું કર્તવ્ય ભૂલી શરીરને વશ વર્તવામાં સુખાનુભવ કરતા પ્રતીત થાય છે.

હે મનુષ્યાદિનું ભાન ભૂલાવનારી ! તું તારા પ્રબલ પ્રતાપથી તારા ભક્તોને આકાશમાં ફૂલફૂલથી લચી રહેલાં ઝાડો દેખાડે છે ! મોટા રણને સ્થલે મીઠા જલથી ભરેલો મહાસાગર દેખાડે છે ! મીઠા જલથી ભરેલા મોટા જલાશયમાં રણની પ્રતીતિ કરાવે છે ! મોટા વનને ઝાડછોડથી રહિત ઊજડ ભૂમિરૂપ દેખાડે છે ! ને ઝાડછોડથી રહિત ભૂમિને ઝાડો ને છોડોથી ભરપૂર ઘાટા વનરૂપે દેખાડે છે ! જે વસ્તુ જેવી ન હોય તે વસ્તુને તેવી દેખાડવી એજ તારી ચમત્કૃતિ છે.

હે લોકોને દુઃખ દઇ પ્રસન્ન થનારી ! પોતાનું પ્રિય સગુંવહાલું મરણ પામ્યું હોય તે પાછું આવવાનો સંભવ નથી, જીવવું તે વિકૃતિ છે ને મરણ એ શરીરનો સ્વભાવ છે, તથા ઉત્પન્ન થયેલા પ્રાણિપદાર્થનો નાશ થવો સ્વાભાવિક છે, એમ નહિ સમજવા દેતાં તું મનુષ્યોના મોટા ભાગપાસે તેવે પ્રસંગે બહુ રુદન કરાવે છે, કૂટાવે છે, વિલાપ કરાવે છે, ને ચિંતા કરાવે છે. નાશ પામેલા અન્ય પ્રિય પ્રાણી કે પદાર્થને માટે પણ તું તારા ભક્તોને ઉપરની સ્થિતિમાં મૂકે છે. આ વિશ્વમાં જે જે સ્થલે અનિત્ય પ્રાણિપદાર્થમાટે ચિંતા,

વિલાપ, રુદન, કૂટવું ને કલહ જોવામાં આવે છે એ સર્વ તારા મહિમાનો વિજયધ્વજજ છે એમ કહ્યા વિના ચાલતું નથી.

હે દુષ્ટ રૂઢિઓની મા! તારી દયાથીજ તારી દીકરી દુષ્ટ રૂઢિઓનું જીવન આ જગતમાં નભે છે. જો તારા જેવી કૃપાલુ મા તેમને પ્રાપ્ત ન થઇ હોત તો તે બિચારીઓ ક્યારનીએ મરણને શરણ થઇ હોત. અપકારક રૂઢિઓનું અનુસરણ નિર્બલ મનના પુરુષો ને સ્ત્રીઓ પ્રસન્ન મને કર્યા કરે છે, ને તેવી રૂઢિઓનું અનુસરણ નહિ કરનારાની તેવાં માણસો નિંદા કરે છે, એ સર્વ તારી ધાકથી તેઓ કરે છે એમ સમજાય છે. સજ્જનો તેવાં માણસોને સમજાવે કેઃ—" ભાઇઓ! બહેનો! સમજો, આવી શરીરના ને બુદ્ધિના બલનો નાશ કરનારી બાલલગ્નની—ઢીંગલાઢીંગલીને પરણાવવાની—રૂઢિ ત્યજો, કન્યાવિક્રયની કે વરવિક્રયની રૂઢિ ત્યજો, ઘરડા વરને દ્રવ્યાદિની લાલસાને વશ થઇ કન્યા આપવાની ઇચ્છાને મારો, મરણ પામેલા ગરીબ માણસોની પાછળ શાસ્ત્રનિષિદ્ધ મોટા કારજવરા કરવાનું, કરાવવાનું તથા તેવા પ્રસંગમાં જમવા જવાનું ત્યજો, ને વિવાહમાં દેખાદેખીથી કે ગર્વથી શક્તિઉપરાંત વ્યય ન કરો. " છતાં તારા ઉપાસકો તેમના કહેવાને હસી કાઢી તેમના હૃદયમાં રહીને તું જે આજ્ઞા કરે છે તેનેજ શિરોધાર્ય સમજીને તેઓ અનુસરે છે.

હે નિજજનહૃદયહારિણિ! તારા પ્રતાપથીજ તારા દાસાનુદાસો દ્રવ્યને કોઇ અલૌકિક વસ્તુ સમજી મિથ્યાભાષણ કરીને, ચોરી કરીને, બલાત્કાર કરીને, કે ભય ઉપજાવીને, તે મેળવવા પ્રયત્ન કરે છે. તારા કેટલાક દાસાનુદાસો રખેને મારું દ્રવ્ય ખૂટી જશે એમ ધારી પૂરતું ખાતાપીતા નથી, યોગ્ય વસ્ત્રો પહેરતાઓઢતા નથી, અન્ય સંબંધિજનોને પૂરતું ખાવાપીવા આપતા નથી, તેમને યથાયોગ્ય

વસ્ત્રો પહેરવાઓઢવા આપતા નથી, સુપાત્રે દાન આપતા નથી, ને ન ચાલતાં કોઈ દાન કરવું પડે છે તો તેમનું અંતઃકરણ બહુ ક્લેશાનુભવ કરે છે. તારા કેટલાક દાસાનુદાસો નિરંતર અધિક અધિક દ્રવ્ય મેળવવાનાં મનોરાજ્યોમાં પોતાનો સમય વ્યતીત કરે છે. તારા કેટલાક દાસાનુદાસો સત્તા કે કીર્તિ મેળવવામાટે બહુ અનુચિત કર્મોમાં પ્રવૃત્તિ કરે છે. આ સર્વ તેઓ તારા અનુગ્રહથીજ કરે છે એમ વિવેકી મનુષ્યોને સમજાય છે.

હે દારુણદૃષ્ટિવાળી ! તારી કૃપાથીજ તારા ભક્તો કોઇની નિંદા કરવામાં, નકામી વાતો કરવામાં, કોઇનો ઉપહાસ કરવામાં, મિથ્યાભાષણ કરવામાં, ને બીજી અનેકવિધ કુચેષ્ટા કરવામાં પ્રવૃત્ત થાય છે.

હે બુદ્ધિબલવિનાશિનિ ! તારા કારુણ્યનું પાત્ર થયેલાં માણસો પોતાનાં નિકટનાં ને દૂરનાં સગાંવહાલાંની સાથે અકારણ વૈર કરે છે. બાપદીકરાના કલહો, માદીકરાના કલહો, ધણીધણીઆણીના કલહો, ભાઇભાઇના કલહો, સાસુવહુના કલહો, નણંદભોજાઇના કલહો, દેરાણીજેઠાણીના કલહો, ને સ્વામિસેવકના કલહોરૂપ તારી વિજયપતાકાઓ જોઇ કયો સમજુ મનુષ્ય તારા બલનાં વખાણ ન કરે ?

હે જીવોના હૃદયમાં સૂક્ષ્મરૂપે રહી કામ કરનારી ! સર્વ ધર્મોમાં અંતઃકરણવિષે રહેલા રાગદ્વેષનામના દોષોનો વિચારવડે તથા ક્રિયાવડે નાશ કરવાનો ઉપદેશ હોય છે, છતાં પ્રત્યેક ધર્મ પાળનારનો મોટો ભાગ પરધર્મના માણસોનો મન, વાણી ને શરીરથી દ્વેષ કરતો જોવામાં આવે છે. ધર્મને બાને એક ધર્મના આચાર્યો ને ઉપાસકો બીજા ધર્મના આચાર્યોને તથા ઉપાસકોને ન બોલવાનાં વચનો બોલે છે, તથા ન લખવાનાં વચનો લખે છે, એટલુંજ નહિ, પણ કોઇ સમયે પરસ્પર મારામારી કરે છે, અને કોઇ વેળા

પરધર્મના માણસોના પ્રાણોનું હરણ કરવામાં પણ પ્રવૃત્તિ કરે છે. એ સર્વ તારા પ્રતાપબલથીજ થાય છે એ સ્પષ્ટજ છે. વિશેષમાં તારી દયાથી કેટલાકને એવાં કર્મો કરવામાં પુણ્ય રહેલું છે એમ પણ સમજાય છે !

હે આલસ્યજનનિ ! કાર્યના બલથી કારણના બલનું અનુમાન કરાય છે, એ ન્યાયે તારા બાળક આલસ્યના બલથી તારા બલનું અનુમાન કરી શકાય છે. આ પૃથિવીપરનાં માણસોના મોટા ભાગને આળસ બહુ પ્રિય છે, તેથીજ તેમને કાંઇ કામ ન કરતાં તારા બાળક આળસની ઉપાસના કરવી ગમે છે. તારૂં બાળક આળસ જે ઘરમાં પોતાની અવિચલ સ્થિતિ કરે તે ઘરમાં તારા બાળકનું બાળક દારિદ્ર પણ આવીને અવિચલ સ્થિતિ કરે છે. તારૂં બાળક તથા તારા બાળકનું બાળક તારા બાળકના ઉપાસકનું અંતરનું તથા બહારનું સર્વ સામર્થ્ય હણી નાંખે છે તોપણ તારા બાળકના ઉપાસકો તારી તથા તારા બાળકની અનન્યભક્તિ ત્યજતા નથી એજ તારી ને તારા બાળક આલસ્યની મોહિનીનો મહિમા છે.

હે પ્રમાદજનનિ ! તું તારા પ્રિય પુત્ર પ્રમાદને પ્રેરી, મનુષ્યોને તેમના કર્તવ્યનું વિસ્મરણ કરાવી, તેમનું વ્યવહારમાં તથા પરમાર્થમાં બહુ અનિષ્ટ કરાવે છે. પ્રમાદથી પ્રાપ્ત થતાં અનેક દુઃખોનો સ્પષ્ટ અનુભવ કરતાં છતાં પણ તારામાં તથા તારા પુત્રમાં પક્ષપાતબુદ્ધિવાળા તારા ઉપાસકો તારૂં તથા તારા પ્રિય પુત્ર પ્રમાદનું સેવન ત્યજતા નથી, એ જોઇ તારા મહિમાને નહિ જાણનારા મનુષ્યો આશ્ચર્ય પામે છે, પણ તારા મહિમાને સમજનારા મનુષ્યોને કાંઇ આશ્ચર્ય ઉપજતું નથી.

હે અવિદ્યે ! તું તારી પ્રબલપ્રતાપવાળી દીર્ઘસૂત્રતાનામની પુત્રીના પ્રબલ પરાક્રમથી પણ મહિમાવાળી છે. તારી વહાલી પુત્રી દીર્ઘસૂત્રતાનો મહિમા તને અજ્ઞાત નહિ હોય. તારી તે પુત્રીના પરિચારકો પોતાના વ્યવહારના તથા પરમાર્થના કામને લંબાવ્યા કરે છે. ઉપરિ, સગાંવહાલાં, મિત્રો કે સેવકો કાંઇ કામ કરવાનું કહે તો તારી પુત્રીની કૃપાથી છતે કાને બહેરાજેવા થઇ ગયેલા તેઓ બરાબર સાંભળતા નથી. તેમનું હૃદય તારી પુત્રીના કૃપાકટાક્ષથી એવું સતેલું હોય છે કે તેમના હૃદયમાં કરવાયોગ્ય કર્મનું ક્રમપૂર્વક સ્મરણ થતું નથી. તારી દયાના પાત્ર તારી પુત્રીના ભક્તો એક કલાકમાં સુખપૂર્વક થઇ શકે એવું કામ એક માસમાં પણ પૂરું કરતા નથી. આવી રીતે તારી પુત્રીના ભક્તો બહુ માંદી કીડીના જેવા અત્યંત મંદવેગે પોતાનું કામ કરનારા હોય છે. પૂર્વોક્તરીતે તારી પુત્રી પોતાના ભક્તના કર્તવ્યના વેગને અત્યંત ધીમો કરી નાંખી તેને દુ:ખી કરે છે ત્યારે તું પોતાના ભક્તને અત્યંત દુ:ખી કર એમાં શું આશ્ચર્ય છે ?

હે અનેક કુપુત્ર અને અનેક કુપુત્રીઓની માતા ! તારી પુત્રી અવ્યવસ્થાનાં પરાક્રમો ઓછાં નથી. તારી આ પુત્રીના ઉપાસકોનું કોઇ કામ વ્યવસ્થાવાળું હોતું નથી. તારી આ પુત્રીના સેવકોનાં સર્વ વ્યવહારનાં કામોમાં ને પરમાર્થનાં કામોમાં તારી પુત્રી અવ્યવસ્થાનુંજ સામ્રાજ્ય જોવામાં આવે છે. તારી આ પુત્રીના ઉપાસકો મનુષ્યના આકારમાં લગભગ પશુના જેવા વર્તનવાળા દેખાય છે. આવી રીતે તારી આ આંધળી ને ગમે તેમ ઝુલતી પુત્રીન ઉપાસકો જ્યારે પોતાનું માણુસપણું ખોઇ બેસે છે ત્યારે તારા ઉપાસકો પોતાનું માણુસપણું ખોઇ બેસે એમાં શું આશ્ચર્ય ?

હે ચિંતાની મા ! તારી પુત્રી ચિંતાની અભેદભાવે ઉપાસના કરનારા, ઉપાસક ઉપાસ્યરૂપે થાય છે એ નિયમાનુસાર, તારી પુત્રી ચિંતાની ઉપાસનાના પ્રભાવે મનુષ્યશરીરમાંજ ડાકણજેવા વા પ્રેત-જેવા પ્રતીત થાય છે તો તારી અભેદભાવે સર્વદા ઉપાસના કરનારા મનુષ્યો જીવતા છતાંજ ડાકણથી અથવા પ્રેતથી પણ વધારે અધમ-દશાને પ્રાપ્ત થાય એમાં વિવેકીઓને કાંઇ શંકા થવી સંભવતી નથી.

હે ભયની માતા ! તારા બાળક ભયના ભયંકર હાથમાં જેઓ સપડાયા હોય છે તેઓનાં અંતઃકરણો નિરંતર થરથર કંપતાં હોય છે. તારા બાળકની હાક તેમને દશે દિશામાં પ્રતીત થયા કરે છે. બ્રહ્મવિદ્ મુનિઓ જેમ સર્વ પ્રાણિપદાર્થમાં બ્રહ્મને જુએ છે, તેમ તારા બાળકના ઉપાસકો તારા બાળક ભયને સર્વ પ્રાણિપદાર્થમાં જુએ છે, અર્થાત્ તારા બાળકના ઉપાસકોને પ્રત્યેક પ્રાણિપદાર્થમાંથી પોતાના ઉપાસ્ય ભયનો પ્રાદુર્ભાવ થવાનો સંભવ પ્રતીત થાય છે. જ્યારે તારા બાલકની પોતાના ઉપાસકોઉપર આટલી બધી પ્રબલ ધાક છે ત્યારે તારી તારા ઉપાસકોઉપર તેનાથી અનંતગણી ધાક હોય તે વિનાકહેજ સ્પષ્ટ સમજાય એવું છે.

હે કામાદિ અસુરશ્રેષ્ઠોને જન્મ આપનારી ! કામ, ક્રોધ, લોભ, મદ, મત્સર ને દંભાદિ તારા પ્રત્યેક પુત્રને અસુરશ્રેષ્ઠ એવું નામ આપવું ઉચિત છે. પુરાણપ્રસિદ્ધ દૈત્યોને જન્મ આપનારી દિતિના કરતાં કામાદિ દૈત્યશ્રેષ્ઠોને જન્મ આપનારી તું મહાસામર્થ્યવાળી મનાય એમાં કાંઇ આશ્ચર્ય નથી. તારા સદ્ભાવથી મનુષ્યાદિના અંતઃકરણમાં ઉત્પન્ન થતા દુષ્ટ વિકારો વા દુષ્ટ વૃત્તિઓ અસુર, દૈત્ય, દાનવ, ભૂત, પ્રેત, પિશાચ ને ડાકિની ઇત્યાદિ નામને યોગ્ય છે, એમ વિવેકીઓ ધારે છે. જ્યારે આ તારાં બાળકો મનુષ્યાદિને અ-

સાધારણ ત્રાસ આપવાનું સામર્થ્ય ધરાવે છે ત્યારે તું મનુષ્યાદિને તેમનાથી અનેકગણો ત્રાસ આપી શકવાનું સામર્થ્ય ધરાવે છે એમ કહેવામાં કાંઇ પણ અતિશયોક્તિ થતી નથી.

હે પ્રબલપ્રતાપવતિ ! તારા પ્રતાપથી અંજાઇ ગયેલા મનુષ્યો પોતાના વર્ણાશ્રમના સામાન્ય તથા વિશેષ ધર્મો પાળી શકતા નથી, ભક્તવત્સલ અશરણશરણ પરમાત્માની ભક્તિ કરી શકતા નથી, ચિત્તનો જય કરવાનાં સાધનોનું અનુષ્ઠાન કરી શકતા નથી, ને જ્ઞાનનાં શ્રવણાદિ સાધનોનું પણ યથાયોગ્ય અનુષ્ઠાન કરી શકતા નથી.

હે મહાપાપાદિ સર્વ પાપોને જન્મ આપનારી ! તારું સ્તવન સંપૂર્ણરીતે કરવાનું સામર્થ્ય કોઇ પણ મનુષ્યાદિમાં નથી. મનુષ્યાદિના મોટા ભાગનાં અંતઃકરણો, ઇંદ્રિયો ને શરીરો તારી આજ્ઞાનેજ શિરોધાર્ય સમજી સર્વદા તનેજ અનુસરે છે તો તેવા મનુષ્યાદિનાં અંતઃકરણો તથા વાણી તારું પૂરંતુ સ્તવન કરવાનું સામર્થ્ય ન ધરાવે એ ઊઘાડુંજ છે. પંડિતોને તું અનિર્વચનીય ભાસે છે, તેથી તેઓ પણ તારા સ્વરૂપાદિનું નિરૂપણ કરવા સમર્થ નથી,–તેઓ તો માત્ર એટલુંજ કહી શકે છે કે તું સદ્રૂપ નથી, અસદ્રૂપ નથી, સદ-સદુભયરૂપ નથી; બ્રહ્મથી ભિન્ન નથી, બ્રહ્મથી અભિન્ન નથી, બ્રહ્મથી ભિન્નાભિન્નરૂપ નથી; સાવયવ નથી, નિરવયવ નથી, ને સાવયવ-નિરવયવરૂપ નથી. તારું અતિક્રમણ કરી ગયેલા બ્રહ્મવિદોને તું સસલાના શિંગડાજેવી તુચ્છ ભાસે છે. તેમને બ્રહ્મમાં તારું અસ્તિત્વજ ભાસતું નથી તો તેઓ પણ તારું સ્તવન શી રીતે કરે ? વંધ્યા-પુત્રનું સ્તવન વ્યવહારમાં ક્યાં જોવામાં આવે છે ?

આ અવિદ્યાસ્તવરાજનો અનુકૂલબુદ્ધિ રાખી જે સ્ત્રી વા પુરુષ પાઠ કરશે, જે તેના તાત્પર્યાદિનો વિચાર કરશે, તથા જે તેમાં કરેલા

ગૂઢ ઉપદેશાનુસાર વર્તશે તે અપારજેવા પ્રતીત થતા આ દુઃખપ્રપૂર્ણ ભવસાગરનો અનાયાસે પાર પામી પરમસુખરૂપ થશે. પછી તેમને કાંઇ પ્રાપ્ત કરવાયોગ્ય ને જાણવાયોગ્ય નહિ રહેવાથી તેમના કર્તવ્યનો અવધિ આવશે. વળી આ અવિદ્યાસ્તવરાજના જપથી ચા, તમાકુ, અફીણ, વિજયા ને મદિરા એ પાંચે સ્તોત્રના જપથી થનારું તથા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, દંભ, ભય, ચિંતા, આલસ્ય ને પ્રમાદ એ અગીઆર સ્તવના જપથી થનારું પુણ્ય પણ આ સ્તવરાજનો જપ કરનારને પ્રાપ્ત થશે.

ઇતિ શ્રીવિનોદમાળામાં અવિદ્યાસ્તવરાજનામનું સત્તરમું પુષ્પ. ૧૭.

ૐ

॥ स्वभावस्तवराज ॥

૧૮.

પ્રકૃતિ, ટેવ ને અભ્યાસ ઇત્યાદિ નામોથી પ્રસિદ્ધ એવા હે સ્વભાવ ! વિશ્વમાં સર્વત્ર તારો વિજય પ્રસરી રહ્યો હોય એમ જણાય છે. શ્રીભગવાન્ પોતેજ શ્રીમદ્ભગવદ્ગીતામાં "**प्रकृतिं यान्ति भूतानि निग्रहः किं करिष्यति ॥**" (અજ્ઞાની પ્રાણીઓ પોતપોતાના સ્વભાવને અનુસરે છે તેમાં મારો નિગ્રહ શું કરી શકે ?) આ વચનવડે તારું પ્રાબલ્ય વર્ણવે છે તો પછી તારા પ્રબલપણાને સિદ્ધ કરવા અન્ય પ્રમાણની લેશ પણ અપેક્ષા ક્યાં રહી ? વિદ્વાનો પણ "**स्वभावो दुरतिक्रमः**" (સ્વભાવ દુઃખે

કરીને ત્યજી શકાય એવો છે,) " **प्रकृतिरनुल्लंघनीया** " (સ્વભાવ સામાન્ય પ્રયત્નથી ઉલ્લંઘન કરી શકાય એવો નથી,) " સ્વભાવનું ઓસડ નથી, " તથા " પ્રાણ ને પ્રકૃતિ મુએ જાય, " ઇત્યાદિ વચનોથી તારો મહિમા મુક્તકંઠે વર્ણવે છે. આવી રીતે તું વિશ્વમાં વિજયવાળો દેખાય છે.

વિચાર અને ક્રિયાવડે મનુષ્યે પોતાના હૃદયમાં પાડેલા દૃઢસંસ્કારોમાંથી તારી ઉત્પત્તિ થાય છે. અંતઃકરણ, જ્ઞાનેંદ્રિયો, કર્મેન્દ્રિયો ને શરીર એ સૌ શીઘ્ર તનેજ અનુસરે છે. મનુષ્ય કેટલીક વેલા તારો પરાજય કરવાની ઇચ્છા કરે છે, પણ તેની તે ઇચ્છા તું ફલીભૂત થવા દેતો નથી. તારો પરાજય કરવા તે કદાચ પ્રયત્ન કરવા લાગે તો તે પ્રયત્નને પણ તું ધૂળધાણી કરી નાખે છે. આવી રીતે હે સંસ્કારપુત્ર ! તું આ જગત્માં અકંટક રાજ કરતો પ્રતીત થાય છે.

હે અપૂર્વપરાક્રમશાલિન્ ! આકાશ અવકાશ આપવારૂપ પોતાના સ્વભાવને અનુસરે છે, વાયુ વહન તથા શોષણ કરવારૂપ પોતાના સ્વભાવને અનુસરે છે, તેજસ્ પ્રકાશ તથા ઉષ્ણતારૂપ પોતાના સ્વભાવને અનુસરે છે, જલ પોતાના દ્રવસ્વભાવને અનુસરે છે, ને પૃથિવી પોતાના કઠિનપણારૂપ સ્વભાવને અનુસરે છે. એવી રીતે પાંચ મહાભૂતોઉપર પણ તારી સત્તા ચાલે છે તો બીજા ભૌતિક પદાર્થોઉપર તારી સત્તા ચાલે એમાં શું આશ્ચર્ય છે ?

સત્યલોકમાંના, તપોલોકમાંના, જનલોકમાંના, મહર્લોકમાંના, સ્વર્ગલોકમાંના ને અંતરિક્ષલોકમાંના વિવિધ દેવો, યક્ષો, સિદ્ધો, કિન્નરો, ગંધર્વો, ચારણો, પિતૃઓ, પ્રેતો, પૃથિવીઉપરના મનુષ્યો, અસુરો, નાગો, પશુઓ, પક્ષીઓ, તિર્યંગો, જલચરો, કીટ, પતંગો ને

નારકીય શરીરધારીઓ એ સર્વ તારે વશ છે, કેમકે તે સર્વે તને (પોતપોતાના સ્વભાવને) અનુસરનારા છે. વૃક્ષો, છોડો, વેલાઓ ને તૃણો તથા પાષાણ ને મૃત્તિકા પણ તારી આજ્ઞાનેજ વશ વર્તનારાં છે. આમ સર્વત્ર તારી સત્તા જામી રહેલી જોવામાં આવે છે.

હે વિશ્વવ્યાપિન્ ! મનુષ્ય કે દેવ જ્યાં જ્યાં દૃષ્ટિ ફેંકે ત્યાં ત્યાં જે જડપદાર્થો તથા પ્રાણીઓ તે જુએ તે સર્વને તારે વશ વર્તતા તે જુએ છે. આમ તારી વિજયપતાકા સર્વત્ર ઊડી રહેલી જોવામાં આવે છે.

હે વંચકચક્રચૂડામણે ! તારા ભક્તોને તુંજ મિત્રરૂપે, બંધુરૂપે, માતારૂપે, પિતારૂપે, ઉપરિરૂપે, ગુરુરૂપે ને સદ્‌ગુરુરૂપે પ્રતીત થાય છે, કેમકે તેઓ પોતાના મિત્રાદિનું કહ્યું કરતા નથી, પણ તારી પ્રેરણાને શિરોધાર્ય સમજી તેનેજ પ્રસન્ન મને શીઘ્ર અનુસરે છે. તું તેમનો પરલોક બગાડ, તેમનું આ લોકમાં અપમાન કરાવ, માર મરાવ, ધનહાનિ કર, ને રોગાદિથી દુઃખી કર, છતાં તારા ભક્તો તનેજ પ્રાતઃસ્મરણીય તથા વંદનીય માની તારીજ અનન્યભક્તિ કર્યા કરે છે. અહો ! કેવો તેમનો તારામાં વિશ્વાસ ! ! ને કેવી તેમની તારામાં ભક્તિ ! ! ! અન્ય પ્રણિપદાર્થના ગુણદોષ જોવામાં પોતાને ડહાપણવાળા માનનારા ને ઘણી વાર દૂધમાંથી પોરા કાઢવાનો પ્રયત્ન કરનારની પેઠે અન્યમાંથી વીણીવીણીને ઝીણા દોષો જોનારા કે કલ્પનારા તારા ભક્તોએ તારામાં રહેલા દોષો નહિ જોવાની સુદૃઢ પ્રતિજ્ઞા કરેલી હોય છે !

હે મૂર્ખ મનુષ્યના માથાના મુકુટ ! અશરણશરણ પ્રભુના ભક્તો જેમ પ્રભુને માટેજ પોતાનું જીવન હારી બેઠા હોય છે, તેમ તારા અનન્યભક્તો તારે માટેજ પોતાનું જીવન હારી બેઠા હોય છે. સદ્‌ગુરુનું કહેવું, ગુરુનું કહેવું, હિતેચ્છુ મનુષ્યોનું કહેવું, ને સત્‌શાસ્ત્રો-

નું કહેવું તેમને રુચિકર લાગતું નથી, પણ તેઓ તારી આજ્ઞાનેજ હાથ જોડી તથા મસ્તક નમાવી પાળવાને માટે સર્વદા તત્પર હોય છે.

હે અવિદ્યાને વશ વર્તનારા પ્રાણીઓના રાજા ! બાળકો તારે વશ વર્તે છે, યુવાનો તારે વશ વર્તે છે, વૃદ્ધો તારે વશ વર્તે છે, નિર્ધન માણસો તારે વશ વર્તે છે, મધ્યમ સ્થિતિના માણસો તારે વશ વર્તે છે, ધનાઢ્યો તારે વશ વર્તે છે, પ્રજા તારે વશ વર્તે છે, અને રાજા તથા તેના અધિકારીઓ પણ તારે વશ વર્તે છે.

હે વીરભૂષણ ! તારી સત્તા માત્ર વ્યવહારપરાયણ મનુષ્યોઉપર-જ ચાલે છે એમ નથી, કિંતુ પરમાર્થને માર્ગે ચાલનારાઓપર પણ તું પોતાની સત્તા ચલાવવામાં વિજયી થતો જોવામાં આવે છે. પોતાને મોક્ષસાધક માનનારાઓનો મોટો ભાગ તારી આજ્ઞાનું ઉલ્લંઘન કરી શકતો નથી, પોતાને પરમાત્માના ભક્ત માનનારાઓનો ઘણો ભાગ પણ તારી આજ્ઞાને વશ વર્તવાનું ત્યજી શકતો નથી, પોતાને યોગી માનનારાઓનો મોટો ભાગ પણ તારી આજ્ઞાનું પરિપાલન કરવામાં પછાત પડતો નથી, પોતાને જ્ઞાની માનનારાઓનો મોટો ભાગ પણ તારી આજ્ઞાનું અનુસરણ કરવામાં પોતાની શોભા માને છે, ધર્મ પાળવામાં પોતાને ઉત્તમ માનનારાઓના મોટા ભાગ-પર પણ તારી ક્રૂર હાક કામ કરે છે, ને ધર્માચાર્યોનો મોટો ભાગ પણ તારી આજ્ઞાના પરિપાલનમાંજ આનંદ માને છે. વિશ્વમાં જ્યાં દૃષ્ટિ કરીએ ત્યાં તારી સત્તા જામેલી જોવામાં આવે છે. ઘણા થોડા મનુષ્યો તારી સત્તાનું ઉલ્લંઘન કરવા શુદ્ધભાવથી પ્રયત્ન કરતા જોવામાં આવે છે, ને તેમાંના પણ ઘણા થોડા મનુષ્યો તારી સત્તાનું પરિપૂર્ણ ઉલ્લંઘન કરી શકે છે.

તું પ્રાણીઓના અંતઃકરણમાં ગુપ્તરીતે રહી તેમના ઉપર તારી

સુત્તા ચલાવે છે. क વાતવાતમાં અપશબ્દો બોલે છે, ख સદા નિરર્થક બોલવામાં વા જેની તેની ચાડી કરવામાં પ્રવૃત્ત રહે છે, ग મોઢું ચઢાવી જેને તેને અપ્રિય શબ્દો સંભળાવે છે, घ અસત્ય ભાષણ કરવાના દોષ લજતો નથી, च જેનો તેનો ઉપહાસ કરવામાં આનંદ માને છે, छ અભિમાનયુક્ત બોલવામાં અર્થાત્ આત્મશ્લાઘા કરવામાં પુણ્યનો નાશ થવાનું ભય રાખ્યા વિના પ્રસન્ન મને પ્રવૃત્તિ કરે છે, અને ज ઊતાવળે વાંચવાનું કે બોલવાનું તથા અશુદ્ધ વાંચવાનું વા બોલવાનું ત્યજી શકતો નથી; એ સર્વ તારા પ્રબલ મહિમાથીજ થાય છે એમાં શંકા નથી.

આ યજ્ઞદત્ત જેની તેની સાથે અટકચાળાપણું કરે છે, વા હાથના તથા મુખના અયોગ્ય ચાળા કર્યા કરે છે, આ દેવદત્ત મુંછોના વાળ ચઢાવ્યા કરે છે, વા હાથવતી મુંછોના વાળ પકડી તેને મોંમાં નાંખ્યા કરે છે, આ વિષ્ણુદત્ત પોતાના હાથના નખ પોતાના દાંતો વડે કરડ્યા કરે છે, આ ચૈત્ર જેને તેને તમાચા વા લાતો માર્યા કરે છે, આ મૈત્ર ખુરસીપર બેઠો હોય તો પોતાના પગો હલાવ્યાજ કરે છે, ને નીચે બેઠો હોય તો પોતાના પગપર પગ ચઢાવી ઢીંચણ ધુણાવ્યા કરે છે, આ શશિભૂષણ નિરર્થક જ્યાં ત્યાં ભટક્યા કરે છે, આ ત્રિલોચન ભોંયપર નકામા લીંટા દોર્યા કરે છે, વા તણખલાં ત્રોડ્યા કરે છે, આ વિષ્ણુશર્મા રાગદ્વેષપૂર્વક જ્યાં ત્યાં પોતાની દૃષ્ટિ ફેંક્યા કરે છે, આ ભભૂતગર જેની તેની નિંદા સાંભળવામાં આનંદનો અનુભવ કરે છે, આ દેવીદયાળ જેની તેની નિંદા કરવામાં પ્રસન્નતા અનુભવે છે, આ ચંડવર્મા વિનાવિચારે જે તે પ્રાણિપદાર્થનો સ્પર્શ કરવામાં આતુર રહે છે, આ ધનગુપ્ત અત્યાહાર કરવામાં, અપથ્ય આહાર કરવામાં, મિષ્ટાન્ન ઊડાવવામાં, વા નિષિદ્ધ આહાર કરવામાં રુચિ રાખે છે, ને આ ચંદનદાસ ગમે તે સ્થલેથી સુગંધી દ્રવ્ય મેળવી તે સુંઘ-

વામાં પ્રીતિવાળો રહે છે; એ સર્વ તારા વિજયવાળા મહિમાને લીધેજ થાય છે એમ વિવેકીઓ જાણે છે.

આ મોજીલાલ પોતાના પ્રાપ્તવ્યવહારમાં પૂરતું મન નહિ રાખતાં ચોપાટે કે ગંજીફે રમવામાં નિત્ય કલાકોના કલાકો ગાળે છે, આ રંગીલાલને પરમાર્થનાં સાધનો સાધવાનો જોઇતો સમય મળી શકતો નથી, પણ કલબમાં જવાનો, રમતો રમવાનો, મોટાઓની ખુશામત કરવાનો, તથા નકામા તડાકા મારવાનો તેને પૂરતો સમય મળે છે, અને આ અણઘડદાસને પોતાનું રહેવાનું સ્થાન, પથારીનાં સાહિત્યો, વાપરવાનાં વાસણો, શરીર ને પહેરવાનાં વસ્ત્રો મલિન હોય તેની સુગ ચઢતી નથી, પણ તેમની તેવી સ્થિતિમાં તેને એક જાતનો આનંદ પ્રાપ્ત થતો હોય એમ જણાય છે. એ સર્વને સૂક્ષ્મદષ્ટિએ જોઇ કયો વિવેકી પુરુષ તારા પ્રબલપણાનો સ્વીકાર ન કરે ?

દારૂના ઉપાસકો પ્રસન્ન મને દારૂનું પાન કરવામાં મંડ્યા રહે છે, અફીણના ઉપાસકો અફીણ પીવામાં વા અફીણ ખાવામાં પ્રસન્નતાપૂર્વક પ્રવૃત્ત રહે છે, ગાંજો પીનારા ગાંજાની ચલમ ભરી ભડકા કરવામાં આનંદ માને છે, ભાંગ પીનારાઓ ભાંગના પ્યાલા પીવામાં સુખાનુભવ કરે છે, હોકો બીડી કે ચલમ પીનારા તે તે વ્યસનમાં આનંદપૂર્વક પ્રવૃત્તિ કરે છે, ડુંગળી ને લસણ ખાવામાં પ્રીતિ રાખનારા પ્રાણબલને હરનાર ડુંગળી ને લસણ ખાધા કરે છે, ને ચાના સેવકોને એક દિવસ પણ ચા પીધા વિના ચાલી શકતું નથી, એ સર્વ દુષ્ટ પ્રવૃત્તિમાં તારોજ ગુપ્ત હાથ છે એમ સુજ્ઞો જાણે છે. આવી રીતે તું સામાન્ય મનુષ્યો ન સમજી શકે એમ તેમનાં હૃદયોને તારે વશ કરી લે છે, તેથી તારૂં પરાક્રમ ન્યૂન ગણવાયોગ્ય નથી.

શબ્દ, સ્પર્શ, રૂપ, રસ ને ગંધ એ પાંચ વિષયો તથા તેમનાં ઉપકરણોમાં રચ્યાપચ્યા રહેનારા મનુષ્યો પણ તેવી સ્થિતિની પ્રાપ્ત

તારી કૃપાથીજ કરી શકયા છે, તથા વર્તમાનમાં તેઓ તેવી સ્થિતિનો નિર્વાહ પણ તારી કૃપાથીજ કરી શકે છે. પુરુષોનો તથા સ્ત્રીઓનો મોટો ભાગ શરીરના તથા અંતઃકરણના બલને હણનાર ક્રોધ વા રીસનું સેવન કર્યા કરે છે, પણ તેનાથી વિપરીત ક્ષમા તથા શાંતિને મેળવવા ભાગ્યશાળી થતો નથી, તે પણ તારા પ્રતાપથીજ છે. પ્રાપ્ત થયેલા દ્રવ્યમાંથી સુપાત્રે કાંઇજ ન વાપરી શકાય વા પ્રાપ્ત હોય તેમાં અયોગ્યરીતે વધારો કરવાજ વૃત્તિ વેગવાળી રહે એવી સ્થિતિ પણ મનુષ્યોને તારા પ્રસાદથીજ પ્રાપ્ત થાય છે. અભિમાનીનું અભિમાન, ઇર્ષાલુની ઈર્ષા, ને દંભીનો દંભ પણ તારા કૃપાકટાક્ષથીજ નભી શકે છે એ વાત વિનાકહેજ સમજાય એવી છે.

કેટલાક મનુષ્યો કુતર્કો કરવામાંજ પોતાના જીવનના મૂલ્યવાન્ સમયનો ભોગ આપે છે, કેટલાક માણસો હદઉપરાંત સ્વાર્થી પ્રતીત થાય છે,—વ્યાવહારિક મતલબવિના પરોપકારાર્થે તેમને કોઇનું કાંઇ કામ કરવું ગમતુંજ નથી, કેટલાક મનુષ્યો લેશ પણ પ્રતિકૂલ સ્થિતિ કે પ્રતિકૂલ પ્રસંગ સહન કરી શકતા નથી, પણ વિલાયતી સુકા દારુમાં અંગારો પડવાથી તે દારુ જેમ તુરત સળગી ઉઠે, તેમ તેવી સ્થિતિ કે પ્રસંગ પ્રાપ્ત થતાં તેમના ચિત્તમાં એકદમ કોપાનલ પ્રકટે છે, અને કેટલાક મનુષ્યો જે વાત કરવાથી પોતાનો કે અન્યનો કોઇ પણ જાતનો સ્વાર્થ સિદ્ધ ન થાય પણ ઊલટું પાપ બંધાય તેવી વાતો કરવામાં પોતાના સમયનો દુરુપયોગ કરે છે. એ સર્વ કરવા તેઓ તારા અનુગ્રહથીજ ભાગ્યશાલી થાય છે એમ સૂક્ષ્મદર્શીઓ સ્પષ્ટરીતે જાણે છે.

આ ગુણસુંદરી પોતાને કાંઇ કામ કરવું પડે તેમાં જાણે પોતાના શરીરને ટાઢીઓ તાવ આવતો હોય એમ માની સર્વદા આલસ્યની ઉપાસના કરવામાંજ અનુરાગવાળી રહે છે, આ પ્રીતિ-

કુમારી અસાવધાનતા વા પ્રમાદનો ત્યાગ કરવાની ઇચ્છા પણ કરતી નથી, આ રૂપસુંદરી પોતાના પ્રત્યેક કામમાં દીર્ઘસૂત્રતાવાળી એટલે માંદી કીડીના જેવા બહુ મંદવેગથી પ્રવૃત્તિ કરનારી છે, આ રતિસુંદરી પોતાના ઘરના પ્રત્યેક કામમાં વ્યવસ્થા શું તે સમજતીજ નથી, તે સર્વદા અવ્યવસ્થાવાળું વર્તન ચલાવ્યા કરે છે, આ ખુશણુકુમારી સભ્યતા અથવા મર્યાદા કિંવા વિવેક કોને કહેવાય તે સમજવાનો કદીપણ શ્રમ લેતી નથી, ને અવિવેકને વશ વર્તવામાં ગર્વ માને છે, આ માહાતાબકુંવર પ્રત્યેક કામ વિચારીને નહિ કરતાં પોતાને પ્રાપ્ત થતાં કાર્યો અવિચારપૂર્વક કર્યા કરે છે, આ ગુમાનકુંવર સત્શાસ્ત્ર ને સત્પુરુષના વચનમાં શ્રદ્ધા રાખવામાં પોતાના ડહાપણને હાનિ પહોંચવાનું સમજી અશ્રદ્ધાની ઉપાસનામાં સર્વદા તત્પર રહે છે, આ ધનરસિકાના સંશયો ખૂટતાજ નથી, તે પગલે પગલે ને વાતવાતમાં સંશયજ્વરથીજ ભરેલી જણાય છે, આ ચંદનબાલા કોઇ મનુષ્યે તેના પર ઉપકાર કર્યો હોય તે કરેલા ઉપકારને જાણતી વા સંભારતી નથી, પણ બની શકે તો તે ઉપકાર કરનારને અપકાર કરવામાં પ્રયત્નશીલ રહે છે, આ શશિબાલા સવારમાં જાગે ત્યાંથી રાતે સુએ ત્યાંસુધી કોઇ પણ પ્રકારની ચિંતા કર્યા કરવામાંજ પોતાનું હિત સમજે છે, આ વજકુમારી પોતાના પતિના તરફથી, પોતાના પુત્રના તરફથી, પોતાના પુત્રની વહુતરફથી, પોતાની પુત્રીઓતરફથી, પોતાનાં સાસુસસરાતરફથી, પોતાની દેરાણીજેઠાણીતરફથી કે નણંદતરફથી પોતાને સર્વદા દુઃખ થયા કરે છે, વા બીજાં માણસો, પ્રાણીઓ કે રોગો મને દુઃખ આપ્યા કરે છે, એમ જેની તેની આગળ વારંવાર પોતાના દુઃખનો વિલાપ કર્યા કરે છે, આ ચંદ્રમુખીને નિરંતર જ્યાં ત્યાં ભયજ જણાયા કરે છે, અર્થાત્ સર્વદા

સર્વ પ્રાણિપદાર્થમાં તેને ભયનીજ પ્રતીતિ થયા કરે છે, આ સુનયના દૃઢતાના લાભને સમજતીજ નથી, ને અદૃઢતામાંજ કોઇ મોટો લાભ રહ્યો છે એમ માની કોઇ પણ કામમાં તે દૃઢતા સેવતી નથી, પણ પ્રત્યેક પ્રસંગમાં તે અન્યને પોતાની અદૃઢતાનુંજ ભાન કરાવ્યા કરે છે, આ સુમુખી પ્રાપ્તવ્યવહારમાં કે પરમાર્થનાં સાધનોમાં અનાદરવાળી રહે છે, કોઇ પણ ઉપયોગી કામ તે આદરપૂર્વક કરતી હોય એમ તેનું કામ જોનાર વિવેકી મનુષ્યને પ્રતીત થતું નથી, પણ તેના સર્વ કામમાં તેની બેદરકારીનુંજ ભાન થાય છે, આ સુવર્ણકુમારી જે તે વાતમાં તુરત રોઇ દેવામાં, તથા સાધારણ વાતમાં જેના તેના ઉપર ધોખો કરી મુંઝાઇ જવામાં પ્રથમ પદવિ ભોગવે છે, આ કમલ-માણ બોલવામાં તથા કામકાજ કરવામાં જાણે તોફાની પવનની સ્પર્ધા કરતી હોય એવી ઊતાવળ કરે છે, અર્થાત્ પરિણામ વિચારી ધૈર્ય રાખીને બોલવામાં તથા કામ કરવામાં તે કંટાળે છે, આ રાસમણિ પ્રામાણિકતાના ઉપર વૈર રાખી સર્વદા નાનામોટા પ્રત્યેક કામમાં અપ્રામાણિકતાથી વર્તે છે, આ હુલાસિની નકામાં મનોરાજ્યો કરવામાંજ પોતાની જાગ્રદવસ્થાનો ઘણો સમય વ્યતીત કરે છે, આ વિલાસીની સગાંવ્હાલાંસાથે ને પાડોશીઓ વગેરેની સાથે નિત્ય કલેશ કરવામાં પ્રવૃત્ત રહે છે, તેનું ઉંચી ગજવેલના જેવું કઠણ ડાચું કજીઆમાં ઉપયોગી શબ્દોને જથાબંધ ફેંકવાનું કામ કરતાં કદી-પણ થાકતું નથી, અર્થાત્ સવારથી સાંજસુધી લડ કે લડનારું લાવ એવા વિચારમાં ને પ્રવૃત્તિમાંજ તે રહેતી જણાય છે, આ કલાવતી રાત્રે દશ કલાક ને બપોરે ચાર કલાક કુંભકરણના શાંતિપ્રદ મંત્રનું પ્રસન્ન મને અનુષ્ઠાન કરવામાં પોતાની મોટાઇ માને છે, આ કમલા-ક્ષી કોઇને તૃણ આપી તેની પાસેથી સુમેરુ મેળવવાની ઇચ્છા રાખનારી છે, અર્થાત્ અતિ અલ્પ યત્ન કરી તેના બદલામાં મોટામાં

મોટું ફલ તુરત મેળવી લેવાની તૃષ્ણા રાખનારી છે, આ કૃષ્ણાકુમારી નમ્રતા કે વિનયમાં કાંઇ સમજતી નથી, ને નિરંતર ઉદ્ધતપણે વર્તવામાં સુખાનુભવ કરે છે, આ મદલેખા ઘરમાં જે ખાવાની વસ્તુઓ હોય તે ચોરીને ખાવામાં તથા પાડોશી વગેરેને ત્યાંથી લાગ મળે તો કાંઇ પણ વસ્તુ ચોરી લાવવામાં પ્રસિદ્ધિ પામી છે, ને આ મૃગલોચના ' સો તારી રામ દુહાઇ ને એક મારું ઉહું ' એવા કથનને સાચું પાડનારી છે, અર્થાત્ કેવલ ખોટી વાત હોય તેને પણ અન્યની આગળ સાચી મનાવવામાં વા પોતાની હઠ નહિ છોડવામાં અસાધારણ દુરાગ્રહ સેવનારી છે. આ અબલાગણની ઉપર કહેલી સર્વ દુષ્ટ પ્રવૃત્તિ તેમના અંતઃકરણમાં રહીને તુંજ કરાવે છે એમાં સંશય નથી. આમ તું દુષ્ટ મુત્સદ્દીની પેઠે પડદામાં રહી તેમની પાસે તેમનું અહિત થાય એવી પ્રવૃત્તિ કરાવે છે.

અવિવેકીઓ તને પોતાના પ્રાણકરતાં પણ અધિક પ્રિય ગણે છે, પરંતુ વિવેકીઓ તો તારો આવી રીતે અનાદરજ કરે છેઃ—"હે અભાગીઆ કુસ્વભાવ ! તુંજ આ જગતમાં ઘણાં માણસોને દુઃખી કરે છે. તું મનુષ્યોનો પરમશત્રુ છતાં તારા ભક્તો તને પરમપ્રિય માને છે. જેમ વણીઅર માંદા ઢોરના પેટમાં પેસી તેનું કાળજું ફોલી ખાય છે, તેમ તું પણ તારા ભક્તોના હૃદયમાં રહી તેમનું વારંવાર અનિષ્ટ સાધવારૂપ તેમનું કાળજું ફોલી ખાય છે."

હે કુસ્વભાવ ! તને મહાપ્રેતની ઉપમા આપવી ઘટે છે. જેમ કોઇ મહાપ્રેત કોઇ ભાગ્યહીન અપવિત્ર મનુષ્યના શરીરમાં પ્રવેશ કરી તે મનુષ્યના માંસ તથા રુધિરનું ભક્ષણ કરી જઇ તેને બલહીન કરી નાંખે છે, તેમ તું પણ તારા અનન્યભક્તોના હૃદયમાં રહી, તેમને અયોગ્ય પ્રવૃત્તિમાં જોડી, તેમની વ્યવહારપરમાર્થમાં અધોગતિ કરે છે.

હે મહાઠગ ! મનુષ્યોનો મોટો ભાગ તારો ગર્ભદાસ છે. શુદ્ધભાવથી તારો પરાજય કરવાની ઇચ્છા કરનાર મનુષ્ય મરણસુધીની પોતાને હાનિ થાય તોપણ ચિંતા નહિ, પરંતુ તારો પરાજયજ કરવો છે એવા સુદૃઢ નિશ્ચયવાળો જોઇએ.

હે બલવાન્ ! તું તારા ભક્તોને તારા સામું યુદ્ધ કરવામાટે તારી ઉપાસનારૂપ નિદ્રામાંથી જાગવા દેતોજ નથી, ને કદાચ કોઇ તારી ઉપાસનાનો ત્યાગ કરવાના નિશ્ચયરૂપ જાગ્રદ્દશાને પ્રાપ્ત થાય તો તું તેને જોરથી તમાચો મારી પાછો સુવારી દે છે.

હે મૂર્ખ મનુષ્યોવડે પૂજ્ય ! જેમ કોઇ ધૂર્ત મનુષ્ય વનમાં ભૂલા પડેલા કોઇ ભોળા ને અંધ માણસને ઉન્મત્ત બળદનું પૂછડું પકડાવી તેને કહે કે:—"તું આને બરાબર પકડી રાખજે, આ બળદ તને તારે ઘેર સુખપૂર્વક પહોંચાડી દેશે;" પછી પેલો ભોળો ને અંધ મનુષ્ય તેના વચનમાં વિશ્વાસ લાવી તે ઉન્મત્ત બળદનું પૂછડું દૃઢ પકડી રાખવાથી તે બળદની પાટુઓ ખાઇ તથા પછડાઇને ઘણો દુ:ખી થઇ મરણ પામે; તેમ તું પણ મનુષ્યોના મોટા ભાગને તારા અનુસરણમાંજ લાભ છે એમ સમજાવી તારી અનન્યભક્તિમાં જોડે છે, ને તે હૈયાફુટાઓ તને અનુસરવાથી વ્યવહારપરમાર્થમાં ઘણા દુ:ખી થાય છે, છતાં તેઓ તને અનુસરવાનું કામ છોડતા નથી.

હે મનુષ્યોની અધોગતિ કરી પ્રસન્ન થનાર ! જો આ જગત્માં મનુષ્યો તારી અનન્યભક્તિનો ત્યાગ કરી સમજુ હિતેચ્છુઓની ને પોતાના શ્રીસદ્‌ગુરુની આજ્ઞાઓનું આદરપૂર્વક સતત અનુસરણ કરે તો તેઓ આ લોક પરલોકમાં ઘણો લાભ મેળવે, પરંતુ મહાશોકની વાત છે કે મનુષ્યોનો મોટો ભાગ તારી અનન્યભક્તિનો પરિત્યાગ કરવાની સ્થિતિમાં જણાતો નથી.

હે ક્રૂર ! મનુષ્ય જેટલા પ્રમાણમાં તારી ઉપાસના કરે છે તેટલા પ્રમાણમાં તે ગાંડો ગણાય છે. જે સોળ આના તારી ઉપાસના કરે છે તે સોળ આના ગાંડો ગણાય છે, ને જે એક આનો કે તેથી ઓછીવધતી તારી ઉપાસના કરે છે તે તેટલા પ્રમાણમાં ગાંડો ગણાય છે. તારું અતિક્રમણ કરનારા સુભાગી ને પોતાના પુરુષનામને સાર્થક કરનારા મનુષ્યો ગાંડપણથી રહિત હોવાથી વાસ્તવિક ડાહ્યા ગણાય છે. આવા ડાહ્યાઓજ પુનરાવૃત્તિરહિત મોક્ષને મેળવી શકે છે, અન્ય તો આ દુઃખમય ભવસાગરમાં ગળકાં ખાધા કરે છે.

હે અદૃશ્ય રહી કામ કરનાર કુસ્વભાવ ! મનુષ્ય જ્યાંસુધી તારી ભક્તિનો શુદ્ધ ભાવથી નિઃશેષ ત્યાગ કરતો નથી ત્યાંસુધી તે નિર્મલ વ્યાવહારિક સુખનો વા અતિનિર્મલ બ્રહ્મસુખનો ભોક્તા થઇ શકતો નથી. તારી ઉપાસનામાં ડગલે ડગલે ભય, મહાભય ને અતિભય રહેલું છે; તારી ઉપાસનામાં પદે પદે દુઃખ, મહાદુઃખ ને અતિદુઃખ રહેલું છે; તારી ઉપાસનામાં પગલે પગલે ચિંતા, મહાચિંતા ને અતિચિંતા રહેલી છે; તારી ઉપાસનામાં ઉત્તરોત્તર અધોગતિજ રહેલી છે; ને તારી ઉપાસનામાં શાંતિ વા તજ્જન્ય સુખનો લેશ પણ નથી; છતાં તારા પ્રધાન મિથ્યાભિમાન ને મૂર્ખતાની સાથે પરમપ્રીતિ રાખનારા મનુષ્યો તારાથી થનારી અનર્થપરંપરાને લેશ પણ જોઇ શકતા નથી.

હે પ્રભુના દ્વારપાલ ! તું પ્રભુનો પ્રામાણિક સેવક છે, કેમકે જેઓ તારો પરાજય કરે, જેની આગળ તારું કશું પણ બલ કામ ન આવે, તેનેજ તું પ્રભુના મંદિરમાં પ્રભુની પાસે જવા દે છે, પરંતુ અન્યને મરણપર્યંત પણ તું પ્રભુના પવિત્રતમ મંદિરમાં પેસવા દેતો નથી.

હે સાત્ત્વિકબલને હરનાર અતિથે ! તને ઇંદ્રિયોરૂપ આંગણામાં વા હૃદયરૂપ ઘરમાં નજ આવવા દેવો એ સહેલું ને હિતકર કામ છે, પણ જો તને ઇંદ્રિયોરૂપ આંગણામાં વા હૃદયરૂપ ઘરમાં આવવા દીધો

તો પછી તું સહેલાઇથી બહાર નીકળતો નથી, પણ સાંજ સુસ્થિર થવામાં ને તે મનુષ્યનું અહિત કરવામાં પ્રયત્નશીલ રહે છે. તારા જેવા અતિથિને, દ્વિજાદિએ ઔદાર્યપૂર્વક અતિથિનો સત્કાર કરવો એવી ધર્મશાસ્ત્રની સ્પષ્ટ આજ્ઞા છતાં પણ, પોતાનું આ લોક પરલોકમાં હિત ઇચ્છનાર દ્વિજાદિએ પોતાનું આંગણું કે ઘર નજ દેખાડવું તેમાં તેમનું આ લોકનું તથા પરલોકનું હિત રહેલું છે એમ વિવેકીઓ માને છે.

હે શુભમાર્ગશોધક ! હે સુખેચ્છુ ને મોક્ષેચ્છુના પ્રબલ શત્રો ! જેમ જેમ તારા સ્વરૂપનો વધારે વધારે વિચાર કરવામાં આવે છે, તેમ તેમ વિવેકી મનુષ્યને તારું અપકારકપણું વધારે વધારે પ્રતીત થતું જાય છે. તું ઇચ્છિત પ્રદેશમાં પહોંચાડનારા સર્વ પ્રકારના શુભ માર્ગમાં મોટા દુર્ગમ પર્વતજેવો વા તોફાની મહાસાગરજેવો આડો પડ્યો છે. સામાન્ય બુદ્ધિબલવાળા તથા નિશ્ચયબલવાળા સુખેચ્છુ વા મોક્ષેચ્છુનું ગજું નથી કે તે તારું ઉલ્લંઘન કરી શકે. તેમની વાતો વા ધડાકાફડાકા ત્યાંસુધીજ ચાલે છે કે જ્યાંસુધી તેઓ તારી સમીપ આવ્યા નથી. તેઓ તારી સમીપ આવે છે કે તુરત બીજું બધું ભૂલી જઇ ટાઢાટમ થઇ જાય છે, અર્થાત્ તારી પ્રકટતારૂપ પોતાનું પોત પ્રકાશી ખોટાં ખોટાં બાનાં બતાવી તેઓ ઢીલાઢબ થઇ જાય છે.

હે મહાબાહો ! તું બહુ લાંબા હાથવાળો છે, તેથીજ તારી સત્તામાંથી બહાર નીકળવામાટે બહુ થોડા માણસો પ્રયત્ન કરે છે, ને એવો પ્રયત્ન કરનારામાંથી પણ બહુજ થોડા મનુષ્યો તારી સત્તામાંથી છટકી જાય છે. તારો પરાજય કરવામાટેજ સત્સંગ છે, તારો પરાજય કરવામાટેજ સદ્ગુરુના શરણનું ગ્રહણ છે, તારો પરાજય કરવામાટેજ શાસ્ત્રાધ્યયન તથા શાસ્ત્રવાચન છે, તારો પરાજય કરવામાટેજ શાસ્ત્રનું

મનન છે, તારો પરાજય કરવામાટેજ નિદિધ્યાસન છે, તારો પરાજય કરવામાટેજ નવધા ભક્તિ છે, ને તારો પરાજય કરવામાટેજ યોગાભ્યાસ છે, છતાં આ બધાં સાધનોથી તારો નિઃશેષ પરાજય કરવામાં બહુ થોડા માણુસોજ ભાગ્યશાલી નીવડે છે. આવી રીતે તું આજાનબાહુથી પણ ચઢીઆતો પ્રતીત થવાથી તને આપાદબાહુ એવું નામ આપવું યોગ્ય જણાય છે.

હે ધૂર્તાધિરાજ ! તારા કૃપાકટાક્ષથીજ મનુષ્યોનો મોટો ભાગ પોતાના પ્રામત્યવહારથી નવરો થાય છે ત્યારે પ્રાયશઃ અન્ય મનુષ્યના વ્યવહારની તથા પરમાર્થની નકામી પંચાતમાં વાણીવડે પ્રવૃત્તિ કરે છે, પણ પોતાના વ્યવહારનો તથા પરમાર્થનો સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરવામાં પ્રવૃત્ત થતો નથી. તને કોઈ મનુષ્યે લગાર મોંમન આપ્યું તો તું તે મનુષ્યના હૃદયાદિમાંથી સામાન્ય ઉપાયે નીકળવાનોજ નહિ. તને તો રોષપૂર્વક ચોચી પકડીને બલાત્કારે બહાર કાઢે ત્યારેજ તું માંડમાંડ બહાર નીકળ એવો છે. વિવેકી મનુષ્યો પ્રતિક્ષણે તારાથી સાવધ રહી તને પોતાના હૃદયમાં સ્થિતિ કરવા દેતા નથી, પણ અવિવેકી મનુષ્યોનો તો તું પ્રાણપ્રિય ને પૂજ્ય છે, તેથી તેમને તો તારી સ્થિતિ ઉત્સવરૂપ મનાય છે.

હે મનુષ્યોના મોટા ભાગને બહુ વહાલો થઇ પડવાનું અદ્‌ભુત કામણ જાણનારા ! તું જેને બહુ વહાલો છે તેને પ્રભુ વહાલા નથી, સત્‌શાસ્ત્રો વહાલાં નથી, શ્રીસદ્‌ગુરુ વહાલા નથી, વ્યવહારોપદેશ ગુરુ વહાલા નથી, માતા વહાલી નથી, પિતા વહાલા નથી, બંધુ વહાલા નથી, મિત્ર વહાલા નથી, ને અન્ય સંબંધીઓ પણ વહાલા નથી. તે મનુષ્ય ભલે મોઢેથી કહે કે મને પ્રભુ વહાલા છે, મને સત્‌શાસ્ત્રો વહાલાં છે, અને મને શ્રીસદ્‌ગુરુ ઇત્યાદિ વહાલાં છે, પણ તે સર્વ તેમના મોઢાનાજ તડાકા છે, કેમકે સમજુઓને તેમના

આચરણમાં તેમને તારાથી અન્ય કોઇ વહાલું હોય તેવું કાંઇ પણ જોવામાં આવતું નથી. આવી રીતે તું મનુષ્યોના મોટા ભાગને તારી અપૂર્વ મોહિનીથી મોહ પમાડી રહ્યો છે. તારા મહિમાનું ગાન ક્યાંસુધી કરવું ! તારા અપાર મહિમાનો બાહ્યદૃષ્ટિએ પાર પમાય એમ અનુમાન થતું નથી, તેથી આ મનોવૃત્તિ તથા વાણી હવે તારા મહિમાનું ગાન કરવાથી ઉપરામ થવા ઇચ્છે છે.

આ સ્વભાવસ્તવરાજનું અનુકૂલબુદ્ધિથી સમજપૂર્વક વાચન તથા મનન કરનાર મનુષ્યઉપર કુસ્વભાવનું અતિક્રમણ કરવાથીજ પ્રાપ્ત થનારા પરમકારુણિક પ્રણતપાલ પ્રભુ કૃપા કરી તેમને પોત-પોતાના કુસ્વભાવમાં અરુચિ ઉપજાવી તેનું અતિક્રમણ કરવાનું અમોઘ સામર્થ્ય આપો.

ઇતિ શ્રીવિનોદમાલામાં સ્વભાવસ્તવરાજનામનું અઢારમું પુષ્પ. ૧૮.

વિનોદમાલાની પૂર્ણતા તથા તેનું માહાત્મ્ય.

આર્યા.

વિનોદમાટે[1] માલા, અઢાર પુષ્પની પૂરી કરી આજે;
ન સૂકાય નવ ત્રુટે, સુગંધબોધ-ભરેલી રાજે. ૧
ઉરપર ધારણ કરજો, વિવેકી ! પરમપ્રીતિ રાખી;
નિત્ય નવલું સુખ દેશે, દુઃખ દોષ સહુ કાઢી નાખી. ૨
ચમત્કારથી ભરેલી, કુવ્યસનો મનોદોષ હરનારી;
ભવપીડા હણુનારી, સત્ત્વગુણથી મન ભરનારી. ૩
અનુકૂલ બુદ્ધિ રાખી, જે વિનોદમાલા ધારણ કરશે;
પ્રભુકૃપા ને પ્રયત્ને, તે સદ્ય ભવસાગર તરશે. ૪

---

૧ સંસારનું વા મોક્ષનું સુખ મેળવવા ઇચ્છનારા મનુષ્યોને આનંદ આપવામાટે-આનંદસાથે બોધ આપવામાટે.

દુર્વ્યસનોથી તથા ચિત્તદોષોથી થતા અગત્યના લાભો.

૧. ચાના વ્યસનથી થતા મુખ્ય લાભો:—અન્નાદિનો અલ્પાહાર, નિદ્રાની ન્યૂનતા, રુધિરમાં ઉષ્ણતાની વૃદ્ધિ, પવિત્રતાની પંચાતનો પરિત્યાગ, સમયસર ચા પીવાનો સ્વભાવ, સંબંધીના મરણનો શોક પાળવાની પંચાતમાંથી છૂટકારો, ને ચાના ચિંતનવડે તેમાં થતી ચિત્તની એકાગ્રતા. **૨. તમાકુના વ્યસનથી થતા મુખ્ય લાભો:**—હૃદયમાં ધૂમાડાને લાવી શકવાનું તથા તેને ત્યાં રાખી શકવાનું બલ; માથું ભમે, વમન થાય, ને મગજમાં તથા લોહીમાં ઉષ્ણતા વધે તોપણ તેનું સેવન કરવાના આગ્રહરૂપ દૃઢતા; પવિત્રતાની પંચાતના વિચારનો ત્યાગ; મુખમાંથી ધૂમાડા કાઢવાનું સામર્થ્ય; ને બીજાની પાસેથી તમાકુ માગી લેવાનું ચાતુર્ય. **૩. અફીણના વ્યસનથી થતા મુખ્ય લાભો:**—નિદ્રા ને તંદ્રાનું વધારે સેવન કરી શકાય, પારકી વસ્તુ ગુપચુપરીતે પોતાની કરી લેવાય, પવિત્રતાના વિચારને ત્યજી શકાય, મીઠા પદાર્થો ખાવાની રુચિ વધારી શકાય, કડવા પદાર્થો પણ ગળે ઊતારી શકાય, દારિદ્ર ને અપમાન સહન કરી શકાય, ને ઊતાવળે વા નિયમિત કામ કરવાના દુ:ખમાંથી મોકળા થવાય. **૪. વિજયા વા ભાંગના વ્યસનથી થતા મુખ્ય લાભો:**—મનને કલ્પનાને હીંડોળે હીંચકાવી શકાય, સંસારના કામકાજની કડાકૂટ ઓછી અસર કરે, ને સંસારનું ભાન ભૂલવાથી જોગી થઇ શકાય. **૫. મદિરા વા દારૂના વ્યસનથી થતા મુખ્ય લાભો:**—ગાંડા થવાથી થતો આનંદ અનુભવી શકાય, દ્રવ્યની દરકાર ઘટાડી શકાય, અને ધર્મ પવિત્રતા આરોગ્ય ને મર્યાદાના બંધનોમાંથી સુખપૂર્વક મોકળા થઇ શકાય.

૬. કામને વશ વર્તવાથી મુખ્ય લાભો:—અંતઃકરણના, ઇંદ્રિયોના, શરીરના, પ્રતિષ્ઠાના, ને ધનના સામર્થ્યનો ત્યાગ કરી શકાય; ધર્મની ને પવિત્રતાની પંચાતમાંથી મનને મોકળું કરી શકાય; અને સર્વ પ્રકારનાં પાપો કરી શકવાનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકાય. **૭. ક્રોધને વશ વર્તવાથી થતા મુખ્ય લાભો:**—પોતાના લોહીને તથા મગજને અને અન્યના લોહીને તથા મગજને અગ્નિવિના તપાવી શકાય, અન્યને મારી નાંખવાસુધીનું સામર્થ્ય મેળવી શકાય, પોતાના વર્ણાશ્રમ ને ધર્માદિનું ભાન ભૂલી ગમે તે બોલી શકાય તથા ગમે તે કામ કરી શકાય. **૮. લોભને વશ વર્તવાથી થતા મુખ્ય લાભો:**—પ્રત્યક્ષ જણાતા દ્રવ્યમાંજ પરમેશ્વરનું ભાન થાય તથા તેમાં પરમપ્રીતિ પ્રાપ્ત કરી શકાય, દ્રવ્યને માટે સર્વ પ્રકારનાં અઘટિત ને કઠણ કામો કરવાનું સામર્થ્ય વધે, ને પ્રામાણિકતા આરોગ્ય ધર્મ ને પ્રતિષ્ઠાની પરવાનો નાશ કરી શકાય. **૯. મોહને વશ વર્તવાથી થતા મુખ્ય લાભો:**—ભૂલભરેલું બોલવાનું તથા ભૂલભરેલું કામ કરવાનું બલ વધે, અવળાને સવળું ને સવળાને અવળું જોઇ શકાય, અને મનુષ્યશરીરમાં પશુની પેઠે વર્તવાનો આનંદ મેળવી શકાય. **૧૦. મદને વશ વર્તવાથી થતા મુખ્ય લાભો:**—આખા વિશ્વમાં કોઇ પોતાનાથી ચઢિયાતું નથી એમ માનવાનું મનનું બલ વધે, આત્મશ્લાઘા કરવાની ચતુરાઇ પ્રાપ્ત થાય, ને વિદ્યાકલામાં આગળ વધવાના શ્રમમાંથી મોકળા થઇ શકાય. **૧૧. મત્સરને વશ વર્તવાથી થતા મુખ્ય લાભો:**—બીજાના ઝીણા ઝીણા દોષો જોવાનું તથા અન્યને કહેવાનું બલ વધે, ને અગ્નિવિના પોતાના હૃદયમાં દાહ ઉપજાવી શકાય. **૧૨. દંભને વશ વર્તવાથી થતા મુખ્ય લાભો:**—થોડા સામર્થ્યમાં વા સામર્થ્યના અભાવમાં

પણ સર્વોત્તમ સામર્થ્યનો દાવો કરી શકાય, અને વિપરીત વેશ વિચિત્ર ચેષ્ટા ને અસત્ય ભાષણને પૂરતું ઉત્તેજન આપી શકાય. **૧૩. ભયને વશ વર્તવાથી થતા મુખ્ય લાભોઃ**—ટાઢ લાગ્યા વિના તનમનને કંપાવી શકાય, અને આહાર નિદ્રા ને શરીરસામર્થ્યમાં વૈરાગ્ય પ્રાપ્ત કરી શકાય. **૧૪. ચિંતાને વશ વર્તવાથી થતા મુખ્ય લાભોઃ**—પોતાના શરીરાદિની પરવા ન રાખવાનું બલ મેળવી શકાય, ને અગ્નિ-વિના શરીરાદિને બાળવાનું બલ પ્રાપ્ત થાય. **૧૫. આલસ્યને વશ વર્તવાથી થતા મુખ્ય લાભોઃ**—ધર્મ પાળવાની ને વ્યવહાર સુધારવાની કડાકૂટમાંથી મોકળા થઇ શકાય, દારિદ્ર ને અપવિત્રતાને પ્રિય કરી શકાય, અને મનુષ્યજન્મને નિરર્થક વીતાડી શકવાનું બલ પ્રાપ્ત થાય. **૧૬. પ્રમાદને વશ વર્તવાથી થતા મુખ્ય લાભોઃ**—સર્વ પ્રકારનાં દુઃખોને ભાવે વા કભાવે સહન કરવાનું બલ વધે, ને ઢોરના જેવું નિંભર મન કરી શકાય.

૧૭. અવિદ્યાને વશ વર્તવાથી થતા મુખ્ય લાભોઃ—આ સંસારમાં ત્રિવિધ તાપોનો અનુભવ કરવાની યોગ્યતા મેળવાય, અને વિશ્વમાં પ્રાણીઓનાં જેટલાં શરીરો છે તે સર્વ ક્રમપૂર્વક પ્રાપ્ત કરવાનું બલ મેળવી શકાય. **૧૮ કુસ્વભાવને વશ વર્તવાથી થતા મુખ્ય લાભોઃ**—શાસ્ત્ર, સદ્‌ગુરુ ને ગુરુજનોની આજ્ઞાનું વેગપૂર્વક ઉલ્લંઘન કરવાનું ઉંચું સામર્થ્ય પ્રાપ્ત કરી શકાય, અને ઉત્તરોત્તર અધોગતિ ને નવાં નવાં દુઃખો મેળવી શકાય.

બ્રહ્મનિષ્ઠ મહારાજ શ્રીનથુરામશર્માકૃત પુસ્તકો.

શ્રીઉપનિષદો (ઈશોપનિષદ્‌થી કૈવલ્યોપનિષદ્ સુધીની બાર ઉપનિષદો તથા માંડૂક્યોપનિષદ્ ઉપરની ભગવાન્ ગૌડપાદની કારિકા મૂલ તથા ગુજરાતી ટીકા અને ૧૦૬ ઉપનિષદોનો ગુજરાતીમાં સાર.) બીજી આવૃત્તિ. રૂ. ૫-૦-૦ વેદાંતદર્શન. પાકાપુંઠાનું. રૂ. ૩-૮-૦ વેદાંતદર્શન. કાચાપુંઠાનું. રૂ. ૩-૦-૦ શ્રીમદ્ભગવદ્ગીતા, પદચ્છેદ, અન્વય, પદાર્થ ને રહસ્યદીપિકાટીકાસહિત. ત્રીજી આવૃત્તિ. રૂ. ૨-૪-૦ પાતંજલયોગદર્શન, પદબોધિનીનામની સંસ્કૃતભાષાની તથા રહસ્યદીપિકાનામની ગુજરાતીભાષાની આધ્યાત્મિકી ટીકાસહિત. ત્રીજી આવૃત્તિ રૂ. ૨-૪-૦ સાંખ્યદર્શન સટીક. રૂ. ૧-૪-૦

યોગકૌસ્તુભ. ત્રીજી આવૃત્તિ. રૂ. ૧-૪-૦ પરમપદબોધિની. ત્રીજી આવૃત્તિ રૂ. ૦-૧૨-૦ સંધ્યાનો વેદાંતાનુસાર વિચાર. રૂ. ૦-૦-૬ નાગસ્વરોદય. ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૬ ઊલટી વાણીનું સ્પષ્ટીકરણ. બીજી આવૃત્તિ. ૦-૧-૦

મનુષ્યમિત્ર. બીજી આવૃત્તિ. રૂ. ૦-૪-૦ સ્વાભાવિકધર્મ. ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૬ સુબોધકલ્પલતા. બીજી આવૃત્તિ. રૂ. ૦-૯-૦ સદુપદેશદિવાકર પ્રથમ કિરણ. બીજી આવૃત્તિ. રૂ. ૦-૧૨-૦ સદુપદેશદિવાકર દ્વિતીય કિરણ. ૦-૧૨-૦ સદુપદેશદિવાકર તૃતીય કિરણ. રૂ. ૦-૧૬-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧ થી ૧૦. રૂ. ૦-૪-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૧૧ થી ૨૫. બીજી આવૃત્તિ. રૂ. ૦-૮-૦ ઉપદેશગ્રંથાવલિના અંક ૨૬ થી ૩૫. રૂ ૦-૮-૦ અંતર્યામીના આદેશો. સોનેરી નામવાળા કપડાના પુંઠાનો. રૂ. ૦-૧૦-૦ અંતર્યામીના આદેશો, રેશમી પુંઠાના. રૂ. ૦-૮-૦ યોગપ્રભાકર. બીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૬ શ્રીમદ્ભગવદ્ગીતા સરલટીકાસહિત. બીજી આવૃત્તિ. રૂ. ૦-૭-૬ પ્રશ્નોત્તરરૂપે વિવિધ ઉપદેશ. બીજી આવૃત્તિ. રૂ. ૦-૩-૬ ગીતાદિપંચરત્ન સટીક. ભિન્ન ભિન્ન જાતનાં પુંઠાંના રૂ. ૦-૯-૦, ૦-૭-૦, ૦-૬-૦ રાસપંચાધ્યાયી ભક્તિપક્ષની તથા જ્ઞાનપક્ષની વિસ્તૃત ટીકાસહિત. રૂ. ૦-૭-૦ પ્રભુપદ. ત્રીજી આવૃત્તિ. રૂ. ૦-૨-૦ પ્રભુપવિસ્તારપદ. બીજી આવૃત્તિ. રૂ. ૦-૧-૦ નાથકાવ્ય. રૂ. ૦-૨-૦ સદુપદેશમાલા, પ્રથમ ભાગ. રૂ. ૦-૩-૬. પત્રકલ્પમંજરી. રૂ. ૦-૩-૦ વિનોદમાલા-રૂ. ૦-૫-૦ દુરાચારનિવારણ રૂ. ૦-૨-૬

ઉપર જણાવેલાં સર્વ પુસ્તકો નીચે લખેલે સ્થળેથી રોકડા દ્રવ્યથી વા વેલ્યુપેએબલ બુકપોસ્ટથી મળી શકશે:—

વ્યવસ્થાપક, આનંદાશ્રમ. બીલખા. કાઠિયાવાડ.